
કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૫૨મું · અંક ૫મો · મે ૧૯૭૫ · સળંગ અંક ૬૧૭

સંસ્થાપક · રવિશંકર રાવળ તંત્રી: બચુભાઈ રાવત

ખાટલા પર હાંડલાં
સોલરાઇઝેશન
વડે
તદ્દન સામાન્ય
ચિત્રવિષયને
નાટ્યાત્મક ઉઠાવ
આપતું
મનહર ઝાલીવાળા-
(એન. આઈ. ડી.)નું
એક સુંદર
ફોટોચિત્ર



કુમાર

મે ૧૯૬૫ • અંક ૪૯૭

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક • બચુભાઈ પોપટભાઈ રાવત

વાચકો લખે છે...

સિદ્ધરાજનો સોરઠ-વિજય

અંક ૬૦૮ તથા ૬૧૧માં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ તથા શ્રી મધુસૂદન ઢાંકીએ સિદ્ધરાજના સોરઠ-વિજય વિષે ચર્ચા કરી છે. ડૉ. શાસ્ત્રીએ અભિલેખોની વાત કરી છે તેથી આશ્ચર્ય થયું છે, કારણ મારી જાણમાં સોરઠ-વિજયને લગતો કોઈ અભિલેખ સિદ્ધરાજનો નથી. દાહોદનો વિક્રમ સં. ૧૧૯૬નો એક જ શિલાલેખ એવો મળે છે જેમાં 'સૌરાષ્ટ્રના રાજાને સિદ્ધરાજે કેદ કર્યો' એટલી જ હકીકત પ્રાપ્ત છે. આનાથી સોરઠ જિતાયું છે અને સોરઠમાં સિદ્ધરાજનું શાસન થયું છે તેવું માની શકાય નહિ. હું માનું છું કે સિદ્ધરાજનું શાસન સોરઠ ઉપર કદી આવ્યું નથી, કારણ કે સોરઠમાંથી સિદ્ધરાજનો કોઇ લેખ પ્રાપ્ત નથી. વળી સોરઠમાં દંડનાયક નીમ્યાની હકીકત પણ મળતી નથી. સોરઠ-વિજેતા તો શિલાલેખોમાં કુમારપાળને કહ્યો છે. સૌરાષ્ટ્રમાં સોલંકીઓનું સ્થિર શાસન પણ કુમારપાળથી જણાય છે.

શ્રી મધુસૂદન ઢાંકી જૈન સમ્પ્રદાયના ગ્રંથોને આધારે ગિરનાર ઉપરના નેમીનાથ મંદિરને સિદ્ધરાજ દ્વારા નિમાએલા મંત્રી દ્વારા બંધાયાનું જણાવે છે, પણ અમારા સંપ્રદાયના ગ્રંથોમાં એનાથી તદ્દન વિરુદ્ધની જ માહિતી મળે છે, કે ગિરનાર ઉપર તો ખેંગારનો મહેલ હતો તેને પાછળથી કુમારપાળના રાજ્યમાં જૈન મંદિરમાં ફેરવવામાં આવ્યો. એ તો સૌને જાણીતું છે કે દરેક ધર્મના ગ્રંથો એકબીજાથી વિરુદ્ધની માહિતીઓ આપે છે. જેમ કે જૈન ગ્રંથો ભગવાન શ્રીકૃષ્ણનું મૃત્યુ ગિરનારમાં થયાનું જણાવે છે તેમજ શ્રીકૃષ્ણ નરકે ગયાનું પણ જણાવે છે. જ્યારે અમારા ધર્મગ્રંથો શ્રીકૃષ્ણ ભગવાનનું મૃત્યુ પ્રભાસપાટણ પાસે ભાલકા તીર્થમાં થયાનું નોંધે છે. એટલે મારી તો સમજ એવી થાય છે કે ઇતિહાસની બાબતમાં કોઈ પણ ધર્મસંપ્રદાયના ગ્રંથને આગળ કરવો નહિ જોઈએ અને એને ઇતિહાસમાં પ્રમાણ માનવો નહિ જોઇએ. એમ કરવા જઇએ તો એકબીજાથી વિરુદ્ધનો વિતંડાવાદ ઊભો થાય છે. એટલે સિદ્ધરાજનો સોરઠ-વિજય તો અભિલેખોના આધારે જ સિદ્ધ થઈ શકે. તેઓશ્રીએ સિદ્ધરાજના સિક્કાની વાત કરી, પણ સિક્કાની પ્રાપ્તિથી રાજ્યશાસન નિશ્ચિત થઈ શકતું નથી. જ્યાંથી જે સિક્કા મળે ત્યાં તે રાજાનું રાજ્ય ઇતિહાસમાં માન્ય થઈ શકે નહિ, એટલે મારું માનવું છે કે સિદ્ધરાજનો સોરઠ-વિજય થયો જણાતો નથી.

(પોરબંદર) —ગોસ્વામી મોહનપુરી

સિંહ-સંવત-૧

અંક ૬૦૮માં સિંહસંવત વિષે ભુજ-કચ્છથી શ્રી કંચનલાલ છાયાએ ગૌરીશંકર ઓઝાનો બહુ જ યોગ્ય તર્ક રજૂ કર્યો છે કે 'કાઠિયાવાડમાં જ આ સંવતનો વપરાશ થયો હોઈ તે કાઠિયાવાડના કોઈ રાજાનો હશે. જ્યારે ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ સિંહસંવતને સિદ્ધરાજ જયસિંહ સાથે જ ચાલુ રાખવાની પોતાની અગાઉની માન્યતાને વળગી રહેવાનું યોગ્ય ધાર્યું છે.

ડૉ. શાસ્ત્રીએ મારા મત વિષે જે મુશ્કેલીઓ દર્શાવી તેનું સંક્ષિપ્તમાં નિરસન આ પ્રમાણે છે: વિસાવાડા ગામમાં આવેલા રાણા શ્રી સિંહની પ્રતિમા નીચેના લેખની વાચના મારા તરફથી થએલી છે, અને મારી એ વાચના અગાઉ થએલી બે વાચના કરતાં જુદી પડે છે. એ પ્રતિમા-લેખ છે અને તેમાં ઊભી તથા બેઠેલી બે આકૃતિઓ છે, જેમાં ઊભી આકૃતિ રાણા શ્રી સિંહ રાયેરાજ શ્રી વિક્રમાદિત્યની છે અને તેનાં ચરણો પાસે બેઠેલી આકૃતિ શ્રી સિંહના ઉત્તરાધિકારી રાણા શ્રી વિક્રમાદિત્ય(વિકયોજી)ની છે. આ રાણા શ્રી વિકયોજીએ વિ. સંવત ૧૨૬૨માં શ્રી સિંહની મૂર્તિ કરાવી તે સંબંધનો આ લેખ છે. વિ. સં. ૧૨૬૨માં હયાત રાણા વિકયોજીથી ૯૨ વર્ષ પહેલાં, એટલે કે વિ. સંવત ૧૧૭૦માં રાણા શ્રી સિંહ ધ્રુમલીની ગાદીએ છે. આ લેખને લગતા લેખિત પુરાવાઓમાં 'મકરધ્વજ મહિપમાળા' તથા જેઠવા વંશના વહીવંચાઓના ચોપડાઓ છે. જેઠવા વંશનો સાલવાર ઇતિહાસ પણ આ રાણા શ્રી સિંહ (રુંધ)થી મળે છે, જે પણ ઉપર્યુક્ત ગ્રંથોમાં છે, રાણા શ્રી સિંહે ધ્રુમલીની ગાદીએ ઘણો લાંબો સમય રાજ્ય કર્યું છે અને તે રાયેરાજ(રાજાધિરાજ)નું બિરુદ ધરાવે છે તેથી તે સ્વતંત્ર રાજા હોવાનું જાણી શકાય છે. આ શ્રી સિંહે વિ. સં. ૧૧૭૦માં વ્યાઘ્રપલ્લીના કોઈ રાજાને મોરબી પાસે હરાવ્યો છે. ધ્રુમલીના રાજાઓની આ સૌથી મોટી લડાઇ અને મહાન વિજય છે. મોરબી પાસે લડાઈ થઈ તે જગ્યાને આજે પણ જેઠવો ડુંગર કહેવામાં આવે છે અને ત્યાં જેઠવાઓના પાળિયા પણ છે, જેને તિથિ મુજબ આજે પણ જેઠવાઓ જુવારવા જાય છે. આ હકીકત સૌરાષ્ટ્રમાં સર્વ જેઠવાઓ અને લાગતાવળગતા જાણે છે. ધ્રુમલીના રાજા શ્રી સિંહે વ્યાઘ્રપલ્લીના રાજાઓ ઉપર આ જે વિજય મેળવ્યો તેના માનમાં શ્રી સિંહે નવ લાખ ખર્ચીને દિગંતોમાં ગાજતું એવું ભોળાનાથનું મહામંદિર બંધાવ્યું ને આ વિજયની યાદમાં પોતાનો ભલો સંવત આ પંથકમાં પ્રવર્તાવ્યો. શ્રી સિંહે બંધાવેલું મહામંદિર ધ્રુમલીનો આજનો નવલખો છે. એ વિ. સં. ૧૧૭૦માં બંધાયાનું અમે ને અમારા ચોપડાઓ માનીએ છીએ, તેમજ પુરાતત્ત્વની દૃષ્ટિએ આ મંદિર બારમી સદીનું હોવાનું શ્રી મણિભાઈ વોરા, શ્રી મધુસૂદન ઢાંકી, શ્રી નરોત્તમ પલાણ, વગેરે તમામ વિદ્વાનો સ્વીકારે છે.

ડૉ. શાસ્ત્રી કહે છે કે શ્રી સિંહ-સંવતવાળા લેખોમાં જેઠવા રાણાઓના શાસનનો નિર્દેશ શાથી નહિ હોય? તો સામો પ્રશ્ન સહજ થાય છે કે આ લેખોમાં સિદ્ધરાજના શાસનનો ઉલ્લેખ પણ શા માટે નથી? વળી તેઓ શ્રી સિંહ-સંવતવાળા ચારે ય લેખોમાં સોલંકી રાજાઓના રાજ્યકાળનો ખાસ નિર્દેશ હોવાનું નોંધે છે, તો આ જ સમયના એટલે કે સિંહ-સંવત ૩૨ થી ૧૫૧ વચ્ચેના બીજા જે સોલંકી લેખો સોરઠમાંથી જ પ્રાપ્ત છે તેમાં સિંહ-સંવત શા માટે નથી? સોલંકી રાજાઓ સિંહ-સંવતને વાપરતા હોય તો તો તેમના દરેક લેખમાંથી સિંહ-સંવત મળવો જોઈએ. આ મતે શ્રી નરોત્તમ પલાણનો મત સાચો છે સોલંકીઓના એક પણ લેખમાં સિંહ-સંવત નથી મળતો એટલે તે સંવત સોલંકીઓએ તો નથી જ પ્રવર્તાવ્યો. (શ્રી પલાણના ફાર્બસ સભા ત્રૈમાસિકમાં આવી રહેલા લેખને આધારે).

વળી આ સમયે ધ્રુમલીની ગાદીએ સિંહ હતો તેના બીજા પુરાવાઓ પણ છે. દાદાનું નામ પૌત્રને અપાય એ ન્યાયે ધ્રુમલીની ગાદીએ ઘણા સિંહ થયા છે, જેમાં સંવતવાળો સિંહ પ્રથમ છે. આ સિંહથી જ જેઠવાઓ રાણા કહેવાયા, જેના અનેક પુરાવા ઇતિહાસ તથા લોકસાહિત્યમાં મોજૂદ છે. આશા રાખું છું કે મારો મત વિદ્વાનોને સ્વીકાર્ય બનશે.

(પોરબંદર) —મોહનપુરી ગોસ્વામી

૨

'કુમાર'ના 'વાચકો લખે છે' વિભાગમાં સૌરાષ્ટ્રના ઇતિહાસ તેમજ સિંહ-સંવત વિષે હમણાં સુંદર ચર્ચાઓ શરૂ થઈ છે. જૂનાગઢના ચુડાસમાઓનો હું વંશજ હોવાથી મારા બાપદાદાના વખતની જે કંઈ પરંપરાગત વાતો સચવાએલી છે તેમાંથી હું કંઈક કહેવા માગું છું.

સિદ્ધરાજે જૂનાગઢના રા' ખેંગારને જીત્યો અને રાણકદેવીનો કિસ્સો બન્યો તે લોકકથામાં છે, જૈનગ્રંથોમાં પણ હશે; પણ અમારી પરંપરામાં એ પ્રસંગ જુદી રીતે છે. પુત્રપ્રાપ્તિ અર્થે સિદ્ધરાજ સોમનાથનાં દર્શન કરવા ઇચ્છતો હતો, પણ તેને શસ્ત્રસજ્જ દશામાં પોતાના રાજ્યમાંથી પસાર થવા દેવાનું ખેંગારને ઉચિત લાગ્યું નહિ. આ વાત ઉપર વિગ્રહનો આરંભ

મોકલો

તમારા ગામને પાદર કોઈ વિશિષ્ટ પાળિયો હોય, તમારા સંગ્રહમાં કોઈ મૂલ્યવાન વિરલ ટિકિટ કે જૂનો સિક્કો યા અતિપુરાણું રૂપાળું પાત્ર હોય, તમારી પોળ કે શેરીના નામ પાછળ કોઈ વ્યક્તિવિશેષ કે પ્રસંગનો ઇતિહાસ હોય તમારા ગામની ભાગોળ કોઈ નદી, તળાવ, વૃક્ષ-કુંજ કે નૈસર્ગિક સૌંદર્ય વડે રળિયામણી હોય, કે નજીકમાં કોઈ પુરાતન મંદિર, મસ્જિદ કે ખંડિયેર હોય, અથવા તમારે ત્યાં કોઈ ચોતરા ચબૂતરા કે કૂવા-વાવ પાછળ કોઈ દંતકથા કે લોકકથા રહેલી હોય—એવાં એવાંના ફોટોગ્રાફ, ટૂંકાં-અતિટૂંકાં (પચીસેક શબ્દોમાં) લખાણ સાથે મોકલશો. પ્રકટ થતી સામગ્રી દીઠ પાંચ રૂપિયાનો પુરસ્કાર અપાશે. એટલું ખયાલમાં રાખશો કે જે મોકલો તે કાંઈક વિરલ, અનન્ય, વિશિષ્ટ કે મૂલ્યવાન હોવું જોઇએ, સામાન્ય કે આલતુ-ફાલતુ નહિ. મોકલેલી વસ્તુ પાછી મેળવવા માટે તેની સાથે, પૂરતું પોસ્ટેજ ચોડેલું, વસ્તુના માપનું જ, પોતાના સરનામાવાળું કવર મોકલવું. છૂટી ટિકિટ હરગીઝ નહિ. જેની સાથે પોસ્ટેજ નહિ હોય એવી વસ્તુ તરત રદ કરવામાં આવશે અને પાછળથી એ અંગેનો કોઈ પત્રવ્યવહાર કરવામાં નહિ આવે. ઘણા લોકો વસ્તુ એમ ને એમ ધકેલી દે છે અને પાછળથી તેની પૃચ્છામાં પોસ્ટેજ બગાડે છે. આવા પત્રો ધ્યાનમાં લેવામાં નહિ આવે.

થયો અને શરૂઆતમાં આ વિગ્રહમાં સિદ્ધરાજનો પરાજય થયો. પરંતુ એક વખત અચાનક તેણે જૂનાગઢને ઘેરી લીધું, ખેંગારને તેના કિલ્લામાં કેદ કર્યો અને તેની ઉપર મંત્રી સજ્જનને દેખરેખ માટે મૂકી સોમનાથની યાત્રાએ ગયો; પાછો આવ્યો અને પોતાના સૈન્ય સાથે પાછો ફર્યો. બીજી બાબત એવી છે કે કુમારપાળના હાથે જૂનાગઢના રાજાઓએ ખંડણી સ્વીકારી. હું માનું છું કે આ નોંધમાં કંઈ ઐતિહાસિક સત્ત્વ છે કે નહિ તે પ્રશ્ન બાજુએ રાખીએ તો પણ સિદ્ધરાજે સોરઠના રા'ખેંગારને કેદ કર્યો હતો એવો જે શિલાલેખ મળે છે તેને અમારી વાતને આ પ્રમાણે ટેકો મળે છે. આનાથી એક વસ્તુ એ પણ સિદ્ધ થાય છે કે સિદ્ધરાજનો સોરઠ-વિજય ટૂંકા ગાળા પૂરતો જ હોઈને તેણે એની યાદમાં સિંહ સંવત પ્રવર્તાવ્યો હોય તે માનવું વધારેપડતું છે.

વળી, વિચારણીય મુદ્દો તો એ છે કે સિંહ-સંવતવાળા શિલાલેખો બંથળી, માંગરોળ અને વેરાવળમાંથી મળે છે. આથી આ સંવત કોઇ સૌરાષ્ટ્રના રાજાએ જ પ્રવર્તાવ્યો હોય તે વધુ તાર્કિક લાગે છે. એક અનુમાન જરૂર કરી શકાય કે સોરઠમાં મળતા આ શિલાલેખો ઉપરથી તે ચુડાસમા વંશે શરૂ કર્યો હોય. રા'ખેંગાર સાથે વિગ્રહમાં શરૂઆતમાં સિદ્ધરાજ હારે છે. આમ છતાં તે પાછો ફરી જતો નથી. સતત હુમલાઓ જોઈને રા'ખેંગારે જોયું હશે કે આ યુદ્ધ ચાલુ જ રહે તો પ્રજામાં નિરાશા—અશાંતિ ફેલાશે. તેથી શરૂઆતમાં રા'ખેંગારે સિદ્ધરાજને મચક ન આપી હોય અને હજી યુદ્ધ ચાલુ રહેવાનું હોઈને પ્રજાનો જુસ્સો ટકાવી રાખવા રા'ખેંગારે સિદ્ધરાજને આ રીતે રોકી રાખવા બદલ તેના વિજયમાં સિંહ સંવત ચાલુ કર્યો હોય. આથી પ્રજામાં એક જાતનો ઉત્સાહ ટકી રહ્યો હશે.

સિંહ-સંવત થોડા સમય સુધી પ્રવર્તે છે અને પછી તે લુપ્ત થઈ જાય છે. એ વિશે એમ કહી શકાય કે સિદ્ધરાજના આખરી વિગ્રહમાં તે રા'ખેંગારને કેદ કરે છે. આથી રા'ખેંગાર પછી થોડા વખત બાદ પ્રજાના માનસમાં આ વિજયમાં શરૂ કરેલા સંવત પ્રત્યે આગ્રહ રહ્યો ન હોય અને તે લુપ્ત બન્યો હોય. આમ સિંહ-સવત સોરઠના ચુડાસમા વંશથી શરૂ થયો હોય એમ અનુમાની શકાય.

સિદ્ધરાજે રા'ને કેદ કર્યો અને મોટા વિજયમાં ખપાવીને સિંહ-સવત શરૂ કર્યો હોય તો ગુજરાતમાંથી તેના આ વિજયના અને તેના માનમાં 'સિંહ-સંવત' શરૂ કર્યાનો ઉલ્લેખ ક્યાંકથી મળવો જોઇએ, અથવા સિંહ-સંવતવાળા શિલાલેખો મળવા જોઈએ. આ મળવા નથી તેથી ઇતિહાસકારો સિદ્ધરાજના વિજયમાં સંવત શરૂ થયો એમ જે કહે છે તે માત્ર અનુમાન બની રહે છે, જે બહુ તાર્કિક લાગતું નથી. આથી જ્યાં સુધી એવો ચોક્કસ પુરાવો ન મળે કે 'સિદ્ધરાજ જયસિંહે આ સિંહ સંવત પ્રવર્તાવ્યો હતો' ત્યાં સુધી શુદ્ધ તટસ્થ ઐતિહાસિક દૃષ્ટિએ આ બાબત વિશે એમ માનવું જોઈએ કે સિંહ-સંવતવાળા શિલાલેખો સોરઠમાંથી મળે છે એટલે તે કોઈ સૌરાષ્ટ્રના જ રાજાએ શરૂ કર્યો હોય.

(સોંદરડા) —રાજેન્દ્રસિંહ રાયજાદા

૩

હમણાં હમણાં ગુજરાતના ઇતિહાસના અણઉકેલ્યા પ્રશ્નો વિશે 'કુમાર'નો 'વાચકો લખે છે' એ વિભાગ મહત્ત્વનું આકર્ષણ બની રહ્યો છે. આપણા ઇતિહાસ પરત્વે આવી ચર્ચાઓ મુક્તપણે થાય તે આવકાર્ય અને ઇચ્છવાજોગ છે. ભવિષ્યનો ઇતિહાસલેખક આ બાબતમાં 'કુમાર'નો ઋણી રહેશે તે નિશ્ચિત. આપથી આવી ચર્ચાઓ ચાલુ રાખો તેમ ઇચ્છું છું. ક્યારેક કોઈક પત્રમાં તીખાશ આવી જતી હોય છે. એવા પત્રને આપણે ન ઈચ્છીએ. ચર્ચામાં સત્યનું બળ આવે તો તીખાશને ચલાવી લેવાય. વલોણું થાય ત્યારે જ નવનીત નીકળે છે. સરવાળે લાભ થાય છે. ઇતિહાસ-સંશોધકોમાં પૂર્વગ્રહ ન જોઇએ, તથ્યાંશને સ્વીકારવા અને મુદ્દાઓને તપાસવા ધીરજ અને ઉદારતા જોઈએ. ચર્ચા આવકાર્ય જોઈએ.

'સિંહ-સંવત' અને 'સૌરાષ્ટ્રમાં જૈનધર્મ' વિશે અગત્યની ચર્ચાઓ થઈ અને થાય છે. ગુજરાત કરતાં આ પંથકનો ઇતિહાસ જુદો છે. જેવો જોઈએ તેવો અભ્યાસ હજુ આપણા વિદ્વાનોએ કર્યો નથી. કચ્છ અને સૌરાષ્ટ્રનો પણ એક યુગ હતો, જ્યારે ગુજરાત ઉપર સોલંકી અને વાઘેલાની સત્તા હતી; અને મૂળરાજ, સિદ્ધરાજ, કુમારપાળ, અર્જુનદેવ વગેરે ગુર્જરાધીશો સૌરાષ્ટ્ર ઉપર વિજેતા જેમ આવ્યા હોય, ત્યારે પણ તેઓની સત્તા કાયમ અહીં ચાલુ હતી એમ માની શકાતું નથી. સૌરાષ્ટ્રના રાજાઓને પોતપોતાના ક્ષેત્રમાં સ્વતંત્ર રહેવાનું પસંદ હતું.

સિંહસંવત પ્રવર્તાવનાર રાણોસિંહ ધુમલીનો સંભવે છે. સાતમી સદીથી જૂના જૈન અવશેષો સૌરાષ્ટ્રમાં પ્રાપ્ત થયાનુ જાણવા નથી.

(પોરબંદર) —મણિભાઈ વોરા

પારસીઓનું આગમન

'કુમાર' જાન્યુ૦ '૭૫ 'વાચકો લખે છે'માં શ્રી પ્રફુલ્લ રાવલે પારસીઓના આગમન વિશે વાત છેડી છે. ડૉ. ઈકહર્ડ કુલ્કે નામના સમાજશાસ્ત્રીએ 'The Parsees in India' નામે પોતાનું શોધકાર્ય હમણાં જ—'૭૪માં જર્મનીથી પ્રસિદ્ધ કરેલું છે (મુખ્ય વિક્રેતા: વિકાસ પબ્લિશિંગ. મુંબાઈ), જેના બીજા પ્રકરણમાં પારસીઓના ગુજરાત—આગમન વિશે અત્યાર સુધી થએલાં વિધાનોની નોંધ છે: (૧) શ્રી જે. જે. મોદી 'A Few Events in the Early History of the Parsis and Their Dates'માં સંજાણ-વસાહતને ઈ. સ. ૭૯૫-માં ગણાવે છે. (૨) દસ્તુર કામદીનજી ઈ. સ. ૭૧૬ આપે છે. [કામદીનજીનું મૂળ લખાણ ઈ. સ. ૧૮૨૬માં ગુજરાતીમાં પ્રસિદ્ધ થએલું 'કદીમ તારીખ પારસીઓની કસર' છે, જે મોટે ભાગે બહમન કેકોબાદ સંજાણા નામના પારસીએ ઈ. સ. ૧૬૦૦માં 'કિસ્સે સંજાણ' નામનો પદ્ય ગ્રંથ ફારસીમાં લખ્યો તેના ઉપર આધાર રાખે છે.] (૩) શ્રી એસ કે. હોડીવાલા Jadi Rana and the Kissah-i-Sanjan'-માં ઈ. સ. ૯૩૬ નિશ્ચિત કરે છે. ['બુદ્ધિપ્રકાશ'-નો જે ઉતારો પ્રસ્તુત 'કુમાર'માં પ્રસિદ્ધ થયો

છે તેમાં 'સંવંત ૭૭?' છે. શ્રી હોડીવાલા જણાવે છે કે આ આંકડા દેવનાગરીમાં લખાયા છે એટલે તેને ૯૯૨ વાંચવા ઘટે. આ હિસાબે ઈ. સ. ૯૩૬ થાય છે.] (૪) જેનો ઉલ્લેખ ડૉ. કુલ્કે નથી કરતા તે ડૉ. ડી. એફ. કરાકા History of the Parsees'માં અનેક યુરોપીઅન મુસાફરોના ઉતારા ટાંકી ઈ. સ.ની સાતમી સદીમાં પારસીઓ ગુજરાતમાં આવી ગયાનું જણાવે છે. [જુઓ : 'A Dictionary of Indian History; કલકત્તા યુનિ૦)

એ તો સ્પષ્ટ છે કે ઈ. સ.ની દસમી સદીમાં પારસીઓ ખંભાત, નવસારી; અંકલેશ્વર વગેરેમાં હતા અને સંજાણમાં 'આતશ બહેરામ' (અગ્નિ-મંદિર) અસ્તિત્વમાં આવી ગયાં હતાં. આ હિસાબે આઠમી સદીની આજુબાજુનો સમય વધારે સંભવિત જણાય છે. ઈરાનથી નીકળ્યા, રસ્તામાં પણ સારો સમય ગયો; ગુજરાતમાં ઊતર્યા વગેરેમાં દિવસ, માસ, વર્ષની નિશ્ચિત તારીખ કાઢવી શક્ય નથી.

મહાભારત અને કાલિદાસમાં 'પારસી'ના ઉલ્લેખો છે, એટલે સંભવ છે કે સમુદ્ર-માર્ગે આઠમી સદીની આજુબાજુ પારસીઓ ગુજરાતમાં આવ્યા તે તેમની બીજી કે ત્રીજી ટુકડી હતી. સૌરાષ્ટ્રને પશ્ચિમ કિનારે ઈ. સ.ની શરૂઆતમાં ઊતરેલા 'મગી' બ્રાહ્મણો તથા દક્ષિણના 'પલ્લવ' રાજાઓ પણ 'પારસી' હોવાની સંભાવના છે. શ્રી ડિસકળકર 'The Parsis in India'માં કુશાણ રાજ્યના અંતે-ઈ. સ.ની ચોથીથી સાતમી સદી વચ્ચે-પારસીઓના આગમનને મૂકે છે. એક બ્રિટિશ પુરાતત્ત્વવિદ્ મિ. ડી. બી. સ્પૂનર-'The Zoroastria Period of Indian History'માં 'ચંદ્રગુપ્ત મૌર્યને તથા ખુદ ભગવાન બુદ્ધને ઝોરોઍસ્ટ્રીઅન સિદ્ધ કરે છે!

(પોરબંદર) —નરોત્તમ પલાણ

'સુંદર' વાઘનો કેજ ૧

ફેબ્રુઆરી અંકમાં 'માધુકરી' વિભાગના રસપ્રદ લેખ 'બેભાન બનાવની બંદૂકની ગોળી મારી પકડેલો વાઘ'નું છેલ્લું વાક્ય છે : 'ભારતમાં આ રીતે બેભાન બનાવી, પકડીને અભયારણ્યમાં છોડી મુકાએલો આ પ્રથમ વાઘ છે. એથી એની રંજાડ ટળી ને વાઘ પણ બચી ગયો.'

એ ક્ષણે માનવીનાં મન જેને પૂર્ણવિરામ માનતાં હતાં એ તો માત્ર સુખદ પૂર્વાર્ધ નીવડ્યો; કરુણ ઉત્તરાર્ધ તો વિધાતાએ હજુ અકળ રાખ્યો હતો! હકીકતમાં પાછળથી વાઘ મૃત્યુ પામ્યો હતો! એના મૃત્યુ અંગેની વિગતો અને વિવાદ પણ જાણવા જેવાં છે.

તા. ૨૬મી ઑગસ્ટ, ૧૯૭૪ના રોજ 'સુંદર'ને (પકડાયા પૂર્વે એ વાઘણ મનાતો હોવાથી લોકોએ તેને 'સુંદરી'નું નામ આપ્યું હતું; પરંતુ, પકડાયા પછી એ વાઘ નીકળતાં તેને 'સુંદર'નું નામ અપાયું) અભયારણ્યમાં મુક્ત વિહાર માટે છોડી મૂક્યા બાદ પાંજરું ત્યાં જ જંગલમાં રહેવા દેવામાં આવ્યું હતું. ચોકિયાતો હોડીમાં બેસી સુંદરની હલનચલન પર નજર રાખતા હતા. ૨૮મી ઑગસ્ટે સુંદર પાંજરા આસપાસ ફરતો જોવામાં આવ્યો હતો. થોડી વાર તે પાંજરાની અંદર પણ પડી રહ્યો. આ સમાચારથી ચિંતિત બનીને શ્રી આર કે. લાહિરી (સ્ટેટ વાઈલ્ડ લાઈફ ઑફિસર અને વેટરીનરી સર્જન) અને શ્રી સીડનસ્ટિકર તા. ૧-૯-'૭૪ના રોજ જાતતપાસ માટે ત્યાં ગયા. જઈને જોયું તો પાંજરાથી ૭૦ ફૂટ દૂર સુંદરનો મૃતદેહ પડ્યો હતો-કોહવાએલો, દુર્ગંધ મારતો! પાંજરા પાસે તથા તેના મૃતદેહ પાસે મોટા કદનાં પગલાં જોવામાં આવ્યાં હતાં. તે પરથી અનુમાન બાંધવામાં આવ્યું કે મોટી ઉંમરના (સુંદરની ઉંમર માત્ર ૨૦ માસ હતી) બીજા કોઈ કદાવર વાઘે તેને તા. ૨૯/૩૦ ઑગસ્ટ આસપાસ મારી નાખ્યો હશે—પોતાના વિસ્તારમાં ઘૂસી આવવા બદલ! મરણોત્તર તપાસ બાદ શ્રી સીડનસ્ટિકરે જણાવ્યું :

'There were multiple wounds on the right side of the abdomen, on the chest cevity. There was swelling and haemorrhage-a great deal of it. We obviously put Sundar in another tiger's preserve without knowing it. I think he ran into a bit of bad luck. The autopsy showed that he had food in his stomach. This might have been his last meal at Jharkhali before he was darted and moved to the reserve forest. Perhaps he came back to the cage which represented some kind of a shelter to him.'

કેટલાક અધિકારીઓએ સુંદરને અભયારણ્યમાં છોડી મૂકવાના નિર્ણય અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. દવાની અસર તળે અશક્ત બનેલો સુંદર સ્વરક્ષણ માટે અન્ય વાઘને યોગ્ય લડત ન આપી શકે. સુંદર ગ્રામવિસ્તારની આસપાસ જ ભમ્યા કરતો હતો. તેનો અર્થ એ થયો કે જંગલમાં પાછા ચાલ્યા જવું તેને પસંદ નહોતું.

-(અનુસંધાન પૃષ્ઠ ૨૧૨)



ત્રિશલાદેવીનું મહાસ્વપ્ન-દર્શન (ચિત્રકાર: ગોકુલદાસ કાપડિયા). વૈશાલીના ઉપનગર બ્રાહ્મણ કુંડપુરના નાયક ઋષભદત્તની પત્ની દેવાનંદાની કુક્ષમાં અવતરણ પામેલા તીર્થંકર મહાવીરને ઉચ્ચ જાતિ-કુલ-વંશમાં જન્મ આપવા માટે દેવલોકના ઇન્દ્ર સૌધર્મે હરિણૈગમેષી દેવ દ્વારા, વૈશાલીના ગણતંત્રાધીશ, નૃપતિ ચેટકનાં બહેન અને રાજા સિદ્ધાર્થનાં ક્ષત્રિય રાણી ત્રિશલાદેવીના ગર્ભમાં સ્થાપના કરાવી ત્યારે ભગવાનના પુણ્યપ્રતાપે રાણીને સિંહ, હાથી, વૃષભ, લક્ષ્મીદેવી, પુષ્પમાળાદ્વય, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, પદ્મ સરોવર, ક્ષીર-સાગર, દેવ વિમાન, રત્નરાશિ અને નિર્ધૂમ અગ્નિનાં ચૌદ પ્રશસ્ત મહાસ્વપ્ન દેખાયાં. એનું ફળ સમજાવતાં સ્વપ્ન-લક્ષણવેત્તાઓએ ત્રિશલાદેવી સર્વગુણસંપન્ન, સર્વાંગસુંદર, મહાજ્ઞાની, વીર અને ભવિષ્યમાં તીર્થંકર બનનાર મહાન પુત્રરત્નનાં માતા બનશે એવું ભાવિ ભાખ્યું. 'તીર્થંકર ભગવાન મહાવીર' (જુઓ આ અંકમાં પૃ. ૧૯૧) નામક ચિત્રસંપટમાંથી સ્વપ્નદર્શનનું આ ચિત્ર લીધું છે.



શ્રી મહાવીર પ્રભુનાં માતા ત્રિશલાદેવી

અઢારમા સૈકાના જૈન-રાજસ્થાની વિજ્ઞપ્તિપત્રમાંનું એક ચિત્ર

બાલગોપાલ સ્તુતિની પહેલી ચિત્રાવલિનું પંદરમી સદીના મધ્યકાળનું એક ચિત્ર



પશ્ચિમ ભારતમાં ગુજરાત-રાજસ્થાનથી માંડી છેક બર્મા સુધી જેનું અનુસંધાન મળે છે એ 'પશ્ચિમ ભારતીય કલા' (જુઓ આ અંકની 'કલાવાર્તા') અજંટા અને પાંગરતી રાજપૂત તથા મુઘલ કલા-શૈલીની વચ્ચેના પૂરતા અંકોડારૂપ છે. અહીં એનાં બે ઉદાહરણો આપ્યાં છે. ઉપરનું ચિત્ર વિ. સં. ૧૭૯૨માં આબુ પાસેના સિરોહી ગામના જૈનસંઘે પાટણસ્થિત શ્રી વિજયક્ષમાસૂરીશ્વરજીને મોકલેલા એક વિજ્ઞપ્તિપત્રમાંથી લીધેલું છે. એમા શ્રી મહાવીર પ્રભુનાં માતા ત્રિશલાદેવી અને એમને વાયુ ઢોળતી પરિચારિકાનું આલેખન છે. અઢારમા સૈકાનું આ ચિત્રાલેખન હોવા છતાં એમાં ૧૬-૧૭મા સૈકાની રાજસ્થાની કલાનાં સર્વ લક્ષણો જળવાએલાં છે. બીજું ચિત્ર પંદરમી સદીના મધ્યકાળની 'બાલગોપાલ સ્તુતિ'ની એક પ્રતમાંનું છે. (બ્લૉકો શ્રી મંજુલાલ મજમુદારના સૌજન્યથી) ચિત્રવિષય જૈનેતર હોવા ઉપરાંત એમાં વૃક્ષો અને પ્રાણીનું ઉમેરણ પણ છે, અને એથી યે વિશેષ આખા ચિત્રવિસ્તારને વીંધીને તિરકસ વહેતી સમત્સ્ય નદીનું આલેખન પ્રારંભમાં માત્ર 'જૈનકલા' નામે ઓળખાએલી આ ચિત્ર શૈલીના વિકાસનું આગેકદમ સૂચવે છે એટલું જ નહિ, આ શૈલીનો સામાજિક વ્યાપ પણ દર્શાવે છે.

લખતી ગઈ / ભાનુપ્રસાદ પંડ્યા

•હરિણી•

દિવસ કશી ફુર્સદોનો, જૂની ટપાલ—ખરી પડ્યાં
સમયતરુનાં પત્રો શી—લૈ નિકાલ કરું; ઘડી
વિરમી વચમાં જોતો હસ્તાક્ષરે રચી ઓળખ.

ત્વરિત ઊકલે એવા ચોખ્ખા જિવાયલ વર્ષની
છબિ ચીતરતા દાદાજીના; મિજાજ મરોડમાં
લઈ ઘૂંટી જરી હેતે ઘાટી લખાવટ તાતની;
તૃણ સમ ઝીણા તે સાળાના; સખે હય-આળખ્યા;
દડમજલ શી સંબંધોની થતી રહી કાગળે!

અટકું સહસા—સીધા કાના પરે જ્યહીં માતર
ઢળી જઈ દિસે માંડ્યા જાણે નર્યા બસ એકડા!
ઊભરઈ જતા પાસેપાસે ખીચોખીચ મ્હોર શા!
પ્રસરી જતી આછી ખુશ્બો શા રહું પઢી અક્ષર:

પ્રથમ નિજ વર્ગે આવી તે ખતે લખતી ગઈ
પછી જડી નહિ એ બ્હેનીના!—છલોછલ આંખડી.

અમે વગરનાં અમે / ચન્દ્રકાન્ત દત્તાણી

•ગાન•

અમે વગરનાં અમે ભલેને ટૉમ ડિક કે હૅરી*
અમે જ અમને ભૂલીભૂલીને દીધાં તમે-માં વેરી...,

અમે તમારાં વેરાનોએ પ્હેર્યો લીલો કોડ,
આંગણ વાવ્યો તમે બિલોરી અમે હવે તે છોડ,
અમે સમસ્યા અમે મૂંઝવણ અમે તમારો તોડ;
અમે વગરનાં અમને લીધાં તમે છલોછલ ઘેરી,
અમે તમારાં રૂંવેરુંવાંમાં અમને દીધા વેરી...

અમે તમારાં ચરણ ઝૂલતો પગલાંનો હિલ્લોળ,
આંખ મીંચો તો રાત અમે ને ખૂલતાં પ્રભાત પ્હોર,
તમે અમારો ટૌકો સોનલ અમે તમારા મોર;
અમે શબ્દની આવનજાવન તમે મૌનની શેરી
અમે ફરકતી ધજા તમે સિંદૂર લીપેલી દેરી...

અમે તમારી ધસમસ ધસમસ છાતીનો વરસાદ,
તમે અમારાં એકાન્તોને ભરતી કંકુ યાદ,
તમે આંસુમાં અમને દીધો અમે છીએ તે સાદ;
એકમેકની અરસપરસતા એમ આપણે પ્હેરી,
અમે વગરનાં અમે હવે નહિ ટૉમ ડિક કે હૅરી...

*'ટૉમ, ડિક ઍન્ડ હૅરી' એ આલતુફાલતુ માણસ માટે વપરાતો અંગ્રેજી પ્રયોગ છે.

રહી / 'ચાતક'

•ગઝલ•

આપની આંખથી આંખ મળતી રહી,
રોશની થૈ નહિ, શમ્આ બળતી રહી.
કોકને હું મળ્યો, કોક મુજને મળ્યું,
જીવવાની મજા એમ મળતી રહી.
આળપંપાળ શું, એ સમજતો ગયો,
જેમ ઓળખ બધાંની નીકળતી રહી.
આપની આંખથી એ નજર ક્યાં ગઈ
જે મને મન કરી રોજ મળતી રહી?
હાર ખંખેરી ડગ કોઈએ ના ભર્યાં,
મારાં પગલાં ઉપર ધૂળ વળતી રહી!
ઝેરના જામ 'ચાતક' હું પીતો રહ્યો
ને મને પ્યાસ મારી જ છળતી રહી!

હવે / આહમદ મકરાણી

•ગઝલ•

હાથપગ બાંધી સમંદર તર હવે;
પાંખમાં પરવાઝ લૈ વિસ્તર હવે.
મંઝિલો આવી ચરણને ચૂમશે;
ક્યાંય ના રોકા, સફર આદર હવે.
તું જ શિલ્પી, તું જ પથ્થર ટાંકણું;
કો અનુપમ શિલ્પને કોતર હવે.
છે અનાગત-નેમ, સાંપ્રત હાથમાં;
જે થયું, સારું થયું; વિસ્મર હવે.

હો / જયંત વસોયા

•ગઝલ•

ચોતરફ ભીષણ ભલે અંધાર હો,
અંતરે શ્રદ્ધાતણો સંચાર હો.
એકલાં પુષ્પો ભલા શા કામનાં;
સાથમાં કાંટા ભલે બે-ચાર હો.
સિદ્ધિઓ સામે જ ઊભી—આ રહી;
ઝંખના ને યત્નનો સહકાર હો.
ગીત હું અદ્વૈતનાં ગાતો ફરું;
ભૈરવી હો કે પછી મલ્હાર હો.
વેદના લઈ સર્વની ઉન્નત બનું;
એ જ મારી જિંદગીનો સાર હો.

કવિલોક વિશેષાંક

કવિલોક-૧૦૪, માર્ચ-એપ્રિલ અંક, અમેરિકન કવિ રૉબર્ટ ફ્રૉસ્ટની જન્મ શતાબ્દી નિમિત્તે, આગવી મુદ્રા ઉપસાવતા વિશેષાંક તરીકે પ્રકટ થયો છે, જેમાં ફ્રૉસ્ટનાં ૨૯ કાવ્યોના સુન્દરમ, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, પ્રિયકાન્ત મણિયાર, ઉશનસ્, પિનાકિન ઠાકોર, નલિન રાવળ, ચંદ્રકાન્ત શેઠ, નગીનદાસ પારેખ, મોહનભાઈ પટેલ, ચિનુ મોદી, હેમન્ત દેસાઈ, ઇન્દુકુમાર ત્રિવેદી, રામપ્રસાદ શુક્લ, ધીરુ પરીખ, કનુભાઈ જાની, દિનેશ કોઠારી, વ્રજલાલ દવે, જોસેફ મૅકવાન એમ ૧૯ અનુવાદકોએ કરેલા કુલ ૩૧ અનુવાદો; નિરંજન ભગત, હિંગીશ મહેતા, નલિન રાવળ, ધીરુ પરીખના ફ્રૉસ્ટ વિષયક લેખો; ફ્રૉસ્ટના હસ્તાક્ષરમાં કાવ્ય તથા તેમનો જીવનકવન-પરિચય ઉપરાંત ફ્રૉસ્ટ-પરિવારની વિશિષ્ટ છબીઓનો સુભગ સમન્વય થવા પામ્યો છે. તેની છૂટક નકલ રૂ. ૩માં (ટપાલ ખર્ચ સાથે) પિનાકિન્ શાહ ઍન્ડ કં., ફખરી મંઝિલ, બિસ્કિટ ગલી, પાનકોર નાકા, અમદાવાદ-૧ એ સરનામેથી મળી શકશે. (ગ્રાહક થનારને ચાલુ લવાજમ રૂ. ૯માં મળશે.)

ભારતીય કલા, વાઙ્મય અને સાંસ્કૃતિક પરંપરાઓના પ્રખર પ્રેમી અને પંડિત, પ્રકાંડ પર્યન્વેષક તથા જગન્માન્ય વિદ્વદ્-મહારથી

ગત વર્ષ ડિસેમ્બર માસની ૧૬મી તારીખે ભારતીય કલા, ઇતિહાસ અને સંસ્કૃતિના અભ્યાસકોએ આંચકો દેતા સમાચાર સાંભળ્યા : ડૉ. મોતીચન્દ્રના દેહવિલયના. એમની તાજેતરની ચિંતાજનક માંદગીના વિગતવાર સમાચારો તો બનારસમાં એમના નિકટના સંબંધીઓનાં ઘરેથી મળતા હતા; પણ તેઓ સદાને માટે ચાલ્યા જશે એવો અંદેશો નહોતો. થોડાં વર્ષ પહેલાં જ તેઓ પક્ષાઘાત સરખા હઠીલા અને વિઘાતક દર્દ સામે ટક્કર ઝીલીને બેઠા થઈ ખુશહાલ હરતાફરતા હતા, કામ કરતા હતા, તેમ આ કટોકટી બાદ પણ બનશે એવું સૌ ધારતા હતા; પણ તેમ બન્યું નહિ. લોહીમાં થએલી જામગાંઠ મગજમાં પહોંચી જતાં ડાબાં-જમણાં બંને અંગો શિથિલ થઈ કાષ્ઠવત્ બન્યાં, ને છેલ્લે અવાચક થયા; અને પછી શાંતિથી ચિર નિદ્રામાં પોઢી ગયા. ભારતના સાંસ્કૃતિક ક્ષેત્રના વિદ્વદ્ જગતે ઈ. ૧૯૬૬માં થએલા ડૉ. વાસુદેવશરણ અગ્રવાલના નિધન સમયે જેવો અનુભવ્યો તેવો આઘાત ફરીને આ પળે અનુભવ્યો; અને સાથેસાથે એવડી જ મોટી અને ન પૂરી શકાય તેવી રાષ્ટ્રીય સ્તરની હાનિ થયાનું, ખોટ પડયાનું ભાન થયું. ભારતીય સંસ્કૃતિધારાના ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ અને ડૉ. મોતીચન્દ્ર સરખા અભ્યાસકો પર્યન્વેષકો ફરીને થનાર નથી. તેઓ બંને દિવંગત થતાં એમની એ વિદ્વદ્પરંપરા સાચવનાર આજે તો કોઈ નથી રહ્યું એ વાતનો ઊંડો અફસોસ—રંક થઈ ગયાના અને નિરાલંબનના ભાવ પંડિત-વિશ્વમાં એમને જાણનાર સૌકોઈના અંતરમાં આજે વ્યાપ્યો છે.

લાગટ ચાર દાયકાથી ભારતીય કલા અને સાંસ્કૃતિક ઇતિહાસમાં પોતાનાં મૌલિક સંશોધન-લેખન દ્વારા પ્રથમ કક્ષાનો ફાળો આપી ગએલા ડૉ. મોતીચન્દ્રનો જન્મ પંડિત પરંપરાની મહાનગરી કાશીમાં ૧૯૦૯ની ૨૯મી ઑગસ્ટે વૈષ્ણવ અગ્રવાલોના ચૌધરી કુટુંબમાં અને સુપ્રસિદ્ધ 'ભારતેન્દુ ભવન'માં થયો હતો. વિખ્યાત સાહિત્યિક તથા આધુનિક હિંદી ગદ્યના પિતા અને પ્રણેતા ભારતેન્દુ હરિશ્ચન્દ્રના બંધુ નાટયલેખક ગોકુલચન્દ્રના તેઓ પૌત્ર. દાદા ગોકુલચન્દ્ર ઉપરાંત પિતા કૃષ્ણચન્દ્ર પણ સાહિત્યના જીવ હતા. કાલિદાસના 'ઉત્તર રામચરિત'નો કૃષ્ણચન્દ્રે પ્રથમ જ વાર સુવાચ્ય અને સરલ હિંદીમાં પદ્યાનુવાદ કરેલો. ડૉ. મોતીચન્દ્ર કવિ તો નહોતા પણ સાહિત્યપ્રેમી અવશ્ય હતા. હિંદી સાહિત્યનું બહોળું અનુશીલન કરવા ઉપરાંત તેઓ હિંદી અંગ્રેજીમાં એક ઉત્તમ ગદ્યકાર હતા. એમની પીઢીની ઉત્તમતાનો ખયાલ તો સાંસ્કૃતિકક્ષેત્રનાં તેમનાં વિદ્વત્તાપૂર્ણ હિંદી અંગ્રેજી લેખો-પુસ્તકોમાંથી ખૂબ મળી રહે છે.

બનારસમાં 'હરિશ્ચન્દ્ર હાઈસ્કૂલ'માં મૅટ્રિક સુધીના અભ્યાસ બાદ ત્યાંના આજે તો જગત્‌ખ્યાત બનેલા 'બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય'માં તેઓ વિશેષ અધ્યયનાર્થે જોડાયા. એમની ઈચ્છા હતી ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના વિષય સાથે બી.એ. થવાની, પણ પ્રસ્તુત વિષયના પ્રાધ્યાપક ડૉ. આલ્તેકરનાં વિદ્વત્તાપૂર્ણ પણ અન્યથા શુષ્કિલ વ્યાખ્યાનોમાં રસ ન પડતાં 'મુઘલકાલીન ઇતિહાસ'નો વિષય લઈ, છેવટે ૧૯૩૧માં એમ.એ. થયા. ત્યાર બાદ વિલાયત ગયા, અને ત્યાં લંડન યુનિવર્સિટીમાં વિખ્યાત પ્રાધ્યાપકો એલ. બી. બાર્નેટ અને કે. ડ. બી. કૉડ્રિંગ્ટન પાસે રાગમાલા ચિત્રોપર સંશોધન કાર્ય કરી ૧૯૩૩માં પીએચ.ડી. થયા. અતિ ત્વરાયુક્ત પઠન અને મર્મગ્રહિષ્ણુ તેમ જ અવધાનક શક્તિ ધરાવનાર મોતીચન્દ્રે લંડનવાસ દરમિયાન કલાવિષય પર બહોળું વાચન કરી પોતનાં ભવિષ્યનાં કલા અને સંસ્કૃતિનાં ચિંતન-અન્વેષણની બુનિયાદ નાખી દીધી. વિલાયતથી આવ્યા બાદ તેમના સંબંધી અને મુરબ્બી મિત્ર તથા ફઈબાના પુત્ર, કલારસિક અને કલાપારેખુ સંગ્રાહક શ્રી રાય કૃષ્ણદાસના અનુરોધથી તેઓએ બનારસમાં નાગરી પ્રચારિણી સભાના મકાનમાં ગોઠવાએલો શ્રી રાય કૃષ્ણદાસની કલા-વસ્તુઓના સંગ્રહ સમાવતા 'ભારત કલાભવન'ના માનાર્હ રક્ષપાલ તરીકે કામ કર્યું; પણ પછીથી સંચાલકો સાથે મતભેદ થતાં રાજીનામું આપેલું.

લંડનમાં મેળવેલી વિદ્યાની હવે અનુભવની એરણ પર ચકાસણી કરવાનો સમય આવી લાગ્યો હતો. રાયસાહેબે તેમને કલા-વિષયના અંતરંગમાં ઊંડા ઊતરવાની અને મૌલિક સંશોધન કરવાની શીખ આપી. મોતીચન્દ્રે પ્રથમ તો એમાં પ્રવેશતી મુશ્કેલીઓની વાત કરી. રાયસાહેબે જવાબ આપેલો કે 'आप तो अच्छे खानदान के वारिश हैं। अच्छा खाना-पीना, सुंदर वस्र और कलात्मक आभूषणो में कैसे नज़र पहोंच जाती हैं? ठीक इसी तरह कलाके विषयमें भी नज़र पहोंचेगी और जानकारी अपने आप प्राप्त होने लगेगी।' રાયસાહેબનાં આ વચનોથી પ્રોત્સાહિત થઈ તેમણે કલા-વિષયમાં પોતાના આગવા અભિગમથી ઊંડા ઊતરવાનો નિશ્ચય કર્યો. તેમાં ભારતીય ચિત્રકલાની ગવેષણા પ્રતિ વિશેષ રુચિ થતાં તેની સમસ્યાએ ના ઉકેલ માટે તેઓએ મૂળ સ્રોત ગ્રંથોનું સૂક્ષ્મ અધ્યયન શરૂ કર્યું. તે કાર્યમાં તેમને પછીથી ડૉ. વાસુદેવશરણનો પણ સહકાર પ્રાપ્ત થતાં કાર્યનો ક્ષેત્ર વિસ્તાર થયો અને વિશેષ ગહરાઈ આવી.

બનારસનાં એ વર્ષો દરમિયાન તેમનો ભારતની પ્રાચીન સંસ્કૃતિ પરનો પ્રેમ બલવત્તર બન્યો અને ગદ્યલેખક જયશંકર 'પ્રસાદે' એમના અનુરોધથી મૌર્ય-શુંગ કાલ પર આધારિત 'ઈરાવતી' નામની નવલ-નાટિકા લખેલી. પ્રાચીન યુગોને તાદૃશ કરતાં નાટકો લખાવવા-ભજવાવવામાં એ કાળે એમને વિશેષ આનંદ આવવા લાગ્યો. વળી રાગમાલા ચિત્રોના પરિશીલનથી હિંદુસ્તાની સંગીતમાં રસ લેવો શરૂ કર્યો. આમે બનારસીઓ શાસ્ત્રીય સંગીત સાંભળવાના ખૂબ જ શોખીન જીવો છે. તેમાં રાગમાલા ચિત્રોના અધ્યયને તેમની સંગીત પ્રતિ અભિમુખતા ઓર વધારી દીધી. અને ઈ. ૧૯૩૫માં તેમણે એક વિશાળ 'સંગીત-સમ્મેલન'નું આયોજન કર્યું. તેમાં તે વખતના મોટા મોટા કલાધરો સારી સંખ્યામાં ભાગ લઈ ગએલા. પણ એ સમય આર્થિક મંદીનો હોઈ જોઈએ તેટલા પૈસા એકઠા થઈ શકેલા નહિ. અને કેટલાક કલાકારોને તો પ્રવાસ-ખર્ચ પણ આપી શકાયું નહોતું. પણ અન્યથા એ સમ્મેલન યાદગાર બની ગએલું. તેમાં ઉસ્તાદ અબ્દુલ અઝીઝખાંએ પોતે આવિષ્કૃત કરેલી અને સાંજે તો ઉત્તર ભારતીય વાદ્ય સમુદાયમાં મોવડનું સ્થાન પ્રાપ્ત કરી ચૂકેલી 'વિચિત્રવીણા'નું પ્રથમ જ વાર વાદન કરેલું. સમ્મેલનમાં વિદ્વદ્ ભોગ્ય ચર્ચાઓ પણ થએલી અને કંઈક 'સંગીત પરિષદ' જેવું પણ તેનું રૂપ બન્યું હતું. તેના મંચ પરથી વિદ્વદ્મણિ, સંગીત-માર્તંડ પંડિત ઓમકારનાથ ઠાકુરે વિધર્મી ગાયકોના હાથમાંથી ભારતીય સંગીત છીનવી લેવાની હાકલ કરી હતી; જેનો મુસ્લિમ ગાયકોએ જવાબ આપેલો કે અમે અત્યાર સુધી તે સાચવી રાખેલું; ખુશીથી અમારા હાથમાંથી તે લઈ લો! આ ઉપરાંત પં. રતનજનકર અને પં. દિલીપચન્દ્ર વેદી વચ્ચે પણ 'લલિત' રાગ 'પૂર્વી' ઘાટમાં હોવો જોઈએ કે 'ભૈરવ' ઘાટમાં હોવો ઘટે તે સંબંધમાં ભારે વાદવિવાદ થએલો; અને તેમાં ગાન તાન સાથેનાં દાખલા-દલીલો દ્વારા પ્રથમ જ વાર વેદીજીની ઉત્તમ ગાન કલા અને પાંડિત્ય પ્રકાશમાં આવેલાં. એ સમ્મેલન પછી તો સંગીત-જગત સાથેનો મોતીચન્દ્રજીનો શ્રોતૃ-સંબંધ છેવટના દિન સુધી અતૂટ ચાલુ રહેલો. એ વર્ષોના ગાળામાં વૈરાટ, મસૌન, કાલિંજર અને



ડૉ. મોતીચંદ્ર

લેખક મધુસૂદન ઢાંકી

પ્રાચ્ય ભાષાઓના વિપુલ જ્ઞાન, કારુ અને ચારુ કલાના તલસ્પર્શી અભ્યાસ તથા સાંસ્કૃતિક ઇતિહાસમાં પોતાનાં મૌલિક સંશોધનો અને લેખન દ્વારા જેમણે જગતમાન્ય આગવો ફાળો આપ્યો, અજંટા અને પ્રારંભિક રાજપૂત-મુઘલ કલાનો સ્રોત સાંધતી પશ્ચિમ ભારતીય કલાનું ઊંડું વિશ્લેષણ કરી એને જેમણે પ્રતિષ્ઠા અપાવી, એ ભારતીય સંસ્કૃતિના પર્યન્વેષક સહૃદયી સજ્જન

વૈશાલીમાં એમણે કેટલાંક સંશોધન-સર્વેક્ષણ પણ કરેલાં. અને ઉપરાંત ફારસી ભાષાનો પણ અભ્યાસ કરી લીધો.

ઈ. ૧૯૩૭માં મુંબાઈના વિશ્વવિખ્યાત પ્રિન્સ ઑવ વેઈલ્સ મ્યૂઝિયમમાં કલાવિભાગના રક્ષપાલ કલાચાર્ય ગ્લૅડસ્ટન સોલૉમન નિવૃત્ત થતાં એમને સ્થાને મોતીચન્દ્રની નિયુક્તિ થઈ; ત્યારથી તે ૧૯૫૦માં તેઓ પ્રસ્તુત સંગ્રહાલયના નવનિર્મિત 'નિયામક'ના સર્વોચ્ચ હોદ્દા પર નિમાયા તે વર્ષથી લઈ આમરણાંત સંગ્રહાલય પ્રવૃત્તિ અને સાંસ્કૃતિક અન્વેષણના ક્ષેત્રને એકધારી અને અવિરત સેવા આપી રહેલા. નિયામક બન્યા બાદ દિલ્હીના 'નૅશનલ મ્યૂઝિયમ'માં ૧૯૫૧-૫૨માં થોડો સમય કામગીરી બજાવવા ગએલા; પણ સરકારી તંત્રની જટિલતા રૂઢિપરસ્તી અને તેથી નિપજતા શૈથિલ્યથી કંટાળી ફરીને મુંબાઈ મૂળ સ્થાને આવી રહ્યા. પ્રિન્સ ઑવ વેઈલ્સ મ્યૂઝિયમ સાથે તેમનું એકત્વ એટલું બધું હતું કે તેમના વિના મ્યૂઝિયમ કલ્પવું મુશ્કેલ એમની નિવૃત્ત થવાની ઈચ્છા આ કારણસર ટ્રસ્ટીમંડળને મંજૂર નહોતી.

મુંબાઈમાં પ્રાચીન કલાવસ્તુના પરીક્ષક અને મૂલ્યાંકનકાર રૂપે, તેઓ જે કામ કરતા તેનો લાભ એ મહાન સંગ્રહાલયને વિશેષ સમૃદ્ધ કરવા ઉપરાંત આ વિષયમાં પાસે આવનારા સૌ કોઈને નિઃસંકોચ મળતો. પુરાવસ્તુ પરીક્ષણ-નિર્ણયન સમિતિઓમાં તેમનું સ્થાન આગલી હરોળનું રહેતું, અને કેન્દ્રસરકાર પણ એ વિષયમાં તેમની સલાહ અને દોરવણી લેવાં જરૂરી માનતી. આ કારણસર તેઓની 'ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ'ની કેન્દ્રીય સલાહકાર સમિતિમાં વરણી થએલી અને મુંબાઈની કેન્દ્રીય જકાત કચેરી પ્રાચીન-વસ્તુ નિર્યાત સંબંધમાં અવારનવાર તેમની સલાહ લેતી. મુંબાઈ યુનિવર્સિટીમાં તેઓ સાંસ્કૃતિક વિષયોમાં પીએચ. ડી. ડિગ્રી માટેના 'ગાઈડ' પણ હતા અને ઉપાધિવાંછુ કે અન્યથા સંશોધન-નિબંધ પ્રબંધ લખનારા ઘણા અભ્યાસીઓ તેમની પાસે માર્ગદર્શન માટે આવતા.

મહાપંડિત ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ ને ડૉ. મોતીચન્દ્રની જોડી ભારતવિખ્યાત—જગતખ્યાત બની હતી તેમ કહીએ તો તે વિશેષ સાચું હશે. આ બંને સમાનધર્મી મહાનુભાવો વચ્ચેની ગાઢી મૈત્રી, સહકાર્ય અને સાહચર્ય તો આદર્શરૂપ, કહેણીરૂપ બની ગએલાં. ઈ. ૧૯૪૦ પછીથી લઈ ઓછામાં ઓછું ૧૯૬૦ સુધીના બે દાયકાના ગાળામાં કેટલીયે સાંસ્કૃતિક વિદ્વદ્સભાઓમાં તેઓ બંને સાથે ને સાથે જ જોવા મળતા. કલા ઇતિહાસમાં તેઓ બંનેનો અભિપ્રાય આખરી પ્રમાણ રૂપ મનાતો 'ઇન્ડિયન હિસ્ટરી કૉંગ્રેસ', 'ન્યુમિસ્મૅટિક સોસાએટી ઑવ ઇંડિયા' અને 'મ્યૂઝિયમ્સ એસોસીએશન ઑવ ઇન્ડિયા' જેવાં આજે તો વિશ્વપ્રતિષ્ઠિત બનેલાં ઐતિહાસિક સાંસ્કૃતિક મહામંડળોની સ્થાપનામાં ડૉ. પુરુષોત્તમ જોશી, (સ્વ.) રણછોડલાલ જ્ઞાની, ડૉ. રમેશચન્દ્ર મજુમદાર વગેરે વિદ્વદ્જનો સાથે તેઓ બંનેના પણ પુરુષાર્થ અને સાથ હતા.

ડૉક્ટર મોતીચન્દ્ર કેન્દ્રીય સરકાર દ્વારા પ્રસ્થાપિત 'સેન્ટ્રલ મ્યુઝિયમ્સ કમિટી'ના પણ સદસ્ય ચૂંટાએલા, તેમ જ ૧૯૬૮માં તેના પ્રમુખ પણ બનેલા. આ ઉપરાંત તેઓ 'લૉર્ડ રે મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીઅલ મ્યૂઝિયમ, પૂના'ના ટ્રસ્ટી મંડળના સદસ્ય તેમ જ પૂનાની ડેક્કન કૉલેજની 'સલાહકાર સમિતિ'ના સભ્ય અને 'બિરલા ઈન્ડસ્ટ્રીઅલ ઍન્ડ ટેકનૉલૉજિકલ મ્યૂઝિયમ કલકત્તા' તથા 'વિશ્વેશ્વરૈયા ઈન્ડસ્ટ્રીઅલ ઍન્ડ ટેકનૉલૉજિકલ મ્યૂઝિયમ, બૅંગલોર'ની કાર્યકારી સમિતિના, તેમજ બનારસ હિન્દુ યુનિવર્સિટી સ્થિત 'ભારત કલાભવન'ની સલાહકાર સમિતિના સદસ્યપદે પણ રહ્યા હતા. ઈ. ૧૯૬૨માં ભારતીય સંગ્રહલયોના નિયામકોની અધ્યયન-ટુકડીના નાયક રૂપે પશ્ચિમ જર્મની અને યુરોપના દેશોનાં સંગ્રહાલયોના પ્રવાસે તેઓ ગએલા; અને ૧૯૬૩-૬૪માં 'કૉન્સોર્ટિયમ ઑવ ધી અમેરિકન યુનિવર્સિટીઝ'ના નિમંત્રણથી પેન્સિલ્વાનિઆ, મિશિગન આદિ યુનિવર્સિટીઓમાં 'ટાગોર સ્મારક વ્યાખ્યાતા' રૂપે જઈ 'સ્ટડીઝ ઈન ઇન્ડિઅન પેઇન્ટિંગ્ઝ' નામક વ્યાખ્યાનમાળા આપેલી. ઈ. ૧૯૬૨માં તેમને 'એશિયાટિક સોસાએટી ઑવ બૉમ્બે'ના 'કેમ્પબેલ સ્મારક ચન્દ્રક'નું પ્રદાન થયું અને ગયા વર્ષે માર્ચ માસમાં રાષ્ટ્રપતિએ તેમને 'પદ્મભૂષણ'ના ખિતાબથી આભૂષિત કરેલા.

સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ પછી દેશમાં સમ્મેલનો, પરિષદો અને પરિસંવાદ-મિલનો યોજવાના આવેલા જુવાળમાં તેઓ પુરાતત્ત્વ તેમ જ કલા-ઇતિહાસ અનુલક્ષી મિલનોમાં ભાગ લેવા જતા. 'ઇન્ડિયન હિસ્ટરી કૉંગ્રેસ' અને 'મ્યૂઝિયમ્સ એસોસીએશન ઑવ ઇન્ડિયા'ની બેઠકોમાં તેમની હાજરીથી પ્રાણ પુરાતો અને સભાઓ ગાજતી રહેતી. પણ પા-

છળથી પ્રથમના મહામંડળનું પહેલાંનાં જેવું ધોરણ નથી રહ્યું તેવું લાગતાં તેમ જ દ્વિતીય મંડળમાં મ્યૂઝિયૉલૉજી તરફી લોકો દ્વારા પ્રારંભાએલા સ્થાન-પ્રાપ્તિના ગજગ્રાહ અને તેમની ઉદ્દંડતાથી કંટાળી એમણે તે બંને મંડળોનાં સમ્મેલનોમાં ભાગ લેવાનું ઓછું કરી નાખેલું; પણ અન્યથા યોજાતા પરિસંવાદોમાં તેઓ બને ત્યાં સુધી જતા. આવાં સમ્મેલનોમાં તેમની વિદ્વદ્-પ્રતિભાની અને તેમના પાંડિત્ય તથા મીમાંસા-સામર્થ્યની ઝાંખી—પ્રતીતિ થવા ઉપરાંત તેમનાં સૂચનો, અવલોકનો ખૂબ જ વેધક અને મર્મમૂલક થઈ પડતાં. વારાણસીમાં મળેલાં આવાં બે સમ્મેલનો—એક તો લલિતકલા અકાદમી, દિલ્હી તરફથી ૧૯૬૫માં યોજાએલો કલા-પરિસંવાદ, તેમ જ ૧૯૬૭માં અમેરિકન ઍકેડેમી ઑવ બનારસ દ્વારા આયોજાએલો 'ઈન્ટરનૅશનલ સેમિનાર ઑન ટેમ્પલ આર્કિટેકચર' (જેમાં ગુજરાતમાંથી ડૉ. ઉમાકાન્ત શાહ, શ્રી માધવ ગાંધી અને શ્રી બચુભાઈ રાવત તથા પૂનાથી ડૉ. કિરીટ મંકોડી હાજર હતા), એ બંને—ની કાર્યવાહીમાં તેમણે ભજવેલો ભાગ પ્રશંસનીય બનેલો. ઈ. ૧૯૭૨માં લખનૌમાં યોજાએલા જૈન કલા પરના સમ્મેલનમાં, તેમ જ ગયે વર્ષે અમદાવાદમાં મળેલા 'અખિલ ભારત જૈન કલા પરિસમ્મેલન'-માં અધ્યક્ષપદેથી તેમણે કરેલાં સમીક્ષાયુક્ત સમાપનો તો યાદગાર બની ગયાં છે. એ જ રીતે પોરબંદરમાં આર્ય કન્યા મહાવિદ્યાલયમાં ૧૯૭૨માં તેમણે આપેલું 'પશ્ચિમ ભારતીય ચિત્રકલા' ઉપરનું વ્યાખ્યાન* ત્યાંના સુસંસ્કૃત અને પ્રાચ્યચિત્રકલાપ્રેમી સૌ સુજનો પણ યાદ કરે છે.

ડૉક્ટરસાહેબનું સંસ્કૃતનું જ્ઞાન ઊંચી કોટિનું હતું. એથી ભારતીય પરંપરાના આમૂલ ગ્રંથોના અંતરંગની સામગ્રી તેમને સરળતાથી પ્રાપ્ત થતી, અને તેમની તીક્ષ્ણ બુદ્ધિ તેનાં ઇંગિતાર્થોનો ઝટ ફોડ પાડી દેતી. ભારતીય કારુ અને ચારુ કલાઓનો તેમનો તલસ્પર્શી અભ્યાસ પ્રાચીન સાહિત્યમાં ડૂબકી મારી વિરલ સાંસ્કૃતિક સામગ્રીનાં રત્નો ઉપાડી લાવવામાં ખૂબ મદદ કરતો; અને તે પણ એકલદોકલ રત્ન નહિ, મુઠ્ઠીઓ ભરીને! ડૉ. આનન્દ કુમારસ્વામીએ બૌદ્ધ સાહિત્યનું પ્રેક્ષણ કરી બૌદ્ધકાલીન ભારતીય સ્થાપત્ય પર ગહેરો પ્રકાશ નાખતાં અમર કહી શકાય તેવા લેખો લખેલા, તો ડૉ. મોતીચન્દ્રે જૈન આગમિક સાહિત્યનું અવગાહન કરી, તે સ્રોતમાંથી સમાન્તર પ્રકાશ પાડી, ડૉ. કુમારસ્વામીનાં કથનોની વિશેષ પુષ્ટિ એવં પૂર્તિ કરેલાં. આ યત્નમાં તેમણે પાલિ અતિરિક્ત પ્રાકૃત તથા અપભ્રંશ ભાષાઓનું પણ અધ્યયન કર્યું હતું.

ભારતની પ્રાચ્ય ભાષાઓનાં તેમનાં વિપુલ જ્ઞાન તેમ જ હિન્દી સાહિત્યની તેમની કૌટુંબિક પરંપરા તથા ઊંડા અનુરાગ અને રસ તેમને ગઈ પેઢીના વિખ્યાત હિન્દી સાહિત્યિકો સાથે ગાઢ સંપર્કમાં લાવી રહેલાં. (સ્વ.) મૈથિલીશરણ ગુપ્ત, જયશંકર 'પ્રસાદ', ભગવતીચરણ વર્મા, બાલકૃષ્ણ શર્મા ('નવીન'), દિનકર અને અમૃતલાલ નાગર તેમાં મુખ્યત્વે હતા. મહાદેવી વર્મા અને કંઈક અંશે સુભદ્રાદેવી ચૌહાણ સાથે પણ તેમનો પરિચય ખરો. તેમાં યે મૈથિલીશરણ ગુપ્ત અને નરેન્દ્ર શર્મા સાથે તો તેમને ઘર જેવો સંબંધ. ગુપ્તજીને ઘેર ઘણા સાહિત્યકારો અને સાહિત્યરસિકો એકઠા થતા. આવી જ્ઞાનગોષ્ઠિઓમાં મોતીચન્દ્રજી પણ ઘણી વાર હાજર રહેતા અને આગળપડતો ભાગ લેતા; તો મુંબાઈ આવનાર હિન્દી સાહિત્યિકો ડૉક્ટરસાહેબની અચૂક મુલાકાત લેતા અને ત્યાં સારગર્ભ વાતો સાથે ટોળ-ટીખળયુક્ત ગપસપ-ગોષ્ઠિ પણ થતી.

હિન્દી ભાષા પર ડૉક્ટરસાહેબનો ઊંચા દરજ્જાનો અધિકાર હતો. અતિ સંસ્કૃત-પ્રધાન અને કૃત્રિમ જણાતી 'ખડી બોલી' તેમને પસંદ નહોતી. એમના લેખનમાં સંસ્કૃત શબ્દોની સાથે તળપદા અને કવચિત્ કવચિત્ ઉર્દૂ શબ્દોનું પણ સંતુલિત મિશ્રણ રહેતું. દેશી મુહાવરાઓ, તદ્ભવ શબ્દો અને તળપદા પ્રયોગો તેમજ ફારસી-અરબી લબ્ઝ ભારતેન્દુ હરિશ્ચન્દ્રના ગદ્યમાં જેમ જોવા મળે છે તેમ ડૉક્ટરસાહેબના લેખનમાં પણ ઠેરઠેર દૃષ્ટિગોચર થાય છે. આથી એમનું ગદ્ય શબ્દાળુ ન બનતાં પ્રવાહી, અને ટેકનિકલ ઝીણવટવાળું હોવા છતાં ઘણી વાર રોચક તેમ જ પ્રસાદપૂર્ણ બનતું જણાય છે. તેઓ પ્રથમ કક્ષાના વક્તા અલબત્ત નહોતા, પણ તેમના વક્તવ્યમાંનું પ્રશાન્ત ગાંભીર્ય, અનુભવ-અનુભૂતિનો નિચોડ અને માર્મિક સર્વગ્રાહિતા સાંભળનારના મન પર ગહેરી છાપ મૂકી જતાં.

તેઓ હિન્દીમાં લખવામાં ગૌરવ માનતા, પણ હિન્દીના હિમાયતી હોવા છતાં તેના હઠાગ્રહી નહોતા. જેમ એક બાજુએ હિન્દીમાં તેમણે સારી સંખ્યામાં મૂલ્યવાન લેખો ને પુસ્તકો લખ્યાં છે, તેમ બીજી તરફ અંગ્રેજીમાં પણ ઊંચી ગુણવત્તા-મૂલ્યવત્તાવાળું પુષ્કળ લખ્યું છે. તેમનાં યોગદાનનો સાચો અંદાજ તો તે બંને સ્રોતો એકઠા કરવાથી જ આવી શકે. એમના હિંદી 'પ્રાચીનભારતીયવેશ ભૂષા' (૧૯૫૦) અને 'કૉસ્ચ્યૂમ્સ, ટેક્સ્ટાઈલ્સ, કૉસ્મેટિક્સ ઍન્ડ કૉઈફ્યૂર' (૧૯૭૬)માં પ્રાચીન સાહિત્ય, શિલ્પ ને મુદ્રાંકનોની સામગ્રીના આધાર પર પુરાણા ભારતના પોશાક, કેશગુંફન, આભૂષણો રૂપ-સજાવટ ઈત્યાદિ પર એમણે સચિત્ર અને અવગાહનપૂર્ણ તેમ જ માહિતીપ્રદ ચર્ચા કરી છે; તો 'સાર્થવાહ' (૧૯૫૬)માં પ્રાચીન ભારતના પ્રવાસપથો, વ્યાપાર માર્ગો, યાન, વાહનો, વાણિજ્ય-પદ્ધતિના નિયમો ઈત્યાદિનું પ્રમાણપુત અને વિગતસભર તેમ જ રસપ્રદ વિવરણ કર્યું છે. 'કાશી કા ઇતિહાસ'માં એ પુરાણી નગરીના વેદકાળથી લઈ આધુનિક યુગ સુધીનાં નાનાવિધ પ્રમાણો એકઠાં કરી શૃંખલાબદ્ધ ઇતિહાસનું નિરૂપણ કર્યું છે. (આ ગ્રંથને ઉત્તર-પ્રદેશની સરકાર તરફથી 'આચાર્ય નરેન્દ્રદેવ પુરસ્કાર' પ્રાપ્ય થએલો), તો તાજેતરમાં પ્રકટ થએલી તેમની આખરી કૃતિ 'ધ વર્લ્ડ ઑવ કોર્ટિઝન્સ'માં તેમણે પ્રાચીન ભારતની વારાંગનાઓનાં જીવનવૃત્તો અને ગણિકા-પ્રથા પર વેધક પ્રકાશ નાખતો અભ્યાસપૂર્ણ અને વિશ્લેષણાત્મક ગ્રન્થ લખ્યો છે. ઉપરાંત ડૉ. વાસુદેવશરણ અગ્રવાલના સહલેખન દ્વારા રચેલા 'શૃંગારહાર'માં પ્રાચીન કામશાસ્ત્ર અને અનંગકાવ્યોના આધારે ચર્ચા કરી છે; તો કાશ્મીરી કવિ દામોદર ગુપ્તની પ્રસિદ્ધ સંસ્કૃત કૃતિ 'કુટ્ટનીમતમ્'નો સટીક હિન્દી અનુવાદ પણ કરેલો. તદુપરાન્ત પ્રાકૃત જૈનકૃત ગુપ્તકાલીન ગ્રન્થ 'અંગવિજ્જા' અને 'ચતુરભાણી'નું પણ અધ્યયન કરી તેની સાંસ્કૃતિક સામગ્રી પર લેખો લખ્યા છે.

એમના સર્વાધિક પ્રિય વિષય, જેમાં તેમની તજ્જ્ઞતા પૂર્ણ રૂપે પ્રકટ થતી જોવાય છે તે પ્રાચીન ભારતીય ચિત્રકલા પર તો તેમણે થોકેથોક લખ્યું છે. પશ્ચિમ ભારતની જૈન ચિત્રકલા પર ડૉ. આનન્દ કુમારસ્વામી તથા ડબ્લ્યુ. નૉર્મન બ્રાઉન સરખા વિદ્વદ્વર્યો અગાઉ કામ કરી ગએલા છે. એ જમાનામાં તે 'જૈન-ગુજરાતી', 'અપભ્રંશ શૈલી' ઈત્યાદિનાં નામથી ઓળખાતી. પણ મોતીચન્દ્રજીએ તિબેટી લેખક તારાનાથના આધારે તેને 'પશ્ચિમ ભારતીય જૈનાશ્રિત ચિત્રકલા'નું અભિધાન આપી, તેનું ઘણા નમૂનાઓના આધારે ઊંડું વિશ્લેષણ કરી 'જૈન પેઇન્ટિંગ ઈન વેસ્ટર્ન ઇંડિયા' નામનો સચિત્ર અને બહુમૂલ્ય ગ્રંથ લખ્યો છે અને પ્રસ્તુત ચિત્રશૈલીનાં કલાતત્ત્વોનું મૂલ્યાંકન કરી તેને પ્રતિષ્ઠા અપાવવામાં આગવો ફાળો નોંધાવ્યો છે. તે પછી ડૉ. ઉમાકાન્ત શાહ સાથે બૃહદ્ લેખ અને ત્યાર બાદ મોટા પાયમાના પર 'ન્યૂ ડૉક્યુમેન્ટ્સ ઑવ પેઇન્ટિંગ્ઝ' નામનો વિશદ ગ્રંથ થોડાં વર્ષ પહેલાં જ પ્રકાશિત કર્યો છે. આ ઉપરાંત 'ટેકનિક ઑવ મુઘલ પેઇન્ટિંગ' નામક વૈજ્ઞાનિક પુસ્તિકા પણ પ્રસિદ્ધ કરી છે. હકીકતમાં તેઓઓ ચાર દાયકા દરમિયાન અંગ્રેજી તેમ જ હિન્દી સાંસ્કૃતિક-ઐતિહાસિક વિષયો પરના લેખોની સંખ્યાનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. આ વિષયોનાં પ્રતિષ્ઠિત દેશી-વિદેશી અધ્યયન-પત્રિકાઓમાં લખવા ઉપરાંત 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'ના વાર્ષિક અંકો

* જુઓ આ અંકમાં અન્યત્ર

તેમ જ 'ઈલસ્ટ્રેટેડ વીકલી ઑવ ઇંડિયા' સરખાં સાપ્તાહિક સામયિકોમાં પણ લોકભોગ્ય દૃષ્ટિએ તેઓ અવારનવાર લખતા રહેતા. કાર્લ ખંડાલાવાલા સાથે જગપ્રસિદ્ધ વાર્ષિક 'લલિતકલા'ના, તેમ જ 'બુલેટિન ઑવ ધ પ્રિન્સ ઑવ વેઈલ્સ મ્યૂઝિયમ'ના તેઓ આરંભથી જ સંપાદક હતા. આ બંને વિદ્વદ્‌માન્ય સામયિકોમાં તેઓ પોતે પણ ઘણી વાર લખતા. તેઓ ઉગ્ર સમાલોચક પણ હતા. ડૉ. હર્માન્ટ ગત્રદ્ઝ, વિલિયમ આર્ચર, એમ. એસ. રંધાવા અને બીજી તરફ કાર્લ ખંડાલાવાલા તથા મોતીચન્દ્રની જોડી વચ્ચે ઘણી વાર ટપાટપીભરી આલોચના-પ્રત્યાલોચનાની ત્રિરંગી ને ક્યારેક ચતુરંગી 'મૅચ' ખેલાઈ જતી: મોતીચન્દ્રજીનાં અવલોકનોમાં સાત્ત્વિકતા અને સમાલોચન વિશેષ દેખાય છે.

મને એમનું પ્રથમ દર્શન ૧૯૫૫ના ડિસેમ્બરમાં કલકત્તામાં મળેલી 'ઇન્ડિયન હિસ્ટરી કૉંગ્રેસ'ના અધિવેશનમાં થએલું. ભૂરા રંગનું અને આછા ગળીના રંગની સળોવાળું અચકન અને માથે એ જ કાપડની, આછાં ઝુલ્ફાંઓને પ્રકટ કરતી, જરા બંકિમ લચકે ગોઠવાએલી ગાંધી ટોપી, ગૌર નહિ પણ સોહામણું વદન, પાનથી પ્રચુર ગાલ અને આછા રાતા હોઠ પર મીઠું સ્મિત, અને મૃદુલ પણ સુસ્પષ્ટ ઉચ્ચારણો તેમની રસિકતા તેમજ બનારસીપણું કલાત્મક રીતે વ્યક્ત કરતાં હતાં. રિસેપ્શન કાઉન્ટર પર તેઓ તથા હું વારંવાર ડૉ. સાંકળિયા આવ્યા કે નહિ તેની તપાસ કરવા જતા હતા. મેં કોઈને ત્યાં પૂછ્યું કે આ સજ્જન કોણ છે. તો ઉત્તર મળ્યો કે 'ડૉ. મોતીચન્દ્ર'! હું તો પછી હર્ષભેર તેમની પાસે ગયો અને તરત જ તેમની વિનોદવૃત્તિ તેમજ ગમા-અણગમાથી પરિચિત થઈ ગયો. પુરાતત્ત્વ વિભાગના પ્રમુખ તરીકે વરાએલા ડૉ. સાંકળિયા ન આવી શકવા અંગે સમયસર ખબર નહોતા પહોંચાડી શક્યા; આથી ડૉ. મોતીચન્દ્ર થોડા ક્રુદ્ધ થએલા. (આ અધિવેશનમાં ગુજરાતમાંથી ડૉ. મંજુલાલ મજમુદાર, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને ડૉ. પ્રિયબાળા પણ ભાગ લેવા આવેલાં.)

આ પછી પોરબંદર-નિવાસી મિત્રવર્ય શ્રી ત્રિભુવનદાસ ઓધવજી શાહ સાથે તેમના સંગ્રહના એક સચિત્ર 'સંગ્રહણિસૂત્ર'ના કાળ-નિર્ણય માટે હું મોતીચન્દ્રજી પાસે ગએલો. તે વખતે તેમણે એમને ત્યાં રક્ષપાલ તરીકે કામ કરતા તેમના સુપુત્ર ડૉ. પ્રમોદચન્દ્રને મળવાનું પણ કહેલું. પ્રમોદચન્દ્રે અમને તે દિવસોમાં મ્યૂઝિયમે ખરીદેલી કાશ્મીર-પ્રદેશ આસપાસની ન૨મા શતકની હાથીદાંતની વિરલ બૌદ્ધ પ્રતિમાઓ તેમજ સૌરાષ્ટ્ર તરફના મોતીકામના નમૂના બતાવેલાં.

ઈ. ૧૯૫૯માં મારી બદલી જૂનાગઢથી જામનગર સંગ્રહાલયના રક્ષપાલ તરીકે થતાં ત્યાં જવાનું થયું. જામનગરમાં એક આકસ્મિક પ્રસંગ એવો બન્યો કે મોતીચન્દ્રજી મારા પર અણધાર્યા અને અ-કારણ નારાજ થઈ ગએલા. તે કાળમાં સૌરાષ્ટ્રનાં સરકારી સંગ્રહાલયોમાં સચિવાલયની પરવાનગી સિવાય પ્રદર્શિત વસ્તુઓની તસ્વીર ખેંચવાની મનાઈ હતી. એક દહાડો પ્રિન્સ ઑવ વેઈલ્સ મ્યૂઝિયમ સાથે સંલગ્ન કોઈ વિદ્યાર્થી તસ્વીરકારને મૂર્તિઓની તસ્વીર ખેંચતો રોકી સવારે દસેક વાગ્યે તેને લઈ રક્ષક મારે ઘેર આવેલો. મેં એ તસ્વીરકારને સમજાવી, તે માટે સરકારની અનુમતિ પ્રથમ મેળવી લેવા અનુરોધ કરેલો. તેણે મુંબઈ જઈને શું કહ્યું હશે તે ભગવાન જાણે! પણ મોતીચન્દ્રજી ગુસ્સે થઈ ગયા હશે તે વાતની પ્રતીતિ મને વડોદરામાં ઈ. ૧૯૬૧ની અખિલ ભારતીય સર્વેક્ષણની વાર્ષિક બેઠકના પરિસંવાદ વેળા થઈ. ત્યારે શામળાજીના સ્તૂપનું મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી તરફથી ઉત્ખનન થએલું. તેના સમયાંકનના મુદ્દાની ચર્ચામાં એમણે તેની ગાંધારના જુલિયાનાદિ સ્તૂપો સાથે તુલના કરી તેનું નિર્માણ ઈસ્વી સનની બીજી-ત્રીજી શતાબ્દીમાં થયું હોવાનો અભિપ્રાય આપેલો. તે વખતે અવલોકન કક્ષામાંથી ઊભા થઈ તેનો કાળ મેં સ્થાપત્ય-પરીક્ષણને આધારે


પુત્ર ડૉ. પ્રમોદચંદ્ર

પાંચમીના પ્રારંભ કે ચોથી શતાબ્દીના અંતભાગથી વહેલો ન હોવાનો અભિપ્રાય આપેલો. મોતીચન્દ્રજી આથી ચિડાયા અને બપોરના મધ્યાન્તરમાં પોતાનો કાકુકોપ ડૉ. ઉમાકાન્ત શાહ પાસે પોતાની લાક્ષણિક રીતે ઠાલવ્યો! આ 'આનંદ વાર્તા'ના સમાચાર પુરાતત્ત્વ-ક્ષેત્રના મારા એક સાથી અને 'શુભેચ્છક સન્મિત્ર' ચતુર્દિશામાં પ્રકટ કરી રહ્યા હતા, તે મારે કાને આવતાં હું તો ખસિયાણો પડી વીલે મોઢે ડૉ. ઉમાકાન્ત શાહ પાસે પહોંચ્યો. ઉમાકાન્તભાઈએ સાંત્વન આપ્યું કે, 'જુઓ ઢાંકી, તમે મનમાં કશું લાવશો નહિ. ડૉકટરસાહેબને જે દહાડે તમારી વાતની ખાતરી થશે તે દહાડે તમારા કામ માટે તેમનો અભિપ્રાય બદલશે. તમે તમારા સંશોધનનાં પરિણામો છપાવી શકતા નથી; પણ તે દહાડે તેઓ તમારી કદર કરશે. આવું તો મારે પણ કેટલીક વાર તેમની સાથે થયું છે. પણ તેમના મનમાં કશું ન હોય.'

અને બન્યું પણ એમ જ. તે અરસામાં પુરાતત્ત્વખાતાનો કારોબાર શ્રી જયેન્દ્ર નાણાવટીએ સંભાળી લીધો હતો, અને તેમના વહીવટમાં લેખો-પુસ્તકો લખી પ્રકાશિત કરવાનું અ-સુલભ નહોતું રહ્યું. દરમિયાન શામળાજીના સ્તૂપનું આગળ ખોદકામ થતાં તેમાંથી નીકળેલ ધાતુ-ગર્ભના 'સમુદ્ગક' (દાબડા) પરનો લેખ પ્રા. મિરાશી આદિ વિદ્વાનોએ પછીથી ઈ. સ. ૩૭૫નો હોવાનું ઠરાવતાં મેં કરેલા અંદાજને સમર્થન મળી ગએલું. આ ઉપરાંત એ ગાળામાં મારા પૃથક્ પૃથક્ લેખો અને બે'ક ગ્રંથો પણ છપાયા, જે ડૉકટરસાહેબે જોએલા. ઈ. ૧૯૬૫માં ડૉ. પ્રમોદચન્દ્ર અમેરિકાથી ભારત આવ્યા અને 'અમેરિકન ઍકેડેમી ઑવ બનારસ'ની સ્થાપના કરી. એ અરસામાં અમે વડોદરામાં મળ્યા ત્યારે તેમણે પ્રસ્તુત સંસ્થામાં કામ કરવા અને 'દેવાલય સ્થાપત્ય-મહાકોશ'ની યોજના કરી તે કાર્ય હાથમાં લેવાનું મને સૂચવ્યું ત્યારે મેં કહ્યું કે 'જુઓ, તમારી વાત સાચી પણ તમારા પિતાશ્રી ડૉ. સાહેબ મારા પર ખફા છે એ વાત તમને અગાઉથી જ જણાવી દેવી સારી.' ત્યારે અચંબાથી મારી સામે જોઇને કહે કે 'Look here Dhaky, my father, besides Dr. Vasudeva Saran, Dr. P. M. Josbi, and Umakantbbai, was the first person *to recommend your name* for this project. He has nothing but affection for you and admiration for your work.'

ને ઈ. ૧૯૬૬ની પાનખરમાં જ્યારે તેમને બનારસમાં અમેરિકન ઍકેડેમીમાં મળવાનું થયું ત્યારે ખૂબ ભાવ અને સ્નેહપૂર્વક તેઓ મળેલા અને ત્યારથી તેઓ મારા શુભેચ્છક અને હિતૈષી બની રહેલા. ત્યારે એમણે પોતાનો કાયમનો પોશાક છોડી દીધેલો અને ઝભ્ભો, જાકીટ ને પાયજામામાં સજ્જ થઈ ઉઘાડે માથે રહેતા. એમના વ્યક્તિત્વમાંથી પુરાણું તસ્વરાટભર્યું 'મોતીચન્દ્રત્વ' ચાલ્યું ગયું હતું. પક્ષાઘાતના હુમલા બાદ તેઓ કઈક શિથિલ, શાંત અને સૌમ્ય બની ગએલા જણાયા.

એ પછી મુંબઈ અને બનારસમાં એમની સાથે ઘણીઘણી મુલાકાતો થઈ છે. 'કમ ઑન ઢાંકી, વૉટ્સ ધ ન્યુસ?' કહી વાતો શરૂ કરે અને તેમાં જ્ઞાન-ગોષ્ઠિ ઉપરાંત જાતજાતની ગપસપો અને તેની અંદર રમૂજ વધ

લઘુકથા

અપશુકન

જ્યોતીન્દ્ર આર. વ્યાસ

પરિમલ આજે મેડિકલ કૉલેજમાં પ્રવેશ માટે જઈ રહ્યો હતો. તૈયારીઓમાં દસ વાગી ગયા. તેના પિતા રિક્ષા બોલાવી સામાન ગોઠવવા માંડ્યા. ટ્રેનનો સમય થવા આવ્યો હતો.

ગણપતિ અને સરસ્વતી દેવીને નમસ્કાર કરી ગોળની કાંકરી મોંમાં મૂકી પરિમલ બહાર આવ્યો. માતાએ અશ્રુભરી આંખે આશીર્વાદ આપ્યા. પિતા સલાહસૂચનો આપવા લાગ્યા. પણ તેને હજી યે કંઈક ખૂટતું લાગતું હતું.

અતૃપ્ત હૃદયે તે રિક્ષામાં બેઠો. અગાસી તરફ નજર જતાં જ તે પ્રફુલ્લિત થઈ ઊઠ્યો. શ્વેત વસ્ત્રોમાં સજ્જ વીણા એને જોઈ રહી હતી. નજર મળતાં જ બહેને ભાઇને વિદાય આપવા હાથ ઊંચો કર્યો. પરિમલે સ્મિત સાથે પ્રત્યુત્તર વાળ્યો. પણ, બીજી જ ક્ષણે તેના હૃદયે આંચકો અનુભવ્યો. તેની માતા બોલી રહી હતી: 'કહ્યું હતું વીણાને કે ભાઇ જાય ત્યાં સુધી બહાર ન નીકળતી; પણ ભાઈને જોયા વિના રહી જતી હતી તે અંતે કોરા કપાળે અપશુકન કરાવ્યા જ.'

'ખટાક' અવાજ કરી આંચકા સાથે રિક્ષા ચાલુ થઈ. □

ટેકડીઓનો ઠરઠેર ઉમાર વિવિધ સંભાર સાથે આવે. કયા મુનિએ કયું કલ્પસૂત્ર કે ધાતુમૂર્તિ કોને વેચી ત્યાંથી માંડી અનેક વાતો ઉખેળે. એમના સપાટામાંથી કોઈ જ છટકી ન શકે. કાચાપોચાનું તો એમની પાસે કામ જ નહિ. વિદ્વત્તાના ઢોંગ કરનારા કે સાધારણ લખનારાઓ તેઓની ગણતરીમાં જ નહિ. અને ગપ્પાં હાંકનારાઓને તો બિલકુલ સહન ન કરી શકે. તેમની પ્રકૃતિને નહિ સમજનારાઓને તેઓ તોરીલા, મગરૂબ અને ક્યારેક તોછડાઇનો અનુભવ કરાવનાર લાગતા. તેઓ બનારસી હોવાથી તોરીલા જરૂર હતા, ને પ્રતિષ્ઠિત કુટુંબમાંથી આવેલા, વિલાયત જઈ આવેલા તથા પોતાના ક્ષેત્રમાં સાફલ્યની ટોચ પર પહોંચેલા એથી મગરૂબી પણ થોડી હતી, અને કોઈ કોઈ પ્રસંગોમાં જ્યારે ઉગ્ર બની જતા ત્યારે આકસ્મિક તોછડાપણાનો દેખાવ થઈ જતો; પણ વસ્તુતયા તેમના દિલમાં દંભ, દ્વેષ અને દંશ બિલકુલ નહોતાં. કોપ શાંત થઈ જતાં એમના મુખ પર તેમનું સદાનું નિર્મળ અને મધુર હાસ્ય ફરીને રમી રહેતું. એમની વિનોદવૃત્તિનો મને ઘણો અનુભવ છે. કોઈ વિદ્વાન હાસ્યાસ્પદ પરિસ્થિતિમાં મુકાયા હોય—પોતાના લખાણ દ્વારા કે અન્યથા—તો ડૉક્ટરસાહેબ તેનું સારાયે ભારતમાં ફુલેકું ચડાવે! પ્રમોદચન્દ્રે મને એક વાર હસતાં હસતાં કહેલું કે 'If you want to make anything known to the whole of India, you just quietly tell it to my father! You know how mischievous my father is!' બનારસનું કામ પૂરું કરી આરે અમદાવાદ ખાતે ફરીને મૂળ સ્થાને જવાના સંભવની વાત નીકળે ત્યારે पुनरपि मूषकं भवेत्! કહી ખડખડાટ હસતા!

ડૉક્ટરસાહેબ પોતાને ઘેર આવનારને જમાડ્યા સિવાય છોડતા નહિ. એમનું આતિથ્ય ગજબનું. હું જાઉં ત્યારે એમનો બીજો સવાલ હમેશને માટે એ હોય કે 'Come along Dhaky, what will you eat?' મને 'દમ-આલુ'નું શાક બહુ ભાવતું તે તેઓ જાણતા અને મારા માટે તે ખાસ કરાવતા. અમારે ત્યાં બનારસ આવે ત્યારે ઊંધિયું, થેપલાં ઇત્યાદિ એમને ગમતી વાનગીઓ ખાસ કરીએ. એમને ગુજરાતી વાનગીઓ બહુ ભાવતી. પણ ગુજરાતી રસોઈમાં દાળ શાકમાં ઝીકાતા ગળપણની ભારે ઠેકડી ઉડાવતા: 'અરે તમારી ગુજરાતીઓની કઢી તે કઢી છે કે પાતળો ગરમાગરમ શ્રીખંડ?!' ગુજરાતી શાકભાજીમાં પુષ્કળ તેલને તેઓ 'તેલ-સમુદ્ર'ની ઉપમા આપતા!

અમારી ચર્ચાઓમાં ઘણી વાર સંગીતકારો અને તેમના સંગીત વિષે વાતો નીકળતી. બનારસની વિખ્યાત ગાયિકા બડી મોતીબાઈ તેમજ (સ્વ.) કાશીબાઈની ભાવપૂર્ણ ઠુમરીઓના તેઓ ખાસ પ્રશંસક. મ. ઉ. ફૈયાઝખાં, ઉ. અબ્દુલકરીમખાં, પં. ઓમકારનાથ ઠાકુર, કેસરબાઈ, હીરાબાઈ બડોદેકર, અંજલિબાઈ લોલેકર ને કિશોરી આમોનકરનું સંગીત તે બહુ પસંદ કરતા. પણ એક વાતમાં અમારે મતભેદ રહેતો. તે કર્ણાટક સંગીતની બાબતમાં, આ મુદ્દા પર તો અમારે 'બહસ' જેવું થઈ જાય! તેઓ કહેતા કે દખ્ખણના એ કલકલિયાઓને દેવી-દેવતા સિવાય ગાવા માટે બીજો કોઈ વિષય જ જડતો નથી! ત્યારે હું કહું કે 'તમારા હિન્દુસ્તાની સંગીતમાં છે શું? "તવાયફ ગાય ઓર હીજડે મુંડી હિલાય" જેવો ઘાટ છે!' છતાં કર્ણાટક વાદ્યકારોના અગ્રણી, સુપ્રસિદ્ધ બિલાવાદક સ્વ. દ્વારમ્ વ્યંકટસ્વામી નાયડુની તેઓ અલબત્ત ભૂરિભૂરિ પ્રશંસા કરતા.

કલાચર્ચામાં તેઓ કલા સાથે તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિકતાને સંડોવવાની વાતથી વિરુદ્ધ હતા. અને આ બાબતમાં તેઓ ડૉ. આનન્દકુમારસ્વામી, હેનરિશ ત્સિમ્મર અને સ્ટેલા ક્રૅમરિશ સરખાં ભારતીય કલા અને સ્થાપત્યના વિશ્વમાન્ય ભાષ્યકારોથી જુદા પડતા.

મારી લેખનશૈલીની ટકોર કરતાં ડૉક્ટરસાહેબ મને, ડૉ. પ્રમોદચન્દ્રને અને અન્ય મિત્રોને ઘણી વાર કહેતા કે હું ક્રૅમરિશની માફક લખું છું! (મને તો આ સાંભળીને અલબત્ત આનંદ થતો!) મારા કોઈકોઈ લેખ કે ગ્રંથમાં ડૉ. ક્રૅમરિશની શૈલીની છાયા અણજાણ રીતે આવી ગઈ છે; પણ તે તો એમના લેખનનું ધ્યાનપૂર્વક અધ્યયન કરવાને કારણે છે.

ડૉ. મોતીચન્દ્રનાં લેખન-કવન જોઈ જતાં એક વાત સ્પષ્ટ બને છે કે તેઓ કલામીમાંસક કરતાં કલા-ઇતિહાસકાર અને કલા-ઇતિહાસ વિષયક મૂલગત સામગ્રીના સમુચ્ચયકાર-અન્વેષણકાર અને એ રીતે વિશિષ્ટ પ્રકારના Indologist એવં 'પુરાતત્ત્વવિદ્' રૂપે આપણી સમક્ષ રજૂ થાય છે. ડૉ. વાસુદેવશરણના અંગ્રેજી 'શિવ-મહાદેવ' સરખા લેખનથી તેમનું લખાણ આથી જુદું પડી આવે છે. ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય અતિરિક્ત તેઓએ વિદ્વાનોની ઉપેક્ષાનો ભોગ બનેલી ભરતકામ અને વસ્ત્રભૂષા સરખી કારુ કલાઓમાં પણ ખૂબ ઊંડા ઊતરીને વિસ્તૃત અભ્યાસ કરેલો. અને એથી શ્રી જયેન્દ્ર નાણાવટી, શ્રી મણિભાઈ વોરા અને મારા દ્વારા તૈયાર થએલા 'ધી એમ્બ્રૉઈડરી ઍન્ડ બીડ-વર્ક ઑવ કચ્છ ઍન્ડ સૌરાષ્ટ્ર' ગ્રંથથી તેઓ ઘણા ખુશ થએલા. આના આધારે બે વર્ષ પહેલાં તેમણે મને ભારપૂર્વક અમદાવાદના 'કૅલિકો મ્યૂઝિયમ ઑવ ટેક્સ્ટાઈલ્સ'માં સંશોધકનો હોદ્દો સંભાળી લેવાની ભલામણ કરેલી, પણ પછીથી તે વાત શક્ય ન બનતાં મારા પર થોડા નારાજ પણ થએલા.

ડૉક્ટરસાહેબના સ્વભાવ તેમ જ તબિયતને બરોબર સમજનાર-સાચવનાર તેમનાં પત્ની શાંતિદેવી જેને સૌ મિત્રો-સંબંધીઓ અને નજીક આવેલાં શિષ્યો 'બહુવા'ના નામથી ઓળખતા, ડૉક્ટરસાહેબની જીવનભર છાયા થઈ રહ્યાં અને ૧૯૬૫ પછી તો ડૉક્ટરસાહેબ જ્યાં જાય ત્યાં સાથે ને સાથે જ સેવાર્થે રહેતાં. ડૉક્ટરસાહેબ અને પ્રમોદજીની જેમ મને તેઓએ પણ હમેશાં ઘરના માણસ સમાન જ ગણ્યો છે.

મુંબાઈમાં પોણાચાર દાયકા રહ્યા હોવાથી ત્યાં એમનું બહોળું મિત્રમંડળ હતું. સર કાવસજી જહાંગીરના કુટુંબ અને ગોદરેજ સરખા પ્રતિષ્ઠિત પારસીઓથી લઈ ડૉ. પુરુષોત્તમ જોશી, હરિદાસ સ્વાલી, ચિત્રકાર હેબ્બર આદિને તેમાં ગણાવી શકાય. વિદેશના ભારતીય કલાના વિદ્વાનો મુંબાઈ ઊતરે કે તેમનું પહેલું કામ ડૉક્ટરસાહેબને મળવાનું. આર્ચર, આઉન, હાંટેલ સહિત ઘણા જૂની-નવી પેઢીના વિદ્વાનો સાથે તેમને

દોસ્તી. ગુજરાત સાથે પણ તેમનો ખાસ્સો પરિચય. શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ અને વિશેષે શ્રી ગિરાબહેન સારાભાઈ સાથે તેમને ઘનિષ્ઠ સંબંધ. ગિરાબહેન તેમના 'કૅલિકો મ્યૂઝિયમ ઑવ ટેક્સ્ટાઈલ્સ' માટે ઘણી વાર તેમની સલાહ લેતા. ડૉ. ઉમાકાન્ત શાહના તેઓ પ્રગાઢ મિત્ર. શિલ્પ ચિત્રાદિની શૈલી અને સમયાંકન સંબંધમાં બંને વચ્ચે ક્યારેક મતભેદ થતો, પણ બંનેના અંગત સંબંધો છેવટ સુધી સારા જ રહેલા. આગમ-પ્રભાકર સ્વ. મુનિશ્રી પુણ્યવિજયજી માટે ડૉક્ટરસાહેબને ઘણું જ માન હતું. મુંબાઈમાં એક વાર મુનિજી (જૈન સાધુઓનો સામાન્ય આચાર છોડી) ડૉક્ટરસાહેબની બીમારીના પ્રસંગે તેમના પ્રિન્સ ઑવ વેઈલ્સ મ્યૂઝિયમમાંના બંગલે ખાસ ખબર પૂછવા ગએલા, એ વાતનો તેમણે મારી પાસે ગદ્‌ગદિત કંઠે ઉલ્લેખ કરેલો ને મુનિજીની મહાનુભાવતાનાં, અસાંપ્રદાયિકતાનાં અને અનવધિ ઔદાર્ય અને સૌજન્યનાં બહુ જ વખાણ કરેલાં.

ડૉક્ટરસાહેબના અવસાનના સમાચાર ફેલાતાં મુંબાઈનાં સાંસ્કૃતિક વર્તુળોમાં ઊંડો શોક છવાઈ ગએલો. એમના પુરાણા મુસ્લિમ દોસ્ત એ. એચ. કારાને તેઓ ઘણાં વર્ષોથી મળેલા નહિ. પણ દાહગૃહ પર તેઓ ક્યાંકથી પણ આવી ગયા અને પોતાના તરફથી ચંદનકાષ્ઠનો એક ટુકડો વિજ્જુ ચિતામાં અશ્રુગૅલિત આંખોએ મૂક્યો ત્યારે હાજર સૌ કોઈ ગળગળા થઈ ગએલા. દિલ્હીના નૅશનલ મ્યૂઝિયમના નિયામક ને ડૉક્ટર સાહેબના પરમ મિત્ર શ્રી સી. શિવરામમૂર્તિ તો ડૉક્ટરસાહેબનો સ્વર્ગવાસ થયાના સમાચાર મળતાં ગૌરવ છોડી હૈયાફાટ રુદન કરી રહેલા. તેમને શાંત કરવાનું મુશ્કેલ બની ગએલું.

ડૉક્ટરસાહેબના દશમાનો દિવસ હતો. ગંગાકિનારે એમનાં અસ્થિ વિસર્જન પ્રસંગે બહુવા ને પરિવારનું સ્નેહવૃંદ, પ્રમોદજી, ડૉક્ટરસાહેબના લઘુબંધુ ચૌધરી નારાયણચન્દ્ર ને તેમના પુત્ર અનોપચન્દ્ર અને અન્ય ઘણા સંબંધીઓ-મિત્રો બજરામાં ભારે હૈયે, લથડતે પગે ચડી રહ્યાં હતાં. બજરો ગંગાના મધ્ય વહેણ પાસે પહોંચ્યો કે શોકાતુર અને સુકાએલા મુખવાળા પ્રમોદચન્દ્ર વજ્જરની છાતી કરી ધીરા ડગે નાવમાં ઊતરી માલામંડિત પુષ્પાચ્છાદિત અસ્થિકલશને ગંગામૈયાના પુનિત વારિમાં પધરાવી રહ્યા. બહુવા અને પરિવારજનોની આંખમાંથી મૂક શ્રાવણ-ભાદરવો ટપકી રહ્યા હતા. ગમગીનીના ઓથારને ત્યાં સુધી કબજામાં રાખી રહેલા, ડૉક્ટરસાહેબના બચપણના સખા ને સાથી વોરાસાહેબ ખામોશી છોડી રડી રહ્યા હતા. મારી આંખોનાં આંસુ પણ એ પળે અંકુશમાં ન રહ્યાં. 'Come on Dhaky, what's the news?' કહેનારું હવે રહ્યું નહિ. ડૉક્ટરસાહેબ સાથેના અનેક પ્રસંગો આંખ આગળથી પસાર થઈ રહ્યા હતા. ડૉક્ટરસાહેબ જતાં બહુવાએ જગત્‌ખ્યાત પતિ, પ્રમોદજી તેમ જ સુજાતા-સુનંદાજીએ પ્યારો ભ્રમ પિતા, કાર્લ-ખંડાલાવાલા, શિવરામમૂર્તિ, ડૉ. ઉમાકાન્ત શાહ, ને ડૉ. જોશી સરખા વિદ્વદ્‌જનોએ પરમ મિત્ર શ્રીમતી સરયૂ દોશી ને મારા સરખા તેમના શિષ્યોએ એક સહૃદય શુભચિંતક અને મમતાળુ ગુરુજન, પ્રિન્સ ઑવ વેઈલ્સ મ્યૂઝિયમ ને સંગ્રહાલય-પ્રવૃત્તિ ક્ષેત્રે એક મહાન સંગ્રહાલયશાસ્ત્રી અને નિયામક, આપ્તજનો એ નિકટનો સ્નેહાર્દ્ર સંબંધી, બનારસ-મુંબઈ-અમદાવાદના મિત્રોએ મહાન સલાહકાર, હિન્દી સારસ્વતોએ સંવેદનશીલ સુહૃદ અને ભારતનાં સાંસ્કૃતિક ક્ષેત્રે એક માંજલ પંડિત ગુમાવ્યાની તીવ્રતર વેદના એ પળે હાજર હતા એ સૌ કોઈએ અનુભવી. ડૉ. સાહેબને સર્વાખરી વંદના દઈ, હવે ફરીને એમની પ્રતિભાસંપન્ન સ્મિત-મધુર મુખમુદ્રા જોવા નહિ મળે તેવી હતાશા ખિન્નતા સાથે સૌ પાછાં ફર્યા.

ડૉ મોતીચન્દ્રનું નામ ભારતીય સંસ્કૃતિના પર્યન્વેષકો—અમર મહાજનો—માં કનકલિપિમાં લખાએલું રહેશે, ને એમના કાર્યની સંગીનતાનો સાચો અંદાજ સમય જતાં વિશેષ ને વિશેષ મળતો રહેશે,—ને ત્યારે તેમની ખોટ સવિશેષ સાલશે. □

અનુસંધાન અવાજ [પૃષ્ઠ ૧૯૨થી

સ્વાભાવિક ક્રમ છોડીને ધીમા પડવા લાગે છે. લાકડાંની લાતીમાં યાંત્રિક કરવતના કર્કશ અવાજમાં સતત લાકડાં વહેરનારાઓનાં આંગળાં સાંજે કાળાં પડી જાય છે. 'વાસો સ્પૅસ્ટિક' નામની આ સ્થિતિ રક્તવાહિનીઓનાં સંકોચનથી આંગળાંમાં પૂરતું લોહી નહિ પહોંચવાથી પેદા થાય છે.

રશિયન સ્થપતિ કૉન્સ્ટન્ટાઈન સ્ટ્રૅમેન્ટૉવ ધ્વનિ પ્રતિરોધના નિષ્ણાત ગણાય છે. એમના મત પ્રમાણે માણસથી બેએક મીટર દૂર વાગતું મોટરનું હૉર્ન ૮૫ થી ૧૦૦ ડેસિબલ (અવાજની તીવ્રતા દર્શાવતું એકમ) અવાજ પેદા કરે છે. અને હવે તો એ નિશ્ચિત થએલું છે કે ૯૦ ડેસિબલથી વધુ કો અવાજ માણસની દૃષ્ટિમાં ૨૫ ટકા જેટલી મંદતા આણે છે!

'ઈન્ફ્રાસોનિક' ને 'અલ્ટ્રાસોનિક' અવાજો માણસની શ્રવણમર્યાદાની બહારના હોવા છતાં એનો શરીર પર પ્રભાવ તો પડે છે જ. સેકંડનાં લગભગ ૨૦,૦૦૦ આંદોલનો—કે જે માણસની શ્રવણશક્તિની મર્યાદા છે. ત્યાંથી માંડીને ૧૦ લાખ આંદોલનો પ્રેરતો અવાજ 'અલ્ટ્રાસોનિક' અવાજમાં ગણાય છે. વૈદકક્ષેત્રમાં આવા અતિ આંદોલનપ્રેરક ધ્વનિના કેટલાક સદુપયોગ પણ છે. પરંતુ એનો અયોગ્ય પ્રયોગ એક્સ રેની પેઠે ન સુધારી શકાય તેવી હાનિ પણ કરે છે.

બીજી બાજુ એક સેકંડનાં ૨૦થી માંડી ૧ જ આંદોલન પ્રકટાવતો અતિ ધીમો અશ્રાવ્ય અવાજ પણ એવો જ હાનિકર છે. ફ્રેન્ચ નૅશનલ સેન્ટર ફૉર સાયન્ટિફિક રીસર્ચ (માર્સેલ્સ)માં ઈન્ફ્રાસોનિક ધ્વનિ પ્રકટાવતા સાધનના પ્રથમ પ્રયોગમાં જ એની ભયાનકતા પ્રકટ થઈ ગઈ. સદ્‌ભાગ્યે તુરત જ એ પ્રયોગ બંધ કરી દેવાયો છતાં યે એના પ્રભાવની મર્યાદામાં આવેલા બધા માણસો કલાકો સુધી બેચેન બની ગએલા. સૌએ એનાથી પોતાની હોજરી, હૃદય ને ફેફસાં પર એક અકળ પ્રકારની ધ્રુજારી અનુભવેલી. નજીકની બીજી પ્રયોગશાળાનાં માણસો સુધી એ ધ્વનિની આવી જ અસર પહોંચેલી. એમ જણાયું છે કે એક સેકંડનાં સાત જ આંદોલનવાળો ધ્વનિ જીવલેણ પણ બની શકે છે! ઈન્ફ્રા-સાઉન્ડની અસર તળે આવનારને અવાજ થવાનો તો અત્યંત ઓછો શો અણસાર જ મળે છે, પણ તેની અસુખકર અસર તળે માણસ કોઈ પણ માનસિક કાર્ય કરવા માટે અસમર્થ બની રહે છે. આ અશ્રાવ્ય ધ્વનિનો પ્રભાવ જેમ જેમ વધે છે તેમ તેમ ઘેન ચડતું જઈ ચક્કર આવવાં માંડીને માંદગી જેવી અસર થવા લાગે છે અને એથી યે આગળ જતાં આંતરિક અવયવોમાં એક અજબ પ્રકારનાં કંપનો પેદા થઈ તાત્કાલિક પીડાકારી મોત આવી પડે છે.

અવાજની સીધી અસરો પણ નોંધાઈ છે. ૯૦ ડેસિબલની તીવ્રતા સાથે સેકંડે ૧૭૫૦ આંદોલનવાળા અવાજની અસર તળે ૧૫ મિનિટ સુધી રાખેલા ૫૦૦ નોકરીઆતોમાં એક કલાક પછી ૭૫ ટકા જેટલા માણસોમાં દૃષ્ટિની ક્ષતિ બેવડાએલી જણાઈ હતી. નિશાનબાજીમાં લક્ષ્યકેન્દ્રથી ૧૪ મિ. મી. દૂર ગોળી વાગવાની સામાન્ય ક્ષતિ વધીને ૨૭-૪ મિ. મી. નિશાનચૂક સુધી પહોંચેલી જણાઈ હતી.

અવાજનો આ ત્રાસ ઘટાડવા અનેક માર્ગો વિચારાઈ રહ્યા છે. અમુક મર્યાદાથી અવાજ વધી જાય તો આપમેળે બંધ કરી દે એવાં ઉપકરણો પણ શોધાયાં છે. પરદેશમાં કેટલેક સ્થળે તો અમુક અમુક સમય દરમિયાન અવાજની મર્યાદાઓ નિશ્ચિત થએલી છે. અને એથી વધુ કો અવાજને તુરત જ અટકાવી દેવાના પ્રયાસો થાય છે. જો કે દુર્ભાગ્યે અવાજનું ઘણું મહત્ત્વ અંકાય છે, છતાં હવે પછી તમે તમારો રેડિયો ધીમો રાખીને, ઓછામાં ઓછો અવાજ કરે એવાં જ સાધનો વસાવીને, ધીરે સાદે વાત કરવાની ટેવ પાડીને, એમ અનેક રીતે થતો અવાજ ઘટાડવાની ચીવટ રાખશો તો પડોશીઓ માટે જ નહિ તમારી જાતને માટે યે એ એક આશીર્વાદ બની રહેશે. □

માનવતાની સોડમથી મહેકતી એક અકિંચનની અમીરી ભેટ

કોડી

ડૉરિસ વ્હાઈટહાઉસની એક અંગ્રેજી કથાને આધારે—લેખક: ડૉ. પિયૂષ પંડયા

એના જીવનની અંતિમ ક્ષણોમાં હું એની પથારી પાસે જ હતી. સફેદ દ્રવ્ય જેવી પથારીમાં એનો કંકાલ શો દેહ જાણે કાળું રમકડું ન હોય એવો લાગતો હતો.

કશું જ નો'તું રહ્યું એ દેહમાં. જે હતું-જેને લીધે એ દેહને નામ હતું—એ પણ હવે તો ઊડી જવાની તૈયારી જ કરતું હતું.

છેવટે...પેલા અંતિમ શ્વાસો—આપણી લાગણીઓને વલોવી નાખે તેવા ઘેરા, મૃત્યુની ઝાંખવાળા શ્વાસો—શરૂ થયા; ને એ પણ કેવા! ન કોઈ પ્રતિકાર, ન કોઈ તનાવ; એ જ પેલી શાશ્વત સ્વસ્થતા સાથે એણે મૃત્યુને આલિંગવાની તૈયારી કરી. અત્યત સહજતાપૂર્વક પેલું કોઈ અલૌકિક તત્ત્વ, જેણે અત્યાર સુધી એને અસ્તિત્વ અર્પેલું. સરકી ગયું!

એની પથારી પાસે બેઠેલા પાદરીસાહેબ, કે જે અત્યાર સુધી ટૉમની અંતિમ ક્ષણો અનંત કૃપાનિધાન પરમાત્મતત્ત્વમય બને તે માટે બાઈબલ વાંચી રહ્યા હતા, તેમણે શાંત ચિત્તે એ બંધ કર્યું; બોલ્યા: 'તારું બાળ હતું; તને પાછું સોંપું છું પ્રભુ! આત્મસાત્ કરી લેજે—સ્વીકારી લેજે એને.'...અને ઓરડાની હવાના કણેકણમાં મૌન—મૃત્યુની બીનારાંવાળું મૌન-ફરી વળ્યું.

એકાદ પળ પછી બહુ જ હળવેથી એમણે મારા ખભા પર હાથ મૂક્યો. મારા વિષાદઘેરા હૃદયને એ બરોબર સમજી શકતા હતા. બોલ્યા: 'બેટી! આવે સમયે દુઃખ ન હોય, એ તો બીચારો સુખી થઈ ગયો, મુક્ત થઈ ગયો ...' આટલું બોલી એ આસ્તેથી ઓરડાની બહાર સરી ગયા.

એમના ગયા પછી દર્દીના મૃત્યુ બાદ એક પરિચારિકાને જે જે કાર્યવાહીઓ કરવાની હોય તે મેં શરૂ કરી દીધી. એની પથારી પાસેનું ખાનું મેં ખોલ્યું, જેમાં એની સારી ય સંપત્તિ પડેલી હતી.

એક જોડ ચશ્માં—સંસારની અનેક યાતનાઓ જેમાંથી વેદનાગ્રસ્ત ભાવે જોયા કરવી પડેલી એવાં-દર્દી જેટલાં જ જીર્ણ થઈ ગએલાં ચશ્માં!

એક અસ્ત્રો—જેમાં પડેલી કટાઈ ગએલી બ્લેડ એનું તો નિદર્શન નહિ કરાવતી હોય ને, કે એનું શરીર આના કરતાં કયાં ય વધારે કાટ ખાઈ ગએલું હતું?! એક બાઈબલ-પ્રભુમયતા, સાત્ત્વિકતા સાચવી રાખવા માટે સતત પ્રયત્નશીલ રહેવા માટેનું એકમાત્ર વિશ્વસનીય અવલંબન. કેટલી શ્રદ્ધાથી એણે વર્ષો સુધી એનો સહારો લીધો હશે, તે એની જર્જરિતતા પરથી સ્પષ્ટ જણાઈ આવતું હતું.

અને છેલ્લી ચીજ--ગેવો નાનકડો પચીસ સેન્ટનો સિક્કો! છેલ્લો સિક્કો—એની એકમાત્ર ધનસંપત્તિ, એનો ખજાનો, એનું સર્વસ્વ!

મેં એ સિક્કો હાથમાં લીધો ને લાગણીઓના જબ્બર પ્રવાહે મારા બાહ્યાભ્યંતરને અશ્રુપ્લાવિત કરી નાખ્યું....

ઈ. ૧૯૪૭ના શિયાળાની કાતિલ ઠંડી સવાર હતી. લુઇવિલે ગામની અડમિનિસ્ટ્રેશન હૉસ્પિટલના ટી. બી. વૉર્ડમાં મારી તાજી જ નિમણૂક થઈ હતી. પરિચર્યાના પ્રથમ સોપાને ટી. બી. જેવા વૉર્ડમાં આવવાનું થાય ત્યારે કોઈ પણ વ્યક્તિનું મન વિચારોનાં વમળોમાં અટવાઈ જાય. હું પણ એમાંથી બાકાત નહોતી.

મિ. ટૉમ મારા પ્રથમ જ દર્દી. ગુલામ અમેરિકન હબસી માબાપનું એ સંતાન. પોતાના અસ્તિત્વનું ભાન થાય તે પહેલાં તો કરાલ વિશ્વયુદ્ધ એનાં મા-બાપને ભરખી ગયું! ઘોર હિંસાત્મકતાના પરિપાક સ્વરૂપ આવાં તો કંઈ કેટલાં ય બાળકો અનાથ થઈ ગયાં હશે. તેમાંનો જ આ એક—સડક પર ફેંકાઈ ગયો—અનાથતાની, બીચારાપણાની, છાપ સાથે!

કજળિયાતનાં બાળકો જ્યારે હજી બાબાગાડીની બહાર માંડ નીકળ્યાં હશે ત્યારે આ બાળકના નાનકડા નાનકડા હાથને આંટણ પડવાં શરૂ થઈ ગએલાં-મજૂરીની ભેટ સમાં! બાળપણથી જ રોજ એનું પ્રભાત, 'આજ મજૂરી મળશે?' એવા ભયાનક પ્રશ્નાર્થથી થતું;-ને એ પ્રશ્નાર્થના દાતરડામાં એના જીવનની ક્ષણો, દિવસો, વર્ષો પસાર થયાં. એનું નિર્દોષ બચપણ, એનું મહામૂલું યૌવન, કેવળ યાતનાઓમાં જ વીત્યું!

છેલ્લા કેટલાક સમયથી એ ગામમાં આવેલો. ઘણા વખતથી બીમાર હતો; પરંતુ પથારીમાં પડયા રહેવાની બાદશાહી એને નસીબ ક્યાંથી હોય? પણ છેવટે બીમારીએ અસહ્ય ફટકો માર્યો ત્યારે એણે હૉસ્પિટલનો આશ્રય લીધો. પરંતુ હવે તો ઘણું મોડું થઈ ગયું હતું.

એનો પેલ્વિક ટચુબર્કયુલૉસિસ હવે એટલી હદે આગળ વધી ચૂક્યો હતો કે એમાં સાંત્વન સિવાય કોઈ જ દવા કારગત નીવડી શકે એમ નહોતું. એમાંનો એક ફોડલો તો ફાટી ચૂકેલો હતો, જેમાંથી પરુ સતત બહાર આવ્યા કરતું--માથું ફાડી નાખે તેવી બદબૂ સાથે.

એના ઓરડામાં મેં સૌપ્રથમ પ્રવેશ કર્યો, અને અસહ્ય દુર્ગંધના એક જોરદાર સપાટાએ મને ચોંકાવી નાખી, મૂંઝવી નાખી. મને એકદમ પાછા ફરીને ત્યાંથી નાસી છૂટવાની વૃત્તિ થઈ આવી. ને કદાચ હું તેમ કરી પણ બેસત. ત્યાં તો મારી નજર મિસ્ટર ટૉમની આંખો પર પડી...

કેટલી દયનીયતા!! હું દ્રવી ગઈ...મેં મારી જાત સંભાળી લીધી... ઇસુને મનોમન વંદન કરીને સ્વસ્થ થઈ ગઈ...બોલી: 'નમસ્કાર, ભાઈ! પ્રાતઃક્રિયાઓ માટે તૈયાર છો ને?'

'નમસ્કાર! એ બધું શું તેની તો ખબર નથી; પણ તમને જો જરૂરી લાગતું હોય તો તૈયાર છું.'—શાંત પ્રત્યુત્તર!

ને મેં મારું કાર્ય આરંભી દીધું. પહેલાં તો મેં એને સ્નાન કરાવ્યું. પછી એની ચાદર બદલી નાખી. એનું શરીર એટલું તો નાજુક કાચ જેવું થઈ ગયુ હતું, જાણે વજનહીન! મેં એને અત્યત નાજુકાઈપૂર્વક એક તરફ પડખું ફેરવાવ્યું, પરંતુ આટલું કરતાં યે અસહ્ય વેદનાથી એની આંખો જાણે ઊભરાઈ આવતી...ને છતાં ય મોંમાંથી એક ઉહકારો પણ એણે ના કાઢયો!

જોકે આ ક્રિયા દરમિયાન સૂગને લીધે મને ભયંકર ઊબકા આવવા જેવું થઈ આવતું. પરંતુ એને રોકવાની શક્તિ પણ એના પેલા ક્ષીણતમ અવાજે જ આપેલી... 'બહેન, સમજ નથી પડતી કેવી રીતે તમે આ બધું કરી શકો છો! આટલી દુર્ગંધ?! ઓહ! ખુદ હું પોતે જ સહન નથી કરી શકતો!' આટલું બોલીને એણે પોતાના ચહેરા પર એવો તો વિચિત્ર વંકાટ આણ્યો કે મારાથી ખડખડાટ હસી પડાયું...ને એ પોતે પણ હસી પડયો—ક્ષણ માટે; ને પછી બન્ને એકબીજા તરફ નિહાળી રહ્યાં—અસહાયતાપૂર્વક!

પરંતુ હવે ઓરડાની હવામાં એટલી દુર્ગંધ નો'તી રહી; શ્વાસ પણ હવે જરા સહ્ય બન્યા હતા. ત્યાર બાદ એક સ્વચ્છ સફેદ ટુકડો કાઢી મેં એની છાતીને ફરતો વીંટાળી દીધો. એના ચહેરા પર હજી પેલા હાસ્યની ચમક વરતાતી હતી. એણે કૃતજ્ઞતાપૂર્વક કહ્યું: 'આહ! કેટલું બધું સારું લાગે છે! સાચું કહું? આટલું બધું સારું લાગી શકે તે તો હું ભૂલી જ ગયો છું!' આટલું કહેતાં કહેતાં એનો નિર્બળ હાથ બાજુના ટેબલના ખાના તરફ વળ્યો. એણે અંદર કશુંક ફંફોસવા માંડયું...ને ક્ષણાર્ધ બાદ એક પચીસ સેંટનો સિક્કો કાઢયો, ને મારા તરફ લંબાવતાં

ગદ્‌ગદિત સ્વરે બોલ્યો: 'બેન, તું જે કરી રહી છે તેનો તો બદલો વાળવો જ કેમ કરીને? પણ મને થાય છે કે આટલી કડકડતી ઠંડીમાં તું એકાદ પ્યાલો કૉફી પી. તને સારું લાગશે. તારે એની જરૂર છે!

ને મારી નજર ખુલ્લા ખાના પર પડી. બીજી બિચાર વસ્તુઓની સાથે પચ્ચીસ સેન્ટના આવા બીજા પચીસેક સિક્કા અંદર વેરાએલા પડયા હતા. બસ, આ જ હતી એની સમગ્ર અસ્કયામત–એનું ધન!

મારે એ નાનકડી ભેટ સ્વીકારી લેવી જોઇતી હતી. પરંતુ કોણ જાણે કેમ હું એમ કરતાં ખચકાઈ ને ઉતાવળમાં બોલી ઊઠી: 'ના–ના; મારાથી એ ન લેવાય. તમે જ રાખો. વરસાદની ઋતુમાં તમને એ ખપ લાગશે.'

અને...ક્ષણ પહેલાં જે આંખોમાં ચમક ઉભરાએલી હતી ત્યાં હવે વિષાદની ગહેરી કાલિમા ફેલાઈ ગઈ, ને એક અસ્પષ્ટ ધ્વનિ સંભળાયો: 'અત્યારે જે વરસશે એનાથી વધારે વરસાદ કદી નહિ વરસે, બહેન!'

ને મારા હૃદયમાંથી એક ચીસ નીકળી ગઈ: શું કરી બેઠી હું? એક લાગણીભર્યા હૃદયનો યોગ્ય પડઘો પાડવાને બદલે મારાથી આવી નિષ્ઠુર ભૂલ કેમ થઈ ગઈ? અભાનતામાં શું હું એને ફરી એક વાર પેલી મરુભૂમિમાં નો'તી ખેંચી લાવી, જ્યાં એ કેવળ એક વૃદ્ધ દર્દી જ હતો, જેની પાસે આપવા જેવું કશું હતું જ નહિ, ને જેની પ્રત્યેક ક્ષણ મૃત્યુના રંગે રંગાએલી હતી!

મને મારી ભૂલનું ભાન થયું. બોલી: 'તમારી વાત તદ્દન સાચી છે ટૉમ! એકાદ ગરમાગરમ કૉફીનો ડોઝ મળી જાય તો કેટલું સારું!' ને સ્મિત સાથે હાથ લંબાવી મેં એમના હાથમાંથી પેલો સિક્કો લઈ લીધો ને જોયું તો ઝંખવાઈ ગએલી પેલી તેજરેખા ફરી એક વાર એ ચહેરાને અજવાળી રહી હતી!

ત્યાર પછીના દિવસોમાં એનું સ્વાસ્થ્ય ધીરેધીરે વધુ ને વધુ કથળવા માંડયું, ને એ વધુ ને વધુ અશક્ત બનતો ગયો. રોજ સવારે નિર્ણિત કાર્યક્રમ મુજબ હું એને પ્રાતઃવિધિ કરાવતી ને એક કહ્યાગરા બાળકની માફક તે સ્વસ્થ; નિર્વિકાર ભાવે એ બધું કરવા દેતો. ને એ બધું પૂરું થાય ત્યારે હમેશાં એનો નિર્બળ હાથ પેલા ખાના તરફ વળતો, એક સિક્કો ઉપડાતો, મારા હાથમાં મુકાતો, એક વાક્ય બોલાતું– અસ્પષ્ટ, પરંતુ અત્યંત કૃતજ્ઞતાની ભાવનાથી સભર: 'કેમ કરીને બદલો વાળું...તું તો ભગવાન છે...વગેરે વગેરે.'

વહેતી ક્ષણોની સાથેસાથે પેલા સિક્કાઓની સંખ્યા પણ હવે તો.... મેં મનોમન પ્રાર્થના કરી: 'હે પ્રભુ! જોજે એના પહેલાં સિક્કા ન ખૂટી પડે!'

હવે તો એ એટલો બધો દુર્બળ બની ગયો'તો કે એનાથી પોતાની મેળે એનો હાથ પણ નો'તો ઊંચકી શકાતો. ને છતાં ય 'પેલી' ક્ષણોમાં એ રોજ પોતાનો ક્ષીણ હાથ મારા હાથમાં મૂકી પેલા ખાના સુધી લઈ જતો...!

ને એક સવારે મેં જોયું—મારો હાથ એના હાથને જે સિક્કા માટે ખાના તરફ વાળી રહ્યો હતો એ સિક્કો અંતિમ હતો! ......ને મારી આંખોમાં આંસુનાં પૂર ઊમટી પડયાં.

આંસુઓની વચમાંથી મેં એના ચહેરા પર નજર નાખી,–એ જાણવા કે એને શું એ ખયાલ આવી ગયો છે કે તે એની સમગ્ર સંપત્તિનો છેલ્લો સિક્કો હતો? પરંતુ એના નિર્વિકાર ચહેરા પર એવા કોઈ ભાવ ન વંચાતાં મારા મનને જરા રાહત લાગી. ને મેં સિક્કો લઈ લીધો.

એ હવે જીવનની એક એવી અવસ્થાએ આવીને ઊભો હતો, જ્યાં એનું અસ્તિત્વ મૃત્યુના હૂંફાળા આશ્લેષમાં ધીરેધીરે ભરાયે જતું હતું. અને એક તંદ્રામય ધૂંધળાશમાં એ સરી રહ્યો હતો. એને ભાન હતું તો બસ એક જ: કૃતજ્ઞતાના ભાવપૂર્વક કશુંક આપવાનું છે. બસ, બાકીની બધી જ લાગણીઓથી એ પર થઈ ચૂક્યો હતો.

ને આસ્તેથી પેલો સિક્કો મેં ફરી વાર એના ખાનામાં સરકાવી દીધો!

હરિઃ ૐ આશ્રમ તરફનું
એપ્રિલ અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'યશવંત ગોપાલ જોશી'ના લેખક
પ્રો. વસંત જોશીને મળે છે.

ત્યાર બાદ એ દસેક દિવસ જીવ્યો. ત્યાં સુધી રોજ પેલી પ્રાતઃવિધિ બાદ એ બોલતો રહ્યો: 'દેવી છે–દેવી છે તું! મા મારી! પ્રભુ છે તું તો...' ને પછી પેલો હાથ હાથમાં લેવાતો, પેલા ખાના તરફ દોરવાતો, પેલો સિક્કો ઊંચકાતો, મારા હાથમાં મુકાતો...ને ફરી પાછો એ જ સિક્કો ખાનામાં સરકાવી દેવાતો.

ને અંતે એ ક્ષણ આવી, જ્યારે પેલો હાથ ખાના તરફ જવાની વૃત્તિથી પર થઈ ગયો. પંખી ઊડી ગયું હતું. પાદરી સાહેબ પણ ચાલ્યા ગયા હતા. હજી મારા હાથમાં પેલો સિક્કો ફરી રહ્યો હતો.

અંતે એને પણ ટૉમની અન્ય ચીજો સાથે મૂકી, એનું એક નાનકડું બંડલ બનાવી, એની ઉપર એનું નામ લખી હું ઑફિસમાં લઈ ગઈ. સૂચન કર્યું કે એ બંડલ પાદરીસાહેબને મોકલી આપવું.

સંધ્યા ટાણે મારો ફરજનો સમય પૂરો થવાની તૈયારી હતી એવામાં અચાનક વૉર્ડમાં પાદરીસાહેબ આવી ચડયા. મારી પાસે આવીને કહે: 'ટૉમના "ખજાના"ની જંગમ મિલકત મારી પાસે રાખી મૂકી છે; રોકડ મિલકત, મને લાગે છે કે, તને આપું તો એના અંતરાત્માને બહુ ખુશી થશે.' આટલું કહી એમણે ખિસ્સામાંથી પેલો સિક્કો કાઢી મારા હાથમાં સેરવી દીધો!

કોણ જાણે કેમ, પણ મારાથી એકદમ લાગણી સાથે હાથ લંબાવાઈ ગયો ને મેં એ સિક્કો લગભગ એમના હાથમાંથી ઝૂંટવી લીધો!

કારણ કે એ વખતે મને યાદ આવી ગઈ ટૉમની આંખોમાંની પેલી ચમક. ને મને એ ભેટ કેટલી મહામૂલી છે–કેટલી ઉદાત્ત છે તેનું ભાન થયું.

એ ભેટ–કે જે મેં ફરીફરીને મેળવ્યા કરેલી–ને ત્યારે એને સ્વીકારતી વખતે કાયમ મારા હૃદયમાં એના (ટૉમના) અકિંચનત્વ પ્રત્યે અનુકંપાના ભાવો ઊભરાતા રહેલા. પરંતુ હવે પહેલી વાર એની આ ભેટની કિંમત મને સમજાઈ કે સાચા સ્વરૂપે એ શું હતી!


એ એક અસીમ સંપત્તિનું દેદીપ્યમાન પ્રતીક હતું—અંતરની વિરાટતાનું મૂર્તિમંત સ્વરૂપ! આ અકિંચન ટૉમ—કેટલો વિરાટ! કેટલો ધનાઢય! કલ્પનાતીત! એક માનવ હૈયું કલ્પી શકે એનાથી કંઈ કેટલાયે ગણી વધારે શ્રદ્ધા, ધીરજ, મમતાનો એ ધારક હતો!

પેલા સિક્કાના અણુએ અણુમાં જે ભાવસમંદરો લહેરાતા હતા તે ભાવો અબજોપતિની પાર્થિવ સંપત્તિમાં હોઈ શકવાના હતા કદી ય?—

પાદરીસાહેબનો જલદી જલદી આભાર માની હું હૉસ્પિટલની કૅન્ટિનમાં ગઈ...લગભગ દોડતી જ!

એક પ્યાલો કૉફી લીધી. બારી પાસેના એક ટેબલ પાસે બેસી ગઈ.

સંધ્યાના આછેરા અંધકારમાં એક તારક ચમકી રહ્યો હતો. ગરમ કૉફીના એ પ્યાલાને મેં જરા અધ્ધર કર્યો, તારકને નમસ્કાર કર્યા અને મનોમન ટૉમને અશ્રુભરી અંજલિ અપાઈ ગઈ: 'પ્રભુ! એ ભોળાભોળા મહાન આત્માને તારામાં ભેળવી દેજે. તારા તેજપુંજનો અંશ બનાવી દે જે!' અશ્રુની સાથે સાથે બે શબ્દો પણ સરી પડયા: 'ભાઈ! કૉફીની તો અત્યારે ખાસ જરૂર છે મારે.' ને મેં પ્યાલો હોઠે અડકાડયો. □




આર્યભટ

અવકાશક્ષેત્રે ભારતનું પ્રથમ કદમ

અણુબૉંબનો મહા ભયંકર પરચો બતાવીને બીજા વિશ્વયુદ્ધને આટોપી લઈ વિજ્ઞાને અણુશક્તિના એક નવા યુગમાં પ્રવેશ કર્યો. બાર વર્ષ પછી ઈ. ૧૯૫૭ની ૪થી ઑક્ટોબરે પ્રથમ માનવસર્જિત સેટેલાઈટ-સ્પુટનિકને અવકાશમાં તરતો મૂકીને રશિયાએ વિજ્ઞાનક્ષેત્રે અવકાશમાં સંશોધનોની એક નવી દિશાનાં દ્વાર ખોલ્યાં. અણુયુગને વળોટીને માણસે અવકાશમાં પ્રવેશ કરી છેક ચંદ્રની ધરતી પર પગલાં પાડી એથી યે આગળ અન્ય ગ્રહો સુધી અવકાશયાનો મોકલવાની હેસિયત હાંસિલ કરી. ત્રણેક દાયકાના આ સમયમાં દુનિયાના વિકસિત દેશો જ્યારે વિજ્ઞાનની આવી ચમત્કારિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી રહ્યા હતા ત્યારે એ જ ગાળામાં આપણે ભાગલા પાડીને દેશની આઝાદી મેળવી, ગાંધીજીની હત્યા કરી, લાખો બેઘર હિજરતીઓને થાળે પાડયા, વિશાળ બંધો અને ગંજાવર વિદ્યુત-મથકો બાંધ્યાં, મોટા ઉદ્યોગો અને તોતિંગ કારખાનાં ઊભાં કર્યાં, ખેતી વધારી ને જમીનમાંથી તેલ કાઢયું, ચીની આક્રમણની નામોશી વહોરી ને એમાંથી પાઠ લઈ ત્યાર પછીની બધી યુદ્ધસ્થિતિમાં વિજય મેળવ્યો, 'યુનો' વતી આફ્રિકા અને પૂર્વના દેશોમાં શાંતિ સ્થાપવામાં સહાય કરી અને ઘરઆંગણે અનેક પ્રકારની અશાંતિ સરજી. અનેક સિદ્ધિઓ મેળવી અને એને દાબી દે તેવો વિક્રમ વસ્તીવધારો પણ કર્યો. નોંધવું ન ગમે તેવું ઘણું કરવા સાથે નોંધવું જ પડે એવું યે ઘણું કર્યું. ગયા વર્ષે મે માસમાં ભૂગર્ભમાં કરેલા પ્રથમ અણુ-વિસ્ફોટ દ્વારા આપણી શક્તિના એક પાસાનો પરચો બતાવ્યો ને પૂરું વર્ષ પણ નથી થયું ત્યાં આપણા પ્રથમ સેટેલાઈટ 'આર્યભટ'ને અવકાશમાં તરતો મૂકીને વિજ્ઞાનક્ષેત્રે આપણે ગૌરવપ્રદ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

પાંચમી સદીના ભારતના એક મહાન ગણિતશાસ્ત્રી અને ખગોળવિદ્ 'આર્યભટ'નો નામધારી આ સેટેલાઈટ 'ઇંડિયન સ્પેઈસ રીસર્ચ ઑર્ગેનિઝેશન'ના 'ઈંડિયન સાયન્ટિફિક સેટેલાઈટ પ્રોજેક્ટ'નું સર્જન છે. અલબત્ત, ઈ. ૧૯૭૨ની ૧૦મી મેએ થએલા કરાર મુજબ 'આર્યભટ'ને તૈયાર કરવામાં રશિયાનો પણ અમુક સહકાર છે. એની અંદરનાં વિજાણુ ઉપકરણોને શક્તિ આપતી સૌર ને નિકલ-કૅડ્મિયમ બૅટરીઓ, ૨૫૦૦૮ કિ. મી. દૂરથી એક સેકંડમાં ૨૫૬ જેટલા સંકેતો ગ્રહણ કરતું ને માગવામાં આવે ત્યારે એથી દસ ગણી ઝડપે, એટલે કે સેકંડમાં ૨૫૬૦ સંજ્ઞાઓની ઝડપે એને પૃથ્વી પર મોકલતું ટેપ રેકૉર્ડર, વગેરે કેટલીક બાબતોમાં રશિયાની સહાય મળી છે. 'આર્યભટ'ને એના ભ્રમણમાં નિશ્ચિત માર્ગે જાળવી રાખવા માટેની ખાસ વ્યવસ્થામાં અને અવકાશમાં એને તરતો મૂકવામાં રશિયન રૉકેટનો ઉપયોગ કરવો પડયો છે એ ય ખરું, પણ એમ તો પોતાના સેટેલાઈટને અવકાશમાં તરતો મૂકનારાં ભારત સિવાયનાં અન્ય દસ રાષ્ટ્રોમાંથી બધાં પાસે કંઈ પોતાનાં રૉકેટો નથી જ. અને આપણા વિજ્ઞાનીઓએ તો અત્યારથી જાહેર કર્યું છે કે હવે પછી ઈ. ૧૯૭૮માં તરતો મુકાનારો ભારતીય સેટેલાઈટ દેશના રૉકેટ વડે જ અવકાશમાં જશે. હાલ તુરત તો ૫૬૦ ટનના 'રોહિણી' નામના બે તબક્કાના રૉકેટ બનાવવા સુધી આપણે પ્રગતિ કરેલી છે. અને 'આર્યભટ'ના સર્જનમાં આપણી કામગીરી પણ કંઈ ઓછી નથી જ. જાણીને આશ્ચર્ય થશે કે આ સમગ્ર કામગીરીમાં મોટા ભાગે સરાસરી ૨૫-૨૭ની વયના યુવાન વિજ્ઞાનીઓનો હિસ્સો છે!




'આર્યભટ' સાથે સંપર્ક રાખી એને જરૂરી સૂચનો આપતું શ્રીહરિકોટા ખાતેનું ટેલીકમાન્ડ ઍન્ટીના.

મથાળે: 'આર્યભટ' અવકાશમાં તરતો મુકાયા પહેલાં.

▽ પૃથ્વીની પ્રદક્ષિણા ફરતાં આર્યભટ જે જે દેશો પરથી જે માર્ગે પસાર થાય છે તે દર્શાવતો નકશો.

આસમાની અને જાંબલી રંગઝાંયવાળા, ૨૬ પાસાંવાળા હીરા જેવા આકારનો આર્યભટ ૩૬૦ કિલોગ્રામ વજનનો, ૧.૬ મીટર લાંબો-પહોળો ને ૧.૨ મીટર ઊંચાઈનો છે. પ્રો૦ યુ. આર. રાવના નિદર્શનમાં, અમદાવાદની સ્વ. ડૉ. વિક્રમ સારાભાઈએ સ્થાપેલી ફિઝિકલ રીસર્ચ લેબોરેટરીમાં આ સેટેલાઈટની રચનાનું પ્રાથમિક કાર્ય, તથા તેની ત્રણ કામગીરીમાંની બે અંગેની વ્યવસ્થા યોજાઈ હતી. ત્યાર બાદનું એનું સર્જનકાર્ય બૅંગ્લોરમાં થયું. અવકાશમાં તરતો મૂકયા પહેલાં બલૂન અને હેલિકૉપ્ટર દ્વારા એને અધ્ધર લઈ જઈ એની કાર્યક્ષમતાની વારંવાર ચકાસણી પણ કરાઈ હતી. અત્યારે આર્યભટ પૃથ્વીની સપાટીથી વધુમાં ૬૨૩ કિ. મી. અને ઓછામાં ઓછા ૫૪૫ કિ. મી. દૂર રહી લગભગ ગોળાકારે દર ૯૬.૪૧ મિનિટે એક લેખે દિવસમાં સોળ જેટલી પૃથ્વીની પ્રદક્ષિણા ફરે છે. આ રીતે અવકાશમાં ઘૂમતાં દર સોએક મિનિટ દરમિયાન સૂર્ય પ્રકાશમાં હોય ત્યારે ૭૫° સે. જેટલી ગરમી અને પૃથ્વીની છાયાવાળા ભાગમાં પ્રવેશતાં શૂન્ય નીચે ૧૦૦° સે. જેટલી ઠંડી એને વેઠવી પડે છે. ઉષ્ણતામાનના આવા એકદમ આવતા પલટાની અસર અંદરનાં સાધનો પર ન થાય એ માટે આપણા વિજ્ઞાનીઓએ એક ખાસ પ્રકારના આવરણ વડે એને રક્ષણ આપ્યું છે.



આર્યભટ એ પાંચમી સદીના ભારતના એક મહાન ગણિતજ્ઞ ને ખગોળશાસ્ત્રી હતા. આકાશીય પિંડોના વેધ લેવામાં એ નિષ્ણાત હતા. એમનો સુપ્રસિદ્ધ ગ્રંથ 'આર્યભટીય' એ પ્રકારનો પ્રાચીનતમ પ્રાપ્ય ગ્રંથ છે. એની રચના વૈજ્ઞાનિક અને ભાષા સુશ્લિષ્ટ છે. ચાર પાદમાં વહેંચાએલા આ ગ્રંથના પ્રથમ 'ગીતિકાપાદ'માં અક્ષર-આધારે સંક્ષેપમાં મોટી સંખ્યા લખવાની સ્વનિર્મિત પદ્ધતિ આપી છે. બીજગણિતની આર્યભટની આ આગવી દેણગી છે. બીજા 'ગણિતપાદ'માં અંકગણિત ને રેખાગણિતનાં સિદ્ધાંત-સૂત્રો છે. ત્રીજા 'કાલક્રિયાપાદ'માં કાળગણના, યુગ અને તેના ઉત્સર્પિણી તથા અવસર્પિણી એવા કાલવિભાગ, ગ્રહોની ગતિ વગેરેની સમજણ તથા ચોથા 'ગોલપાદ'માં ક્રાંતિવૃત્ત, સંપાતબિંદુ, સૂર્યથી ગ્રહોનાં અંતર, ખગોલવર્ણન, ગ્રહણ વગેરે વિષેની સમજ આપી છે. પૃથ્વી પોતાની ધરી પર ફરતી હોવાનું આર્યભટ માનતા હતા.

આર્યભટનો જન્મ ઈ. ૪૭૬માં થએલો. કુસુમપુર (પાટલિપુત્ર-પટણા)ના એ વતની મનાય છે, પણ એમના સિદ્ધાંતોનો એ તરફ પ્રસાર જોવા મળતો નથી, જ્યારે દક્ષિણ ભારતમાં એના સિદ્ધાંતોના આધારે રચાએલાં પંચાંગ આજે યે ત્યાંના વૈષ્ણવોમાં માન્ય લેખાય છે. વળી, એમના આર્યસિદ્ધાંત પર લખાએલી ટીકા અને ભાષ્યો પણ દક્ષિણ ભારતમાં જ ઉપલબ્ધ છે. લલ્લ નામક એમના એક અનુયાયી જ્યોતિષીના સિદ્ધાંતો પણ દ૦ ભારતમાં, ખાસ કરીને કેરળ તરફ સવિશેષ માન્ય છે, જ્યારે ઉત્તર ભારતીય ગ્રંથોમાં આર્યભટ કે આર્યસિદ્ધાંત વિષે ખાસ કશું ઉપલબ્ધ નથી. આ પરથી એક તર્ક એવો પણ છે કે આર્યભટનું કુસુમપુર તે પાટલિપુત્ર નહિ પણ દક્ષિણનું કોઈ સ્થાન હશે.

અરબ વિદ્વાન અલ બિરૂની પાસે યે આર્યભટીયના કેટલાક ભાગની નકલ અને ખલીફ મનસૂરના સમયમાં થએલું એનું અરબી ભાષાંતર પણ હતું. એમાં 'આર્યભટીય લઘુસિદ્ધાંત' યા 'લઘુ આર્યસિદ્ધાંત' સમજાવેલો છે. 'દસગીતિકા' અને આર્યાષ્ટાશત' એવા એના બે વિભાગમાંથી પહેલા પર ભૂતવિષ્ણુએ અને બીજા પર સોમેશ્વરે ટીકા લખી છે. આર્યસિદ્ધાંત પરની સૂર્યયજવનની ટીકા પણ જાણીતી છે. સેનગુપ્તે અને ડબ્લ્યુ. ઈ. ક્લાર્કે 'આર્યભટીય'ના અંગ્રેજી અનુવાદો પણ કર્યા છે. આઠમી સદીના આર્યભટ્ટ નામે એક બીજા ગણિતી ને જ્યોતિર્વિદ વિદ્વાન પણ પ્રસિદ્ધ છે. અઢાર અધિકારની ૬૨૫ આર્યામાં નિબદ્ધ એમનો 'મહા સિદ્ધાંત' નામે ગ્રંથ જાણીતો છે.

આર્યભટ દ્વારા સૂર્ય કરતાં યે લાખો ગણાં શક્તિશાળી ક્ષ-કિરણોના અવકાશી સ્રોતોનો અભ્યાસ, રેડિયો તરંગોને પરાવર્તિત કરતા અયનમંડળ અને પૃથ્વીને વીંટળાએલા અલ્ટ્રાવાયોલેટ(પાર જાંબલી) કિરણોના એક પટમાંના હાઇડ્રોજનના પ્રમાણનો અભ્યાસ, તથા સૂર્યજ્વાળાઓ ભભૂકે ત્યારે અવકાશમાં પ્રસરતા ન્યૂટ્રોન ને ગામા કિરણોનું પ્રમાણ, તથા સૂર્ય અંગેનો અન્ય અભ્યાસ કરવાની નેમ છે. આ માટે પૃથ્વી પરથી, એટલે કે રશિયામાંથી ને ભારતમાં મદ્રાસની ઉત્તરે સોએક કિ. મી. દૂર આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટામાંથી પાંત્રીસ પ્રકારના સૂચન-સંકેતો આપી શકાય છે.

અભ્યાસ અંગેની આ વ્યવસ્થા ઉપરાંત આર્યભટના સંચલન માટે બીજી ૪૦ જેટલી ખાસ વ્યવસ્થા છે. ચોપાસ લગાડેલી સૌર બૅટરી વડે એને જોઈતી વિદ્યુતશકિત મળી રહે છે; અને જ્યારે સૂર્યતાપમાં ન ઘૂમતો હોય ત્યારે પણ એનું કાર્ય ચાલતું રહે એ માટે વીજળી સંઘરવાની એમાં વ્યવસ્થા છે. આર્યભટની બધી બાજુનું ઉષ્ણતામાન સમાન રહે એ માટે પોતાની ધરી પર પણ ભમરડાની પેઠે ફરતો રહે છે. આ માટે નાઇટ્રોજન વાયુના ખાસ ફુવારાના ધક્કા દ્વારા એને જોઈતી ગતિ અપાય છે. છ એક માસમાં આ વાયુ પૂરો થઈ જશે એટલામાં એનું સંશોધનકાર્ય પણ પૂરું થશે. અને એનાં યંત્રો પણ કામ આપતાં અટકી જશે. પણ તે પછી યે કેટલાક માસ શાંત પડી ગએલો આર્યભટ અવકાશમાં ભમતો રહેશે.

આજે તો અવકાશમાં નાનામોટા એટલા બધા સેટેલાઈટ ઘૂમી રહ્યા છે કે એથી 'ટ્રાફિક જૅમ' ન થઈ જાય એ માટે નજીકના ભવિષ્યમાં કદાચ વિચારવું પડશે. એમની વચ્ચે ભારતના એક ટચૂકડા સેટેલાઈટની ખાસ કંઈ વિસાત ભલે ન ગણાય, પણ બહુ જ ઓછા સમયમાં પ્રાપ્ત કરેલી આ સિદ્ધિનું આપણા માટે ઘણું ગૌરવ છે. અન્ય દેશોની આવી સિદ્ધિથી આભા બની જવાની સ્થિતિમાંથી નીકળી જઈ એમની સાથે કદમ મિલાવી શકવા જેવી આપણી પ્રાપ્તિનું આપણને ગૌરવ છે. અવકાશમાં ઘૂમતા આર્યભટનો એકએક ઝબકાર ભારતનું નામ રોશન કરે છે. □

અનુસંધાન] **હત્યારી પ્રતિમા** [પૃષ્ઠ ૧૭૬થી

કોઈ છુપાયું હશે. એલિયટે પોતે પણ એવું મહસૂસ કર્યું હતું. છાતીમાં છરી વાગી ત્યારે પડતાં પહેલાં સર રિચાર્ડે છરી ફેંકી દીધી હશે. અને ફરી એ જ હત્યારાએ એલિયટનું પણ ખૂન કરવા પ્રયત્ન કર્યો હશે.

અંતે અત્યાર સુધી એકાગ્ર ચિત્તે સાંભળી રહેલી મિસ માર્પલે કહ્યું: 'તમારું કપાળ...' અને પછી ઉમેર્યું...

(તમે કહી શકશો કે મિસ માર્પલે શું કહ્યું? નહિ? તો જુઓ પૃષ્ઠ ૨૦૮)

ઍગાથા ક્રિસ્ટી

ઈ. ૧૮૯૧ના સપ્ટેમ્બરની ૧૫મીએ અંગ્રેજ માતા અને અમેરિકન પિતાને ત્યાં ડેવન ખાતે, ટૉર્કી (Torquay)માં જન્મી, ઘરઆંગણે અને પારી(સ)માં શિક્ષણ પ્રાપ્ત કરી જાસૂસી નવલકથાક્ષેત્રે 'ધ મિસ્ટીરિયસ અફેર ઍટ સ્ટાઈલ્સ' નામક પ્રથમ રહસ્ય-નવલકથા ૧૯૨૦માં લખીને તે ક્ષેત્રે કૉનન ડૉઈલ પછી ખૂબ ખ્યાતિ પામનાર આ અંગ્રેજ મહિલા જાસૂસકથાકારે ૭૫થી પણ વધુ સફળ નવલકથાઓ આપી છે. એ જ ક્ષેત્રે વાર્તાકાર અને નાટ્યકાર તરીકે પણ એની સિદ્ધિ અને પ્રસિદ્ધિ અનન્ય છે. એમનું એક નાટક 'ધ માઉસ ટ્રૅપ' ૧૯૫૨માં લંડનમાં શરૂ થએલું તે સળંગ દસ વર્ષથી વધુ સમય ચાલ્યું અને વિક્રમ નોંધાવ્યો! એમની બીજી નાટ્યકૃતિ 'વિટ્નેસ ફૉર ધે પ્રોસિક્યુશન'ની ન્યૂ યૉર્કમાં અતિ સફળ રજૂઆત બદલ 'ડ્રામા ક્રિટિક્સ સર્કલ' તરફથી ઉત્તમ વિદેશી નાટક માટે પુરસ્કાર પ્રાપ્ત થએલો. ઈ. ૧૯૫૬માં એમની કૃતિઓની લોકચાહના અને ગુણવત્તા જોઈ એમને 'કમાન્ડર ઑવ ધ બ્રિટિશ એમ્પાયર' બનાવવામાં આવેલાં. એમની બહુસંખ્ય કૃતિઓમાંથી 'ધ મર્ડર ઑવ રૉજર ઍક્રૉઈડ' (૧૯૨૬), 'ધ મિસ્ટરી ઑવ બ્લૂ' (૧૯૨૮), ધ સેવન ડાયલ્સ મિસ્ટરી' (૧૯૨૯) 'મર્ડર એટ ધ વિકારેજ' (૧૯૩૦) 'મર્ડર ઈન ધ કૅલેઇકોચ' (૧૯૩૪), 'ધી એબીસી મર્ડર્સ' (૧૯૩૬), 'ધે કેઈમ ટુ બગદાદ' (૧૯૫૧) અને 'થર્ડ ગર્લ' (૧૯૬૬) વિશેષ નોંધપાત્ર છે. પહેલી જ નવલકથામાં ડિટેક્ટિવ 'હર્ક્યુલ પૉઇરેટ'નું તેમજ સાતમી નવલકથા 'ધ મર્ડર ઑવ ધ ઍક્રોઈડ'માં એક વૃદ્ધ ચબરાક સ્ત્રી 'મિસ માર્પલ'નું અમર પાત્રસર્જન કરી એમણે વાચકોને મુગ્ધ કર્યા છે. એમની વાર્તા કહેવાની ચિત્તાકર્ષક રીત, નક્કર પાત્રાલેખન ને ખૂબીભરી વસ્તુસંકલના એમની નવલકથામાં આગળ તરી આવે છે. ઈ. ૧૯૧૪માં કર્નલ આર્ચિબાલ્ડ ક્રિસ્ટી સાથે લગ્નગ્રંથિથી જોડાઈ, ૧૯૨૮માં છૂટાછેડા લઈ, ૧૯૩૦માં મૅક્સ મૅલોવાન નામક પુરાતત્ત્વવિદ અને પ્રાધ્યાપક સાથે પુનર્લગ્ન કરનાર આ ૮૪ વર્ષનાં લેખિકા હજી સતત લેખનવ્યસ્ત રહે છે. અને જગતમાં વિશાળ વાચકવર્ગ ધરાવી વિપુલ સંપત્તિ કમાય છે. એમની રહસ્યકથાઓ પરથી ઊતરેલી ફિલ્મો પણ ઘણી સફળ રહી છે.

હત્યારી પ્રતિમા

[જાણીતી રહસ્યકથા-લેખિકા ઍગાથા ક્રિસ્ટીની મૂળ અંગ્રેજી વાર્તાના 'અમૃત' પત્રિકામાં અદ્રીશ વર્ધને કરેલા બંગાળી રૂપાંતર ઉપરથી]

—સુકન્યા ઝવેરી—

'ડૂમ્સડે નાઈટ ક્લબ' એ મંડળનું નામ. ઉદ્દેશ: રહસ્યભરી-ભેદી કથા કહેવી અને તેનો ઉકેલ શોધવો તે.

તે દિવસે પાદરી પેન્ડારે એક વાર્તા કહી.

ડાર્ટમૂર ખરેખર રહસ્યમય સ્થળ છે. ભયંકર ને છતાં દર્શનીય. સર રિચાર્ડ હૅડને ત્યાંનો એક વિસ્તાર ખરીદ્યો. મહેલની પાસે જ પાષાણ યુગની કેટલીક ગુફાઓ, વિસ્તૃત કલણ ને જંગલથી છવાએલી ટેકરીઓ.

સર રિચાર્ડે ત્યાં એક પાર્ટી ગોઠવી. ઘણાં લોકો આવ્યાં હતાં. ત્યાં આમંત્રિતોમાં મિસ ડાયેના નામની વિખ્યાત સુંદર યુવતી પણ હતી. સૌ મહેમાનોને સર રિચાર્ડ આ નવી જાગીર પરની પ્રસ્તરયુગની ગુહા બતાવવા લઈ ગયા. એક ઉત્તર-પાષાણકાલીન ભગ્ન મંદિર તરફ એમણે સૌનું લક્ષ દોર્યું. આ વિસ્તારને એમણે 'અવાક ઉપવન' નામ આપ્યું હતું. અને ખરેખર ત્યાં ચારે દિશામાં એક અજબ સન્નાટો છવાયો હતો. સર્વત્ર નિર્જન નિઃસ્તબ્ધતા ફેલાઈ હતી. અડવા ઉઘાડા કાળમીંઢ ખડકો કોઈ અલૌકિક ભય પ્રસારી રહ્યા હતા. થોડે દૂર એકબીજામાં અટવાતાં અમળાતાં ખખડધજ વૃક્ષો ઊભાં હતાં. કેવળ મધ્ય-કેન્દ્રી દેવળને ઘેરી રાખવા માટે જ જાણે એ ત્યાં ખોડાઈ રહ્યાં હતાં.

ભગ્ન મંદિર કોઈ ફીનિશિયન ડાકિણીનું લાગતું હતું. મસ્તક પર શિંગડાં સાથેની એની પાષાણની પ્રતિમા જોતાંવેંત, હજી જાણે જીવંત હોય તેમ સૌની સામે ટીકી રહેલી લાગતી. જોતાં જ મહેમાનોના દેહ કંપી ઊઠ્યા. સ્ત્રીઓ ભયભીત થઈ ગઈ. સ્થળ સાચે જ અભિશપ્ત લાગતું હતું. જાણે કોઈ અશુભ અમંગળ શક્તિ અહીંના વાતાવરણમાં વસી રહી હતી. આસપાસની અગમ્ય ભીષણતા સૌને ડારી રહી હતી.

પણ મિસ ડાયેનાને એક તુક્કો સૂઝ્યો. કહે કે, 'આજની ચાંદની રાત આપણે અહીં જ—આ દેવીપ્રતિમા સમક્ષ નાચગાન કરી ઊજવીએ.'

રોમાંચિત થવા છતાં સૌએ આ વિચાર વધાવી લીધો. રાત્રે પ્રાસાદના ભોજનખંડમાં સૌ એકત્ર થયાં ત્યારે મિસ ડાયેનાએ જોયું કે પ્રત્યેક જણ અદ્‌ભુત અવનવા પોશાક પહેરીને આવ્યું હતું. સર રિચાર્ડ પાષાણ યુગના ગુહાવાસી બન્યા હતા. તેમના પિતરાઈ ભાઈ એલિયટે જંગલના સરદારનો સાજ સજ્યો હતો, લેડી મૅનરિંગ ઍાસ્પિટલની નર્સ બન્યાં હતાં અને તેમની પુત્રી કોઈ શાહી જનાનખાનાની બાંદી બની હતી. દરેક જણ કંઈ ને કંઈ ચિત્રવિચિત્ર વેષમાં આવ્યું હતું. પોતાના સૂચનનો આવો પ્રતિભાવ જોઈ ખુશીથી નાચી ઊઠેલી મિસ ડાયેનાએ ભોજન પછી તુરત સૌને બહાર નીકળવા કહ્યું.

બહાર ચંદ્રના આલોકમાં માયામય રહસ્યભર્યું વાતાવરણ છવાયું હતું. આ નવતર વાતાવરણમાં સૌ આનંદે ઉચ્છલિત હતાં. અચાનક બધાંએ જોયું કે મિસ ડાયેના એમની સાથે જણાતી નહોતી.

'શું થયું? ઊંઘી ગઈ કે!' સર રિચાર્ડે પૂછ્યું.

'ના રે ના; થોડી વાર પહેલાં જ તો મેં એને મંદિર તરફ જતાં જોઈ હતી ને!' વાયોલેટ મૅનરિંગે જવાબ આપ્યો.

'આટલી રાતે મંદિર ભણી એ એકલી ગઈ?' સર રિચાર્ડે આશ્ચર્ય વ્યક્ત કર્યું અને પૂછ્યું: 'ડાકિણી બનવાની છે કે શું?'

બધાં મંદિર ભણી આગળ વધ્યાં. ત્યાં દૂરથી જ એ ભયાવહ દૃશ્ય નજરે પડ્યું.

મંદિરના પ્રાંગણમાં જ એક અપાર્થિવ મૂર્તિ ઊભી હતી. એનો સમસ્ત દેહ ચકચકિત વસ્તુઓથી ઝગમગી રહ્યો હતો. માથા પર શિંગડાંની એક જોડી પણ હતી. શું પેલી પાષાણ-પ્રતિમા જાગ્રત થઈ હતી?

'ડાયેના! ડાયેના!' તીક્ષ્ણસ્વરે વાયોલેટ બોલી ઊઠી. સ્ત્રીઓની આંખો ઉઘડતી નથી. વાયોલેટ બરાબર ઓળખી ગઈ. એ ડાયેના જ હતી. પેલી ડાકિની દેવીની જ દેહભંગિમાં એ ચંદ્રકિરણમાં અકંપિત ઊભી હતી.

'ડાયેના?!' સર રિચાર્ડ પણ આશ્ચર્યથી એને જોઈ રહ્યા. જુદી જ લાગતી હતી એ યુવતી! પ્રાંગણમાં ઊભી રહેલી એ ભયંકર દેવીએ શૂન્યમાં પોતાનો એક હસ્ત ઊંચો કર્યો અને બોલી: 'હું આ મંદિરની અધિષ્ઠાત્રી છું. મારી સીમા કોઈ ઉલ્લંઘશો નહિ. મારા હાથમાં મૃત્યુ છે.'

'સત્યાનાશ!' હસી પડ્યા સર રિચાર્ડ: 'શી રમત માંડી છે, ડાયેના...?' અને આગળ વધવા એમણે પગ ઉપાડ્યો.

'આગળ વધશો નહિ, આગળ વધશો તો મૃત્યુ નિશ્ચિત્ત છે.'

'હા...હા...હા...! ખૂબ ડરાવી રહી છો?'

'હું આજ્ઞા કરું છું! આગળ વધશો નહિ! મારા હાથમાં મૃત્યુ...'

પણ સર રિચાર્ડ તો દોડ્યા. અચાનક ડાયેનાએ શૂન્યમાં ઉત્થિત હસ્ત નીચે નમાવ્યો ને એ સાથે જ સર રિચાર્ડ ઠોકર ખાઈને ઊંધે માથે પડી ગયા.

અને પછી હાલ્યા કે ચાલ્યા નહિ. એમનો પિતરાઈ ભાઈ એલિયટ હૅડન એમની પાસે દોડી ગયો. ઘૂંટણિયાભર બેસી એણે મોટા ભાઈને ચત્તા કર્યા. બીજી ક્ષણે બૂમ પાડી: 'અરે કોઈ ડૉક્ટરને બોલાવો. ભાઈ તો મૃત્યુ પામ્યા છે!' સર રિચાર્ડની છાતીમાંથી લોહી વહી રહ્યું હતું. છરીનો ઘા લાગતો હતો, પણ છરી ન હતી!

પોલીસ આવી. માથું ધુણાવી કહે: 'અસંભવ! અશુભ પ્રેતાત્મા આવી રીતે છરી મારે એ કઈ રીતે બને?'

રાતભર કોઈ ઊંઘ્યું નહિ. સર રિચાર્ડને સાચેસાચ મૃત્યુ પામેલા જોઈ ડાયેના બેભાન થઈ ગઈ. ડૉક્ટરે એને ઊંઘની દવા આપી ઊંઘાડી દીધી. પોલીસ એની ઊલટતપાસ ન કરે ત્યાં સુધી કંઈ પણ કહેવા રાજી ન હતી.

સૌથી નવાઈની વાત એ હતી કે ખૂની છરીનો પત્તો નહોતો. મહેમાનોમાંથી કોઈ કહે: 'ડાયેનાના હાથમાં સાચે જ કંઈક ચમકતું હતું.' કોઈ કહે: 'ખોટી વાત. એ તો નજરની છેતરામણી. ડાયેનાના હાથમાં કશું જ નહોતું.' સર રિચાર્ડ જ્યાં પડી ગએલા ત્યાં આસપાસમાં પણ છરી જણાઈ નહોતી. એલિયટ હૅડન ફરી પાછો મંદિરના ચોગાનમાં છરી શોધવા માટે ગયો હતો. પાછલી રાતે પણ એ પાછો ન ફર્યો એટલે બધાંને ફરી અમંગળ શંકા થવા લાગી. પાદરીસાહેબ પર જવાબદારી આવી એને શોધી લાવવાની.

એક જણને સાથે લઈ પાદરી ગયા એ હત્યાના સ્થળે. સર રિચાર્ડની લાશ તો ત્યાંથી હટાવી લીધી હતી, પણ બરાબર તે જ જગ્યાએ ઊંધે માથે કોઈ બીજો દેહ પડ્યો હતો: એલિયટ હૅડન! ત્યારે ય હજુ એ બેહોશ પડ્યો હતો. એના ખભામાં એક છરી ખૂંપેલી હતી.

જ્યારે એ ભાનમાં આવ્યો ત્યારે એણે જે વાત કરી એ ખરેખર રોમાંચક હતી. છરી શોધવા એ મંદિર સમક્ષ પહોંચ્યો ત્યારથી એને લાગતું હતું કે કોઈ એને વૃક્ષની આડશમાંથી જોઈ રહ્યું છે.

અચાનક કંઈક લમણા પર વાગ્યું, ને એને તમ્મર આવ્યાં. અને પડતાં પહેલાં એક છરી એના તરફ ફેંકવામાં આવી જે એના ખભામાં પેસી ગઈ. એ પછીનું એને કશું જ યાદ નહોતું!

પાદરી પેન્ડારે અહીં વાત પૂરી કરી. ક્લબના કોઈ કહે: 'ડાયેના જ ખૂની હશે.' બીજો કહે: 'હટ! ડાયેના તો સર રિચાર્ડ પાસે આવી જ નહોતી. દૂરથી જ શું છરી ફેંકી હતી? ને પછી છરી હવામાં અદૃશ્ય થઈ ગઈ?' બીજા એક સદસ્યે કહ્યું: 'વૃક્ષોની આડમાં જ (અનુ. પૃ. ૧૭૫)

એક મુલાકાત : આપણી સબમરીનની

હરિન શાહ

કલ્લોલ કુરૂમમાં સામસામાં સગપણ વગરનાં બૅગ-બિસ્તરા પડયાં હોય તેમ વિશાખાપટ્ટનમના દરિયામાં ભાતભાતનાં વહાણો નફિકરાં ડોલતાં હતાં. એમની વચ્ચે ભારતના નૌકાદળની રશિયન સબમરીન બંગાળના ઉપસાગરનાં જળ છબછબાવતી પડી હતી; આપણા નૌકાકાફલામાં હજી એ તાજી જ આવેલી અને પહેલે જ કડાકે, ઈ. ૧૯૭૧ના યુદ્ધમાં પાકિસ્તાનને અડબોથ ચોડી દેનારી તથા અમેરિકાના મુગલાઈ સાતમા કાફલાને પણ બાંગલા દેશની છેડતીથી છેટે રોકી દેનારી સબમરીન. એનું નામ 'ક' પર છે તેટલું જાણીને ચલાવી શકાશે. એ બધી યે પાતાળ-કુંવરીઓનાં નામ 'ક' પર જ છે.

રશિયન સબમરીનને યાદ કરતાં યે પરસેવાનાં મોતી બાઝી જાય તેવું છે! કેટલાક બંગલાના બાથરૂમથી યે સાંકડી એની, રોકડા બારેક ફૂટની જ પહોળાઈ અને નાકની દાંડી જેવી પાતળી એની ઍંશીક ફૂટની લંબાઈ. એમાં હજારો યંત્રો ને નળીઓ ને મીટરો ને ચાવીનો શું ખીચોખીચ સંસાર ભરવામાં આવ્યો છે! નળીઓ, મીટરો, ચકલીઓ ને બટનો તથા લાલ-લીલી બત્તીઓના એ ગાઢા જંગલ વચ્ચે કામ કરતા, ત્રણ આંકડાની સંખ્યા જેટલા નાવિકો ને અફસરો પણ હાલતાં-ચાલતાં યંત્ર જ લાગે! ! આઠ કરોડની કિંમતની આ સબમરીન ઝીણીમોટી હજારો યાંત્રિક કરામતો, રાક્ષસી જહાજો ને મનવારોને પાણી નીચેથી ફૂંકી દે તેવી કાતિલ ટૉરપિડો અને સો ઉપરાંત નાવિકોને પોતાના ઉદરમાં સમાવતી શી રીતે હશે? ઊભા છીપલા જેવા એના બદનમાં એક, બે ને ત્રણ માળ હોય છે. ઉપલે માળે સુકાન, સંચાલન યંત્ર ને મારે સંહારક શસ્ત્રો છોડવાની ભાતભાતની કળો અને સંદેશ સૂચનની આપલે માટે ભૂંગળીઓ અને વીજળિક ટેલીફોન પણ ખરા.

સબમરીન જ્યારે નાશના નૃત્યે ચડે ત્યારે શિવજીના તાંડવને પણ ભુલાવી દે એવો રોમાંચક તાલ એના ઉપલે માળે જામી જાય છે. અહીંથી જ સબમરીનનાં જાલિમ શસ્ત્રો ઉપર નીચે કે આજુબાજુ ઘુમાવી શકાય છે. ફોટો ખેંચવા માટે ચાંપ દબાવીએ એટલી પલકમાત્રમાં જીવસટોસટનાં ખેલ ખેલી નાખવાની તૈયારી ત્યાં હોય છે. અને છેક નીચલા માળે જાઓ તો જાણે કે કબ્રસ્તાનમાં પેઠા! કાળીભઠ્ઠ કબરો જેવી એની જંગી બૅટરીઓથી છવાએલા એ તળિયે એકીસાથે ત્રણ મહિના ચાલે તેટલું બળતણ અને ખાધાખોરાકી હમેશાં લાદેલાં જ રહે છે. એની ગતિ લાંબી મુસાફરીમાં ચાલતી મોટર જેટલી ઝડપી હોય છે. તોળેલો ઘા જો કરી શકાયો તો દુશ્મનનું દેવાળું ફૂંકાવી દે એવી આ સબમરીનમાં ઘણીખરી વ્યવસ્થા બેવડી ત્રેવડી હોય છે—એક ખોટકાય કે તૂટે તો સમારવાનો કે બદલાવવાનો મોકો જ હોતો નથી એટલે.

'આમીન' બોલ્યા વગર, ઉપર-નીચે દરિયાનાં પાણીમાં ડોલ્ફિન જેમ સરકતી આ સબમરીનનું તો શું વર્ણવવું ને શું ન વર્ણવવું! પહેલાં તમે અડો છો એના ખુલ્લા, કાળા રંગના, લોખંડના બખ્તર જેવા ઉપરના કોચલાને, જેના ઉપર, સબમરીન દરિયામાં ગળકતાં પાણી ફરી વળે છે. કોચલાની અંદરના કાચબાની જેમ સાચી સબમરીન આ લોખંડી ખોખાની અંદર છે. પાણીમાં ઊતરતી વખતે આ લોખંડનું બખ્તર બંધ થયું કે બુદબુદ કે પરપોટો બોલાવવા જેટલું પાણી પણ સબમરીનમાં ઘૂસી ન શકે એવું જડબેસલાક એનું કામકાજ હોય છે ને એની અંદર, ભોણમાં જેમ જીવડાં સળવળે તેમ નાવિકો હરફર કરતા હોય છે. સામાન્ય જીવનમાં કલ્પી ન શકાય એવી જગ્યાની કરકસર—કંજૂસાઈ સબમરીનમાં આચરવી પડે છે. કોઈ પણ ઑફિસના સાહેબના મેજ કરતાં યે નાની જગ્યામાં અફસરોનું મેજ; બેસવાની સાંકડી છ ખુરશીઓ, ને માથું ટેકવીને ઊંઘવાનું કે જમવાનું યા ચોપડી વાંચવાનું ટેબલ, આટલી મામલતવાળી કૅબિન! ડામચિયો ખડકયો હોય તેવી પાટિયા ઉપર પાટિયાની નાવિકોને સુવાની જગ્યા; બંકર! માંદા પડેલા માટેનો એક પેશાબ કરવાની જગ્યા જેવડો ખૂણો! સબમરીનની અંદર, પ્રથમ દાખલ થવા માટેની બખ્તર પરની કિનારી પણ પોલકા ઉપર પાઈપિંગ મૂકી હોય તેવી એકાદ વેંતની, જેના પર તમે ચાલી શકો તો જ સબમરીન બતાડવાને લાયક ગણાઓ! ઉપરથી નીચે ને નીચેથી ઉપર જવું હોય તો પણ એક સ્ટીલની ભૂંગળીમાં થઈને રમકડા જેવી સીડી વાટે! અને એક છેડેથી બીજે છેડે, એક કમ્પાર્ટમેન્ટમાંથી બીજામાં જવું હોય તો લગભગ ભાખોડિયાંભેર—

'ઈસ્ટ ઇંડિયા કંપની મરીન' નામે ઈ. ૧૬૧૨થી આપણા નૌકાદળનો ઇતિહાસ આરંભાય છે પણ એનું ખરું સ્વરૂપ તો સ્વાતંત્ર્ય પછી ઈ. ૧૯૫૦માં 'ઇંડિયન નેવી'ના રૂપમાં જ ઘડાયું. ભાગલાને કારણે ભારતને ભાગે આવેલા છે નગણ્ય નૌકાદળનો ધીરે ધીરે વિકાસ થઈ એક અલગ સંરક્ષણ પાંખ તરીકે એની પ્રગતિ વધતી ગઈ. ઈ. ૧૯૬૧માં વિમાનવાહક 'વિક્રાંત' ના ફમેરણથી તેની એક નવી હવાઈ શાખા જન્મી. સાત વર્ષે પછી સબમરીનો આવતાં દરિયાની અંદર એનું એક પરિમાણ વધ્યું. નીચે ભારતની એક સબમરીનનું ચિત્ર આપ્યું છે. પાકિસ્તાને પ્રેરેલા છેલ્લા યુદ્ધમાં આ સબમરીનની પાંખે પણ જે તાતા ઘા મારી બતાવ્યા એ તો આજે યે એટલું જ ગૌરવ પ્રેરે છે. પણ દરિયાની અંદર મુઠ્ઠીમાં જીવ લઈ આપણી કંઠાર રક્ષનારાઓને આપણે શો પુરસ્કાર આપીએ છીએ એ જાણો છો?



અને તે પણ તોપના નાળચાની અંદર ચાલી રહ્યા હો તે રીતે!

સો ઉપરાંત ચાલકોવાળી સબમરીનમાં બેસવા કે લાંબું પડખું કરવાની જગ્યા પણ માત્ર ત્રીજા ભાગ માટે જ છે. બાકીના કુને તો દિવસ-રાત વારાફરતી ડ્યૂટી પર ખડે પગે રહેવાનું હોય છે એટલે ટૂંટિયું વાળવાની જગ્યા પણ માત્ર તેત્રીસ ટકા માટે જ! તેમાં યે ફરજ પર ઊભા ઊભા થાકી જવાય અને જો હાથ ટેકવવાનું મન થાય તો તે પણ બાજુમાં જ ખડકેલી કાળઝાળ ટોરપિડો ટ્યૂબ ઉપર જ!

રશિયનોને બધું જ ખડતલ પસંદ. યુરોપિયનો ને અમેરિકનોની પતલી નાજુકતા ગમે તેનાથી ઊલટું! રશિયામાં નારી પણ કુસ્તીબાજ હોય તેવી ખડતલ વધુ પંકાય છે. એવું જ છે રશિયનોનાં મશીનો-યંત્રોનું. રશિયાએ બાંધેલાં આપણાં કારખાનાંઓમાં મશીનો ઓછાં રૂપાળાં ને ધીંગાં વધારે જોવા મળ્યાં છે. સબમરીનમાં પણ આવું જ છે.

યંત્રોના માલસામાન (સ્પેઅર પાર્ટ્સ)ની વાત જરા નાજુક હોય છે. તમે ભલેને લડાઈ કરી બેસો, પરંતુ તમારી લશ્કરી નાડ બંધ કરી દેવી હોય તો મોટો દેશ તમને તેનો માલસામાન જ ન આપેને! સબમરીનમાં કેટલાક ભાગો, ખાસ કરીને વીજળી અંગેના, આપણે બનાવી શકીએ તેમ છીએ પરંતુ અત્યારે તો એની અંદર બધું જ રશિયન વપરાય છે. ઘસાઈ જાય કે ભાંગે તો પણ રશિયાથી મંગાવીને મૂકવાનું. બધાં યંત્રો પરના આંકડા વગેરે અંગ્રેજીમાં હોઈ આપણા નાવિકોને મુશ્કેલી પડતી નથી. હવે તો આખી સબમરીન બાંધવા સુધી આપણે આગળ નીકળી ગયા છીએ.

આ સબમરીનમાં કોઈ રશિયન ઑફિસર નથી. ટંગડી ઊંચી રાખવા જ અમેરિકાએ ને પાકિસ્તાને ગપ્પું ફેલાવેલું કે બાંગલાદેશના યુદ્ધ વેળા તેમની 'ગાઝી' સબમરીનને વિશાખાપટ્ટનમ્ પાસે રશિયનોએ ડુબાડી આપી હતી! ઠીએગો ગાર્શિયાની એબ ઢાંકવા માટે અમેરિકી પ્રચાર કહ્યા કરે છે તેમ મેં તો વિશાખાપટ્ટનમ્માં કોઈ રશિયન થાણું જોયું નહિ.

નૌકાકાફલાના ટીમે, રશિયાએ આપણને આપેલી 'મિસાઈલ બોટ' પણ જોઈ—જેણે કરાચી બંદર પર બાર માઈલ દૂરથી ત્રાટકીને કાળો કેર વર્તાવી દીધો હતો એ તો યાદ હશે! મિસાઈલ બોટના સેનાપતિ નીકળ્યા વાઈસ-ઍડમિરલ ગાંધી! મહાત્મા ગાંધી કે ઈંદિરા ગાંધીના સગાવહાલા નહિ, પરંતુ એક પારસી ગાંધી. ચેતન, શિસ્ત, સ્ફૂર્તિ અને સાફ મગજની મોહક મૂર્તિ જોઈ લો!

દેશી કમ્યુનિસ્ટોનાં અપલખણોએ ભલે અકારી ઊભી કરી હોય, પરંતુ રશિયાને માંહ્યલો વાહવાહ કર્યા વગર રહી શકશે નહિ—પાકિસ્તાન ને બાંગલાદેશના મોકા ઉપરાંત બીજાં કારણોએ. અવાજથી વધારે ઝડપી લડાયક 'મિગ' વિમાનો આપણને આપનાર રશિયા, ને સબમરીન પણ પહેલવહેલી રશિયાથી! તેલના અઢળક ભંડારો આપણે ત્યાં ખોલી દેનાર પણ રશિયા; પોલાદના ઉત્પાદનની હરણફાળ ભરાવનાર પણ રશિયા.

ભૂખ્યા પેટને ટલ્લે ચડેલા નાના માણસોની હાય ઉપરાંત દેશમાં એક બીજો ગોકીરો છે—છાશવારે મોઢું ચડાવીને ગોકીરો કરી મેલનારા ઘમંડી શેઠિયાઓ, જેમને બંગલા ને વાડીવજીફા ટૂંકા પડતા હોય છે; તોરીલા અમલદારો, જેમને સરકારી પટાવાળાઓની મફતિયા ચાકરી અને પારકા પૈસાની દિવાળી પણ ઓછી પડતી હોય છે; અને ફૂલીને ફાળકો થઈ ગએલા રાજકારણીઓ;—આ બધાને કોઈ જેલ કે કોઈ ગુફાને બદલે જો આ સબમરીનમાં એક જ કલાકની સજા કરવામાં આવે ને, તો તેઓ સીધા દોર થઈ જાય!

ઓસાણ આવ્યું છે એટલે એક વધુ વાત. માત્ર લોહીનું પાણી કરી નાખનાર જ નહિ, પરંતુ કાળજાં ને ભેજાંની 'કઢી' કરી નાખનાર આ સબમરીન-જીવન પેટે જે ભથ્થું અપાય છે તે સાંભળીએ ત્યારે છક થઈ જવાય તેવું નીચું છે—હમંમગ નીચું કહી શકાય તેવું લપરું છે! જાણે કે આપણે આપણા સફાઈકામ કરનારાઓ ને શિક્ષકોને જે દયામણું વેતન ચૂકવીએ છીએ તે પૅટર્ન પ્રમાણે સબમરીનમાં ખડિયો ને ખાંપણ લઈને આ દોજખ જેવું જીવન માથે ચડાવનારા નાવિકોને માત્ર અઢીસો રૂપૈડીનું ભથ્થું અપાય છે! ત્યારે તેથી તદ્દન ઓછું કામ, હરવાફરવાની મોજમજાહ ને વચ્ચે આરામ તથા અમનચમનની ફાવટવાળા ઈન્ડિયન એઅર લાઈન્સ કે એઅર ઇન્ડિયાના પાયલોટોને ૪૦૦૦ થી ૧૦૦૦૦નો પગાર ચુકવાતો હોય છે! આવા અંધેરની તપાસ કે ખાત્રી કરવા કોઈ 'કમિશન' બેસાડવાની જરૂર હોય ખરી? આપણે સમાજવાદના સોગંદ ખાધા પછી યે સીધું માનતું નથી? □

અનુસંધાન] ભગવાન મહાવીર [પૃષ્ઠ ૧૮૦થી

'અનેકાન્તવાદ'નું પ્રદાન કરેલું છે. કોઈ પણ વસ્તુને અનેક ને અનંત ગુણ છે. એનું જ્ઞાન એટલે જ વસ્તુનું સાચું જ્ઞાન. કોઈ એક જ રીતે વસ્તુસ્વરૂપનું સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. આથી બધી બાજુથી એનું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરવામાં જ સત્ય સ્વરૂપ પામવાનો સાધન છે. આમાં એક જ વસ્તુનાં ભિન્નભિન્ન સ્વરૂપો જોવા મળે છે. આ વિરોધોનો સમન્વય કરવો તે જ અનેકાન્તવાદ. અનેક+અંત, એટલે અનેક બાજુથી વસ્તુનું સમ્યક્ જ્ઞાન કરાવનારો આ વાદ 'સ્યાદ્વાદ'ને નામે પણ ઓળખાય છે. વસ્તુ જે વિવિધ દૃષ્ટિબિંદુથી જોઈ શકાય છે તે દૃષ્ટિબિંદુને જૈન ધર્મમાં 'નય' કહે છે. આથી મહાવીરે આવા સાત 'નય' સૂચવ્યા છે તે નીચે પ્રમાણે છે:

(૧) સ્યાત્ અસ્તિ = કથંચિત છે; (૨) સ્યાન્નાસ્તિ = કથંચિત નથી;
(૩) સ્યાદસ્તિ ચ નાસ્તિ = કથંચિત છે અને નથી;
(૪) સ્યાદ્ અવક્તવ્યમ્ = કથંચિત અવક્તવ્ય છે;
(૫) સ્યાદસ્તિ ચ અવક્તવ્યમ્ ચ = કથંચિત છે અને અવક્તવ્ય છે;
(૬) સ્યાન્નાસ્તિ ચ અવક્તવ્યમ્ ચ = કથંચિત નથી ને અવક્તવ્ય છે;
(૭) સ્યાદસ્તિ ચ નાસ્તિ ચ અવક્તવ્યમ્ ચ = કથંચિત છે, નથી અને અવક્તવ્ય છે.

ઉપરની પદ્ધતિને હાથી અને આંધળાના દૃષ્ટાંતથી વધુ સ્પષ્ટ રીતે સમજાવવામાં આવી છે, કે હાથીના પૂછડાને પકડનાર આંધળો એને દોરડા જેવો કહે તો તેની રીતે એ બરાબર છે પણ બીજાની રીતે તે જ્ઞાન અસત્ય છે; કાન પકડનાર આંધળો હાથીને સૂપડા જેવો કહે તો તેની રીતે એ બરાબર છે પણ બીજાની દૃષ્ટિએ તે જ્ઞાન અસત્ય છે. આમ, અનેકાન્તવાદ કે સ્યાદ્વાદથી વ્યક્તિમાં બીજાના દૃષ્ટિબિંદુને સ્વીકારવાની સમજ અને સહનશક્તિ આવે છે. પોતાના જ દૃષ્ટિબિંદુની સત્યતા માટેનો દુરાગ્રહ જતો રહે છે. પરિણામે એમાં અહમ્નો, સ્વાર્થનો, મમત્વનો લોપ થાય છે. આથી ક્રોધ, લોભ, ઈર્ષા જેવા દુર્ગુણોથી પર રહી શકાય છે. જીવનમાં અને સમાજમાં સંવાદિતા અને સુમેળ સાધી શકાય છે. વિશ્વશાંતિ અને સમાજકલ્યાણની ભાવના તેમ જ શાંતિમય સહઅસ્તિત્વ માટે વર્તમાન પરિપ્રેક્ષ્યમાં પણ મહાવીરે શોધ્યો અને પ્રબોધ્યો અનેકાન્તવાદ ખૂબ જ ઉપકારક થઈ પડે તેવો છે.

જૈન ધર્મ ભલે ભારતમાં જ જન્મ્યો, વિકસ્યો અને વસ્યો, પરંતુ એના મૂળભૂત સિદ્ધાંતો સર્વકાલીન અને સનાતન હોઈ એક યા બીજા સ્વરૂપે પ્રત્યેક ધર્મમાં જોવા-જાણવા મળે છે. આથી જ મહાવીરે પ્રસારેલા ને પ્રચારેલા આ ધર્મનું માહાત્મ્ય આજના વિક્ષુબ્ધ ને વિષણ્ણ વિશ્વમાં અતિ ઘણું છે.

ભગવાન મહાવીર ઈ. સ. પૂ. ૫૨૭ના આસો માસની અમાસના દિવસે, છેલ્લા ચાતુર્માસ પાવાપુરીમાં ગાળી, નિર્વાણપદને પામ્યાને ભલે આજે ૨૫૦૦ વર્ષ થઈ ગયાં, અને ભલે એમની ૨૫૦૦મી નિર્વાણજયંતી ઊજવાય, પરંતુ એ ભવ્ય પુરુષને સાચી શ્રદ્ધાંજલિ તો ત્યારે જ આપી ગણાય કે જ્યારે પ્રત્યેક વ્યક્તિ એમના માનવતાલક્ષી, સમાજલક્ષી, અધ્યાત્મલક્ષી સિદ્ધાંતોને જીવનમાં યત્કિંચિત આચરવાની દૃઢ પ્રતિજ્ઞા લે.

'શૌર્ય હોય તો મન સામે લડો! સમાજમાં પ્રવર્તતા અન્યાય, અત્યાચાર અને કચડાતી માનવતા પરત્વે ય લડવાનું ક્યાં ઓછું છે? બાકી તમારું વીરત્વ તો દ્વેષ, વેર અને ભયને જ પ્રેરતું હોઈ એમાં વિજયનો ઉલ્લાસ કે શાતા જણાતી નથી. મારે મન તો એવા વીરત્વનું મૂલ્ય છે, જે સર્વથા પ્રેમ અને આનંદ પ્રસારી આ નરકમય જીવનને સ્વર્ગમાં પલટાવી નાખે. શસ્ત્રમાં નહિ, સૌમ્ય શક્તિમાં સાચું વીરત્વ છે અને તેથી એવા વીરત્વની ઉપાસનાને હું મહત્ત્વની સાધના માનું છું.'

—ભગવાન મહાવીર



ભગવાન મહાવીર

[જેમની ૨૫૦૦મી નિર્વાણતિથિનું આ વર્ષ છે]

અને જૈન ધર્મ

લેખક · ધીરુભાઈ પરીખ

ભગવાન મહાવીરના જન્મ, નિર્વાણ અને કર્મના કાળ વિષે મતભેદ હોવા છતાં બહુમતિ નિર્ણય એવો છે કે એમનો જન્મ તે વખતના લિચ્છવી ગણતંત્ર વૈશાલીના કુંડગ્રામ નામક નાના ગામના રાજવી પરિવારમાં ઈ.સ. પૂર્વે ૫૯૯ના ચૈત્ર સુદ નોમને દિવસે થએલો. પિતા સિદ્ધાર્થ કુંડગ્રામના નાયક અને માતા ત્રિશલાદેવી વૈશાલીના રાજા ચેટકનાં બહેન હતાં. (એક વિચારસરણી પ્રમાણે એઓ ચેટકનાં પુત્રી હતાં) આ પુત્રના જન્મ પછી તરત જ રાજ્ય અને રાજકુટુંબની સર્વ શ્રી વધવા માંડી તેથી તેમનું નામ પાડ્યું 'વર્ધમાન'.

શૈશવકાળથી જ વર્ધમાને અદ્ભુત શરીર-સંપત્તિ અને અસામાન્ય માનસસંપત્તિ દાખવી હતી. પરિણામે શિશુ ટોળીમાં એઓ નાયકપદ ભોગવતા. આઠ વર્ષની ઉંમરે ધામધૂમથી એમને નિશાળે બેસાડવામાં આવેલા, અને કહેવાય છે કે નવમે વર્ષે તો એઓને વ્યાકરણશાસ્ત્ર જિહ્વાગ્રે થઈ ગયું હતું. એમની આ બુદ્ધિપ્રતિભા સાથેસાથે હૃદયકુમાશ પણ મહત્ત્વની હતી. અન્ય યુવાન મિત્રો શિકારમાં નિમગ્ન હતા ત્યારે વર્ધમાન જીવ-જગતની ફિકરમાં નિમગ્ન હતા. નિર્દોષ પ્રાણી-પશુની હિંસા જોઈ એમની આંખો રડી ઊઠતી ને આત્મા કકળી ઊઠતો.

જૈન ધર્મના ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથે પ્રસારેલા જૈન ધર્મથી દીક્ષિત માતા પિતાના સંસ્કારી અને સમૃદ્ધ ઘરમાં વર્ધમાન એ સંસ્કારો પ્રત્યે જ આકર્ષાયા. સંસાર અને સમૃદ્ધિથી મન વિરક્ત રહેતું. અહિંસા અને જીવદયામાં એમને માનવકલ્યાણ અને તે દ્વારા સમાજકલ્યાણનો માર્ગ દેખાવા લાગ્યો હતો. નિર્દોષ પશુઓ અને નિઃસહાય માનવો સામે ક્રૂરતાથી હિંસા આચરી વીરત્વના વિજયમાં મદાન્ધ થતા મિત્રોને એ કહેતા: 'શૌર્ય હોય તો મન સામે જ લડોને! અને જો બહારથી લડવું હોય તો સમાજમાં પ્રવર્તતા અન્યાય, અત્યાચાર અને કચડાતી માનવતા પરત્વે ય લડવાનું ક્યાં ઓછું છે? બાકી તમારું વીરત્વ તો દ્વેષ વેર અને ભયને જ ઉત્પન્ન કરતું હોઈ એમાં વિજયોલ્લાસ કે નિરાંત જણાતી નથી. મારે મન તો એવા વીરત્વની કિંમત છે, જે સર્વમાં પ્રેમ અને આનંદની લહરીઓ ફેલાવી આ નરકમય જીવનને સ્વર્ગમાં પલટાવી નાખે. તલવાર નહિ પણ સૌમ્ય શક્તિમાં સાચું વીરત્વ છે અને તેથી એવા વીરત્વની સાધનાને હું મહત્ત્વની વસ્તુ માનું છું.'

આમ, આવા વીરત્વને સાધીને 'મહાવીર'પદ પામવા ઉત્સુક વર્ધમાનને લગ્નનો વિચાર કઈ રીતે આવી શકે? ત્યાં જ વસંતપુરના રાજા સમરવીરે પોતાની પુત્રી યશોદાદેવીનું વર્ધમાન સાથે લગ્ન કરવા કહેણ મોકલ્યું. માતાએ પુત્રને સ્નેહપાશમાં જકડ્યો અને માતાપિતાની હયાતી દરમિયાન સંન્યસ્ત ન લેવાનું વચન લેવડાવ્યું. માતાપિતાની આજ્ઞાને અધીન થઈ વર્ધમાને લગ્ન કર્યું અને કાળક્રમે પ્રિયદર્શના નામે પુત્રી પણ પ્રાપ્ત થઈ. વર્ધમાન ૨૮ વર્ષના થયા ત્યારે તેમણે માતાપિતા ગુમાવ્યાં. હવે એમણે સંસારત્યાગની ઈચ્છા પ્રકટ કરી; પરંતુ વડીલ બંધુ નંદીવર્ધનની વિનંતીથી વધુ બે વર્ષ એઓ સંસારમાં રહ્યા. આમ, ત્રીસ વર્ષ પૂરાં થતાં એમણે સંસારત્યાગ કર્યો. એમનો આ 'દીક્ષા દિન' એટલે ઈ.સ. પૂર્વે ૫૬૯ના માગશર સુદ દશમનો દિવસ. અહીં વર્ધમાનના જીવનનો એક તબક્કો પૂરો થયો.

હવે શરૂ થાય છે બીજો તબક્કો. આ છે સાડા બાર વર્ષ ને પંદર દિવસનો સાધનાકાળ. આ છે એમનાં કપરાં કષ્ટો અને તાતી તપશ્ચર્યાનો કાળ. દીક્ષાના પ્રથમ દિવસે જ આત્મબળ અને સહનશક્તિની કસોટીનો પ્રસંગ આવી ઊભો. ઘર છોડી વર્ધમાન કુમારગ્રામને સીમાડે જઈ પહોંચ્યા ને ધ્યાનસ્થ થયા. તે સમયે ત્યાંથી પસાર થતા એક બળદવાળાએ પોતાના બળદો વર્ધમાનને સાચવવા સોંપ્યા અને પોતે ગામમાં ગયો. પાછો આવ્યો ત્યારે બળદો નહિ! વર્ધમાનને પૂછ્યું પણ ધ્યાનસ્થ દશામાં હોઈ એઓ મૌન રહ્યા. બળદવાળો તો બળદને શોધવા નીકળી પડ્યો. થોડી વારે આવીને જુએ તો બળદો ત્યાં ચરતા હતા. પોતાને નાહક આમ રખડાવ્યો તેથી ખિજાઈને તે તેણે વર્ધમાનને ગાળો દીધી અને કોરડાથી ફટકાર્યા. વર્ધમાનના શરીરમાંથી લોહીના ટશિયા ફૂટ્યા!

આવો બીજો પ્રસંગ પણ ખૂબ જાણીતો છે. આ સાધનાકાળના આઠેક વર્ષ પછી એ બનાવ બન્યો હતો. ષણ્માનિ નામક ગામને પાદર મહાવીર ધ્યાનસ્થ દશામાં ઊભા હતા. ત્યારે કોઈ બળદવાળો એમને પોતાના બળદો સાચવવા સોંપી ગામમાં ગયો. પાછો ફર્યો ત્યારે બળદો ના જોયા. ખિજાયો. પૂછ્યું: 'બળદો ક્યાં છે?' મહાવીર તરફથી જવાબ ન મળતાં એ ક્રોધાંધ બન્યો અને બોલ્યો: 'તારે તે કાન છે કે કાણાં?' અને એણે ઝાડોની ડાળીમાંથી બનાવેલા લાકડાના બે ખીલા મહાવીરના કાનમાં ધરબી દીધા. આ વેદનાને એમણે કશું જ બોલ્યા વગર સહી લીધી. પછી અપાપા નગરીમાં સિદ્ધાર્થ નામના વણિકને ત્યાં ભિક્ષા વહોરવા ગયા ત્યારે પાસે જ બેઠેલા ખરક નામના વૈદરાજે મહાવીરના વ્યાધિને સમજી લીધો. એમને વ્યાધિમુક્ત કરવાનો કીમિયો શોધી કાઢ્યો રેશમી દોરીઓનો એકેક છેડો કાનમાંના બંને ખીલા સાથે બાંધ્યો અને બીજો છેડો બાજુના વૃક્ષની નમાવેલી ડાળીઓ સાથે. પછી એ ડાળી-

ઓને છોડી મૂકતાં જ બંને ખીલાઓ લોહી સાથે બહાર ખેંચાઈ આવ્યા.

આવી અનેક વેદનાઓને સહન કરનાર આત્મલીન યોગી, જીવ ને જગતના કલ્યાણચિંતક મહાવીરે એકલા અને અચેલક દશામાં ભૂતિયાં ખંડિયેરોમાં, ધર્મશાળામાં, નિર્જન કુટિરમાં, લુહારની કોઢમાં, માળીની ઝૂંપડીમાં, ઉદ્યાન અને સ્મશાનમાં જ્યાં જગ્યા મળે ત્યાં રહેતાં રહેતાં પર્યટન કરી સાધનાકાળ પૂરો કર્યો ત્યારે એમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ એ દિવસ હતો વૈશાખ સુદ દશમ. પાછલા પહોરે મહાવીર જંભિક ગામથી દૂર એક ખેતરમાં ઋજુવાલિકા નદીને કિનારે શાલવૃક્ષ તળે ધ્યાનસ્થ હતા ત્યારે આ કેવળજ્ઞાન અને કેવળદર્શનને પામ્યા. હવે તેઓ રાગદ્વેષ ઉપર વિજય પ્રાપ્ત કરનાર 'જિન'નું પદ પામ્યા. આમ, એમના જીવનનો બીજો તબક્કો અહીં પૂરો થયો.

હવે શરૂ થયો ત્રીજો અને અંતિમ તબક્કો. આ ગાળો છે ત્રીસ વર્ષનો અને ઉપદેશ-કર્મનો. પોતાને જે પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું તે જનસાધારણ સુધી પહોંચે તે ઉદ્દેશથી એમણે લોકભાષામાં ઉપદેશ આપવા માંડયો. કેળવજ્ઞાન પ્રાપ્તિના બીજે જ દિવસે એમનું પ્રથમ પ્રવચન મધ્યમ પાવાપુરીમાં થયું. કેવળજ્ઞાનપ્રાપ્તિ સમયે જે અનિર્વચનીય અનુભૂતિ થઈ હતી તેને એમણે આંખમાં આંસુ સાથે આ પ્રમાણે શબ્દબદ્ધ કરી હતી: 'જો મને સત્યનો માર્ગ હાથ લાગે તો જીવમાત્રને દુઃખ-મુક્ત કરી હું પરમ શાંતિનો અનુભવ કરાવું.' અને પછી આવેગમાં ઊંચા હાથ કરીને બોલી ઊઠેલા: 'પ્રિય આત્મીય જનો! ઊઠો, જાગો અને ઘોર અજ્ઞાન રૂપી નિદ્રા ત્યાગી અનંત કાળનાં લાગેલાં બંધનો ફગાવી દો. અનંત શક્તિનાં બીજરૂપ તમે આત્મસિદ્ધ હોવા છતાં આવું પરવશપણું કેમ સહી લો છો? કઈ લાલચે તમે તમારું સામર્થ્ય પ્રકટ કરતાં ડરો છો?' અને, આમ જીવમાત્રને દુઃખમુક્ત થવાનો માર્ગ ઉદ્-બોધવા, અજ્ઞાનરૂપી નિદ્રામાંથી આત્મસ્થ અનંત શક્તિની જાગ્રતિ પ્રતિ દોરી જવા મહાવીરે સતત ત્રીસ વર્ષ સુધી મુખ્યત્વે તે સમયના મગધની આસપાસના પ્રદેશમાં વિહાર કર્યો.

એ વખતે ભારતની સામાજિક સ્થિતિ કંઈક આવી હતી: સમાજ-જીવન અને વ્યક્તિજીવન રૂઢિબદ્ધ બની જડ થઈ ગયું હતું. બ્રાહ્મણોનો ડંકો વાગતો અને ક્રિયાકાંડ તેમજ યજ્ઞયાગમાં લોકો અંધશ્રદ્ધાથી ફ-સાઈ ગયા હતા. અનેકાનેક દેવદેવીઓને પ્રસન્ન રાખવાના આશયથી યજ્ઞ સમયે નિર્દોષ પશુઓના બલિ અપાતા. જાતિવાદ અને ઊંચનીચ-ના ભેદભાવો દૃઢ બની ગયા હતા. શૂદ્રોને જાણે કોઇ માનવીય સ્વાતંત્ર્ય કે આત્મોન્નતિનો અધિકાર જ નહોતો. વેદાધ્યયન કે વેદોચ્ચારણ એ-મને માટે વર્જ્ય હતું. સ્ત્રીઓની દશા પણ શૂદ્રો જેવી જ હતી. સ્ત્રી જાણે માલિકીની વસ્તુ ગણાતી.

સમાજની આ પરિસ્થિતિને લક્ષમાં લઈ મહાવીરે ધાર્મિક ઉપરાંત સામાજિક ક્રાંતિની દિશામાં પણ મહત્ત્વનું પ્રદાન કર્યું. જીવમાત્ર સ-માન છે કહી એમણે જાતિવાદ અને ઊંચનીચના ભેદભાવો પર કુઠારા-ઘાત કર્યો. બાહ્ય હોમહવન અને ક્રિયાકાંડને સ્થાને આત્મશુદ્ધિ અને ચારિત્ર્યશુદ્ધિ પર ભાર મૂકયો. સ્ત્રીઓ અને શૂદ્રોને સમાજમાં તેમજ ધર્મમાં સમાન અધિકારો અપાવ્યા. અગાઉના ૨૩ તીર્થંકરોએ પ્રબો-ધેલા જૈન ધર્મને મહાવીર વ્યાવહારિક ભૂમિકાએ પ્રબોધ્યો અને પોતા-ના મૌલિક ચિંતનથી રસ્યો. આત્માના સ્વરૂપ વિષે, જીવ વિષે, કર્મ વિષે એમના જૈન ધર્મમાં વિગતે ચર્ચા થએલી છે. જીવમાત્ર સમાન છે. આ વિશ્વમાં જીવો અનંત છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ તથા વનસ્પ-તિમાં જીવ છે. એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધી પાંચ પ્રકારના જીવો હોય છે. વળી આ જીવોમાં વિકાસની દૃષ્ટિએ જ ભેદ રહેલો છે, અ-ન્યથા સમાન છે. આથી પ્રત્યેક જીવ વિકાસ સાધવાનો અધિકારી છે. સ્વકર્મ અનુસાર જીવને ચોરાશી લાખ જીવયોનિમાં ભ્રમણ કરવું પડે છે. આ કર્મપાશથી મુક્ત થનાર જીવ નિર્વાણપદ પામી શકે છે.

જૈન ધર્મમાં આત્માના સિદ્ધાંતને પણ આગવી રીતે રજૂ કરવામાં આવ્યો છે. આત્માની અનેકતામાં એ માને છે. પ્રત્યેક સજીવને અલગ આત્મા છે-વૃક્ષો, છોડવા, જીવજંતુઓ સૌમાં આત્મા છે. વળી આ સર્વ આત્મા સમાન છે. આત્મા સ્વતંત્ર, શાશ્વત, અમર અને અદૃશ્ય છે. જીવનના અંતકાળે શરીર નાશ પામે છે, આત્મા નહિ. એ અન્ય જીવમાં પ્રવેશે છે અને જીવના આકાર-કદ પ્રમાણે નાનોમોટો થાય છે. જ્યારે આત્મા કર્મના પ્રવાહથી મુક્ત થય છે ત્યારે નિર્વાણ અથવા મોક્ષ પામે છે. આ મોક્ષ પામવા માટે જૈન ધર્મે કર્મસિદ્ધાંત સમજાવ્યો છે.

આ કર્મના સિદ્ધાન્ત દ્વારા સમજાવવામાં આવ્યું છે કે પ્રત્યેક જીવને પોતાના આ જન્મનાં કર્મો કે પૂર્વ જન્મનાં સંચિત કર્મો અનુસાર સુખ-દુઃખ, સિદ્ધિ-અસિદ્ધિ, હર્ષ-શોક વગેરે ભોગવવાં પડે છે. આ રીતે પુનર્જન્મની માન્યતાનો સ્વીકાર પણ આમાં આવી જાય છે. આત્માની કર્મમુક્તિ એટલે કે મોક્ષ માટે ત્રણ અગત્યની જરૂરતો ગણવામાં આવી છે: સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર્ય. આ રીતે ભક્તિ, જ્ઞાન અને કર્મનો અહીં ત્રિવેણીસંગમ સ્વીકારવામાં આવ્યો છે. આ માટે પાંચ વ્રતોનો સ્વીકાર કરવાનો રહે છે: અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ પાંચે ય વ્રતોમાં અહિંસા પ્રમુખ છે. મન, વચન અને કર્મથી સંપૂર્ણ અહિંસા-વ્રત પાળવાનું સૂચન છે. હા, દેહ-ધારી જીવને જે કેટલીક અનિવાર્ય હિંસા કરવી પડે છે તે છોડીને શક્ય તેટલી અહિંસાના પાલન માટે આગ્રહ રાખવામાં આવ્યો છે. આ ત્યારે જ સંભવે કે જ્યારે પ્રત્યેક જીવ પ્રત્યે સમભાવના હોય. પ્રત્યેક જીવ જીવવા માગે છે માટે તેને જિવાડવામાં સહાયભૂત થવું જોઈએ. આ રીતે માનવપ્રેમ અને વિશ્વપ્રેમની દિશામાં જૈન ધર્મે અહિંસાના આચરણ પર ભાર મૂકી મહત્ત્વનું પ્રદાન કર્યું છે. જૈન શાસ્ત્રોએ આથી જ અહિંસા વિષે અતિ સૂક્ષ્મ છણાવટ કરી છે.

સત્ય પર પણ જૈન ધર્મે ખૂબ ભાર મૂક્યો છે. માત્ર સત્ય બોલવું એમ નહિ, પણ સત્ય પ્રિય અને સુખકર ઉચ્ચારવું જોઈએ. જેણે કામ, ક્રોધ, લોભ, મોહ, ભય, અહમ્, ઈર્ષ્યા આદિને જીત્યાં છે તે જ સત્યની હિમ્મત દાખવી શકે છે. આ જ રીતે અસ્તેય પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. એક તણખલું ય જો તેના પર આપણો અધિકાર ન હોય તો ન લેવું જોઈએ. બ્રહ્મચર્યની બાબતમાં માનસિક, વાચિક એમ ત્રણે ય પ્રકારના સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. શ્રાવક અને શ્રમણ માટે બ્રહ્મચર્યની વિગતે વિચારણા કરવામાં આવી છે.

અપરિગ્રહ પણ આત્મસુખ અને સમાજસુખ માટે જરૂરી ગણાયો છે. માણસ ભૌતિક ચીજવસ્તુઓનો જેટલો વધુ સંચય કરશે તેટલો વધુ દુઃખી થશે; કારણ કે પરિગ્રહથી લોભ, ઈર્ષ્યા, અહમ્, ધિક્કાર, સ્વાર્થ વધે છે અને પરિણામે માણસ પાપ તરફ વળે છે જો માણસ અપરિગ્રહનું વ્રત સ્વીકારે તો તે પોતાની જરૂરિયાતથી વિશેષ સંઘરશે નહિ. આમ થવાથી સમાજમાં સમાન વહેંચણી થશે અને એ રીતે સાચા સમાજ-વાદની દિશામાં આગળ વધી શકશે. આ ઉપરાંત મૈત્રી, કરુણા અને માધ્યસ્થ ઉપર પણ ભાર મૂક્યો છે. આચારસંહિતાના ક્ષમા, નમ્રતા, સરલતા, સત્યપ્રિયતા, મનશુદ્ધિ, ઇન્દ્રિયનિગ્રહ, તપ,ત્યાગ, નિર્લોભીપણું અને પવિત્રતા, એમ દસ મુદ્દાઓ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આથી સમજી શકાશે કે કોઈ પણ ગૃહસ્થ અકલેશકર જીવન જીવી શકે અને બીજાને જીવવામાં મદદ કરી શકે એવો આ માર્ગ પ્રત્યેકને માટે આચારક્ષમ છે. આથી જ જૈન ધર્મ આચારનો ધર્મ બની રહે, માત્ર લુખ્ખા જ્ઞાન કે તત્ત્વજ્ઞાનનો નહિ.

જૈન ધર્મના આ ઉપરાંતની મહત્ત્વની વિશેષતા છે અનેકાન્તવાદ. ભગવાન બુદ્ધે 'મધ્યમ માર્ગ' પ્રબોધ્યો તો મહાવીરે (અનુ. પૃ. ૧૭૮)

સ્વ. સૌમ્યેન્દ્રનાથ ઠાકુર



રવીન્દ્ર-સંગીતના પ્રખર જ્ઞાતા અને પ્રસારક, વિવિધ ભાષાવિદ રાજનીતિજ્ઞ કલાપિપાસુ સાહિત્યકાર અને જોડાસાંકોના ઠાકુર પરિવારની અંતિમ જ્યોત

લેખક: અજિત શેઠ



તા. ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૭૪. સૌમ્યેન્દ્રનાથ ઠાકુરનું નિધન. તેમના જતાં જોડાસાંકોના ઠાકુર પરિવારની અન્તિમ ઉજ્જવલ દીપશિખા બુઝાઈ ગઈ. રવીન્દ્ર-સાહિત્ય, શિલ્પ અને સંગીતના અનન્ય પ્રવક્તા, પ્રતિભાશાળી સૌમ્યેન્દ્રબાબુના અવસાનથી બંગાળના સાંસ્કૃતિક ક્ષેત્રમાં અપૂરણીય શૂન્યતા સર્જાઈ ગઈ. વ્યક્તિગતરીતે તો મેં અને નિરુપમાએ એક સંસ્કારગુરુ, મિત્ર અને માર્ગદર્શક ગુમાવ્યા છે.

ભારતીય સંસ્કાર, સાહિત્ય અને કલાનું ગૌરવ વધારવામાં ઠાકુર પરિવારનું ઘણું મોટું પ્રદાન છે. લગભગ દોઢ સો વર્ષ સુધી જે પરિવારના પારસ-સ્પર્શથી ભારતીય અને ખાસ કરીને બંગાળી જીવન ઉજ્જ્વળ થયું, તેની શેષ પ્રદીપશિખા અને અન્યતમ પ્રતિમા સૌમેન ઠાકુર હતા. ઠાકુરપરિવારની આધ્યાત્મિકતા, સ્વાદેશિકતા, જાતીયતા, બોધ, સાહિત્ય, સંગીત અને શિલ્પકલાથી ઉદ્‌બુદ્ધ થઈ જીવનના શેષ દિવસો સુધી તેઓ અપ્રતિમ સાધનાના પ્રતીક બની રહ્યા હતા. તીક્ષ્ણ પ્રતિભા અને પરિશીલિત રુચિના અધિકારી સુદર્શન સૌમ્યેન્દ્રનાથ સાચા અર્થમાં ઠાકુર પરિવારના ગૌરવમય પરંપરાના ઉત્તરાધિકારી હતા. સાહિત્ય, સંગીત અને કલામાં તેમને ઊંડી રુચિ હતી. વિશેષતઃ રવીન્દ્રસંગીતના પ્રચારમાં અને પ્રસારમાં એમનું યોગદાન ઘણું મહત્ત્વપૂર્ણ છે.

સૌમેનબાબુને સર્વપ્રથમ જોયા ૧૯૫૪માં. ત્યારે હું મુંબાઈની 'ટાગોર સોસાએટી'નો મંત્રી હતો. તે અરસામાં એક સભામાં તેમને પહેલવહેલા જોયા. ઈ. ૧૯૬૧માં અખિલ ભારતીય બંગ ભાષા પરિષદે મુંબાઈમાં રવીન્દ્રનાથ-શતાબ્દી-સત્ર યોજ્યું હતું ત્યારે તેમને ફરી વાર જોયા અને સાંભળ્યા. પરિવેષમાં ધોતી, ઝબ્ભો અને ખભે શાલ. ઉજ્જ્વળ ગૌર વર્ણ. જાણે કોઈ છદ્મવેશી રાજપુત્ર લાગે. બાળપણથી મારે હૈયે રવીન્દ્રનાથની ભક્તિ. રવીન્દ્રનાં ગીત અને સંગીતનો ગાંડો. પણ કદી ગુરુદેવને પ્રત્યક્ષ જોએલા નહિ. સૌમ્યેન્દ્રનાથને જોતાં જાણે રવિબાબુની ઝાંખી થઈ. તેમનાં ભાષણો સાંભળતાં મનની તંત્રી બજી ઊઠતી. ગંભીર મીઠો અવાજ અને તેવી જ સરસ કહેણી. માઈકને માટે તેમનો અવાજ ખૂબ જ અનુરૂપ અને ઘાટીલો. બંગાળી તેમજ અંગ્રેજીમાં તેમની વાગ્મિતાની શક્તિ ભલભલાને મુગ્ધ કરી દે તેવી. રવીન્દ્ર સાહિત્ય, સંગીત, કાવ્ય અને દર્શન માટે એમની ઓજસ્વિની વાણીમાં જેમણે એમનાં વ્યાખ્યાન સાંભળ્યાં છે તેઓ હમેશાં એમને યાદ કરશે.

રવીન્દ્ર અને સંસ્કાર પ્રસારણના અમારા પ્રયાસમાં તેમના આશીર્વાદ અને પ્રેરણાએ જબરો ભાગ ભજવ્યો છે. જ્યારે જ્યારે રવીન્દ્રની પુણ્યતિથિ 'બાઈસે શ્રાવણે' રવીન્દ્ર-સપ્તાહ યોજ્યું ત્યારે સંદેશો મોકલતા યા બને તો જાતે આવીને તેમાં ભાગ લેતા.

કલકત્તાથી અમદાવાદ (સાસરે) જતાં વચ્ચે મુંબાઇ પણ રોકાય. નેપીઅનસી રોડ પરના હઠીસિંગ કુટુંબના આવાસમાં ઊતરે કે તેમનો ફોન આવ્યો જ હોય. મળવાનું હોય જ. નિરુ પાસે ગુરુદેવનાં ગીતો ગવડાવે. રવીન્દ્રસંગીતની ખૂબીઓ સમજાવે. એ ગીતોમાં રહેલું તાલવૈવિધ્ય, રાગવૈશિષ્ટ્ય. પ્રાદેશિક/તેમજ વિદેશી સંગીતની અસરો, શબ્દ અને સૂરનો રવીન્દ્રસંગીતમાં હરિહરાત્મક સંબંધ વગેરે વિષે વિસ્તારથી સમજાવે, મૂલ્યહ્રાસ અને નવાં અશ્રદ્ધેય મૂલ્યો તરફ વધતાં આદર અને વલણ અંગે ક્યારેક વેદના પણ વ્યક્ત કરે. તેઓ પોતે કવિ ને સંગીતકાર પણ ખરા. એચ. એમ. વી. (હિઝ માસ્ટર્સ વૉઈસ કંપની)એ તેમનાં રચેલાં ગીતોની રેકૉર્ડ પણ બહાર પાડેલી છે. બંગાળના પ્રખર ગાયક દ્વિજેન મુખરજી અને દેવવ્રત વિશ્વાસે એ ગીતો ગાએલાં. તેમનાં ગીતોની સ્વરલિપિનાં બે પુસ્તકો 'પારાણી ૧-૨' તેમજ 'રવીન્દ્રનાથેર ગાન' નામના તેમના પુસ્તકની એમણે અમને આપેલી ભેટ તથા એમના અનેક પત્રો હવે અમારી પાસે એમનાં ચિર સંભારણાંરૂપ બની ગયા છે.

એમની ઇચ્છા હતી કે રવીન્દ્રસંગીતનું શિક્ષણ આપતી એમની સંગીતશાળા 'વૈતાનિક'નો કાર્યક્રમ મુંબાઈમાં અમે આયોજીએ, પણ તે શક્ય બને તે પહેલાં જ તેમની તબિયત લથડી. હૃદયની બીમારી લાગુ પડી. પીડા વધતી ગઈ. ઈ. ૧૯૭૨ના ડિસેમ્બરમાં દાકતરી સલાહ લેવા માટે મુંબાઈ આવ્યા. થોડો સુધારો જણાયો એટલે આરામ માટે અમદાવાદ જવાના હતા. જોગાનુજોગ એ જ અરસામાં ગુજરાતનાં મૂર્ધન્ય કવિ રાજેન્દ્ર શાહની ષષ્ટિપૂર્તિ નિમિત્તે કવિનાં ગીતો અને કાવ્યોનો કાર્યક્રમ કવિના જન્મદિન ૧૮ જાન્યુઆરીએ અમે ગોઠવી રહ્યાં હતાં. સૌમ્યેન્દ્રનાથને આ આનંદોત્સવનું ઉદ્‌ઘાટન કરવા મેં આમંત્રણ આપ્યું. તેમણે ઉમળકાભેર સ્વીકાર્યું. પરંતુ અમદાવાદમાં તેમની તબિયત વધુ કથળી. અમદાવાદથી ટ્રંક કૉલ પર કહે: અજિત, આવવા મન ઘણું થાય છે. કવિનાં ગીતો અને તારું ને નિરુનું સંગીત સાંભળવું છે. પણ દાકતર રજા નથી આપતા. ચીવટ એટલી કે કાર્યક્રમના આગલા દિવસે તેમનો સંદેશ ટેઈપ રેકૉર્ડ કરી મોકલ્યો! આ ધ્વનિમુદ્રિત સંદેશ સભામાં સંભળાવ્યો. આજે પણ તે અકબંધ સાચવી રાખ્યો છે. પછી મહિનો રહી અમદાવાદથી કલકત્તા પાછા વળતાં ફરી મેળાપ થયો. જગન્નાથ ડૉકટર અને રાજુભાઈને સાથે લઈ તેમને મળવા ગયાં. ખૂબ વાતો થઈ. પણ તેમની સાથેની અમારી એ છેલ્લી મુલાકાત હતી.

અગાઉ જ્યારે જ્યારે કલકત્તા જતો ત્યારે ત્યારે એલ્গિન રોડ પરના તેમના નિવાસસ્થાને અચૂક જતો. હજુ યે તેમની છબિ સાંભરે છે. ભોંયતળિયે તેમની બેઠક. એક તરફ રાજનીતિ, સમાજનીતિ કે રવીન્દ્રસંગીતની આલોચનામાં મુખરિત સૌમ્યેન્દ્રનાથ સાથે વાતો ચાલતી હોય ને બીજી તરફ બહારની બાજુ રસ્તા પર પડતા રવીન્દ્રસંગીત શિક્ષાયતન 'વૈતાનિક'ના વર્ગોમાંથી રવિબાબુનાં સુમધુર ગીતોના સ્વરો વહી રહ્યા હોય.

તેઓ ગુજરી ગયા તે દિવસે, કહે છે, કે એલ્ગિન રોડના એ જ ઓરડામાં સોપો પડી ગયો હતો. જે આસન પર તેઓ બિરાજતા તે

સ્વ. દુષ્યંત બાપાલાલ શાહ
(સુરેન્દ્રનગર)
ના સ્મરણાર્થે
તેમનાં કુટુમ્બીજનો તરફથી
દર વર્ષે માર્ચની એસ. એસ. સી. પરીક્ષામાં પાસ થનાર પ્રથમ દસ વિદ્યાર્થીઓને એક વર્ષ માટે 'કુમાર' ભેટ આપવા સારુ
અમને દસ લવાજમની રકમ ભેટ મળી છે જેમાંથી એસ. એસ. સી.નું પરિણામ જાહેર થયા પછીના માસથી તે તે વિદ્યાર્થીઓને એક વર્ષ માટે 'કુમાર' ભેટ મોકલવામાં આવશે. આ માટે અમે દાતાઓનો આભાર માનીએ છીએ.

ખાલી પડ્યું હતું. તે ખાલી આસન જોઈ ઊભો હતો શોકાર્ત જનસમૂહ —નિર્વાક અને નિઃસ્પન્દ, દીર્ઘ શ્વાસ લેતો. એ ઓરડામાં રવિવાર આખો તેમનો મૃતદેહ બરફ વચ્ચે ઢાંકી રાખવામાં આવ્યો હતો, તેમનાં પત્ની શ્રીમતીબહેન ત્યારે અમદાવાદ હતાં. બીજા દિવસે ત્રણ વાગ્યે ભવાનીપુરમાં આવેલા સી. પી. આઈ.ના કાર્યાલય થઈ શબયાત્રા રવીન્દ્ર-સદન, એશિયાટિક સોસાએટી અને જોડાસાંકોના મહર્ષિભવન પાસે થઈને નીકળી. નિમતલા ઘાટ પર તેમનો અગ્નિસંસ્કાર થયો અને જોડાસાંકોના ઠાકુર પરિવારની અંતિમ જ્યોત વિલાઈ ગઈ.

સૌમ્યેન્દ્રનાથનો જન્મ ૧૯૦૧માં થયો હતો સુધીન્દ્રનાથ અને ચારુબાલાદેવીના એ પુત્ર. રવીન્દ્રનાથના ભત્રીજા. એમનો જન્મ સમયે મહર્ષિ દેવેન્દ્રનાથ જીવિત હતા. અને તેમણે જ એમને સૌમ્યેન્દ્રનાથ નામ આપ્યું હતું. પિતા સુધીન્દ્રનાથ સંગીતના અનુરાગી ને સરસ ગાયક હતા. સંગીત ક્ષેત્રે એમનું નામ ખૂબ પ્રસિદ્ધ હતું. સૌમ્યેન્દ્રનાથને પણ હલકદાર મીઠું ગળું વારસામાં મળેલું. ઈ. ૧૯૧૭માં કલકત્તાના કૉંગ્રેસ અધિવેશનમાં મોટા ભાઈ દિનેન્દ્રનાથ સાથે સૂરીલા અવાજમાં ગુરુદેવનું 'દેશ દેશ નન્દિત કરી' ગીત ગાઈ સભાનેત્રી ઍની બિસન્ટ અને અન્ય શ્રોતાઓને એમણે પ્રભાવિત કર્યા હતાં. કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાંથી બી. એ. થયા બાદ મહાત્મા ગાંધીના અસહકાર આંદોલનમાં ભાગ લઈ તેમણે રાજનૈતિક જીવનની કારકિર્દી શરૂ કરી.

તે જ સમયમાં કૉમ્યુનિસ્ટ આંદોલન તરફ તેઓ આકર્ષાયા અને 'શ્રમિક કૃષક દળ'માં જોડાયા. ત્યાર બાદ સામ્યવાદના અધ્યયન માટે ઈ. ૧૯૨૭માં રશિયા ગયા અને ત્યાં તૃતીય કૉમ્યુનિસ્ટ વિશ્વમહાસભાની સાથે સંયુક્ત થયા. ઈ. સ. ૧૯૨૮માં કૉમ્યુનિસ્ટ ઈન્ટરનૅશનલની છઠ્ઠી વિશ્વમહાસભામાં તેમણે ભારતીય પ્રતિનિધિ તરીકે ભાગ લીધો. રશિયામાં હતા ત્યારે જ સૌમ્યેન્દ્રનાથ સ્ટાલિનવાદના વિરોધી થઈ ગયા હતા. ભારતમાં સ્ટાલિનવાદના વિરોધી દલની ઈ. ૧૯૩૪માં તેમણે શરૂઆત કરી, જેમાંથી ઈ. ૧૯૪૨માં રેવૉલ્યુશનરી કૉમ્યુનિસ્ટ પાર્ટીની સ્થાપના થઈ. ઈ. ૧૯૩૩માં જ્યારે જર્મની ગયા હતા ત્યારે હિટલરની હત્યાના પ્રયત્નના આરોપ માટે તેમને ગિરફતાર કરી લેવાયા. આ સિવાય પણ અનેક વાર જેલ જઈ આવેલા. વિખ્યાત મેરઠ ષડયંત્રમાં યે તેમનું નામ ખોલાઈ. પણ તે વેળા તેઓ વિદેશ હતા તેથી ધરપકડ થઈ શકી નહોતી.

યુરોપમાં ભ્રમણ કરતી વેળા સૌમ્યેન્દ્રનાથે રશિયન, જર્મન, ઈટાલિયન, ફ્રેન્ચ આદિ ભાષાઓનું અધ્યયન કર્યું અને તે તે ભાષાઓની સુંદર કવિતાઓના બંગાળીમાં અનુવાદ કર્યા. કૉમ્યુનિસ્ટ મતવાદ પર વિશ્વાસ રાખવા છતાં તેમની દૃષ્ટિ સીમિત ન હતી. અનેક ભાષા, સાહિત્ય, દર્શન આદિનો ઊંડો અભ્યાસ તેમણે કરેલો. મધ્યયુગના ભારતીય કવિઓની કવિતાના સંગ્રહનો અનુવાદ એ તેમની સાહિત્યપ્રીતિનું ઉજ્જ્વળ ઉદાહરણ છે. બિહારી સતસઈનો પણ એમણે બંગાળીમાં અનુવાદ કર્યો છે. કાલિદાસના સાહિત્ય પર પણ તેમણે પુસ્તક રચ્યું છે. યુરોપમાં એમણે બાર્બુજ, રોમાં રોલાં અને ગૉર્કી જેવા દિગ્ગજ સાહિત્યકારોનો પ્રત્યક્ષ સંપર્ક પણ સાધ્યો અને આ પ્રતિભાઓના પ્રગાઢ પરિચય પ્રાપ્ત થતાં તેઓ ઉપર તેમણે 'ત્રયી' નામનું એક સુંદર પુસ્તક પણ લખ્યું. હિટલરના નાત્સીવાદ અને મુસૉલિનીના ફાસીઝમ અંગે એમણે ઘણું લખ્યું છે. આ ઉપરાંત કૉમ્યુનિસ્ટ આંદોલનોની પરિચાલના અને ભિન્નભિન્ન સમયની રાજનૈતિક પરિસ્થિતિઓ ઉપર એમણે ૪૦ પુસ્તકો લખ્યાં છે. યુરોપવાસના સમયને આવરતું 'યાત્રી' નામે આત્મકથાનક પણ તેમણે લખ્યું છે.

છેલ્લાં વીસેક વર્ષોમાં રાજનીતિ સાથે તેમનો પ્રત્યક્ષ સંપર્ક ઘટી ગયો હતો. તેમણે પ્રસ્થાપિત કરેલી સી. પી. આઈ. પાર્ટીમાં ફાટફૂટ પડી ચૂકી હતી. આમ રાજકારણક્ષેત્રે એમણે લગભગ નિવૃત્તિ લીધી હતી, છતાં છેક પથારીવશ થયા ત્યાં સુધી સાહિત્ય અને સાંસ્કૃતિકક્ષેત્રે તેઓ સક્રિય રહ્યા હતા. ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર, દીનબંધુ ઍન્ડ્રુઝ અવનીન્દ્રનાથ, રવીન્દ્રનાથ અને રાજા રામમોહન રાયના ઉત્સવોનું તેમણે આયોજન કર્યું. છેલ્લે બંગાળી સાહિત્ય અને સંસ્કૃતિના પીઠસ્થલ 'બંગીય સાહિત્ય પરિષદ ભવન' માટે આયોજિત સભામાં તેમણે જાહેરમાં ભાગ લીધો હતો. આ સાહિત્ય-મંદિરના ગૌરવને શીર્ષસ્થાન પ્રદાન કરવા માટે તેમણે આકુલ આવેદન કર્યું હતું.

ઈ. ૧૯૭૩ના મે માસમાં કૉરોનરી થ્રૉમ્બૉસિસનો હુમલો આવતાં તેઓ શય્યાગત થયા. બે માસ પછી ફરી પાછો લકવાનો હુમલો થયો. વાક્હીન થઈ જવાની સાથે ક્રમશઃ શરીર પક્ષાઘાતગ્રસ્ત થઈ ગયું. સવા વર્ષની આવી માંદગી બાદ ગયા સપ્ટેમ્બરમાં ત્રીજી વાર લકવાનો હુમલો આવ્યો અને થોડીક જ વારમાં તેમનો જીવનદીપ બુઝાઈ ગયો.

સૌમ્યેન્દ્રનાથે અંતઃકરણના અવાજનો પરિણામનિરપેક્ષ આદર કરવાનો જીવનભર આગ્રહ રાખ્યો હતો. આથી રાજનીતિ સાથે તેઓ સંપૃક્ત રહ્યા; પણ કલાપિપાસુ તરીકેનું તેમનું બીજું સ્વરૂપ જ લાંબો સમય સ્થાયી રહેશે. તેમના સંવિતના સૂરનું પ્રભવસ્થાન રવીન્દ્રનાથ હતા. રવીન્દ્ર-સાહિત્ય અને કલાસંસ્કારના તેઓ પરમ પૂજક હતા. તેઓ વાસ્તવમાં સાહિત્ય અને સંગીતના સાચા ભોક્તા હતા. આમાં તેઓ વધુ એકાગ્ર રહ્યા હોત તો સાહિત્ય ને સંગીતમાં પણ સ્રષ્ટાની હેસિયતથી વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું હોત. 'ત્રયી', 'યાત્રી', 'રવીન્દ્રનાથેર ગાન' વગેરે તેમનાં પુસ્તકો વાંચવાથી તેમજ તેમણે રચેલાં ને સ્વરાંકિત ગીતોની સ્વરલિપિ વાંચતાં કે એ ગીતોની રેકૉર્ડ સાંભળતાં આ શક્તિ અંગે પ્રતીતિ થાય છે. તેમનું 'જાબાર બેલા' ગીત નીચે ટાંક્યું છે. દાદરા તાલમાં ગૂંથેલું આ ગીત તેમને અતિ વહાલી ભૈરવી રાગીણીમાં બંધાએલું છે.

બિદાય જે ગો લુકિયે આછે મિલન માઝે,
કન્ના જે ગો હાસિ હયે ઓઠે બાજે.
પાઓયાર માઝે લુકિયે આછે હારિયે જાઓયા,
ચોખેર ચાઓયાય છાપિયે દેખે બુકેર ચાઓયા.
રૂપેર બાંધન જાય સે લેગે રસેર ઢેઉયે,
ફૂલેર રૂપ સે ગંધે ગલે બિડાય બયે.
ભોગેર સીમાય લુપ્ત કરે અસીમ પ્રેમે,
કથાર સીમાય સુરેર પરશ આસે નેમે.
કાછેર માઝે લુકિયે આછે દૂરેર પરશ,
તીરેર બુકે જેમન બય ઢેઉયેર હરષ.
ચિરકાલેર એઈ જે લીલા તારિ સુરે,
જીવન-ગાંથિ બિજે ઓઠે વિશ્વ જુડે.

क्रांतिकथामां गुजरात-११

રણ, પ્રણય અને કારાવાસ

—લેખક · વિષ્ણુ પંડ્યા—

એમ કહેવાય છે કે રણશૂરાઓની લડાઈ અને પ્રણય–બંને સાથેસાથે ચાલતાં હોય છે! વિદેશોમાંના ભારતીય ક્રાંતિકારો માટે આવું કંઈ કહી શકાય તેમ છે ખરું? અલબત્ત, એ વિષે કોઈ વિશેષ માહિતીઓ આપણી પાસે નથી; પરંતુ તત્કાલીન બ્રિટિશ દસ્તાવેજોએ આવી કેટલીક વાતો નોંધી છે—ખાસ કરીને જ્હૉન કૅમ્પબેલ કીર જેવા ગુપ્તચર અધિકારીએ.

લંડનમાં શહીદ થએલા મદનલાલ તો શરૂઆતથી જ રસિક જુવાન હતા. એક વાર તો ૧૯૦૮ની આખરના એક રવિવારે 'ઇન્ડિયા હાઉસ'-માં એક ભાષણ ચાલતું હતું ત્યારે જ, રસ્તા પર પડતી ઓરડીમાં ગ્રામોફોન વગાડીને છોકરીઓને એકઠી કરેલી, ને પછી પોતે ય ગાવા માંડેલા! સાવરકરે તેમને ઠપકો આપ્યો, તો ભાઈ ૨–૩ દિવસ લગી 'ઇન્ડિયા હાઉસ'માં દેખાયા જ નહિ! 'સાવરકર લંડનમાં એક બ્રિટિશ કન્યાના પ્રેમમાં હતા એટલે જ પારી(સ)થી લંડન આવેલા' એવી વાત તેમના દુશ્મનોએ વહેતી કરેલી એમ સાવરકર ચરિત્રમાં જણાવાયું છે.

હવે આપણે પારી(સ)ના ક્રાંતિકાર સમૂહની કેટલીક વિગતો જોઇએ. તેમાં શ્યામજી–સરદારસિંહ વચ્ચેના સંબંધોમાં આવેલા સંઘર્ષમાં કંઈક અંશે કોઈ સ્ત્રીપ્રકરણ હતું એવું કેટલાકે નોંધ્યું છે. સરદારસિંહજીનાં લગ્ન ભારતમાં એક રાજપૂત કન્યા સાથે થએલાં. એ પત્ની ભારતમાં જ લીંબડીમાં રહેતાં. શ્રી રાણાનાં બીજાં લગ્ન Thérése Liszt નામની જર્મન મહિલા સાથે થયાં હતાં. આ મહિલા લંડનનિવાસી હતી. ત્યાં જ શ્રી રાણાને તેમનો પરિચય થયો, અને પછીથી પારી(સ) વ્યવસાય માટે ગયા ત્યારે તેમને સાથે લઈ ગયા અને લગ્ન કર્યાં. શ્યામજી કૃષ્ણ વર્માને આ સ્ત્રી વિષે બ્રિટિશ ગુપ્તચર હોવાની આશંકા હતી. પરિણામે થોડો સમય વિખવાદ ચાલેલો. પરંતુ, ભારતીય સ્વાતંત્ર્યના મહાન ધ્યેય સમક્ષ આ વિખવાદનું કોઈ મહત્ત્વ નહોતું. એટલે મતભેદ મનને વિચ્છેદી શક્યો નહિ; સરદારસિંહ ને શ્યામજી આજીવન અખંડ મિત્રો બની રહ્યા.

સરદારસિંહ અને શ્યામજીના મિત્ર તરીકે પારી(સ)માં રહીને ક્રાંતિપથના રાહી બનનાર વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાયનું જીવન પણ રોમાંચક અને સાહસિક છે. એમની એક ઘટનાએ પારી(સ)ના ક્રાંતિકોને ઠીકઠીક અરસપરસના સંઘર્ષમાં લાવી મૂક્યા, એટલે તે નોંધવી જોઇએ. બંગાળના આ જુવાનનાં એક બહેન તે સરોજિની નાયડુ. બીજી–જેને તે વહાલથી 'ગન્નુ' કહેતો–તે મૃણાલિની ચૅટરજી પણ બંગાળમાં ક્રાંતિપ્રવૃત્તિમાં મશગૂલ હતી. પારી(સ)માંથી જ્યારે શ્રીમતી કામા 'વંદેમાતરમ્' પ્રકાશિત કરતાં ત્યારે વીરેન્દ્ર પણ તેમાં હતો. પછીથી તે લંડન ગયો અને થોડાં વર્ષ સુધી–૧૯૦૧થી ૧૯૦૯ સુધી એક અંગ્રેજ કન્યા સાથે સંબંધ બાંધ્યો. પાછલાં વર્ષોમાં બંને વચ્ચે મતભેદ પડ્યો અને છૂટાં પડયાં. ઈ. ૧૯૧૧ની વસંતમાં વીરેન્દ્રનો એક બીજી અંગ્રેજ કન્યા કુ. રેનૉલ્ડ્સ સાથે પરિચય થયો. પરિચય પ્રણયમાં પલોટાયો ને બ્રસેલ્સ જઈ લગ્ન કરવાનો નિર્ણય લીધો. પણ ૧૯૧૨માં પારી(સ)માં જ તેની સાથે લગ્ન થયાં. બે વર્ષ પછી એ દાંપત્યમાં પણ તિરાડ પડી. ઘણાં વર્ષો પછી ફરી વાર અમેરિકા–ઇંગ્લૅન્ડમાં ક્રાંતિપ્રવૃત્તિ માટે વીરેન્દ્રે મેટા બ્રુનેર, અન્ના બાન્ટ્ટ અને હિલ્ડા હોવ્સેન નામની મહિલાઓની સાથે પણ કામ કરેલું.

ક્રાન્તિકારીઓની આ હૃદયગત સંવેદનાઓનો સાચો આલેખ તો, એમના અજાણ મૃત્યુની સાથે જ ગોપિત થઈ ગયો છે; પણ દરેક ક્રાંતિકારીએ આવું કોઈ ને કોઈ મમતાના ઝરણે માથું મૂક્યું હતું ખરું!

પારી(સ)-પ્રવૃત્તિને માટે આ પછી એક મોટી ઘટના બની તે સાવરકરની ધરપકડ. લંડનમાં તેમણે ક્રાન્તિપ્રવૃત્તિને પરાકાષ્ઠાએ પહોંચાડવા માંડી હતી, એટલે ૧૩ માર્ચ ૧૯૧૦ના રોજ તેમની ધરપકડ થઈ. તેમને ઇંગ્લૅન્ડથી ભારત લઈ જવા માટે તૈયારી થઈ. ભારતમાં તેમનું ભવિષ્ય નક્કી હતું: કાળાપાણીની સજા યા તો ફાંસી! વિનાયકને હજુ બલિદાન પૂર્વે સંઘર્ષપથ પર દોડવાની તમન્ના હતી. એક છેલ્લો સાહસિક પ્રયાસ તેમણે કર્યો યે ખરો. સ્ટીમર જ્યારે સમુદ્રની છાતી પર દોડી રહી હતી ત્યારે, ફ્રાન્સનું માર્સેલ્સ બંદર નજદીક આવતું જણાતાં સમુદ્રમાં કૂદી પડ્યા! આ જગતપ્રસિદ્ધ 'સમુદ્ર-ભૂસકા' પછી પણ એ મુક્ત રહી શક્યા નહિ. શ્યામજી કૃષ્ણ વર્મા અને સરદારસિંહ રાણા તેમને બચાવવા હેગ અદાલત લગી પહોંચ્યા. પણ એ પ્રયત્નોમાં નિષ્ફળતા સાંપડી. આખરે સાવરકર પર ભારતમાં મુકદ્દમો ચાલ્યો અને ઈ. ૧૯૧૦ના ડિસેમ્બરમાં બે કાળાપાણીની સજા થઈ.

પારી(સ)-સમૂહનાં થનગનતાં પાત્રો આમ વિખરાવા માંડ્યાં. હેમચંદ્ર દાસ અને અય્યર ભારત પહોંચ્યા હતા; સાવરકર જેલમાં હતા; લાલા હરદયાળે પારી(સ) છોડીને અમેરિકા વસવાટ કર્યો હતો. પારી(સ)-માં શેષ તણખા સમા હતા શ્યામજી ને સરદારસિંહ. અલબત્ત, સાથીઓ જે હતા ને જ્યાં કોઈ ખૂણે હતા ત્યાં શાન્ત નહોતા. પણ પારી(સ)માં પ્રવૃત્તિને કોઈ ને કોઈ અવરોધ આવતા હતા ખરા.

પારી(સ)-પ્રવૃત્તિમાં વિક્ષેપ પાડે તેવી એક ઘટના ઈ. ૧૯૧૧–૧૨માં બની. એક તરફ કાઠિયાવાડના એજન્ટ ટુ ધ ગવર્નરે લીંબડીમાં વસતા રાણા પરિવારને ચેતવણી આપી અને તેમના બધા અધિકારો પાછા ખેંચી લીધા, અને પછીના વર્ષે ૧૯૧૨માં, મે માસમાં શ્રી સરદારસિંહજીના પિતાજી રવાભાઈ રતનસિંહ રાણાની બધી મિલકત જપ્ત કરી લેવાઈ; તો બીજી તરફ પારી(સ)માં એક આપઘાતની ઘટનાએ કલહ સર્જ્યો. આ વ્યક્તિનું નામ ગોવિંદ અમીન હતું. સાવરકરે નાસિક-કાવતરા માટે જે ચતુર્ભુજ અમીનને લંડનથી નાસિક મોકલેલો તેનો એ ભાઈ થતો હતો. પરંતુ નાસિકમાં તે પકડાયો અને 'તાજનો સાક્ષી' બની બેઠો! પરિણામે લંડનની અને પારી(સ)ની પ્રવૃત્તિ વિષે બ્રિટિશરોએ ઠીકઠીક સગડ મેળવી લીધા. શરૂઆતમાં ગોવિંદ પણ લંડન હતો, પછીથી તે પારી(સ) ગયો અને શ્યામજીની 'શહીદ છાત્રવૃત્તિ' અન્વયે રકમ પણ મેળવી. ગોવિંદને શસ્ત્રોના કારખાના માટે શ્રીમતી કામા અને સરદારસિંહે પણ મદદ કરેલી. પછીથી તે આ લોકોથી છૂટો થઇને હીરા-મોતીનો વેપાર કરવા માંડ્યો, પરંતુ જુગારની આદતને લીધે તેણે ચોરી પણ કરી! પરિણામે સરદારસિંહે અને બાપુલાલ ઝવેરીએ ફરિયાદ નોંધાવી: ૧૭ સપ્ટેમ્બર, ૧૯૧૨ના દિને તેણે આપઘાત કરી લીધો.

આ સંઘર્ષોની વચ્ચે જ વિશ્વફલક પર યુદ્ધના ઓળા પથરાવતું ૧૯-૧૪નું વર્ષ આવી ચૂક્યું. મહાભીષણ યુદ્ધનાં એંધાણ વર્તાતાં હતાં. તેની વચ્ચે હિન્દી ક્રાંતિવીરોને બ્રિટિશ સત્તા કોઈ પ્રવૃત્તિ કરવા દે તેવી સંભાવના નહોતી. પારી(સ)ના ત્રણે તણખાઓ તેની ગરુડ નજરમાંથી હવે બચી શકે તેમ નહોતા.—તો શું કરવું?

આ યક્ષપ્રશ્નના પ્રત્યુત્તર રૂપે શ્યામજી–સરદારસિંહ–શ્રીમતી કામાના સહિયારા પુરુષાર્થને આપણે વિખૂટો પડતો જોઈએ છીએ; કેમ કે પારી-(સ)માં જીવન સલામત નહોતું, ગમે ત્યારે પકડાઇ જવાય. શ્યામજીએ સ્વિટ્ઝર્લૅન્ડ જવાનું વિચારી લીધું છે એવી અફવા તો એપ્રિલમાં શરૂ

ખાલી પડયું હતું. તે ખાલી આસન જોઈ ઊભો હતો શોકાર્ત જનસમૂહ —નિર્વાક અને નિઃસ્પન્દ, દીર્ઘ શ્વાસ લેતો. એ ઓરડામાં રવિવાર આખો તેમનો મૃતદેહ બરફ વચ્ચે ઢાંકી રાખવામાં આવ્યો હતો, તેમનાં પત્ની શ્રીમતીબહેન ત્યારે અમદાવાદ હતાં. બીજા દિવસે ત્રણ વાગ્યે ભવાનીપુરમાં આવેલા સી. પી. આઈ.ના કાર્યાલય થઈ શબયાત્રા રવીન્દ્ર-સદન, એશિયાટિક સોસાએટી અને જોડાસાંકોના મહર્ષિભવન પાસે થઈને નીકળી. નિમતલા ઘાટ પર તેમનો અગ્નિસંસ્કાર થયો અને જોડાસાંકોના ઠાકુર પરિવારની અંતિમ જ્યોત વિલાઈ ગઈ.

સૌમ્યેન્દ્રનાથનો જન્મ ૧૯૦૧માં થયો હતો સુધીન્દ્રનાથ અને ચારુબાલાદેવીના એ પુત્ર. રવીન્દ્રનાથના ભત્રીજા. એમના જન્મ સમયે મહર્ષિ દેવેન્દ્રનાથ જીવિત હતા. અને તેમણે જ એમને સૌમ્યેન્દ્રનાથ નામ આપ્યું હતું. પિતા સુધીન્દ્રનાથ સંગીતના અનુરાગી ને સરસ ગાયક હતા. સંગીત ક્ષેત્રે એમનું નામ ખૂબ પ્રસિદ્ધ હતું. સૌમ્યેન્દ્રનાથને પણ હલકદાર મીઠું ગળું વારસામાં મળેલું. ઈ. ૧૯૧૭માં કલકત્તાના કૉંગ્રેસ અધિવેશનમાં મોટા ભાઈ દિનેન્દ્રનાથ સાથે સૂરીલા અવાજમાં ગુરુદેવનું 'દેશ દેશ નન્દિત કરી' ગીત ગાઈ સભાનેત્રી ઍની બિસન્ટ અને અન્ય શ્રોતાઓને એમણે પ્રભાવિત કર્યા હતાં. કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાંથી બી. એ. થયા બાદ મહાત્મા ગાંધીના અસહકાર આંદોલનમાં ભાગ લઈ તેમણે રાજનૈતિક જીવનની કારકિર્દી શરૂ કરી.

તે જ સમયમાં કૉમ્યુનિસ્ટ આંદોલન તરફ તેઓ આકર્ષાયા અને 'શ્રમિક કૃષક દળ'માં જોડાયા. ત્યાર બાદ સામ્યવાદના અધ્યયન માટે ઈ. ૧૯૨૭માં રશિયા ગયા અને ત્યાં તૃતીય કૉમ્યુનિસ્ટ વિશ્વમહાસભાની સાથે સંયુક્ત થયા. ઈ. સ. ૧૯૨૮માં કૉમ્યુનિસ્ટ ઈન્ટરનૅશનલની છઠ્ઠી વિશ્વમહાસભામાં તેમણે ભારતીય પ્રતિનિધિ તરીકે ભાગ લીધો. રશિયામાં હતા ત્યારે જ સૌમ્યેન્દ્રનાથ સ્ટાલિનવાદના વિરોધી થઈ ગયા હતા. ભારતમાં સ્ટાલિનવાદના વિરોધી દલની ઈ. ૧૯૩૪માં તેમણે શરૂઆત કરી, જેમાંથી ઈ. ૧૯૪૨માં રેવૉલ્યુશનરી કૉમ્યુનિસ્ટ પાર્ટીની સ્થાપના થઈ. ઈ. ૧૯૩૩માં જ્યારે જર્મની ગયા હતા ત્યારે હિટલરની હત્યાના પ્રયત્નના આરોપ માટે તેમને ગિરફતાર કરી લેવાયા. આ સિવાય પણ અનેક વાર જેલ જઈ આવેલા. વિખ્યાત મેરઠ ષડયંત્રમાં યે તેમનું નામ બોલાયું. પણ તે વેળા તેઓ વિદેશ હતા તેથી ધરપકડ થઈ શકી નહોતી.

યુરોપમાં ભ્રમણ કરતી વેળા સૌમ્યેન્દ્રનાથે રશિયન, જર્મન, ઈટાલિયન, ફ્રેન્ચ આદિ ભાષાઓનું અધ્યયન કર્યું અને તે તે ભાષાઓની સુંદર કવિતાઓના બંગાળીમાં અનુવાદ કર્યા. કૉમ્યુનિસ્ટ મતવાદ પર વિશ્વાસ રાખવા છતાં તેમની દૃષ્ટિ સીમિત ન હતી. અનેક ભાષા, સાહિત્ય, દર્શન આદિનો ઊંડો અભ્યાસ તેમણે કરેલો. મધ્યયુગના ભારતીય કવિઓની કવિતાના સંગ્રહનો અનુવાદ એ તેમની સાહિત્યપ્રીતિનું ઉજ્જ્વળ ઉદાહરણ છે. બિહારી સતસઇનો પણ એમણે બંગાળીમાં અનુવાદ કર્યો છે. કાલિદાસના સાહિત્ય પર પણ તેમણે પુસ્તક રચ્યું છે. યુરોપમાં એમણે બાર્બુજ, રોમાં રોલાં અને ગૉર્કી જેવા દિગ્ગજ સાહિત્યકારોનો પ્રત્યક્ષ સંપર્ક પણ સાધ્યો અને આ પ્રતિભાઓના પ્રગાઢ પરિચય પ્રાપ્ત થતાં તેઓ ઉપર તેમણે 'ત્રયી' નામનું એક સુંદર પુસ્તક પણ લખ્યું. હિટલરના નાત્સીવાદ અને મુસૉલિનીના ફાસીઝમ અંગે એમણે ઘણું લખ્યું છે. આ ઉપરાંત કૉમ્યુનિસ્ટ આંદોલનોની પરિચાલના અને ભિન્નભિન્ન સમયની રાજનૈતિક પરિસ્થિતિઓ ઉપર એમણે ૪૦ પુસ્તકો લખ્યાં છે. યુરોપવાસના સમયને આવરતું 'યાત્રી' નામે આત્મકથાનક પણ તેમણે લખ્યું છે.

છેલ્લાં વીસેક વર્ષોમાં રાજનીતિ સાથે તેમનો પ્રત્યક્ષ સંપર્ક ઘટી ગયો હતો. તેમણે પ્રસ્થાપિત કરેલી સી. પી. આઈ. પાર્ટીમાં ફાટફૂટ પડી ચૂકી હતી. આમ રાજકારણક્ષેત્રે એમણે લગભગ નિવૃત્તિ લીધી હતી, છતાં છેક પથારીવશ થયા ત્યાં સુધી સાહિત્ય અને સાંસ્કૃતિકક્ષેત્રે તેઓ સક્રિય રહ્યા હતા. ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર, દીનબંધુ ઍન્ડ્રુઝ અવનીન્દ્રનાથ, રવીન્દ્રનાથ અને રાજા રામમોહન રાયના ઉત્સવોનું તેમણે આયોજન કર્યું. છેલ્લે બંગાળી સાહિત્ય અને સંસ્કૃતિના પીઠસ્થલ 'બંગીય સાહિત્ય પરિષદ ભવન' માટે આયોજિત સભામાં તેમણે જાહેરમાં ભાગ લીધો હતો. આ સાહિત્ય-મંદિરના ગૌરવને શીર્ષસ્થાન પ્રદાન કરવા માટે તેમણે આકુલ આવેદન કર્યું હતું.

ઈ. ૧૯૭૩ના મે માસમાં કૉરોનરી થ્રૉમ્બૉસિસનો હુમલો આવતાં તેઓ શય્યાગત થયા. બે માસ પછી ફરી પાછો લકવાનો હુમલો થયો. વાક્હીન થઈ જવાની સાથે ક્રમશઃ શરીર પક્ષાઘાતગ્રસ્ત થઈ ગયું. સવા વર્ષની આવી માંદગી બાદ ગયા સપ્ટેમ્બરમાં ત્રીજી વાર લકવાનો હુમલો આવ્યો અને થોડીક જ વારમાં તેમનો જીવનદીપ બુઝાઈ ગયો.

સૌમ્યેન્દ્રનાથે અંતઃકરણના અવાજનો પરિણામનિરપેક્ષ આદર કરવાનો જીવનભર આગ્રહ રાખ્યો હતો. આથી રાજનીતિ સાથે તેઓ સંપૃક્ત રહ્યા; પણ કલાપિપાસુ તરીકેનું તેમનું બીજું સ્વરૂપ જ લાંબો સમય સ્થાયી રહેશે. તેમના સંવિતના સૂરનું પ્રભવસ્થાન રવીન્દ્રનાથ હતા. રવીન્દ્ર-સાહિત્ય અને કલાસંસ્કારના તેઓ પરમ પૂજક હતા. તેઓ વાસ્તવમાં સાહિત્ય અને સંગીતના સાચા ભોક્તા હતા. આમાં તેઓ વધુ એકાગ્ર રહ્યા હોત તો સાહિત્ય ને સંગીતમાં પણ સ્રષ્ટાની હેસિયતથી વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું હોત. 'ત્રયી', 'યાત્રી', 'રવીન્દ્રનાથેર ગાન' વગેરે તેમનાં પુસ્તકો વાંચવાથી તેમજ તેમણે રચેલાં ને સ્વરાંકિત ગીતોની સ્વરલિપિ વાંચતાં કે એ ગીતોની રેકૉર્ડ સાંભળતાં આ શક્તિ અંગે પ્રતીતિ થાય છે. તેમનું 'જાબાર બેલા' ગીત નીચે ટાંક્યું છે. દાદરા તાલમાં ગૂંથેલું આ ગીત તેમને અતિ વહાલી ભૈરવી રાગિણીમાં બંધાએલું છે.

બિદાય જે ગો લુકિયે આછે મિલન માઝે,
ક્ષમા જે ગો હાસિ હયે ઓઠે બાજે.
પાઓયાર માઝે લુકિયે આછે હારિયે જાઓયા,
ચોખેર ચાઓયાય છાપિયે દેખે બુકેર ચાઓયા.
રૂપેર બાંધન જાય સે ભેંગે રસેર ટાને,
ફૂલેર રૂપ સે ગંધે ગલે બિદાય બાને.
ભાગેર સીમાય લુપ્ત કરે અસીમ પ્રેમે,
કથાર સીમાય સુરેર પરશ આસે નેમે.
કાછેર માઝે લુકિયે આછે દૂરેર પરશ,
તારિર બુકે જેમન બધ ઢেউયેর હરષ.
ચિરકાલેર એઈ જે લીલા તારિ સુરે,
જીવન-બાંશિ બાજે ઓઠે વિશ્વ જુડે.

□

ક્રાંતિકથામાં ગુજરાત-૧૧

રણ, પ્રણય અને કારાવાસ

—લેખક · વિષ્ણુ પંડયા—

એમ કહેવાય છે કે રણશૂરાઓની લડાઈ અને પ્રણય—બંને સાથેસાથે ચાલતાં હોય છે! વિદેશોમાંના ભારતીય ક્રાંતિકારો માટે આવું કંઈ કહી શકાય તેમ છે ખરું? અલબત્ત, એ વિષે કોઈ વિશેષ માહિતીઓ આપણી પાસે નથી; પરંતુ તત્કાલીન બ્રિટિશ દસ્તાવેજોએ આવી કેટલીક વાતો નોંધી છે—ખાસ કરીને જૉન કૅમ્પબેલ કીર જેવા ગુપ્તચર અધિકારીએ.

લંડનમાં શહીદ થએલા મદનલાલ તો શરૂઆતથી જ રસિક જુવાન હતા. એક વાર તો ૧૯૦૮ની આખરના એક રવિવારે 'ઇન્ડિયા હાઉસ'-માં એક ભાષણ ચાલતું હતું ત્યારે જ, રસ્તા પર પડતી ઓરડીમાં ગ્રામોફોન વગાડીને છોકરીઓને એકઠી કરેલી, ને પછી પોતે ય ગાવા માંડેલા! સાવરકરે તેમને ઠપકો આપ્યો, તો ભાઈ ૨–૩ દિવસ લગી 'ઇન્ડિયા હાઉસ'માં દેખાયા જ નહિ! 'સાવરકર લંડનમાં એક બ્રિટિશ કન્યાના પ્રેમમાં હતા એટલે જ પારી(સ)થી લંડન આવેલા' એવી વાત તેમના દુશ્મનોએ વહેતી કરેલી એમ સાવરકર ચરિત્રમાં જણાવાયું છે.

હવે આપણે પારી(સ)ના ક્રાંતિકાર સમૂહની કેટલીક વિગતો જોઇએ. તેમાં શ્યામજી-સરદારસિંહ વચ્ચેના સંબંધોમાં આવેલા સંઘર્ષમાં કંઈક અંશે કોઈ સ્ત્રીપ્રકરણ હતું એવું કેટલાકે નોંધ્યું છે. સરદારસિંહજીનાં લગ્ન ભારતમાં એક રાજપૂત કન્યા સાથે થએલાં. એ પત્ની ભારતમાં જ લીંબડીમાં રહેતાં. શ્રી રાણાનાં બીજાં લગ્ન Thérése Liszt નામની જર્મન મહિલા સાથે થયાં હતાં. આ મહિલા લંડનનિવાસી હતી. ત્યાં જ શ્રી રાણાને તેમનો પરિચય થયો, અને પછીથી પારી(સ) વ્યવસાય માટે ગયા ત્યારે તેમને સાથે લઈ ગયા અને લગ્ન કર્યાં. શ્યામજી કૃષ્ણ વર્માને આ સ્ત્રી વિષે બ્રિટિશ ગુપ્તચર હોવાની આશંકા હતી. પરિણામે થોડો સમય વિખવાદ ચાલેલો. પરંતુ, ભારતીય સ્વાતંત્ર્યના મહાન ધ્યેય સમક્ષ આ વિખવાદનું કોઈ મહત્ત્વ નહોતું. એટલે મતભેદ મનને વિચ્છેદી શક્યો નહિ; સરદારસિંહ ને શ્યામજી આજીવન અખંડ મિત્રો બની રહ્યા.

સરદારસિંહ અને શ્યામજીના મિત્ર તરીકે પારી(સ)માં રહીને ક્રાંતિ-પથના રાહી બનનાર વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાયનું જીવન પણ રોમાંચક અને સાહસિક છે. એમની એક ઘટનાએ પારી(સ)ના ક્રાંતિકોને ઠીકઠીક અરસપરસના સંઘર્ષમાં લાવી મૂકયા, એટલે તે નોંધવી જોઇએ. બંગાળ-ના આ જુવાનનાં એક બહેન તે સરોજિની નાયડુ. બીજી—જેને તે વહાલ-થી 'ગન્નુ' કહેતો—તે મૃણાલિની ચૅટરજી પણ બંગાળમાં ક્રાંતિપ્રવૃત્તિમાં મશગૂલ હતી. પારી(સ)માંથી જ્યારે શ્રીમતી કામા 'વંદેમાતરમ્' પ્રકાશિત કરતાં ત્યારે વીરેન્દ્ર પણ તેમાં હતો. પછીથી તે લંડન ગયો અને થોડાં વર્ષ સુધી—૧૯૦૧થી ૧૯૦૯ સુધી એક અંગ્રેજ કન્યા સાથે સંબંધ બાંધ્યો. પાછલાં વર્ષોમાં બંને વચ્ચે મતભેદ પડયો અને છૂટાં પડયાં. ઈ. ૧૯૧૧ની વસંતમાં વીરેન્દ્રનો એક બીજી અંગ્રેજ કન્યા કુ. રેનૉલ્ડસ સાથે પરિચય થયો. પરિચય પ્રણયમાં પલોટાયો ને બ્રસેલ્સ જઈ લગ્ન કરવાનો નિર્ણય લીધો. પણ ૧૯૧૨માં પારી(સ)માં જ તેની સાથે લગ્ન થયાં. બે વર્ષ પછી એ દાંપત્યમાં પણ તિરાડ પડી. ઘણાં વર્ષો પછી ફરી વાર અમેરિકા-ઇંગ્લૅન્ડમાં ક્રાંતિપ્રવૃત્તિ માટે વીરેન્દ્રે મેટા બ્રૂનેર, અન્ના બ્રાન્ટ અને હિલ્ડા હૉવસેન નામની મહિલાઓની સાથે પણ કામ કરેલું.

ક્રાન્તિકારીઓની આ હૃદયગત સંવેદનાઓનો સાચો આલેખ તો, એમના અણજાણ મૃત્યુની સાથે જ ગોપિત થઈ ગયો છે; પણ દરેક ક્રાંતિકારીએ આવું કોઈ ને કોઈ મમતાના ઝરણે માથું મૂક્યું હતું ખરું!

પારી(સ)-પ્રવૃત્તિને માટે આ પછી એક મોટી ઘટના બની તે સાવરકર-ની ધરપકડ. લંડનમાં તેમણે ક્રાન્તિપ્રવૃત્તિને પરાકાષ્ઠાએ પહોંચાડવા માંડી હતી, એટલે ૧૩ માર્ચ ૧૯૧૦ના રોજ તેમની ધરપકડ થઈ. તેમને ઇંગ્લૅન્ડથી ભારત લઈ જવા માટે તૈયારી થઈ. ભારતમાં તેમનું ભવિષ્ય નક્કી હતું: કાળાપાણીની સજા યા તો ફાંસી! વિનાયકને હજુ બલિદાન પૂર્વે સંઘર્ષપથ પર દોડવાની તમન્ના હતી. એક છેલ્લો સાહસિક પ્રયાસ તેમણે કર્યો યે ખરો. સ્ટીમર જ્યારે સમુદ્રની છાતી પર દોડી રહી હતી ત્યારે, ફ્રાન્સનું માર્સેલ્સ બંદર નજદીક આવતું જણાતાં સમુદ્રમાં કૂદી પડયા! આ જગતપ્રસિદ્ધ 'સમુદ્ર-ભૂસકા' પછી પણ એ મુક્ત રહી શક્યા નહિ. શ્યામજી કૃષ્ણ વર્મા અને સરદારસિંહ રાણા તેમને બચાવવા હેગ અદાલત લગી પહોંચ્યા. પણ એ પ્રયત્નોમાં નિષ્ફળતા સાંપડી. આખરે સાવરકર પર ભારતમાં મુકદ્દમો ચાલ્યો અને ઈ. ૧૯૧૦ના ડિસેમ્બરમાં બે કાળાપાણીની સજા થઈ.

પારી(સ)-સમૂહનાં થનગનતાં પાત્રો આમ વિખરાવા માંડયાં. હેમચંદ્ર દાસ અને અય્યર ભારત પહોંચ્યા હતા; સાવરકર જેલમાં હતા; લાલા હરદયાળે પારી(સ) છોડીને અમેરિકા વસવાટ કર્યો હતો. પારી(સ)-માં શેષ તણખા સમા હતા શ્યામજી ને સરદારસિંહ. અલબત્ત, સાથીઓ જે હતા ને જ્યાં કોઈ ખૂણે હતા ત્યાં શાન્ત નહોતા. પણ પારી(સ)માં પ્રવૃત્તિને કોઈ ને કોઈ અવરોધ આવતા હતા ખરા.

પારી(સ)-પ્રવૃત્તિમાં વિક્ષેપ પાડે તેવી એક ઘટના ઈ. ૧૯૧૧–૧૨માં બની. એક તરફ કાઠિયાવાડના એજન્ટ ટુ ધ ગવર્નરે લીંબડીમાં વસતા રાણા પરિવારને ચેતવણી આપી અને તેમના બધા અધિકારો પાછા ખેંચી લીધા, અને પછીના વર્ષે ૧૯૧૨માં, મે માસમાં શ્રી સરદારસિંહજી-ના પિતાજી સ્વાભાઈ રતનસિંહ રાણાની બધી મિલકત જપ્ત કરી લેવાઈ; તો બીજી તરફ પારી(સ)માં એક આપઘાતની ઘટનાએ કલહ સર્જ્યો. આ વ્યક્તિનું નામ ગોવિંદ અમીન હતું. સાવરકરે નાસિક-કાવતરા માટે જે ચતુર્ભુજ અમીનને લંડનથી નાસિક મોકલેલો તેનો એ ભાઈ થતો હતો. પરંતુ નાસિકમાં તે પકડાયો અને 'તાજનો સાક્ષી' બની બેઠો! પરિણામે લંડનની અને પારી(સ)ની પ્રવૃત્તિ વિષે બ્રિટિશરોએ ઠીકઠીક સગડ મેળવી લીધા. શરૂઆતમાં ગોવિંદ પણ લંડન હતો, પછીથી તે પારી(સ) ગયો અને શ્યામજીની 'શહીદ છાત્રવૃત્તિ' અન્વયે રકમ પણ મેળવી. ગોવિંદને શસ્ત્રોના કારખાના માટે શ્રીમતી કામા અને સરદારસિંહે પણ મદદ કરેલી. પછીથી તે આ લોકોથી છૂટો થઇને હીરા-મોતીનો વેપાર કરવા માંડયો, પરંતુ જુગારની આદતને લીધે તેણે ચોરી પણ કરી! પરિણામે સરદારસિંહે અને બાપુલાલ ઝવેરીએ ફરિયાદ નોંધાવી: ૧૭ સપ્ટેમ્બર, ૧૯૧૨ના દિને તેણે આપઘાત કરી લીધો.

આ સંઘર્ષોની વચ્ચે જ વિશ્વફલક પર યુદ્ધના ઓળા પથરાવતું ૧૯-૧૪નું વર્ષ આવી ચૂક્યું. મહાભીષણ યુદ્ધનાં એંધાણ વર્તાતાં હતાં. તેની વચ્ચે હિન્દી ક્રાંતિવીરોને બ્રિટિશ સત્તા કોઈ પ્રવૃત્તિ કરવા દે તેવી સંભાવના નહોતી. પારી(સ)ના ત્રણે તણખાઓ તેની ગરુડ નજરમાંથી હવે બચી શકે તેમ નહોતા.—તો શું કરવું?

આ યક્ષપ્રશ્નના પ્રત્યુત્તર રૂપે શ્યામજી–સરદારસિંહ–શ્રીમતી કામાના સહિયારા પુરુષાર્થને આપણે વિખૂટા પડતો જોઈએ છીએ; કેમ કે પારી-(સ)માં જીવન સલામત નહોતું, ગમે ત્યારે પકડાઇ જવાય. શ્યામજીએ સ્વિટ્ઝરલૅન્ડ જવાનું વિચારી લીધું છે એવી અફવા તો એપ્રિલમાં શરૂ

થઈ ગઈ. મહિના પછી તેમણે નિર્ણય કરી લીધો : પત્ની ભાનુમતી સાથે જિનીવા જવાનો. જિનીવામાં એક મકાન પણ ખરીદી આવ્યા; અને જુલાઈમાં વર્ષોનું કાર્યક્ષેત્ર પારી(સ) છોડયું અને જિનીવામાં સાતે, ઍવેન્યુ ડાસ નૉલાન્ડૉસમાં નિવાસ કર્યો.

પારી(સ)માં રાણા સરદારસિંહ અને શ્રીમતી કામા બંને પર આપત્તિઓનાં વાદળ ઘેરાવા લાગ્યાં. યુદ્ધનું મેદાન હવે નવી વ્યૂહરચના માગતું હતું. સરદારસિંહ તેવું કાંઈક કરવા મથી રહ્યા હતા. પહેલાં તો તેમણે ફ્રેંચ લશ્કરમાં ભારતીય દળ સાથે 'ઈન્ટરપ્રિટર' (દુભાષિયા)ની નોકરીનો પ્રયાસ કર્યો, પણ એ અફળ ગયો. પછી ત્યાં ઇંગ્લૅન્ડના પંચમ જ્યૉર્જનું આગમન થયું એ સમયે તો કટ્ટર બ્રિટિશ શત્રુનું અસ્તિત્વ જોખમકારક જ ગણાયને? એટલે એ આગમનને 'શાંતિપૂર્વક વધાવી લેવા' ફ્રેંચ સરકારે સરદારસિંહને પકડી લીધા : ૬ ઑક્ટોબરે તેમની ધરપકડ થઈ અને પછી બોર્દો (Bordeaux)ની જેલમાં ધકેલી દેવાયા.

બીજી તરફ શ્રીમતી કામા પણ 'મુક્ત પંખી' કઈ રીતે રહી શકે? પહેલી નવેમ્બર, ૧૯૧૪ના દિવસે તેમના પર 'ગુપ્ત ષડયંત્ર' માટે મુકદ્દમો ચાલ્યો. માદામ કામાએ આ મુકદ્દમામાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું : 'હું બ્રિટિશ નાગરિક નથી; હું મુક્ત હિંદી છું!' એ પહેલાં તેમણે પારી(સ)થી માર્સેલ્સ જઈને એક પંજાબી કારકુનનો સંપર્ક સાધીને નાસી છૂટવા પણ પ્રયત્ન કરેલો, પણ કારકુન માનેલો નહિ. ફ્રેંચ પોલીસે તેમને ૨૫ ઑક્ટોબરે માર્સેલ્સ છોડવા કહ્યું એટલે પાછાં વળ્યાં અને સરદારસિંહ રાણા જ્યાં રહેતા હતા તે આર્કેકન (Arcachon) ગયાં. રાણા ત્યાં નજરકેદ જેવા હતા, શીતળાના રોગમાં સપડાએલા હતા અને પત્ની તથા પુત્રને એક ગામડામાં રાખવાં પડયાં હતાં. છતાં શ્રીમતી કામાની છેલ્લે ક્ષણ સુધીની સંઘર્ષમય પ્રવૃત્તિમાં સાથ આપ્યો. અંતે તેમને પણ ૧૧ નવેંબરે બોર્દોની જેલમાં પૂરી દેવાયાં. આ બંનેને છોડાવવા માટે ઝ્યાં લૉંગેત (Jean Longuet) અને એમ. બેલેત (M. Baylet) નામના ફ્રાંસના સમાજવાદી દળના આગેવાનોએ સતત જહેમત ઉઠાવી. એમાં શ્રીમતી કામાને મુક્ત કરાવવાનો પ્રયાસ સફળ થયો, પણ નજરકેદ રાણાને સંપૂર્ણપણે છોડવા સરકાર રાજી નહોતી.

પહેલા વિશ્વયુદ્ધમાં જર્મની હારી જવાથી બ્રિટિશ-હિન્દી લશ્કરના પારી(સ)પ્રવેશે બીજી ગમે તે પરિસ્થિતિ સર્જી હોય, રાણાને માટે ખતરનાક હાલત પેદા કરી દીધી. ફ્રેંચ સરકારની સંમતિથી તેમને પુત્ર રણજિતસિંહની સાથે માર્ટિકલ ટાપુ પર લઈ જવાયા. પણ ફ્રેંચ બુદ્ધિજીવીઓએ સરદારસિંહની મુક્તિ માટે પ્રયત્નો અને દબાણ ચાલુ રાખ્યાં, અને પરિણામે ૧૯૧૫ની સાતમી જાન્યુઆરીએ તેમને માત્ર નજરકેદ રાખવામાં આવ્યા. માર્ટિકલ જેવા અણજાણ ટાપુ પર, લાકડાનું મકાન બનાવીને, શાકભાજી વેચીને ગુજરાન ચલાવી છ છ વર્ષ લગી એકાન્તિક નજરકેદ વેઠનાર આપણા ગુજરાતીની એ 'નજરકેદ-જિન્દગી'ની કષ્ટમય અને ચિન્તનશીલ ક્ષણોનો સંપૂર્ણ અધ્યાય તો હવે કઈ રીતે પ્રાપ્ત થઈ શકે તેમ છે? આ નજરકેદ દરમિયાન જ તેમના યુવાન પુત્ર રણજિતસિંહનું અણધાર્યું અવસાન નીપજ્યું. જગત-કોલાહલથી દૂર, અપરિચિત ભૂમિ પર પોતાના આ એકના એક સહારાને ય વિધાતાએ ઝૂંટવી લીધો ત્યારની સરદારસિંહના મનની વેદના અનુભવી શકાય તેવી નથી?

અંતે ઈ. ૧૯૨૦ના માર્ચમાં તે છૂટયા અને પારી(સ) આવ્યા. ત્યાં સુધીમાં તો પારી(સ) સહિત વિશ્વનું પરિવર્તન થઈ ચૂકયું હતું. કદરૂપા વિશ્વયુદ્ધે દુનિયાનો નકશો પલટાવી દીધો હતો. પણ પોતાનો દેશ હજી એવો ને એવો ગુલામ હતો, બંધન અને મુક્તિ વચ્ચે ઝોલાં ખાતો હતો. સરદારસિંહે પોતાના પ્રિય અને પરિચિત સાથીઓની શોધ આદરી. શ્રીમતી કામા પરના મુકદ્દમા અને જેલજીવન પછી તેઓ બીમાર પડેલાં. તેમની આ બીમારી શારીરિક અને માનસિક થાકની નિશાની હતી, પણ તેમનો આદર્શ તો હતી સોફિયા પેરોસ્કાયા, જેણે ઍલેકઝાન્ડર બીજાની હત્યા કરીને કારાવાસ સહીને શહાદત વહોરી લીધી હતી! ગૉર્કી સાથેના પત્રવ્યવહારમાં તેમણે એ વાત કબૂલે ય કરી હતી, અને તેની પત્રિકા 'સોબ્રેમેનિક'માં લેખ પણ લખ્યો હતો. એ ગૉર્કીની કવિતા 'બાજનું મોત'નો અનુવાદ પણ એમણે કરેલો. બીજા વિશ્વયુદ્ધ લગી શ્રીમતી કામા અને મેક્સિમ ગૉર્કી વચ્ચે પત્રવ્યવહાર ચાલુ હતો. દરમિયાન અમેરિકામાં 'ગદર ચળવળ'માં પણ તેમણે ભાગ ભજવવા માંડયો હતો. ગુજરાતીમાં પ્રસિદ્ધ થતા 'ગદર' પત્રની કેટલીક જવાબદારી તેમણે સંભાળી હતી. રશિયન સમાજવાદી પાબ્લોવિચ સાથે પણ તેમનો સંપર્ક હતો.

(ક્રમશઃ)

અનુસંધાન] પ્રાચીન સિક્કા [પૃ. ૧૮૫થી

ચાંદીનો માષ ૨ રતીનો હતો ને અર્ધ-માષનો ઉલ્લેખ આવે છે તે તો માત્ર ૧ રતીના તોલનો થાય! આટલા નાના સિક્કા હશે ખરા? સ્વ. ડૉ. વાસુદેવશરણ અગ્રવાલે આવા નાનકડા સિક્કા મળ્યા હોવાનું જણાવ્યું છે.

કુષાણોના અભિલેખોમાં 'પુરાણો'નો અને ક્ષહરાત ક્ષત્રપોના અભિલેખોમાં 'કાર્ષાપણો' અને 'સુવર્ણો'નો ઉલ્લેખ આવે છે.

ભારતીય-ગ્રીક રાજાઓના કાળમાં અહીં 'દ્રમ્મ' નામે ગ્રીક તોલ-માન પ્રચલિત થયું, જે ૬૭.૫ ગ્રેનનું હતું. પશ્ચિમી ક્ષત્રપોના ચાંદીના સિક્કા સામાન્યતઃ અર્ધ-દ્રમ્મનું તોલ-માન ધરાવે છે. ગ્રીક 'દ્રમ્મ'માંથી ગુજરાતી 'દામ' શબ્દ વ્યુત્પન્ન થયો છે. કુષાણોએ ૧૨૪ ગ્રેનના રોમન 'દીનાર'નું તોલ-માન અપનાવ્યું હતું. ગુપ્ત કાળમાં 'સુવર્ણ' અને 'કાર્ષાપણ' પ્રચલિત હતા. દ્રમ્મને 'રૂપક' પણ કહેતા. ૨૦ વિંશોપક = ૧ દ્રમ્મ ગણાતો.

જૈન સાહિત્યમાં પણ્ણિક, પાદાંક અને સાભરક નામે સિક્કાઓનો ઉલ્લેખ આવે છે. 'પણ્ણિક' એ પણ્ણિ કુલના સાસાની વંશના સિક્કાનું અને પાદાંક એ પાદ-ચિહ્ન ધરાવતા ભારતીય-સાસાની સિક્કાનું નામ લાગે છે. 'સાભરક' એ સાભરક દ્વીપનાં અર્થાત્ અફઘાનિસ્તાનના સેબિયન સિક્કાનું નામ લાગે છે. ૨ સાભરક = ૧ ઉત્તરાપથનો સિક્કો ગણાતો.

કાકિણીને 'બોડી' પણ કહેતા. 'મૃચ્છકટિક' નાટકમાં સુવર્ણ, કાર્ષાપણ અને બોડીનો ઉલ્લેખ છે. ૧ કાકિણી = ૨૦ વરાટક (કોડી) ગણાતી. બંગાળામાં રૂપિયાને 'કાહણ', આનાને 'પણ' અને પૈસાને 'બુડી' કહેતા.

શ્રીધર-કૃત 'ગણિતસાર'માં તથા તેના પરની ટીકા (ઈ. સ. ૧૩૯૩)માં સિક્કાનાં બે મુખ્ય કોષ્ટક મળે છે :

૨૦ વરાટક = ૧ કાકિણી (બોડી)	૨૦ કોડી = ૧ વિંશોપક
૪ કાકિણી = ૧ પણ	૫ વિંશોપક = ૧ લોહત
૧૬ પણ = ૧ પુરાણ (કાર્ષાપણ)	૪ લોહત = ૧ રૂપક
	૫ રૂપક = ૧ દ્રમ્મ

અલાઉદ્દીન ખલજીના સમકાલીન ઠક્કુર ફેરૂએ 'દ્રવ્ય-પરીક્ષા'માં એ સમયના સિક્કાઓનો પરિચય આપ્યો છે.

દક્ષિણ ભારતમાં ૧ ગદિયાણા(૪૮ રતી)ના સિક્કાને 'પોન', 'નિષ્ક' કે 'કળંજુ' કહેતા. એને 'માડ' કે 'માઢ' પણ કહેતા. સોનાના નાના સિક્કાને 'પણમ' ('ફણમ્') કહેતા. તાંબાના નાના સિક્કાને 'કાશુ' કહેતા.

સલ્તનતનો ૧૦૦ રતીનો ચાંદીનો 'ટંક' સૂર-મુઘલ કાળમાં 'રૂપિયા' તરીકે ઓળખાયો. 'પૈસા' શબ્દ 'પાદ-વિંશોપક'–'પાદ-વિંશક' પરથી થયો છે. પહેલાં ૧ દ્રમ્મ (રૂપક) = ૨૦ વિંશોપક = ૮૦ પૈસા ગણાતા. (ચાલુ)

પ્રાચીન સિક્કા ૫

અભિધાનો અને તોલ-માનો

લેખક • ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

ભારતમાં પ્રાચીન કાળમાં અનેક પ્રકારના સિક્કા પ્રચલિત હતા. કેટલાક પ્રાચીન ગ્રંથોમાં આપેલાં કોષ્ટકો પરથી એ સિક્કાઓનાં શાં અભિધાન (નામ) હતાં ને એનાં શાં તોલ-માન (તોલ-માપ) હતાં તે વિષે ઠીકઠીક માહિતી મળે છે.

ઋગ્વેદ સંહિતામાં 'નિષ્ક'નો ઉલ્લેખ આવે છે. બ્રાહ્મણગ્રંથોમાં નિષ્ક ઉપરાંત સુવર્ણ, શતમાન, પાદ અને કૃષ્ણલ(રતી)નો નિર્દેશ છે. પ્રાચીન બૌદ્ધ સાહિત્યમાં 'કાર્ષાપણ'નો ઉલ્લેખ વારંવાર આવે છે; વળી એ ઉપરાંત સુવર્ણ, નિષ્ક, પુરાણ, માષ અને કાકિણીનો પણ ઉલ્લેખ આવે છે. પાણિનિની 'અષ્ટાધ્યાયી'માં પણ નિષ્ક, શતમાન, કાર્ષાપણ વગેરેનો નિર્દેશ આવે છે. મહાભારતમાં યે સુવર્ણ નિષ્ક વગેરેનો ઉલ્લેખ છે.

કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં તોલ-માન માટે આવાં કોષ્ટક મળે છે:

(૧) ૫ ગુંજા (રતી) = ૧ સુવર્ણ-માષ
૧૬ સુવર્ણ-માષ = ૧ સુવર્ણ કે કર્ષ

(૨) ૮૮ ગૌર સર્ષપ = ૧ રૂપ્ય માષક
૧૬ રૂપ્ય માષક = ૧ ધરણ.

એમાં વળી પણ, અર્ધપણ, પાદ અને અષ્ટભાગ એ ચાર પ્રકારના ચાંદીના સિક્કાનો, તથા માષક, અર્ધમાષક, કાકણી અને અર્ધકાકણી એ ચાર પ્રકારના તાંબાના સિક્કાનો નિર્દેશ કરેલો છે.

મનુ, યાજ્ઞવલ્કય અને વિષ્ણુની સ્મૃતિઓમાં તોલમાનનાં આવાં કોષ્ટક મળે છે:

(૧) સોના માટે	૧૮ ગૌર-સર્ષપ = ૧ કૃષ્ણલ (રતી)
	૫ કૃષ્ણલ = ૧ માષ
	૧૬ માષ = ૧ સુવર્ણ
	૪ સુવર્ણ = ૧ પલ કે નિષ્ક
(૨) ચાંદી માટે	૨ કૃષ્ણલ = ૧ રૂપ્યમાષ
	૧૬ રૂપ્યમાષ = ૧ ધરણ કે પુરાણ
	૧૦ ધરણ કે પુરાણ = ૧ શતમાન
(૩) તાંબા માટે	૧ કર્ષ = ૧ પણ કે કાર્ષાપણ.

'અમરકોશ'માં કર્ષ માટે આવું કોષ્ટક મળે છે:

૫ ગુંજા = ૧ માષ
૧૬ માષ = ૧ કર્ષ.

– આ કોષ્ટકોના તુલનાત્મક અભ્યાસ પરથી ફલિત થાય છે કે

(૧) સોનાનો તથા તાંબાનો માષ ૫ રતીનો હતો, જ્યારે ચાંદીનો માષ ૨ રતીનો ગણાતો. આ વિષમતા ચાંદીની અછતને લઈને હતી.

(૨) દરેક ધાતુમાં મુખ્ય સિક્કો ૧૬ માષનો હતો. ૧૬ માષનો સોનાનો સિક્કો 'સુવર્ણ' કહેવાતો, ચાંદીનો સિક્કો 'ધરણ' કે 'પુરાણ' કહેવાતો, અને તાંબાનો સિક્કો 'પણ' કે 'કાર્ષાપણ' કહેવાતો. સુવર્ણ અને કાર્ષાપણ ૮૦ રતીનો હતો, જ્યારે ધરણ ૩૨ રતીનો હતો.

(૩) નિષ્ક ૪ સુવર્ણનો અર્થાત્ ૩૨૦ રતીનો સોનાનો સિક્કો હતો, જ્યારે શતમાન ૧૦ ધરણનો અર્થાત્ ૩૨૦ રતીનો ચાંદીનો સિક્કો હતો.

આમ ભારતનો સહુથી પ્રાચીન સિક્કો–નિષ્ક ૩૨૦ રતીનો તોલ ધરાવતો. શતમાન પણ તેટલો તોલ ધરાવતો. 'શતમાન' એટલે તો ૧૦૦ એકમના માન(તોલ-માન)નો સિક્કો. આ પરથી કેટલાકે એને ૧૦૦ રતીના તોલનો સિક્કો માનેલો, પરંતુ ખરી રીતે એ ૩૨૦ રતીના તોલનો છે.

તો એ 'શતમાન' શાથી કહેવાતો હશે? એના સોમા ભાગના તોલનું એકમ તો ૩.૨ રતીનું થાય. એ એકમ શા પરથી પ્રયોજાયું હશે? પ્રાચીન કાળમાં તોલનાં નાનાં એકમ સર્ષપ (સરસવ), કૃષ્ણલ–રક્તિકા (રતી), યવ (જવ), માષ (અડદ) વગેરે કુદરતી ધાન્ય કે ફળના સરેરાશ તોલ પરથી પ્રચલિત થયાં હતાં. જેમ ઉત્તર ભારતમાં રતીનું એકમ લોકપ્રિય હતું, તેમ દક્ષિણ ભારતમાં મંજાડીનું એકમ સહુથી વધુ પ્રચલિત હતું. ૧૦ મંજાડીના તોલનું 'કળંજુ' નામે તોલ-માન હતું, જે ૩૨ રતીભાર જેટલું હતું. મંજાડી અને કળંજુ એ બંને દક્ષિણ ભારતનાં પરિચિત બી હતાં, જેના પરથી તેના સરેરાશ તોલનાં બે માપ પ્રચલિત થયાં. ઉત્તર ભારતની 'રતી'ની તુલનામાં ૧ મંજાડી = ૩.૨ રતી અને ૧ કળંજુ = ૩૨ રતી થાય છે.

વેદ સાહિત્યમાં સહુથી પ્રાચીન ઉલ્લેખ નિષ્કનો આવે છે ને તેનો તોલ આ એકમો પર આધારિત હતો. 'શતમાન' નામ પણ ૧૦૦ મંજાડીના તોલનો અર્થ દર્શાવે છે. વળી ચાંદીનો સિક્કો ૩૨ રતીનો હતો તે પણ ૧ કળંજુનો તોલ ધરાવતો. 'ત્રિંશત્ક'માં આવાં ૩૦ અને 'વિંશતિક'માં આવાં ૨૦ એકમનો તોલ અભિપ્રેત હશે.

સ્મૃતિઓમાં 'શતમાન'ને ચાંદીનો ગણાવ્યો છે, પરંતુ શતપથ બ્રાહ્મણમાં શતમાન સોનાનો ય હોવાનું જણાવ્યું છે. એ અનુસાર નિષ્ક અને સોનાનો શતમાન સરખા ગણાય. એ ગ્રંથમાં જનક રાજા અને યાજ્ઞવલ્કયના પ્રસંગમાં જે સર્વોત્તમ બ્રાહ્મણ હોય તેને ૧,૦૦૦ ગાયો મળે, જે દરેક ગાયના એકેક શીંગડા પર ૧૦ 'પાદ' બાંધેલા હતા. અહીં 'પાદ' એટલે ૧/૪ તોલમાનનો સિક્કો એવું અભિપ્રેત છે.

ચાંદીના સિક્કાઓમાં શતમાન, અર્ધ-શતમાન અને પાદ-શતમાન પ્રચલિત હતા. પાદ–શતમાનના અર્ધા મૂલ્યના સિક્કાને 'શાણ' કહેતા. પાદ-શતમાન ૮૦ રતીનો અર્થાત્ ૧ કર્ષનો હતો, ને શાણ ૪૦ રતીનો હતો. આગળ જતાં શાણ ૩૨ રતીનો, ૨૪ રતીનો ને ૨૦ રતીનો ય ગણાતો થયો.

૧ રતીનો સરેરાશ તોલ ૧.૮૩ ગ્રેન ગણાય છે. એ અનુસાર સોનાનો સુવર્ણ તથા તાંબાનો કાર્ષાપણ ૮૦ રતી = ૧૪૬.૪ ગ્રેનનો અને ચાંદીનો ધરણ કે કાર્ષાપણ ૩૨ રતી = ૫૮.૫૬ ગ્રેનનો ગણાય. 'પણ' કે 'કાર્ષાપણ' ચાંદીનો ય હોતો ને તે ૧ કર્ષ = ૩૨ રતીના તોલનો હતો. પરંતુ આગળ જતાં એ શબ્દ તાંબાના સિક્કા માટે પણ વપરાતો. બંને ધાતુઓમાં ૧ પણ = ૧૬ માષ ગણાતા. આથી સિક્કાઓમાં પણ, અર્ધપણ, પાદ-પણ કે ચતુર્માષક, અષ્ટભાગ-પણ કે દ્વિમાષક, માષ, અર્ધ-માષ, પાદ-માષ કે કાકિણી, અને અર્ધ-કાકિણી એવાં મોટાંનાનાં તોલ-માન પ્રચલિત હતાં. (આ ૧ પણ = ૧૬ માષ અને ૧ માષ = ૪ કાકિણી બ્રિટિશકાલના ૧ રૂપિયા = ૧૬ આના અને ૧ આનો = ૪ પૈસાની યાદ આપે છે.)

'અમરકોશ'નો ટીકાકાર ક્ષીરસ્વામી ચાંદીના ૧ કર્ષ તોલના સિક્કાને 'કાર્ષાપણ' અને તાંબાના તેટલા તોલના સિક્કાને 'પણ' કહે છે. આ પરથી આગળ જતાં ૧૬ પણ = ૧ કાર્ષાપણ મનાયું.

કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં તો ચાંદીના મુખ્ય સિક્કાને 'પણ' ને તાંબાના મુખ્ય સિક્કાને 'માષક' કહ્યો છે. તાંબાના માષકને ય 'પણ' કહેતા ને તેનું મૂલ્ય ચાંદીના કાર્ષાપણના ૧/૧૬મા ભાગનું ગણાતું. મૂલ્યના અર્થમાં એ 'માષક' કહેવાતો; તોલમાં તો એ ૧ કર્ષ(૮૦ રતી)નો હતો. નહિ તો ૫ રતીભારના ય માષકના આઠમા ભાગની અર્ધ-કાકિણી ૫/૮ રતીભારની થાય!

શતમાન, ધરણ અને માન—એમાં ૧૦૦, ૧૦ અને ૧ એકમનાં તોલ-માન રહેલાં છે. 'માન'ને દક્ષિણ ભારતમાં 'કૃણુમ' કહેતા. ઉત્તર ભારતમાં ધરણનું તોલ-માન ધરાવતા ચાંદીના સંખ્યાબંધ પ્રાચીન સિક્કા મળ્યા છે. દક્ષિણ ભારતમાં કળંજુ તોલના પ્રાચીન 'પોન' (સુવર્ણ) મળે છે. ચાંદીના ઉપલબ્ધ પ્રાચીન સિક્કાઓમાં કાર્ષાપણ (ધરણ), અર્ધ-કાર્ષાપણ અને પાદ-કાર્ષાપણનાં તોલમાન બંધ બેસે છે. (અનુ.પૃ. ૧૮૪)

કલાવાર્તા

પશ્ચિમ ભારતીય કલા

ડૉ. મોતીચન્દ્ર

રાજસ્થાન અને ગુજરાત સાથેના પશ્ચિમ ભારતનું આગવું સ્થાપત્ય અને મૂર્તિવિધાન પ્રસિદ્ધ છે, પણ ગુપ્તયુગ અને તે પછીની ચિત્રકલાનાં પ્રમાણ સુલભ નથી; કારણ મંદિરો અને રાજપ્રાસાદોમાં બનેલાં ચિત્રો કાલાન્તરે મોસમી ખરાબી અને વિવિધ શત્રુઓનાં આક્રમણોમાં પડેલી તોડફોડમાં નષ્ટ થઈ ગયાં હશે. પરંતુ મધ્યકાલીન પશ્ચિમ ભારતીય ચિત્રકળામાં રેખાઓની તીક્ષ્ણતા, બહાર પડતી પાછલી આંખ, દેહવળોટમાં એક વિચિત્ર પ્રકારનો વળાંક, ઊભરતી છાતી, હાથપગની આંગળીઓની વિચિત્રતા તથા દેહપ્રમાણનો અભાવ અને મૌલિક રંગોની વ્યંજના આગળ તરી આવે છે. પણ ચિત્રકળામાં આ તો પરંપરિત પ્રયોગ છે. અજંતાનાં કેટલાંક ચિત્રોમાં તીક્ષ્ણ રેખાઓ અને બહાર પડતી પાછલી આંખ જોવા મળે છે; અને ઈલુરાનાં ચિત્રોમાં તો આ લક્ષણો સ્પષ્ટ રૂપે પરખી શકાય છે.

બારમી સદીનાં પશ્ચિમ ભારતીય તાડપત્રો તેમજ હસ્તલિખિત ગ્રંથોને સાચવવા તેનાં પૃષ્ઠોની ઉપરનીચે બાંધવાનાં કાષ્ઠ-આવરણો (પૂઠાં જેવાં પાતળાં પાટિયાં) પર આલેખાએલાં ચિત્રોમાં આ શૈલી જોવા મળે છે. 'નિશીથચૂર્ણું' (ઈ. ૧૧૮૦)માં ચિત્રિત અપ્સરાઓ એક વિકસિત રેખાશૈલી દર્શાવે છે. ઈ. ૧૧૨૭માં લખાએલા 'જ્ઞાનસૂત્ર' તથા અન્ય અંગના તાડપત્રી ગ્રંથમાં ચિત્રિત મહાવીર ને સરસ્વતીની આકૃતિઓમાં નોકદાર રેખાઓ છતાં એમાં કંઈક ગોળાઈ લાવવાનો પ્રયાસ જોવા મળે છે લાલ પશ્ચાદ્ભૂ, અણિયાળાં અંગ, પીતરંગી દેહ તથા જડ અને રૂઢિગત દેહઆકાર આ શૈલીની લાક્ષણિકતા છે.

'ત્રિષષ્ઠિ-શલાકા પુરુષ ચરિત', 'શ્રાવકપ્રતિક્રમણ ચૂર્ણિ', 'કાલકાચાર્ય કથા' વગેરે તેરમી સદીની સચિત્ર કૃતિઓ છે, પણ ઈ. ૧૨૮૮માં ચિત્રિત 'સુબાહુ કથા'નાં ચિત્રોમાં કેવળ મૂર્તિશાસ્ત્રના આધારે કરેલાં માનવપાત્રોના બદલે પ્રકૃતિ તથા પશુઓનું પણ થોડું આલેખન ઉમેરાએલું છે. છતાં તેમાં યે રેખાની પ્રધાનતા ને લાલ પૃષ્ઠભૂ તો છે જ. જેસલમેર ભંડારની તેરમી સદીના આખરની તાડપત્રીઓ પરનાં ચિત્રોમાં સીમિત વિસ્તારમાં યે ચિત્રકારોએ ચૌદ સ્વપ્નો, તેના ફલાદેશ ડિમ્બ-પરિવર્તન, જન્મોત્સવ, વિવાહ, પાર્શ્વનું કમઠ પાસે જવું, સર્પરક્ષા ઈત્યાદિ જેવા કથાપ્રસંગો આલેખ્યા છે, જે આગળ જતાં રૂઢિગત બની રહ્યાં. આ નવી શૈલી અમદાવાદની ઊજમ ફોઈ ધર્મશાળામાંના 'કલ્પસૂત્ર' અને 'કાલકાચાર્ય'ના ચિત્રિત ગ્રંથોમાં બહુ સ્પષ્ટપણે જોવા મળે છે.

પરંતુ બારમી સદીની પશ્ચિમ ભારતીય ચિત્રશૈલીનું વિકસિત દર્શન તો જેસલમેરના જ્ઞાનભંડારમાંથી મળેલાં ચિત્રિત પૂઠાંમાં થાય છે. એ ચિત્રની પૃષ્ઠભૂમિ સાદી છે ને જમીન તથા આકાશ અલગ બતાવવાનો કોઈ પ્રયત્ન કરેલો નથી; પણ ચિત્રમાં અંતર ઊંડાણ દર્શાવવા આકૃતિઓને નાની કરીને બતાવી છે. પરંતુ વિશેષ તો આ ચિત્રોમાં નર્તકીઓનાં અંગસંચલનમાં ગતિ પ્રકટ થાય છે. જો કે દેહના આલેખનમાં અણિયાળાપણું છે પરંતુ શરીરમાં જડતા નથી અને પાછલી આંખ પણ બહુ બહાર પડતી નથી. રેખા અને રંગપૂરણીની શૈલીનું આ ચિત્રોમાં અપૂર્વ સંમિશ્રણ છે એ આ ચિત્રોનું વિશેષ મહત્ત્વ છે. તત્કાલીન મૂર્તિકલા સાથે આ ચિત્રણોને નજીકનો સંબંધ હશે એમ આ ચિત્રો જોતાં લાગે છે. જોકે નર્તકીઓનાં આલેખનમાં દેહની ગોળાઈ દર્શાવવા રંગનો પ્રયોગ કર્યો છે, અને લડતા સૈનિકોની રજૂઆતમાં એક ગતિ પણ જોવા મળે છે જે પ્રાચીન જૈન ચિત્રોમાં મળતી નથી.

જેસલમેરમાં મળેલાં પૂઠાં પરનાં ચિત્રોમાં કંચુક, મુકુટ અને દુપટ્ટાધારી ચંદનવર્ણી પુરુષો, અને ચોળી, સાડી તથા શાલ પહેરેલી સ્ત્રીઓ ચિત્રિત છે. આમાં યે પૃષ્ઠભૂમિ લાલ ને રેખાઓ નોકદાર પણ ઘડાએલી છે. વળી, બારમી સદીનાં ચિત્રોમાં માત્ર જૈન દશ્યો જ નથી, પણ તે શોભનાલંકારોથી પણ સજ્જિત છે. અજંતાની પદ્મલતા સાથે સરખાવી શકાય તેવી સુંદર મકરમુખમાંથી ઉદ્ભવતી કમળવેલો ઉપરાંત હંસ, જિરાફ ને ગેંડાનાં આલેખનો પણ તેમાં છે.

ચૌદમી સદીમાં ગ્રંથલેખન અને ચિત્રાંકન માટે કાગળ વપરાતો થયો, છતાં તેનાં પૃષ્ઠોનો આકાર તો તાડપત્રનાં લાંબી પટ્ટી જેવાં પૃષ્ઠો સમાન જ રહ્યો. મતલબ કે આ નવી સામગ્રી મળ્યા છતાં ગ્રંથકારો તાડપત્રની અસરમાંથી



'કાલકાચાર્ય કથા'નાં બે ચિત્રો: (ઉપર) ૧૪૩૦–૧૪૪૦ની માંડૂની એક પ્રતમાંથી, જેમાં સુલતાની અસર છે. ડાબી બાજુ: ૧૪મી સદીના અંતભાગની ગુજરાત શૈલીની એક પ્રતમાંથી.







મહાવીર-જન્મનાં બે ચિત્રો. ઉપરનું ચિત્ર માંડૂના 'કલ્પસૂત્ર' (ઈ. ૧૪૩૯)માંનું છે. સ્થાનીય પ્રભાવને કારણે માંડૂનાં ચિત્રોમાં તત્કાલીન ગુજરાતનાં ચિત્રો કરતાં અધિક ચારુતા છે. દેહઘાટ વધુ સપ્રમાણ હોઈ એમાં સ્ત્રી-પુરુષ પાત્રોની ઓળખ પણ વધુ સ્પષ્ટ છે. આ ચિત્રોમાં લાલ, ગુલાબી, નીલો, લીલો, પીળો, જાંબલી, સફેદ અને કાળો રંગ વપરાવા સાથે સોનેરી રંગનો જરૂર પૂરતો અને મર્યાદિત ઉપયોગ થયો હોઈ એનું રંગવિધાન વધુ વૈવિધ્યવાળું લાગે છે. જમણી બાજુનું ચિત્ર જોનપુરના 'કલ્પસૂત્ર' (ઈ. ૧૫૯૫)માંથી લીધેલું છે. એ સમયનાં અહીંનાં ચિત્રોમાં આકૃતિઓની આલેખના વધુ પ્રૌઢી પ્રાપ્ત કરતી જણાય છે. આગળ જતાં પ્રાચીન રાજસ્થાની ચિત્રોમાં તે વધુ વિકસિત થએલી જોવા મળી છે.

મુક્ત થયા નહોતા. પણ કલ્પસૂત્ર અને કાલકાચાર્ય-કથાની અનેક હસ્તપ્રતો જોતાં જણાય છે કે એ યુગમાં ચિત્રકારોએ ચિત્રની રેખાઓ ને રંગમાં સુચારુતા લાવવા તથા વસ્ત્રો વગેરે પર શોભનાકૃતિઓ સ્પષ્ટરૂપે આલેખવાનો પૂરો પ્રયાસ કર્યો છે. વળી, એ સમયમાં સોનેરી ને ઘેરા વાદળી રંગનો પ્રયોગ પણ છૂટથી થયો છે એટલું જ નહિ, પણ પંદરમી શતાબ્દીમાં તો આ રંગ એટલા બધા વપરાયા છે કે એથી ધનાઢ્યતા ભલે પ્રદર્શિત થતી હોય પણ સુરુચિ દેખાતી નથી. કાલકાચાર્ય-કથાનાં ઘણાં ચિત્રોમાં વિદેશી શકોનું પણ આલેખન છે. એ પાત્રોનું વિદેશીપણું દર્શાવવા ચિત્રકારોએ તત્કાલીન તુર્કો પરથી આધાર લીધો છે. આ રીતે સુલતાન યુગમાં સર્વ પ્રથમ ઈરાની ચિત્રકલાના આધારે એક નવા આકારની કલ્પના થઇ જે પંદરમી સદીમાં વધુ વિકસિત રૂપે જોવા મળે છે.

આ પંદરમી સદી પશ્ચિમ ભારતીય ચિત્રકલાની દૃષ્ટિએ વિશેષ મહત્ત્વની છે. એ સમયમાં આ ચિત્રકળાએ અનેક કલાત્મક વળાંકો લીધા. ચૌદમી સદીની આખરમાં ભારતીય ચિત્રકલા પર ઈરાની પ્રભાવ પડવા લાગ્યો હતો એ ખરું, પણ અહીંની ચિત્રકળાની પ્રગતિ પર એની કોઈ વિશેષ અસર નહોતી. ધાર્મિક ચિત્રાલેખનોમાં વિદેશી આકૃતિઓને સ્થાન નહોતું. માળવામાંથી મળેલી ઇ. સ. ૧૪૪૦ની કલ્પસૂત્ર તથા કાલકાચાર્યની પ્રતોમાં રંગ અને રેખામાં સૂક્ષ્મતા આણવાનો પ્રયત્ન દેખાઈ આવે છે. પેલો સોનેરી ને વાદળી રંગનો પ્રયોગ કદાચ ઈરાની પ્રભાવનો દ્યોતક પણ હોઈ શકે. માંડૂના ગ્રંથોની ચિત્રશૈલીમાં સ્થાનીય પ્રભાવ પણ ઝિલાયો છે. આથી તત્કાલીન ગુજરાતનાં ચિત્રો કરતાં એ ચિત્રો અધિક સુચારુ જણાય છે. એમાં પાત્રોના દેહવળોટ સારા આલેખાયા છે. પશ્ચિમભારતીય ચિત્રોમાં સ્ત્રી-પુરુષનું આલેખન એકસરખું લાગતું હતું, પણ માંડૂનાં ચિત્રોમાં સ્ત્રીદેહ સ્પષ્ટ છે. વળી, એમાં લાલ, ગુલાબી, નીલો, લીલો, પીળો, જાંબલી, સફેદ ને કાળો રંગ પણ વપરાયો છે. સોનેરી માત્ર આભૂષણો ને અમુક અંશે રાચરચીલાના આલેખનમાં મર્યાદિત છે. હાથી ઘોડાનું આલેખન પણ તેમાં છે.

દેવશાના પાડાના કલ્પસૂત્ર અને કાલકાચાર્ય કથાના ચિત્રિત ગ્રંથો, જે કદાચ ઈ. ૧૪૭૫ના છે, તે જોતાં લાગે છે કે પશ્ચિમ ભારતીય ચિત્રકારોએ ઈરાની ચિત્રકળાનાં કેટલાંક તત્ત્વો સ્વીકારી લીધાં છે. માંડૂ અને જોનપુરના ચિત્રકારોએ કદાચ ઈરાની ચિત્રો જોયાં છે અને બહુ સીમિત અંશોમાં એના આધારે પોતાની કલાને પ્રૌઢી આપવા પ્રયાસ કર્યો છે. પણ દેવશાના પાડાના ગ્રંથોમાં, ખાસ કરી કાલકાચાર્યકથામાં તો મોકળે હાથે ઈરાની આકાર-આકૃતિઓનો આધાર લીધો છે. એમાં કેવળ ઈરાની ચિત્રોના આધારે જ ઓળખાય એવું ઘણું આલેખન છે. સંભવ છે કે એમની સમક્ષ કોઈ સચિત્ર ઈરાની ગ્રંથ અવશ્ય હશે. વળી, વનમાં વરસતાં વાદળો, સમુદ્રમાં તરતી નૌકાઓ, વૃક્ષ પર કૂદાકૂદ કરતાં પક્ષી-પ્રાણીઓ, સ્નાનરત નરનારી વગેરેનાં અનેક ચિત્રો પંદરમી સદીના ગુજરાતના જીવનનો ખયાલ આપે છે. પણ છતાં એના ચિત્રકારોએ ઈરાની કલાની કેવળ નકલ ન કરતાં એના કલાતત્ત્વને આગવી રીતે પ્રયોજ્યું છે.

પશ્ચિમ ભારતીય જૈન ચિત્રકળા કેવળ જૈનોમાં જ સીમિત ન રહેતાં વૈષ્ણવોમાં પણ પ્રસરી જ હતી. પંદરમી સદીના બીજા ભાગમાં ચિત્રિત 'ગીતગોવિંદ' ને 'બાલગોપાલ સ્તુતિ'-ની ચિત્રશૈલી પશ્ચિમ ભારતીય તો છે જ, પણ એની આકૃતિઓમાં એક અજબ ગતિ છે જે રૂઢિગત જૈન ચિત્રકળામાં જણાતી નથી.

પંદરમી સદીના મધ્યમાં 'વસંત-વિલાસ'નાં ચિત્રો દ્વારા પશ્ચિમ ભારતીય ચિત્રકળાએ એક નવો વળાંક લીધો. એમાં રૂઢિગત પ્રાચીન ધાર્મિક જૈન કળાનું કલાકૌશલ તો છે જ, પણ એનું



અમદાવાદના દેવશાના પાડાના ભંડારમાં સંઘરાએલી 'કલ્પસૂત્ર'ની એક પ્રતનું પૃષ્ઠ. ઈ. ૧૪૭૫ આસપાસના સમયની આ તથા અન્ય કૃતિઓમાં ઈરાની કલાતત્ત્વોનો પ્રભાવ વ્યક્ત થાય છે. પાત્રાલેખનથી અતિરિક્ત આલેખનામાં તથા અલગ ચીતરાએલાં પ્રાકૃતિક દૃશ્યાલેખનોમાં એ જોવા મળે છે. ગ્રંથના લખાણ સાથે પણ શોભનો વધેલાં છે. માંડૂ જૌનપુરના ચિત્રકારોએ ઈરાની ચિત્રો જોયાં હશે ખરાં, પણ દેવશાના પાડાના ચિત્રકારો પાસે અવશ્ય કોઈ ઈરાની ચિત્રના નમૂના હશે, પોતાની ચિત્રકલામાં એમણે એમાંથી ઠીકઠીક પ્રેરણા લીધી લાગે છે. વાદળ, વૃક્ષો, ખેલકૂદ કરતાં પક્ષીઓ અને કેવળ ઈરાની ચિત્રસંદર્ભથી જ સમજાય એવા કેટલાક શોભન આકારો વગેરેનું આલેખન એ ઈરાની પ્રભાવ જ દર્શાવે છે. પણ આ છતાં અહીં ચિત્રકાર નકલખોર બન્યો નથી. ઈરાની કલાતત્ત્વોને એણે આગવી રીતે જ પોતાની કલામાં પચાવ્યાં છે.

ભાવસ્વરૂપ તદ્દન ભિન્ન છે. એમાં વસંતવર્ણન અને પ્રેમયુક્ત નરનારી તથા નવ પ્રફુલ્લિત પ્રકૃતિનું આલેખન છે.' ઈ. ૧૪૫૧માં અમદાવાદમાં આ ચિત્રો આલેખાયાં છે. ધાર્મિક ભાવનાથી ગ્રંથો એકઠા કરવા ઉપરાંત અહીં ચંદ્રપાલ જેવા સાહિત્યરસિક શ્રેષ્ઠીઓ પણ હતા જેઓ અનેકવિધ ગ્રંથોની નકલ ઉતારવા ને નવા ગ્રંથો લખવા-ચીતરવા અનેક માણસોને પોષતા હતા. 'વસંતવિલાસ' કદાચ આવા પુરસ્કારનું પરિણામ હશે

'વસંતવિલાસ'માં લેખન અને આલેખન માટેની જગ્યા નિશ્ચિત કરી દીધેલી છે. ચિત્રો માટેનો લાલ, પીળો કે સોનેરી પશ્ચાદ્ભૂવાળો વિસ્તાર ધનિક જીવનનાં દ્યોતક આકાર-આકૃતિઓથી ભરેલો છે. પણ એની વિશેષતા તો પ્રાચીન ચિત્રશૈલીની કઠોરતા દૂર કરવામાં તથા વસ્તુવિષય સાથે એનો સમન્વય સાધવામાં છે. ત્યાર બાદ 'વસંતવિલાસ'ના પ્રભાવ તળે 'નલ-દમયંતી કથા' તથા 'માધવાનલ–કામકન્દલા'નાં ચિત્રો પણ એ જ પ્રકારે આલેખાયાં.

પશ્ચિમ ભારતીય ચિત્રકળાના આગવાપણાને કેટલાક સ્વીકારે છે તો કેટલાક નથી કબૂલતા. 'જૈનશૈલી', 'ગુજરાતી શૈલી' કે 'અપભ્રંશ શૈલી'ના નામે ઘણા એને ઓળખાવે છે. એ ખરું કે આ શૈલીનાં અધિકતર ચિત્રો પશ્ચિમ ભારતમાં જ મળે છે, અને કદાચ આ શૈલી અહીં જ ઉદ્ભવી અને અન્યત્ર પ્રસરી એમ પણ માની લઈએ, પરંતુ બહાર પડતી પાછલી આંખ જેવાં એનાં કેટલાંક લાક્ષણિક અંગ બારમી સદીની નેપાળ ને બંગાળની ચિત્રશૈલીમાં પણ જોવા મળે છે, એટલું જ નહિ, છેક બર્માના પગાન પાસેનાં ભીંતચિત્રોમાં પણ એ જોવા મળે છે. સંભવ છે કે ગુજરાતી વ્યાપારીઓની સાથે એ શૈલી ત્યાં પહોંચી હશે. જૌનપુરના પંદરમી સદીના કલ્પસૂત્રની ચિત્રણા, આ શૈલી પૂર્વ ભારતમાં કોઇ ને કોઈ રૂપે વિદ્યમાન હતી એમ દર્શાવે છે. કેમ્બ્રિજ યુનિવર્સિટી લાયબ્રેરીમાં સંગૃહીત બૌદ્ધ ગ્રંથ 'કાલચક્રતન્ત્ર'નાં પૂઠાં પર ચિત્રિત જાતકકથાનાં ચિત્રોમાં પણ બહાર નીકળતી પાછલી આંખ, અણિયાળું નાક, બેવડી ચિબુક, નોકદાર રેખા વગેરે પશ્ચિમ ભારતીય લાક્ષણિકતાઓની અસર સ્પષ્ટ વરતાય છે. આ ગ્રંથ ઈ. ૧૪૪૬માં આરા (બિહાર)માં રચાએલો છે. કાશી સ્થિત હૌદીગ્રામમાં ઈ. ૧૪૫૫માં રચાએલો 'કારકાણ્ડવ્યૂહ' નામક બીજો એક ગ્રંથ પણ ત્યાં છે, જેનાં પૂઠાં પરનાં ચિત્રોમાં પણ પશ્ચિમ ભારતીય શૈલીની અસર સ્પષ્ટ છે. આ પરથી કહી શકાય કે ધીરેધીરે પાલ શૈલીને સ્થાને પ. ભારતીય શૈલી ત્યાં પ્રસરી ગઈ હતી.

આમ, નવી માહિતીપ્રદ સામગ્રીઓ પ્રાપ્ત થતાં પશ્ચિમ ભારતીય શૈલી કેવળ સ્થાનિક ચિત્રશૈલી નહિ, પણ બારમીથી પંદરમી સદી દરમિયાન સમગ્ર ઉત્તર ભારતમાં પ્રસરિત એક ચિત્રશૈલી હોવાનું જણાય છે. વળી, શ્વેતાંબર જૈન ગ્રંથોમાં જ નહિ, દિગમ્બર જૈન ગ્રંથોમાં પણ એનો પ્રસાર જોવા મળે છે. 'દિગમ્બર મહાપુરાણ' ને 'યશોધર-ચરિત' એનાં ઉદાહરણો છે.

આગળ જતાં સોળમી સદીમાં આ પશ્ચિમ ભારતીય ચિત્રશૈલીનાં અમુક અંગો અપનાવીને તથા અમુક ત્યજીને ચિત્રકળાએ નવો વળાંક લીધો. રેખાઓની તીક્ષ્ણતા ઠીકઠીક ઘટી ગઈ, પાછલી બહારપડતી આંખ તો તદ્દન વર્જિત બની ગઈ, પશુપક્ષી ને વૃક્ષોનાં આલેખનોમાં પરંપરિત જડતાના સ્થાને કંઈક સજીવતા આવી, સોનેરી વગેરે રંગોનું આયોજન સંપ્રયોજન બન્યું ને સામાજિક પાસાંને પણ ચિત્રણામાં સ્થાન મળ્યું. દેશી શૈલીની મર્યાદામાંથી નીકળી એણે માર્ગીય શૈલીના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો, જેમાં તત્કાલીન ઈરાની શૈલીનાં અમુક અંગો બેધડક અપનાવાયાં, ને પરિણામે ભાવિ મુઘલ શૈલી માટે પૂર્વભૂમિકા રચાઈ. બીજી બાજુ જનસામાન્યમાં એનું દેશી સ્વરૂપ પણ જારી હતું જેનું એક બહુ સુંદર સ્વરૂપ 'ચોર-પંચાશિકા'માં જોવા મળે છે. આ નવા વિકાસ ને પ્રગતિએ રાજસ્થાની ને મુઘલ શૈલીનો પાયો નાખ્યો.

પશ્ચિમ ભારતીય શૈલીની આલોચનામાં એ લક્ષમાં રાખવું જરૂરી છે કે આ શૈલી ધર્માવલંબી હતી. એમાં પોતાની આગવી પ્રતિભા દાખવ-

ચાની કલાકારોને બહુ ઓછી તક હતી. નિશ્ચિત પરિપાટીમાં અમુક જ ચિત્રવિષય એમને આલેખવાના હતા. પરિણામે કલાવિકાસને અવરોધક એવી એકરૂપતા તેમાં આવી ગએલી, જે પંદરમી સદીના ચિત્રકારોએ ઈરાની ચિત્રોની અસર તળે, પણ આગવી રીતે ધીરેધીરે નવાં શોભન તત્ત્વો ઉમેરીને દૂર કરીને કાળાંતરે આ શૈલીને નવો વળાંક આપ્યો. નવા ચિત્રવિષયો પણ ઉમેરાયા અને પરંપરિત રૂઢિગતતા છૂટતી ગઈ. આ રીતે જોઈએ તો પશ્ચિમ ભારતીય ચિત્રશૈલીએ એ યુગમાં નિશ્ચિતપણે પથદર્શકનું એવું કાર્ય કર્યું છે કે જેના વિના ભારતીય કલાનો ત્યાર પછીનો વિકાસ સંભવિત નહોતો જ. □

(ઈ. સ. ૧૯૭૨માં પોરબંદર ખાતે લેખકે આપેલા 'રાજરત્ન શ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા સ્મારક વ્યાખ્યાન' પરથી તારવીને)




ડૉ. ઉમાકાન્ત શાહના મંતવ્ય પ્રમાણે ગુજરાતની ચિત્રકળાનો જૂનામાં જૂનો નમૂનો. મુનિશ્રી પુણ્યવિજયજીના સંગ્રહની, તાડપત્રની પોથીના રક્ષણ માટેની લાકડાની પાટલી પરની આ ચિત્રણા છે. ઈ. ૧૦૩૦થી ૧૦૬૦ના ગાળાના મનાતા આ ચિત્રાલેખનમાં ઉપરની તીર્થંકરની (બંને) બાજુના નર્તકો આદિના વક્ષપ્રદેશ, ૧૧મી સદીના સોમનાથ પાટણનાં શિલ્પોને મળતા છે. એની ચિત્રણામાં હજી કલ્પસૂત્રાદિની ચિત્રણા જેવી ખૂણિયાવાળી ઝડપી અપભ્રંશ શૈલીએ પ્રવેશ કર્યો નથી. નર્તકોની અંગછટાના આલેખનમાં હજી અજંટાની રેખાની પ્રવાહિતા છે.

પશ્ચિમ ભારતીય

ગુજરાતી ચિત્રકલા

અજંટાની ગુફાનાં ચિત્રોની શૈલી જ ઉત્તરે માળવામાં આવેલી બાઘની ગુફાઓમાંનાં ચિત્રોમાં છે. માળવા એક કાળે ગુજરાતનો સંબંધી પ્રાંત હતો, એટલે ઉત્તર-દક્ષિણ છેડે વ્યાપ્ત એ ચિત્રકળાની સળંગસૂત્રતા વચ્ચે ગુજરાતમાં હોય સ્વાભાવિક છે. પણ ગુજરાત એ સપાટ મેદાનોનો પ્રદેશ હોવાથી આક્રમણો તેમજ કાળના ઘસારા સામે ચિત્રકળાની એ પ્રાચીન પરંપરાના અવશેષો ભૂંસાઈ ગયા હશે.

બીજી બાજુ જૈન ગ્રંથભંડારોમાં સચવાએલી પોથીઓનાં ચિત્રો પ્રકાશમાં આવ્યાં હતાં. આરંભમાં જૈન ચિત્રકલા તરીકે જ એ ઓળખાતાં; પણ ચારેક દાયકા પર ઈલુરાની ગુફામાંનાં ભિત્તિચિત્રોની જાણ થઈ ત્યારે આઠમી-



અજંટામાંથી ઈલુરા દ્વારા નિર્માણ પામેલી, અરધા ચહેરામાં પણ બહાર પડતી બીજી તરફની આંખ અને અણિયાળા નાકવાળી ગુજરાતી ચિત્રશૈલી. મથાળેથી (૧) અજંટાના પોણા મુખદર્શનથી (૨) આગળ અજંટામાં જ ચીતરાએલો બહાર પડતા ગાલ અને આંખવાળો ચહેરો, (૩) ઈલુરામાં ગાલ કમી થઈ ને વધુ અણિયાળાં બનતાં આંખ-નાક, નીચલી હારમાં (૪) ગુજરાતની પોથીમાં ઊતરેલી ઈલુરાની પોણા ચહેરાની શૈલી, જે પાછળથી (૫-૬) દોઢ-ચશ્મી અર્ધ ચહેરામાં પરિણમી.





ઉપર ડાબી બાજુથી અનુક્રમે: જૈન પોથીમાંની સરસ્વતીની સાથે 'દુર્ગા સપ્તશતી'માંની (વચ્ચેની) સરસ્વતીના સામ્યથી તથા જમણી બાજુના 'રતિ–રહસ્ય'માંના કામદેવના તેમજ આ અંકના મુખચિત્રમાંના નીચેના 'બાલ ગોપાલ સ્તુતિ'નાં તથા જમણી બાજુ જેનાં રેખાંકનો આપ્યાં છે એ 'વસંત વિલાસની' વિવિધ પ્રતોનાં ચિત્રોથી સાબિત થયું છે કે પશ્ચિમ ભારતની એટલે કે આજના ગુજરાત, દક્ષિણ રાજસ્થાન અને પશ્ચિમ માળવા સાથેના પ્રદેશની ગુજરાતી કલાશૈલી જૈન ધર્મગ્રંથો પૂરતી સાંપ્રદાયિક શૈલી નહિ, પણ તે સમયના સમસ્ત ગુજરાતીઓને માટે સર્જાતી એક વ્યાપક ચિત્રકલા હતી. અને...

વિક્રમના ચૌદમા સૈકાના
ગુજરાતનાં નરનારી





નવમી સદીનાં આ ભિત્તિચિત્રોમાં અને ગુજરાતી ચિત્રોની મુખાકૃતિઓમાં અદ્ભુત સામ્ય નજરે ચડ્યું. કાન સુધી પહોંચતી આંખો, અર્ધાભિક ચહેરાનાં આલેખનોમાં બીજી આંખનું નિદર્શન, અણિયાળાં નાક અને વધુ આગળપડતો છાતીનો ભાગ, એ બધાં લક્ષણો ઈલુરામાં મળી આવ્યાં અને એની જ પરંપરા ગુજરાતની તાડપત્રીય કે કાગળની પોથીઓમાંનાં ચિત્રોમાં ઊતરેલી જણાઈ. ઈલુરાનાં ભિત્તિચિત્રો નાના કદનાં ગુજરાતી ચિત્રોનાં પુરોગામી હોવાનું સિદ્ધ થયું.

આ પછી બે-ત્રણ વર્ષે રાજસ્થાનમાંથી 'બાલગોપાલ સ્તુતિ' નામક એક વૈષ્ણવ સ્તોત્રની પોથી મળી જેમાં ચિત્રો પણ જૈન પોથીઓનાં ચિત્રો સાથે સર્વાંશે મળતાં હતાં. ત્યાર બાદ તે 'બાલગોપાલ સ્તુતિ'ની બીજી પ્રતો ઉપરાંત 'દુર્ગામાહાત્મ્ય'ની ખંડિત પોથીનાં બારેક ચિત્રો, 'ગીત ગોવિંદ', 'દશમ સ્કંધ', 'કાકરુત' 'રતિ રહસ્ય' 'વસંત વિલાસ' 'ચૌર પંચાશિકા' અને રાગમાળાનાં કેટલાંક ચિત્રો વગેરે એવા અનેક પુરાવાઓ મળી આવતાં સમસ્ત ગુજરાતમાં

...કેવળ ગુજરાતમાં જ નહિ, ધારાના વાક્પતિરાજના (નીચે ડાબી બાજુ) તથા બંગાળના પાલવંશના એક રાજાનાં (જમણી બાજુ છેડે) તામ્રપત્રો પરની આકૃતિઓ તથા પાલ સમયની (વચ્ચેની) તાડપત્રની પોથીમાંની પ્રજ્ઞાપારમિતાની આકૃતિમાં પણ એનું અનુસંધાન જોવા મળે છે. આમ માત્ર ગુજરાત જ નહિ, પણ એથી યે આગળ નેપાળ, બંગાળ ને છેક બ્રહ્મદેશ સુધી આ ચિત્રશૈલીનો પ્રભાવ પ્રવર્તતો હોવાનું માની શકાય છે.





વ્યાપક એક સળંગ ચિત્રપરંપરા સ્પષ્ટ ઊપસી આવી અને એનો કલામર્મ સ્પષ્ટ થયો.

એના રંગો ઊડીને આંખે વળગે એવા તેજીલા અને સચોટ, પણ રંગશૈલી સ્થાપિત છે. એની રેખામાં અજંટાની પ્રવાહિતા કે લાલિત્ય નથી, પણ ઝડપી લેખનશૈલી જેવી રૂઢ ઝટકાથી આકૃતિઓ રચનારી બની ગએલી છે. એમાં ચેતોહારી કે સાદૃશ્ય સૌંદર્ય નથી, પણ કડક હોવા છતાં એ અર્થવાહી બની શકી છે. કથાનિરૂપણની સહજ શક્તિ અને રેખાવિન્યાસના ચપળ પ્રયોગો એમાં જોવા મળે છે. આ ચિત્રોની સાથે પૃષ્ઠના હાંસિયા તથા ઉપર-નીચેની કિનારોમાં ફૂલ-પત્તી, વેલ-બુટ્ટી, પશુ-પંખી, મત્સ્ય-મકર વગેરે અનેકવિધ શોભન–રચનાઓનો પણ ભરચક ફાલ તેમાં આલેખાયો છે. ચિત્રાલેખનમાં ઉન્નત સૌંદર્યની ઊણપ હશે, પણ એક પ્રકારની મુગ્ધતાની છટા એમાં જરૂર નજરે પડે છે. પશુ-પંખીઓનાં આલેખનમાં અને નારીરૂપોનાં રેખાંકનોમાં, ખાસ કરીને અંગભંગિઓમાં ને હાથની વિવિધ મુદ્રાઓમાં પ્રબળ ગતિશીલતા છે, પણ બધી માનવ મુખાકૃતિઓનું આલેખન લગભગ એકસરખું છે.

આ ચિત્રોમાં પાત્રોના ચહેરા બાજુએથી દર્શાવેલા હોય છે, છતાં એ અર્ધ કે અર્ધાધિક મુખદર્શનમાં બીજી બાજુની આંખ પણ હમેશાં અવકાશમાં ઊપસતી આલેખાઇ છે. વળી, આંખો સવિશેષ લાંબી અને નાક લાંબું તથા અણીદાર હોય છે. આ ચિત્રકલામાં પૂર્ણ સન્મુખ દર્શન ભાગ્યે જ છે, ને છે ત્યાં સપાટ અનાકર્ષક લાગે છે, એનું સમકાલીન લોકજીવનનું દર્શન, પાત્રોનાં વસ્ત્રાભૂષણો, ગૃહોપસ્કર, લોકોની રહેણીકરણી ઈત્યાદિનું નિરૂપણ ખૂબ સમૃદ્ધ છે.

અલબત્ત, અજંટા-ઈલૂરાની સરખામણીમાં આ ચિત્રકલાની સિદ્ધિ ઊતરતી કક્ષાની જરૂર કહેવાય, પરંતુ એ પણ ન ભૂલવું જોઈએ કે જે આશ્રય અને ધર્મપ્રેરણા એ પ્રાચીન ચિત્રકારોને મળ્યાં હતાં એ ગ્રંથચિત્રણના આ અમુક નિશ્ચિત વિષયનું જ અને કદાચ ગ્રંથકર્તા યા ગ્રંથની પ્રત તૈયાર કરાવનાર કોઈ શેઠ-શ્રાવકના ખયાલો પ્રમાણેનું જ કામ ચિત્રકારોને કરવું પડ્યું હશે. મુક્ત આલેખનની કદાચ એમને બહુ ઓછી તક હશે. પણ આગળ જતાં પ્રાદેશિક પ્રભાવ તથા યોગ્ય આશ્રય અને ઈરાની ચિત્રકારીના નમૂના જોયા પછી આ કલા સવિશેષ પાંગરતી ગઈ અને એમાંથી અતિ સુંદર એવી રાજપૂત ને મુઘલ શૈલી વિકસી. પણ એક કાળે આ ચિત્રશૈલીનો પ્રભાવ લગભગ સમગ્ર ઉત્તર ભારતમાં અને એથી યે દૂર પૂર્વમાં બ્રહ્મદેશ સુધી પ્રસર્યો હતો. —સં.

એક આવકાર્ય ચિત્રસંપુટ : તીર્થંકર ભગવાન મહાવીર


ભગવાન શ્રી મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણક મહોત્સવની એક સ્મૃતિ રૂપે 'તીર્થંકર ભગવાન શ્રી મહાવીર' નામે એમના જીવનનો પરિચય આપતો મોટા (૨૭×૩૬ સે. મી.) કદનો એક સુંદર સંપુટ પ્રકટ થયો છે. મુનિ શ્રી યશોવિજયજી લિખિત અને સંયોજિત આ સંપુટ-ગ્રંથમાં ૩૫ જેટલાં પૂરા કદનાં પૂર્ણરંગી ચિત્રો દ્વારા ભગવાન શ્રી મહાવીરના જીવનનું જે દર્શન આપ્યું છે તે આ પ્રકારનાં પ્રકાશનોમાં અદ્વિતીય છે. (આ ચિત્રોની વાનગીરૂપ એમાંનું એક ચિત્ર આ અંકના મુખચિત્ર પાછળ એક રંગમાં આપ્યું છે.) જાણીતા ચિત્રકાર ગોકુલદાસ કાપડિયાનાં આ ચિત્રોમાં અજંતાની ચિત્રકળાનો પ્રભાવ દેખાય છે, કે રંગીન ગ્રંથચિત્રો સમાં એ ચિત્રો છે, કે એમાં કલાતત્ત્વ ને કલાસર્જકતા કેટલાં છે વગેરેની ચર્ચા આ સંપુટના સંદર્ભમાં અસ્થાને છે. જૈન ને જૈનેતર સૌકોઈને આ સંપુટ દ્વારા તીર્થંકર મહાવીરનો પરિચય આપવાની જે નેમ છે તે આ પ્રકાશન દ્વારા ઘણી સારી રીતે સિદ્ધ થઈ શકી છે.

સંપુટનાં મુખ્ય પાંત્રીસે ચિત્રોની સામેનાં પૃષ્ઠો પર તે તે ચિત્રપ્રસંગનો પરિચય ગુજરાતીમાં, હિંદીમાં અને અંગ્રેજીમાં આપ્યો છે, જે આ સંપુટને વ્યાપકપણે ઉપયોગી બનાવે છે. આ જ પૃષ્ઠો પર ત્રણત્રણ જૈન શોભન-સંકેતો અને નીચે એક એક ચિત્રપટ્ટીમાં ધર્મચક્રવંદના, અષ્ટમંગલ, જૈન હસ્તપ્રતોની લિપિના મૂળાક્ષરો, રાશિ-સંજ્ઞાઓ, અષ્ટપ્રકારી જિનપૂજા, વિવિધ વાદ્યો, જન્માભિષેક, મધ્યવર્તી પંચતીર્થી આદિના પ્રસંગ-પરિકરો; રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રા, પુરુષદત્તા વગેરે સોળ શક્તિદેવીઓ, જિનોપાસક નવ ગ્રહો, વિવિધ કર્મો, હસ્ત-મુદ્રાઓ, યમનિયમાદિ અષ્ટ પદ, ધર્મદેશના, અંક-યંત્રો, જાપના વિવિધ આવર્તો વગેરે દર્શાવતી ૧૦૫ શુભ સંજ્ઞાઓ અને ૩૫ ચિત્રપટ્ટીઓ આપી છે, જે ડભોઈના ચિત્રકાર રમણિક શાહે પ્રાચીન જૈન ગ્રંથો ઉપરથી ઉતારી હોઈ જૈન સાહિત્ય સાથે સંકળાએલી કલા ને ભાવનાનો પણ પરિચય આપે છે. આ નીચે તેમાંથી નમૂનારૂપે અષ્ટમંગલની એક ચિત્રપટ્ટી આપી છે.

વળી, મુનિ શ્રી યશોવિજયે જૈન વિહાર-સ્થળ નામકોષ, મહાવીરના ૨૭ ભવોનાં નામ, મહાવીરનો કુટુંબ-પરિચય, એમના ચાતુર્માસો અને તપની વિગત, એમને થએલા ઉપસર્ગો, એમના ભક્ત રાજવીઓ, પાંચ કલ્યાણકોનાં નામ-સ્થળ-દિન વગેરે તથા શ્વેતામ્બર અને દિગમ્બર ગ્રંથો વચ્ચેના મતફેરની નોંધ ઈત્યાદિનાં બહુ શ્રમપૂર્વક તૈયાર કરેલા માહિતીપ્રદ પરિશિષ્ટો જૈનો ઉપરાંત અન્ય લોકોને પણ ઘણું જ્ઞાન આપે છે.

સંયોજકો, ચિત્રકારો અને પ્રકાશક એ સૌ આ સંપુટ માટે અભિનંદનને પાત્ર છે.

[પ્રકાશક : જૈન કલાનિદર્શન, ૬૦, જે. ચિત્તરંજન ઍન્ડ કં., ૩૧૨ મેકર ભવન ૩, ૨૧ ન્યૂ મરીન લાઈન્સ, મુંબાઈ-૪૦૦૦૨૦ કિ. રૂ. ૬૧]



અષ્ટમંગલ મધ્યયુગીન કલ્પસૂત્ર–'પજ્જોસવણાકપ્પ'ના આધારે કરેલી આ ચિત્રપટ્ટીમાં અનુક્રમે સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત, વર્ધમાનક, કલશ, ભદ્રાસન, મીન યુગલ ને દર્પણનું આલેખન છે.

શાસ્ત્રોક્ત આદેશાનુસાર આ આઠે ય મંગલાકૃતિઓને દરેક શ્રાવકે જિનમંદિરમાં ભગવાનની પૂજા કર્યા બાદ મંડપમાં બેસીને ચૈત્યવંદન શરૂ કરતાં પહેલાં, જિનેન્દ્ર ભગવાનની સન્મુખ અખંડ એવા અક્ષત—ચોખાથી રચવી જોઈએ. જો કે કાળાંતરે આજે આ પ્રથા ઘણી ફેરવાઈ ગઈ છે, છતાં હજી યે 'સ્નાત્ર' ભણાવવા માટે પંચધાતુની મૂર્તિ સાથે અષ્ટમંગલની પાટલી અનિવાર્ય છે. વળી, જૈન મંદિરમાં અષ્ટમંગલ દર્શાવતાં તોરણો, મંજૂષાઓ, દેરાસરના ચોખાના ભંડારો, વ્યાખ્યાનની પાટલીઓ, ઓઘાના પાટાઓ, કંકોતરીઓ, ચંદરવા, ચિત્રો, રંગોળી વગેરેનાં વ્યાપકપણે આ મંગલ સંકેતો પ્રયોજાય છે.

અષ્ટમંગલમાં સ્વસ્તિકનું શુભત્વ તો સર્વત્ર વિદિત છે. શ્રીવત્સ તીર્થંકરાદિ મહાપુરુષોની છાતીમાં વચ્ચે ઉન્નત દેખાતો અને ઊર્ધ્વમુખા દક્ષિણાવર્ત સુકોમળ કેશવાળો ભાગ છે. દેરાસરોની તમામ પ્રતિમાઓમાં તે દર્શાવાય છે. નંદ્યાવર્ત એ જૈનધર્મ-પ્રસિદ્ધ બૃહત્ સ્વસ્તિક જ છે જે નવ કોણથી નિર્માતી એક બુદ્ધિગમ્ય સુંદર આકૃતિ છે. 'વર્ધમાનક' એટલે 'શરાવ' (કોડિયું)નો સંપુટ. કળશ એ પૂર્ણઘટની આકૃતિ છે જેમાં અનેક રીતે પૂર્ણત્વની ભાવના છે. 'ભદ્રાસન' એ આસન-વિશેષ છે. મીન અને દર્પણ પણ શુભ મનાયાં છે. □

આજના યુગનો શાપ અવાજ


દરેક યુગને આગવું અભિધાન હોય છે. એ રીતે આજનો યુગ કદાચ 'પ્લાસ્ટિક-યુગ' ભલે કહેવાય, પણ આજના કાળની એક બીજી પણ લાક્ષણિકતા—અથવા ખરું કહીએ તો એક શાપ પણ છે. એ છે 'અવાજ'. માણસના વસવાટની વચ્ચે અને આસપાસ બધે આજે એક યા બીજા સ્વરૂપે 'અવાજ'નું જ સામ્રાજ્ય પસરી ગયું છે. ઘરમાં કે બહાર વાગતા નાનામોટા રેડિયો, રઘવાયા થઈ દોડાદોડ કરતાં વાહનો, ગૃહઉદ્યોગથી માંડીને મોટાં કારખાનાંઓ, લત્તેલત્તે ફૂટી નીકળેલા ભગતો ને નેતાઓનાં ભજન-વ્યાખ્યાનોનાં કાન ફાડી નાખી ઊંઘ હરામ કરી દેતાં ભૂંગળાં, હિપ્પી-બીટલ્સનાં 'સંગીત' નામનો કકળાટ, એમ અનેકવિધ સ્વરૂપે અવાજનો એટલો બધો મારો થઈ રહ્યો છે કે એની વચ્ચે ઊછરી રહેલાં આજનાં બાળકો મધ્ય વયે પહોંચતાં સુધીમાં લગભગ બહેરાં જેવાં બની રહે તો નવાઈ નહિ. ભવિષ્યમાં આપણે જો બહેરી પ્રજા ઊભી ન કરવી હોય તો આવા અવાજોના અતિરેક પર મર્યાદા મૂકવી જ પડશે. વધુકા અવાજ માટે કેટલેક ઠેકાણે પ્રતિબંધો અને મર્યાદાઓ છે પણ ખરાં, પણ આપણે ત્યાં તો ધાર્મિકતાના ઓઠા તળે ભજનના કકળાટને અને લોકસેવાના નામે વ્યાખ્યાનોના ત્રાસને જાણે કે ફરજિયાતપણે નિભાવી જ લેવા પડે છે. પરંતુ હવા અને પાણીના પ્રદૂષણ તથા વસતિવધારાની પેઠે આ અવાજની માઠી અસરો પ્રત્યેની ઉદાસીનતા કદાચ અક્ષમ્ય બની રહેશે.

કોલંબિયા યુનિવર્સિટીએ કરેલા એક સર્વેક્ષણ પ્રમાણે વધુ અવાજ વચ્ચે કામ કરનાર ટાઈપિસ્ટની ૨૦ ટકા અને વહીવટદારની ૩૦ ટકા જેટલી વધુ શક્તિ નિરર્થક વેડફાય છે. બિનજરૂરી અને વધુપડતો અવાજ એક પ્રકારની માનસિક તાણ અને કંટાળો તથા ત્રાસ પેદા કરે છે. કસમયે અને કઠેકાણે થતો અસ્વાભાવિક અવાજ વધુ હાનિ કરે છે. આ રીતે દિવસે ધ્યાન ન દોરે તેવો કોઈ અવાજ મોડી રાતે અસહ્ય પણ લાગે. નળમાંથી સતત ટપકતા પાણીનો એકધારો અવાજ નાનો છતાં યે ડખલરૂપ બની ત્રાસ આપી શકે. બપોરની શાંતિમાં બરફના ગોળાવાળો ઘંટ વગાડતો જઈને અનેક લોકોને ચીડ ચડાવે. આમ, આવા અવાજો વ્યક્તિની શાંતિનો ભંગ કરીને અજાણપણે યે માણસના શાંતિથી જીવવાના અધિકાર પર તરાપ રૂપ લાગવાથી ચીડ પેદા કરે છે.

આરંભમાં ત્રાસરૂપ લાગી ધીરેધીરે આવા અવાજો પ્રત્યેનો વધતો ધિક્કાર વ્યક્તિમાં ગુસ્સો પ્રેરવા સુધી દોરી જાય છે. આ ક્રોધ એ અવાજ તથા એને પેદા કરનાર પર વેર વાળવાના વિચાર પ્રતિ વાળે છે, અને આવી તીવ્ર લાગણી તથા વિચારનો સમન્વય હમેશાં કાર્યમાં પરિણમે છે. ક્રુદ્ધ વ્યક્તિ અવાજ કરનાર વસ્તુ કે વ્યક્તિ પર દાઝ કાઢે છે. આ દાઝ કેવું સ્વરૂપ લે તે વ્યક્તિ કે એના સંજોગો પર આધારિત છે. પણ હકીકત છે કે આવી દાઝથી પ્રેરાઈને અનેક માણસો વિવેકબુદ્ધિ ખોઈને ન કરવાનું કરી બેઠાના અનેક કિસ્સા નોંધાયા છે. અવાજથી ત્રાસીને અનેક વ્યક્તિ ખૂન કરવા સુધી પણ પહોંચી જાય છે. આપણા રેડિયોનો કે તેલ પૂર્યા વિનાના સંચાનો અવાજ યા મહેમાનો કે મિત્રો સાથેની મોડી રાત સુધીની હાહાઠીઠી પડોશીને અડચણકર્તા બને છે કે નહિ એ આપણે વિચારીએ છીએ? છાશવારે ભજન-ગરબાને નામે મોડી રાત સુધી લત્તાના લોકોની ઊંઘ હરામ કરીને કે કોઈ માંદા-સાજાને હેરાન કરીને આપણે કયું પુન્ય કમાઈએ છીએ, કે ગળું ફાડી ફાડીને લાઉડસ્પીકરનાં ભૂંગળાં ગજાવી લોકોનો શો ઉદ્ધાર કરી નાખીએ છીએ એ કદી વિચારાય છે ખરું? અલબત્ત, કેટલેક સ્થળે વધુકા ઘોંઘાટ સામે પગલાં લેવાય છે ખરાં, પણ એનું પ્રમાણ કેટલું? ને વ્યકિતગત ત્રાસનું શું?

અનેક નિરીક્ષણો પરથી જણાયું છે કે વધુકો અવાજ માણસની હોજરી અને મગજ પર હાનિકર અસરો કરે છે. શરીરની રક્તવાહિનીઓ—ખાસ કરીને સૂક્ષ્મ કેશવાહિનીઓ અવાજની અસરથી વધુ સંકોચાય છે. સામાન્યતઃ બહુ મોટો ન હોય તેવો અવાજ પણ આંગળાં, અંગૂઠા અને પેઢુના અવયવોમાં સંકોચન પ્રકટાવવાથી તે તે ભાગોમાં પૂરતું લોહી પ્રસરતું નથી. 'વસ્કો કૉન્સ્ટ્રીકશન' નામની આ સ્થિતિ એ અવાજ સામેના પ્રતિકારનું પરિણામ છે. એમાં સંકોચાએલી રક્તવાહિનીઓમાં ઓછું લોહી પહોંચાડવાનું થતાં હૃદયના ધબકારા આપમેળે

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૧)



'ડેસિબલ' એ અવાજની તીવ્રતા દર્શાવતું એકમ છે. શૂન્ય ડેસિબલ, એટલે કે માણસની શ્રવણશક્તિ પરખી શકે તે સૂક્ષ્મતમ અવાજથી આરંભી ૮૦ ડેસિબલ સુધીનો અવાજ માણસ માટે સલામત ગણાય છે. આથી વધુ અવાજ એની તીવ્રતાના પ્રમાણમાં માણસને માટે અનેકરીતે વધુ ને વધુ હાનિકર ગણાયો છે. સામાન્યતઃ રોજ કાને પડતા કેટલાક અવાજની તીવ્રતા ઉપર દર્શાવી છે. એમાં પ્રમાણભેદ હોઈ શકે, પણ આના પરથી અંદાજી શકાશે કે આજના ધમાલિયા જીવનમાં આપણે કેવું જોખમ ખેડી રહ્યા છીએ.



યુરેનસ

સૂર્યમાળાના ગ્રહો-૬

લેખક · ડૉ. યશવંત ગુ. નાયક

આકાશમાં જ્યાંથી સૂર્ય પણ એક તેજસ્વી તારા જેવો અને એનું તેજ આછી ચાંદની જેવું લાગે એટલે દૂર, અર્થાત્ સૂર્યથી પૃથ્વી જેટલી દૂર છે એ કરતાં વીસગણા અંતરે રહીને અને પોતાની ઉત્તર-દક્ષિણ ધરી સૂર્ય તરફ તાકી આડો પડીને એની આસપાસ ભ્રમતા યુરેનસને અનેક વાર જોયા છતાં યે ગ્રહ તરીકે ખગોળશાસ્ત્રીઓ ઓળખી નહોતા શક્યા. અને હજી આજે યે સારામાં સારા દૂરબીનમાં યે એ એક લીલી તાસક જેવો જ દેખાય છે. આજે યે એના વિષેનું આપણું જ્ઞાન ઘણું મર્યાદિત છે. ઈ. ૧૭૮૧માં સર વિલિયમ હર્શલે એને ગ્રહ તરીકે ઓળખાવ્યો. છેક પ્રાચીન કાળ પછી શોધાએલો આ પહેલો (અને સૂર્યની ગ્રહમાળામાં સાતમો) ગ્રહ હતો. કિંગ જ્યૉર્જ ત્રીજાના નામ પરથી હર્શલે એને 'જ્યૉર્જિયમ' નામ આપેલું. 'હર્શલ'ના નામે પણ એ ઓળખાતો. અંતે ઈ. ૧૮૬૧થી એને 'યુરેનસ' નામ અપાયું. ગ્રીક દેવતાઓમાં સૌથી પ્રાચીન અને વિશ્વના સૌ પ્રથમ શાસકનું એ નામ છે. ઈ. ૧૭૮૭માં હર્શલે એના બે ઉપગ્રહો 'ઑબેરૉન' અને 'ટિટાનિયા' શોધ્યા. ઈ. ૧૮૫૧માં વિલિયમ લાસેલે બીજા બે ઉપગ્રહો 'અમ્બ્રીઅન' અને 'એરીઅલ' શોધ્યા અને છેલ્લે જિરાર્ડ ક્યુપેરે છેક હમણાં ૧૯૪૮માં એનો પાંચમો ઉપગ્રહ 'મિરાન્ડા' શોધ્યો. હજી સુધી તો યુરેનસની સ્પષ્ટ છબિઓ પણ મળી નથી. પરંતુ અમેરિકાની યોજના પ્રમાણે ઈ. ૧૯૭૯માં એક અવકાશયાન જશે જે ૧૯૮૧માં ગુરુ પાસે પહોંચી ૧૯૮૫ના જુલાઈમાં યુરેનસ પાસેથી પસાર થશે. જેમાંથી આવતા મોકલાતા રેડિયો સંકેતોને પૃથ્વી પર પહોંચતાં પોણા ત્રણ કલાક લાગશે.

પુરાતન કાળથી સૂર્યમંડળના પાંચ ગ્રહો જાણીતા છે. આકાશમાં તારાઓ-નક્ષત્રો વચ્ચે સ્થાનાંતર કરતા ગ્રહો તારાઓથી જુદા પડે છે. આ ઉપરથી ભારત, ચીન અને ઇજિપ્તના જ્યોતિષી અને ખગોળશાસ્ત્રીઓએ તેમને સૂર્ય સાથે સાંકળી લઇને તેમને ગ્રહો તરીકે લેખવ્યા હતા. જ્યોતિષશાસ્ત્ર પણ આ ગ્રહોની ગતિ વગેરેના અભ્યાસમાં મદદરૂપ થયું હતું. ભારતમાં ગ્રહો અને નક્ષત્રોના સૂક્ષ્મ અવલોકન માટે અનેક વેધશાળાઓ પણ રચાઈ હતી. ગ્રહો આકાશમાં પૃથ્વીના પડોશી છે એ વાત પણ જાણીતી હતી. ભારતનાં પંચાંગો એટલી કુશળતાથી રચાયાં હતાં કે તેમાંથી ગ્રહોની અને ચંદ્રની ગતિ તેમજ સ્થાનાંતરની બહુ ચોક્કસ માહિતી પ્રાપ્ત થાય છે.

આમ છતાં પૂર્વમાં કે પશ્ચિમમાં કોઇને એવો ખયાલ ન હતો કે શનિ પછી સૂર્યમંડળમાં બીજા ગ્રહો અસ્તિત્વમાં હશે. આનું મુખ્ય કારણ એ હતું કે શનિ પછીના ગ્રહો નરી આંખે જોઈ શકાતા નથી. યુરેનસ કોઈક વાર બહુ ધારીને જોઇએ તો નજરે પડે છે, પરંતુ અતિ દૂર હોવાને કારણે તે અત્યંત ઝાંખો દેખાય છે.

યુરેનસની શોધ

વિલિયમ હર્શલ નામના જર્મન સંગીતકારે ઇંગ્લૅન્ડમાં ઈ. ૧૭૮૧માં યુરેનસની શોધ કરી હતી. સંગીતની સાથે એને ગણિતશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રનો પણ શોખ હતો. ફુરસદના સમયમાં તે પોતે બનાવડાવેલાં નાનાંમોટાં દૂરબીન વડે આકાશનું અવલોકન કરતો. જર્મનીથી લશ્કરી નોકરી છોડી આવીને એણે ઇંગ્લૅન્ડમાં વાસ કર્યો હતો. ધીરેધીરે એને ખગોળશાસ્ત્રમાં એટલો રસ પડતો ગયો કે પછી સંગીતને માત્ર આવકના સાધન પૂરતું જાળવી એણે પોતાના ઘરને આકાશદર્શન માટેનું એક મથક અને ખગોળની પ્રયોગશાળા જેવું કરી નાખ્યું. તે વખતે એણે દુનિયાનાં મોટામાં મોટાં દૂરબીન બનાવ્યાં હતાં. પછી તો એણે ખગોળ પાછળ જ મથી પડી તારા અને નક્ષત્રોનો અભ્યાસ કરવા માંડ્યો. સાત વર્ષ સુધી આ રીતે એણે અવિરત અવલોકનો કર્યાં.


આવા એક અવલોકનમાં ઈ. ૧૭૮૧માં એણે મિથુન (જેમિની) રાશિના 'પુરુષ' (પોલુક્સ) અને 'પ્રકૃતિ' (કૅસ્ટર) નામના તારાઓની વચ્ચે એક ઝાંખો તારો નિહાળ્યો.

આ તારો એને બીજા તારાઓથી ભિન્ન પ્રકારનો લાગ્યો, કારણ કે દૂરબીનમાં તારાઓ માત્ર એક બિંદુ જેવા જ દેખાય છે, જ્યારે દરેક ગ્રહ ગોળ તક્તી જેવો લાગે છે. હર્શલને આ નવીન તારો તક્તી જેવો લાગ્યો અને તેથી તેણે અનુમાન કર્યું કે કદાચ એ એક નવો ગ્રહ હશે. પછી તો સતત અવલોકનો કરી એણે અન્ય સ્થિર તારાઓની વચ્ચે આ નવા તારા કે ગ્રહને ધીમે ધીમે ખસતો પણ જોયો. શરૂઆતમાં એને એમ પણ લાગ્યું કે કદાચ આ કોઈ ધૂમકેતુ હશે, પરંતુ તેની ગતિ એટલી ધીમી હતી કે તે ધૂમકેતુ હોવાની શક્યતા રહી નહિ. છેવટે ઈ. ૧૭૮૧ની ૧૩મી માર્ચે પોતે એક નવો ગ્રહ શોધી કાઢ્યાની જાહેરાત કરી. દેશ-વિદેશમાંથી એના ઉપર અભિનંદનો આવવા લાગ્યાં. ઇંગ્લૅન્ડના જ્યૉર્જ ત્રીજાએ બહુમાન સાથે વિન્ડસરના ખગોળશાસ્ત્રી તરીકે એની નિમણૂક કરી. આ પદ મળ્યા પછી એણે સંગીત છોડી ખગોળશાસ્ત્રના અભ્યાસમાં જ આજીવન કામ કર્યું. યુરેનસની શોધ ઉપરાંત એણે ખગોળશાસ્ત્રમાં બીજી અનેક અવનવી અને મહત્ત્વની શોધો કરી હતી.

યુરેનસના ગ્રહ વિષે પાલોમર (અમેરિકા)ના ૨૦૦ ઇંચ વ્યાસના દુનિયાના સૌથી મોટા દૂરબીન વડે મળેલી માહિતીનો સાર નીચે મુજબ છે. વિશેષ માહિતી તો ભવિષ્યમાં કોઈ અવકાશયાન એની નજીક મોકલવામાં આવે ત્યારે જ પ્રાપ્ત થશે.

યુરેનસ સૂર્યથી સરેરાશ ૨૮૭·૯૩ કરોડ કિ. મી. (૧૭૮·૩ કરોડ મા.) દૂર છે. સૂર્ય ફરતી એની કક્ષામાં એનો ભ્રમણકાળ ૮૪ વર્ષ છે. પોતાની અક્ષ ઉપર એ ૧૦ કલાક ૪૫ મિનિટમાં એક ચક્ર પૂરું કરે છે. આથી એના એક (પૃથ્વીનાં ૮૪) વર્ષમાં યુરેનસના ૬૫૦૦૦ દિવસો છે. એનો વ્યાસ ૫૧,૫૨૦ કિ. મી. (૩૨૦૦૦ મા.)નો, એટલે કે પૃથ્વીથી ચાર ગણો છે. કદમાં પૃથ્વીથી ૬૪ ગણો મોટો હોવા છતાં એનું વજન પૃથ્વીથી માત્ર ૧૭·૩ ગણું જ છે. એની સપાટીનું ઉષ્ણતામાન −૩૪૦° ફે. એટલે કે −૨૧૦° સે. જેટલું છે. એના બંધારણમાં મધ્યમમાં ખડકો, સપાટી ઉપર બરફનું આવરણ એને ફરતે હાઇડ્રોજન, હીલિયમ ને આર્ગન જેવા વાયુનું વાતાવરણ હશે. એના વાતાવરણમાં તાજેતરમાં મિથેન વાયુ પણ જણાયો છે અને જો તે સાચું હોય તો એનું ઉષ્ણતામાન કદાચ વધુ ઊંચું પણ હોય તેમ મનાય છે. યુરેનસને મિરાન્ડા, એરીઅલ, અંબ્રેઈલ, ટાઈટેનિયા અને ઑબેરૉન નામના પાંચ ઉપગ્રહો છે. નજીકનો મિરાન્ડા ૧,૨૨,૩૬૦ કિ. મી. (૭૬૦૦૦ મા.) અને છેલ્લો ઑબેરૉન ૫,૮૬,૦૪૦ કિ. મી. (૩,૬૪,૦૦૦ મા.) દૂર છે. આ બધા જ ઉપગ્રહો ૧,૬૧૦ કિ. મી. (૧૦૦૦ મા.) કે તેથી ઓછા વ્યાસના છે.

યુરેનસની ખાસ વિશિષ્ટતા તો એની અત્યંત નમેલી અક્ષ છે. સામાન્યતઃ સૂર્યની આસપાસના પોતાના ભ્રમણની કક્ષાની સપાટીથી



◁ પૃથ્વી અને અન્ય ગ્રહોની ધરી, જે તે ગ્રહોના સૂર્યની આસપાસના ભ્રમણના માર્ગને લગભગ કાટખૂણે રહે છે, એટલે કે આપણી દૃષ્ટિએ ઉત્તર દક્ષિણ ઊભી રહે છે. પણ યુરેનસની અક્ષ એ રીતે ઊભી નહિ પણ આડી છે. એટલે કે આ આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે એના ઉત્તર-દક્ષિણ સૂર્ય તરફ અને વિષુવવૃત્ત ઊભું છે. આથી આપણાં ૮૪ વર્ષ જેટલી એની એક પ્રદક્ષિણા દરમિયાન, એના સૂર્ય તરફ તકાઈ રહેલા એક ધ્રુવપ્રદેશ પર આપણાં લગભગ ૪૨ વર્ષનો દિવસ અને બીજા ધ્રુવ પર એટલી જ પ્રલંબ રાત રહે છે. આ જ રીતે યુરેનસના ચંદ્રો પણ પૃથ્વી પર દેખાય છે તેમ પૂર્વ-પશ્ચિમમાં નહિ પણ ઉત્તર-દક્ષિણ ભમતા લાગે.

દરેક ગ્રહની અક્ષ કાટખૂણાની લગભગ નજીક રહે છે. જેમ કે ગુરુની અક્ષ પોતાની પ્રદક્ષિણા કક્ષ સાથેના કાટખૂણાથી ૩° જેટલી ઢળેલી છે. પૃથ્વીની ઢળતી ધરીની પણ સૌને ખબર છે. પણ યુરેનસની અક્ષ તો એટલી બધી (૮૨°) ઢળેલી છે કે લગભગ આડા પડી જઇને ફરતા ભમરડા જેવું એનું ધરી પરનું ભ્રમણ લાગે! આથી એના ધ્રુવ પ્રદેશો ઉપર-નીચેને બદલે ડાબા-જમણા ને એનું વિષુવવૃત્ત આડાને બદલે ઊભું વધુ લાગે! આથી પૃથ્વી પરથી ક્યારેક એનો આખો ધ્રુવ પ્રદેશ તો ક્યારેક આખો વિષુવવૃત્ત પ્રદેશ દેખાય છે. □

ટિકિટ-સંગ્રહ



પ્રથમ ભારતીય ઉપગ્રહ 'આર્યભટ'ને અવકાશમાં તરતો મૂક્યાને સ્મરણાંકિત કરતી આ ખાસ ટપાલટિકિટ બીજી જ સવારે બહાર પાડવાની ઓચિંતી જાહેરાત પાછળની ગુપ્તતા, ભારતના પ્રથમ અણુવિસ્ફોટ અંગે જળવાએલી ગુપ્તતાની પેઠે અભિનંદનીય છે. આ ઉપગ્રહ તરતો મૂકવા સાથે જ આ ખાસ ટિકિટ બહાર પાડવાનું પંદરેક દિવસ પહેલાં જ નક્કી થયું. આ અંગે તદ્દન ગુપ્તતા જાળવવા સાથે દરેક ફિલાટેલિક બ્યૂરો પરથી એ એક સાથે બહાર પાડવાની હતી. સમયના બહુ જ ટૂંકા ગાળામાં એનું ડિઝાઈન, છપાઈ, વહેંચણી વગેરેના કામમાં સંખ્યાબંધ માણસો સંકળાય એ સ્વાભાવિક છે, છતાં આ બધું જ કાર્ય ગુપ્તપણે પાર પાડવાનું હતું. બંધબારણે એની વિચારણા ચાલી. ટ્રંક કૉલ પર ગુપ્તતાની સલામતી કદાચ ન રહે એટલે નાસિક સિક્યોરિટી પ્રેસના શ્રી બી. પી. ચિટનિસને વિમાન માર્ગે તાત્કાલિક દિલ્હી બોલાવાયા. ઉપગ્રહનું નામ પણ એમને કાગળ પર લખીને હાથોહાથ અપાયું. ટિકિટના કાચા આલેખો અને રંગફેરના નમૂના ૧૪મી એપ્રિલે દિલ્હી પહોંચાડાયા, ને મંજૂરી મેળવી. ૧૭મી અપ્રિલે તો ફિલાટેલિક બ્યૂરોવાળી બધી પોસ્ટ ઑફિસો પર સીલબંધ પૅકેટમાં ફર્સ્ટ-ડે-કવરો ને માહિતીપત્ર (ફોલ્ડરો) સાથેની ટિકિટો મોકલી અપાઈ તથા સાંકેતિક સંદેશ મળે પછી જ બહાર પાડવાની સૂચના અપાઈ. આર્યભટને તરતો મૂકવાનો પ્રયોગ સફળ થયો. સાંકેતિક સંદેશાઓ મોકલાયા અને તા. ૨૦મીએ આ ટિકિટો બહાર પડી. આટલી ગુપ્તતા સાથે અને બહુ ટૂંકા ગાળામાં તૈયાર થવા છતાં આ એક સરસ ટિકિટ બની છે. ◖ ડાબી બાજુની ટિકિટ થોડા સમય પર વિશ્વ હિંદી સંમેલન નિમિત્તે બહાર પડેલી ટિકિટ જેવી જ છે. ફર્ક છે પશ્ચાદ્ભૂના લીલા રંગનો અને તેના પરનાં તેલુગુ ભાષાની પ્રશસ્તિ કરતાં અવતરણોનો. આ ટિકિટ ૧૨મી એપ્રિલે વિશ્વ તેલુગુ સંમેલન (હૈદરાબાદ) નિમિત્તે બહાર પડી. ◖ નીચેની ચાર ઘણી સુંદર બહુરંગી ટિકિટો બહાર પડતાં પહેલાં ઠીકઠીક રાહ જોવી પડી, પણ એના પરનાં ચારેય પક્ષીઓનાં સુંદર ચિત્રોએ એ અધીરાઈનો બદલો વાળી આપ્યો છે. અગાઉ ઈ. ૧૯૬૮ પછી આ બીજી વાર આપણી ટપાલટિકિટો પર પક્ષીઓ આવ્યાં છે. પણ બહુરંગી છપાઈની સવલત થઈ ગઈ હોવાથી આ નવી ટિકિટોએ સંગ્રાહકોમાં સારું આકર્ષણ જમાવ્યું છે. □



(ટિકિટો મોકલનાર - ડાહ્યાભાઈ પરમાર-અમદાવાદ)









ભૂલ-સુધાર

એપ્રિલ અંકમાં આર્યસમાજના લેખમાં (પૃ. ૧૩૧માં) ચિત્રો નીચેની બીજી લીટીમાં 'આચાર્ય લાલા હરદયાળ' છપાયું છે તેના બદલે 'આચાર્ય લાલા હંસરાજ' વાંચવું.

ખંડ ૪ · પ્રકરણ ૪ (ચાલુ)

અંગ્રેજી સાહિત્યનું આચમન

શેક્સપીઅરનાં સુખાંત નાટકો

શેક્સપીઅરની અન્ય રૉમૅન્ટિક કૉમેડીઓમાં 'ધ મર્ચન્ટ ઑવ વેનિસ'નું વિષયવસ્તુ લગભગ ટ્રૅજેડીની સીમાને સ્પર્શી આવે છે. યહૂદી શાયલૉક પૈસા ધીરનારો છે. તેની જાળમાં એક સજ્જન વેપારી ઍન્ટોનિયો ફસાય છે. અમુક સમયમર્યાદામાં ઍન્ટોનિયો જો શાયલૉકની રકમ પરત ન કરે તો એક રતલ માંસ ઍન્ટોનિયોના દેહમાંથી કાપી લેવા માટે શાયલૉક હકદાર બને એવો કરાર ઍન્ટોનિયોએ કરી આપેલો છે—મજાકમાં જ વાત થતી હોય એવી રીતે શાયલૉકે તે કરાર લખાવી લીધો છે; પરંતુ સમયસર રકમ ચૂકવવામાં ઍન્ટોનિયો નિષ્ફળ જાય છે અને શાયલૉક પૂરી ગંભીરતાથી, મક્કમતાથી અને નિષ્ઠુરતાથી તેના દેહમાંથી એક રતલ માંસ કાપી લેવા સુસજ્જ બને છે. આ આખું વસ્તુ આમ તો કરુણાંત નાટક માટેનું છે, પણ પુરુષવેષમાં વકીલ તરીકે પ્રભાવ પાથરતી પોર્શિયાની મનોહર પ્રતિભા સમગ્ર નાટકને કરુણાંતમાંથી ઉગારી લે છે.

શેક્સપીઅરે આ નાટકમાં ઍન્ટોનિયો અને બસાનિયોની મૈત્રીની વાસ્તવ જગતની કથા સાથે પોર્શિયાના લગ્નની શરતરૂપે ત્રણ 'કાસ્કેટ'ની પરીકથા ગૂંથી લેવાનો પ્રયાસ કર્યો છે. પણ સમગ્ર નાટકમાં સૌથી આકર્ષક કથાપ્રવાહ શાયલૉક અને એક રતલ માંસની શરતનો છે. આ એક રતલ માંસની કથા અને પોર્શિયા તથા બસાનિયો વચ્ચે બનેલી વીંટીની ઘટના, એ બંનેનું મૂળ ઈટાલિયન કથામાં છે. શાયલૉકના સર્જનની પાછળ માર્લોના નાટક 'ધ જ્યૂ ઑવ માલ્ટા'ની પ્રેરણા સંભવિત છે. પરંતુ શાયલૉકના પાત્રને અને રતલ માંસની તેમજ વીંટીની ઘટનાને શેક્સપીઅરે કલાત્મક ઉઠાવ આપ્યો છે. શાયલૉક પ્રચલિત નીતિ–ધર્મને નકારનારો ચીલાચાલુ ખલનાયક નથી. એની વાણી, છટા, એનું ગૌરવ તેમજ મક્કમ વલણ અને હતાશા એને લગભગ 'ટ્રૅજિક હીરો'ની કક્ષામાં મૂકી આપે છે. કોર્ટના દૃશ્યમાં એક તરફ શાયલૉક પ્રત્યેના ખ્રિસ્તી વલણને પડકારતી અને બીજી તરફ શાયલૉકના ઍન્ટોનિયો પ્રત્યેના વહેવારને પડકારતી પોર્શિયાની વકતૃત્વછટા એ આ નાટકનું બીજું મહત્ત્વનું આકર્ષણ છે. એમાં કાવ્યત્વ છે. આ નાટકમાં કાવ્યત્વ અને નાટકીય તત્ત્વ એ બંનેને ગૂંથી લેવાનો શેક્સપીઅરે પ્રયત્ન કર્યો છે;—જો કે નાટકીય તત્ત્વ સવિશેષ પ્રગટેલું જોવા મળે છે.

ટ્રૅજી-કૉમિક કૃતિઓ

શેક્સપીઅરે પોતાની નાટ્ય-કારકિર્દીના અંત ભાગમાં, એટલે કે ઈ. ૧૬૦૯ થી ૧૬૧૨ના ગાળામાં રચેલી અને સહજ રીતે ટ્રૅજી-કૉમેડીની કક્ષામાં આવે તેવી ત્રણ કૃતિઓ—'સિમ્બલીન', 'ધ વિન્ટર્સ ટેઈલ' અને 'ધ ટેમ્પેસ્ટ' છે. 'સિમ્બલીન'માં પોતાની પત્નીના નિષ્કલંક ચારિત્ર્ય બાબત મિત્ર સાથે શરત મારનાર એક સજ્જન સમક્ષ એ મિત્ર પોતે એ સજ્જનની ગૃહિણીની કસોટી કરવાનો નિર્ણય કરે છે, અને એમાં તે મિત્ર નિષ્ફળ જવા છતાં પોતે એ સન્નારીનો શિયળભંગ કર્યો હોવાની ભ્રમણા એ સજ્જનના મનમાં ઊભી કરે છે; અને એ સુશીલ સ્ત્રી પતિના વહેમનો ભોગ બની પારાવાર દુઃખો વેઠે છે. આ કથાવસ્તુ શેક્સપીઅરે 'ડિકૅમેરન'માંથી લીધું છે. નાટકના સેટિંગ માટે તેણે ઇતિહાસકાર હૉલિનશેડના લખાણનો આધાર લીધો છે અને લોકસાહિત્યમાંથી પણ કેટલાક કથાતંતુ તેણે ઉપાડયા છે. એ બધાંના મિશ્રણમાંથી સંકુલ વસ્તુસંકલનાવાળું આ નાટક તેણે રચ્યું છે. નાટકની નાયિકા ઇમોજન પર સાવકી માતાના જુલમો, ઇમોજનને મૃત માની લઇને તેના દેહને ફૂલોથી ઢાંકી વિદાય થતા સાથીદારો, ઇમોજનનું મૂર્છામાંથી જાગ્રત થવું, આ બધી લોકસાહિત્યમાં સુપ્રસિદ્ધ ઘટનાઓ છે. ઇમોજનની સાવકી માનો, એના આગલા પતિથી થએલો પુત્ર-દુષ્ટ ક્લોટન પણ લોકસાહિત્યમાંથી સૂઝેલું પાત્ર છે—જોકે શેક્સપીઅરે તેના વ્યક્તિત્વને યોગ્ય આકાર આપ્યો છે. ઇમોજન એ શેક્સપીઅરની સર્જકતાનું સુફળ છે. અગાઉની કૉમિક કૃતિઓમાં રોઝલિન્ડ કે વાયોલાએ જે કસોટીઓ વેઠી તેના કરતાં અનેકગણી તીવ્ર કસોટી ઇમોજનને પાર કરવાની આવે છે પણ અંતે એની પવિત્રતા જય પામે છે. વિશુદ્ધિનું શોધન એ આ નાટકનો વિષય છે. નાટકનો સુખાંત આવતાં સુધીમાં અનિષ્ટ છૂટે દોરે મહાલે છે. આ નાટક અગાઉ કહ્યું તેમ ટ્રૅજી-કૉમેડી પ્રકારનું છે. ટ્રૅજેડીની તમામ ભયાનકતા તેમાં રજૂ થઈ છે; અને તે પછી જ સુખાંત તરફનો વળાંક આવે છે.

શેક્સપીઅરે 'હૅમ્લેટ', 'ઑથેલો', 'મૅકબેથ', 'કિંગ લીઅર' ઇત્યાદિ સમર્થ ટ્રૅજેડી રચ્યા પછી 'સિમ્બલીન'માં તેમજ તે પછી 'ધ વિન્ટર્સ ટેઈલ' અથવા તો 'ટેમ્પેસ્ટ'માં કરુણતાના ઘેરા રંગ ઊપસાવીને પછી સુખાંત તરફ વલણ કેમ દાખવ્યું હશે? કેટલાક વિદ્વાનોનો અભિપ્રાય છે કે એની પરિપક્વ થતી ઉંમરની એ અસર હોય. તેણે તેની આંતરયાત્રા દરમ્યાન નિરાશાની ખાઈ પાર કરી લીધી હોય અને તે કંઈક માનસિક સમાધાન પામ્યો હોય, અને તેને પરિણામે જીવન પ્રત્યેનો તેનો દૃષ્ટિકોણ મૃદુ બન્યો હોય; અથવા બીજા કેટલાકનું મંતવ્ય છે તે પ્રમાણે પ્રેક્ષકોની અભિરુચિમાં પરિવર્તન આવતું હોય. ડેવિડ ડેચીઝ લખે છે તેમ ટ્રૅજી-કૉમેડી એ તે જમાનાની ફૅશન બનતી જતી હતી. બ્લૅકફ્રાયરના પ્રેક્ષકગણને ટ્રૅજેડીની બધી ભયંકરતા પછી સુખાંતની અભિલાષા ઇષ્ટ બનતી હતી; તેમને માસ્ક–masque* જેવી તરકીબો, સંગીત વગેરે પણ ઇષ્ટ હતાં. સંભવ છે કે શેક્સપીઅરે પ્રજારુચિને સંતોષવાનું વલણ દાખવ્યું હોય. એના અનુગામી અને શિષ્ય બોમન્ટ અને ફ્લેચરે પરિવર્તન પામતી જતી પ્રજારુચિને બરાબર લક્ષમાં રાખી નાટકો રચીને સારી એવી સફળતા મેળવી તે શેક્સપીઅરના ધ્યાન બહારની વાત ન જ હોય. ઘેરી કરુણતા પ્રકટ કરનારી ટ્રૅજેડીનો યુગ વીતી ગયો એ વાત શેક્સપીઅરના ખયાલમાં ન આવી જાય એ કેમ બને? એટલે એણે ઘેરી કરુણાંત કૃતિઓ રચવાને બદલે ટ્રૅજી-કૉમેડી ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હોય એ બનવાજોગ છે.

'ધ વિન્ટર્સ ટેઈલ'

શેક્સપીઅરના 'સિમ્બલીન' નાટકમાં કેટલીક અણઘડતા અને વિચિત્રતા એવી કઠે તેવી છે કે તે નાટ્યકૃતિ સાદ્યંત શેક્સપીઅરની હશે કે કેમ તે વિષે વિદ્વાનોમાં શંકા ઉદ્ભવેલી છે. આ દોષ 'ધ વિન્ટર્સ ટેઈલ'માં નથી. એમાં શેક્સપીઅરે નાટ્યવસ્તુ રૉબર્ટ ગ્રીનની 'ધ ટ્રાયમ્ફ ઑવ ટાઈમ'માંથી અપનાવ્યું છે અને એ વાર્તાનાં તત્ત્વોમાંથી સમર્થ ટ્રૅજી-કૉમિક કૃતિ રચી છે. આ નાટકમાં સ્પષ્ટપણે બે ભાગ પડી જાય છે. પહેલા ત્રણ અંક સુધી નાટ્યરૂપ ટ્રૅજેડીનું છે. લીઑન્ટીઝ એની સુશીલ પત્ની હર્માઈઑની પ્રત્યે નિષ્કારણ આશંકા આણી તેની ખૂબ તાવણી કરે છે. પોતાના મિત્ર પોલીસીનીસ સાથે હર્માઈઑનીના પ્રેમસંબંધની તેને શંકા છે. દિવ્ય બળો તેની સુશીલતાની ખાતરી આપતાં છતાં લીઑન્ટીઝ તે માનવા તૈયાર નથી. અંતે કારાગારમાં જ્યારે હર્માઈઑનીના મૃત્યુસમાચાર સાંભળે છે ત્યારે તેને પોતાની ભૂલનું ભાન થાય છે ને પશ્ચાત્તાપથી તેનું હૃદય પ્રજ્વલિત બને છે. પરંતુ કારાગારમાં હર્માઈઑનીને જન્મેલી

* સંગીત–કાવ્ય–નાટકનો એક પ્રકાર; લીલા-રૂપક

બાળકી તેને કણાની જેમ ખૂંચે છે. તેના મિત્રથી જ તે પુત્રીનો જન્મ છે એવી શંકાથી તેને મારી નાખવાનો તે હુકમ કરે છે. આમ પહેલા ત્રણ અંકમાં શેક્સ્પીઅરે કરુણ ઘટનાઓની પરાકાષ્ઠા આણી છે.

લીઑન્ટીઝમાં ઉદ્ભવેલી નિષ્કારણ શંકા અને અસૂયાનું નિરૂપણ શેક્સ્પીઅરે કુશળતાથી યોજ્યું છે અને માનસશાસ્ત્રીય દૃષ્ટિ તેમ જ કાવ્યમયતાનો સુયોગ તેમાં પ્રતીત થાય છે. હર્માઈઑની ગૌરવપૂર્વક પોતાના દુર્ભાગ્ય સામે ઝૂઝતી રહે છે. ટ્રૅજિક નાટકની નાયિકાનું ગૌરવ તે સિદ્ધ કરે છે. આમ, પહેલા ત્રણ અંકોમાં એક સ્વયંપર્યાપ્ત ટ્રૅજેડીનું વસ્તુ છે.

એ પછી સોળેક વર્ષનો સમયગાળો નાટ્યકારે રજૂ કર્યો છે. 'ટેમ્પેસ્ટ' નાટકમાં સ્થળ અને સમયની જે એક્તા તેણે ચુસ્તપણે જાળવી છે તેને અહીં તેણે નિરાંતે ઉવેખી છે. પહેલા ત્રણ અંકની ઘટના સિસિલી માં બને છે. પછીના ચોથા અંકમાં ઘટનાકેન્દ્ર બોહેમિયા છે. શેક્સ્પીઅરની 'હૅમ્લેટ', 'ઑથેલો' ઈત્યાદિ ટ્રૅજેડીમાં ભૂતને મિટાવી શકાતો નથી. જે ભૂલ થઈ તે થઈ. તેનાં પરિણામો ભોગવવાં જ રહે છે. પશ્ચાત્તાપ દ્વારા પણ પૂર્વેનું સુખી જીવન ફરી પ્રાપ્ત કરી શકાતું નથી. પણ ટ્રૅજી-કૉમેડીમાં ભૂતકાળની ભૂલો સુધરે છે. લીઑન્ટીઝને પાછળથી પોતાના દુષ્કૃત્યનો પશ્ચાત્તાપ થાય છે અને નાટકના ઉત્તરાર્ધમાં હર્માઈઑની ખરેખર મૃત્યુ પામેલી નહોતી તેની જાણ થાય છે. તેની દીકરી પણ મૃત્યુના મુખમાંથી ઊગરીને સોળેક વર્ષની રૂપવતી યુવતી બની છે–પર્ડિટા નામથી તે કોઈક ગોવાળને ઘેર ઊછરે છે. વિધિસંકેત એવો બને છે કે પોલીસીનીસનો પુત્ર રાજકુમાર ફ્લોરીઝલ તેનાથી આકર્ષાય છે. નાટકના પૂર્વાર્ધની ઘેર કરુણતા પછી આ યુગલનો પ્રેમોદય આહ્લાદ અને રોમાંચનું વાતાવરણ રચી આપે છે. ગ્રામજીવનના માધુર્યનો રણકો અહીં અત્યંત હૃદયસ્પર્શી બન્યો છે. પોલીસીનીસના રોષથી બચવા આ યુગલ નાસીને સિસિલી આવે છે. ત્યાં લીઑન્ટીઝ, હર્માઈઑની, પર્ડિટા વગેરેનો સુખદ ચમત્કારક મેળાપ થાય છે. જો કે સમગ્ર આયોજનની દૃષ્ટિએ 'ધ વિન્ટર્સ ટેઈલ'માં કૃત્રિમતા અને સંકુલતા સહેજે પ્રતીત થાય, પણ 'સિમ્બેલીન'ની સંકલના કરતાં આ નાટકની સંકલના ઓછી સંકુલ છે અને આ નાટકનાં પાત્રો પણ વધુ આકર્ષક લાગે છે.

'ધ ટેમ્પેસ્ટ'

શેક્સ્પીઅરના 'ધ ટેમ્પેસ્ટ' નાટકમાં અગાઉનાં ટ્રૅજી-કૉમિક નાટકો જેવું વિષયવસ્તુ છે. Forget and forgive એ આ નાટકનો પણ એક મુખ્ય સૂર છે. અહીં શેક્સ્પીઅરની કલ્પનાએ જાદુઈ ટાપુ સર્જ્યો છે. એના પર પ્રોસ્પેરોનું વર્ચસ છે. ત્યાં તેની ઇચ્છા એ જ કાયદો છે. એ જ ઘટનાઓ સર્જે છે. પાત્રો પર અદૃશ્ય રહીને અંકુશ જમાવે છે. કેટલાક વિવેચકોને પ્રોસ્પેરોમાં શેક્સ્પીઅરનું વ્યક્તિત્વ પ્રતીત થતું દેખાયું છે. 'ધ.વિન્ટર્સ ટેઈલ'માં પર્ડિટા અને ફ્લોરીઝલનું જેવું પ્રેમી યુગલ છે તેવું આ નાટકમાં મિરાન્ડા અને ફર્ડિનન્ડનું યુગલ છે. મિરાન્ડાની યુવાસહજ મુગ્ધતા અને સરળતા આકર્ષક લાગે છે. સમુદ્રમાં ઝંઝામાં સપડાએલું વહાણ કિનારા તરફ ખેંચાઈ આવે છે અને ટાપુ પર પિતા સિવાય કોઈ મનુષ્યનું ક્યારેય દર્શન નહિ પામનાર મિરાન્ડા કેવી મુગ્ધતાથી અને કેવા ઉમળકાથી ઉદ્ગાર કરી ઊઠે છે!

'Wonder!
How many goodly creatures are there here!
How beauteous man kind is!
O brave new world,
That has such people in't!

પ્રોસ્પેરો ફર્ડિનન્ડના પ્રેમને કસોટીએ ચડાવે છે, પણ અંતે એમનું મિલન સાધી આપે છે. એનો પ્રેતકિંકર એરિયલ આ નાટકનું મનોહર કાવ્યમય પાત્ર છે. પ્રકૃતિ ઉપર વૈજ્ઞાનિકના અંકુશનું એ પ્રતીક છે. એવું જ ચિરંજીવ પાત્ર કૅલિબનનું છે. પ્રોસ્પેરોએ કબજે કરેલા ટાપુમાં અગાઉ તેની ડાકણ માનું રાજ્ય હતું. પ્રોસ્પેરોએ તેને વિદાય કરી કૅલિબનને પોતાના અંકુશમાં લીધો. કૅલિબન જંગલી સંસ્કૃતિનું સુંદર પ્રતીક પૂરું પાડે છે. પ્રોસ્પેરોએ તેને સંસ્કારવા પ્રયત્ન કર્યો, પણ તેના દેહ ને ચિત્તને સંસ્કૃતિનો સ્પર્શ સદ્યો જ નહિ. પ્રોસ્પેરો એને કહે છે—મેં તારા પર દયા આણીને took pains to make thee speak.

અને કૅલિબન જવાબ આપતાં કહે છે—You taught me language, and my profit on't' / Is, I know how to curse. કૅલિબન કુદરતની સંતતિ છે. એની અણઘડ શઠતા નાટ્યવસ્તુમાં નવું બળ પૂરે છે.

નાટકની સમગ્ર ઘટના જાદુઈ ટાપુ ઉપર અને એક જ દિવસના સમયમાં બને છે. 'ધ ટેમ્પેસ્ટ' અદ્ભુતરંગી નાટક છે. એમાંની રોમાંચક, કુતૂહલપ્રેરક, ચમત્કારક ઘટનાઓ અને તેની સાથે છૂટે હાથે વેરાએલી કાવ્યસમૃદ્ધિ આ નાટકનાં આકર્ષક તત્ત્વો છે. અહીં પણ અગાઉનાં 'સિમ્બલીન' અથવા 'ધ વિન્ટર્સ ટેઈલ'માં બને છે તેમ સદ્ગુણનો વિજય થાય છે, પવિત્રતાને તેનું પારિતોષિક સાંપડે છે. શેક્સ્પીઅરે અહીં પ્રજારુચિને સંતોષવાનું કાર્ય કર્યું છે, પણ તે સાથે અગાઉની બે ટ્રૅજી-કૉમેડીમાં જવલ્લે જોવા મળતું કલ્પનાબળ પણ દાખવ્યું છે. ઝંઝાવાતનો સમગ્ર પ્રસંગ એની કલ્પનાનો અને આયોજનની કુશળતાનો સુંદર નમૂનો છે. નાટકનું વસ્તુ વિપુલ કે સંકુલ ન હોવા છતાં આછાપાતળા કથાતંતુને પણ તેણે કુશળતાથી ગૂંથીને એક અવનવું કૌતુકપૂર્ણ નાટક રચ્યું છે.

અને છેલ્લે, નાટકમાં મારક પછી પ્રોસ્પેરો પોતાની માયા સંકેલતો, જગતની નશ્વરતા અને અવાસ્તવિકતા પર ચિંતન પ્રગટ કરતો કહે છે:

Our revels now are ended. These our actors,
As I foretold you, were all spirits and
Are melted into air, their air.......
We are such stuff
As dreems are made on and our littel life
Is rounded with a sleep.

પ્રોસ્પેરોના આ ઉદ્ગારોમાં શેક્સ્પીઅર પોતાનાં નાટકોની અથવા જીવનપ્રવૃત્તિની લીલા સંકેલતો હોવાના પડઘા સાંભળી શકાય? કેટલાક વિવેચકોએ તે સાંભળ્યા છે. (હવે પછી 'કરુણાન્ત નાટકો')

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૫૩

બાંબલાઇ

આ રોગમાં બગલમાં ગાંઠ થઇ તેમાં અસહ્ય વેદના અને બળતરા થાય છે. લોહીના બગાડને કારણે આ રોગ થાય છે.


ઉપચાર

૧) ધતુરાના રસને ઉકાળી કરી ઘટ્ટ કરવો અને તેમાં દશાંગ લેપ મેળવી ગરમગરમ જ બાંબલાઇ ઉપર લગાવી દેવો. ૨) કબૂતરની વિષ્ટા એકઠી કરી તેનો લેપ કરવો. ૩) કાંચનાર ગૂગળ તથા કૈશોર ગૂગળની ચારચાર ગોળી દિવસમાં ચાર વખત ખાવી; અથવા ત્રિફળા ગૂગળની ચારચાર ગોળી દિવસમાં ત્રણ વાર લેવી. ૪) મહામંજિષ્ટાદિ ક્વાથનું બે વાર સેવન કરવું.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

પચ્ચીસ વર્ષ પહેલાં

મે ૧૯૫૦ · સળંગ અંક ૩૧૭



જાણીતા પુરાતત્ત્વવિદ અમૃતલાલ પંડયાનો 'ડાકોર અને ગળતેશ્વર' ઉપરનો સચિત્ર લેખ આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો તેમાંનો ઉપયોગી ભાગ :

ગુજરાતમાં મુખ્ય વૈષ્ણવ તીર્થો બે જ છે: દ્વારકા અને ડાકોર. બંને સ્થળે રણછોડરાયજી બિરાજે છે. ડાકોર તીર્થની ઉત્પત્તિ દ્વારકામાંથી જ થઈ છે; એટલે જે લોકો દ્વારકાની જાત્રાએ જઈ શકતા નથી તેઓ ડાકોરજીની જાત્રા કરી દ્વારકાના પુણ્યના ભાગીદાર બને છે. ડાકોર તીર્થની ઉત્પત્તિ વિષે જે દંતકથા છે તે 'કાવ્યદોહન' ભાગ ૭માં સ્વ. તનસુખરામ મનસુખરામ ત્રિપાઠીએ આપી છે. એ કવિ ગોપાલદાસ વિરચિત છે. બીજી કથા કપડવણજ પાસેના તોરણા ગામના એક વાણિયા કવિ રણછોડ ભગતે વિક્રમ સંવત ૧૮૬૯માં રચેલી 'રણછોડજીના ગરબા' રૂપે મળી આવે છે.

કહે છે કે ડાકોરનું મૂળ નામ ડંકપુર હતું. (સ્વ. ડોલરરાય માંકડના કહેવા પ્રમાણે મૂળ નામ ડંકપુરને બદલે ડક્કપુર હોવું જોઇએ, કેમ કે એમાંથી જ આધુનિક નામ સંભવી શકે છે.) ત્યાં વજેસિંગ બોડાણા નામે રજપૂત રહેતો હતો. તે શ્રી કૃષ્ણનો મોટો ભક્ત હોવાથી ભક્ત બોડાણો કહેવાતો. રણછોડજીને ચડાવવા તેણે હાથમાં તુલસી ઉગાડયાં હતાં ને દર ચારચાર છછ મહિને તે હરિનાં દર્શને ડાકોરથી દ્વારકા જતો હતો. આમ કરતાં કરતાં સિત્તેર વર્ષ વીતી ગયાં. કથા કહે છે કે એક દહાડો દ્વારકામાં શ્રી રણછોડરાયજીએ બોડાણાને કહ્યું કે તારી ભક્તિ વડે હું પ્રસન્ન થયો છું અને વૃદ્ધાવસ્થાને લઈ તારાથી અહીં આવવાનું હવે અશક્ય બનશે માટે હું તારી સાથે ડાકોર આવું છું. તું એક ગાડું લઈ આવ. બોડાણે ડાકોરથી તૂટેલું ગાડું મેળવ્યું, ઊંછીના બળદ મેળવ્યા, ને આવ્યો દ્વારકા. દ્વારકાના ગૂગળી બ્રાહ્મણો બોડાણાનું ગાડું જોઈ હસવા લાગ્યા.

બોડાણો કહે 'હસો ભાઇઓ
હસવા સરખી વાત રે,
ઇશ્વરઈચ્છા કોઈ ન જાણે.
કેવું થશે પ્રભાત.'—રણછોડ રંગીલો.

બોડાણાએ ઉતારો કર્યો. અધરાતે રણછોડરાયજી તેના ગાડામાં આવી બેઠા અને તેને જગાડયો. ભક્ત અને ભગવાન બંને ડાકોરને પાદરે આવી પહોંચ્યા. સવાર પડતાં દ્વારકામાં ગૂગળીઓને ખબર પડી કે રણછોડરાય તો બોડાણા સાથે ડાકોર જતા રહ્યા! ગૂગળીઓ ડાકોર આવ્યા. ભગવાને કહ્યું કે દ્વારકામાં સેવંત્રી વાવમાં મારી બીજી મૂર્તિ દટાએલી છે. તેને નવ માસ પછી કાઢી તેની સ્થાપના દ્વારકામાં કરજો એટલે તમારો ધંધો ચાલુ રહેશે. અધીરા ગૂગળીઓએ મૂર્તિ નવને બદલે સાતમે મહિને વાવમાંથી ખોદી કાઢી. પરિણામે તે નાની નીકળી. એટલે જ કહે છે કે ડાકોરમાં આવેલી રણછોડરાયની અસલ મૂર્તિ કરતાં દ્વારકામાંની હાલની મૂર્તિ નાની છે. આ બનાવ ક્યારે બન્યો તે વિષે કાવ્યમાં લખ્યું છે કે:

સંવત બારસેં બારમાં
પ્રભુ બાકી કશી ન રાખી રે;
દયા કરી ડાકોરમાં આવ્યા,
તે સર્વે પૂરે સાખી—રણછોડ૦

આણંદથી ગોધરા જતી રેલવે લાઈન પર, આણંદથી ૧૯ માઈલ દૂર, ચરોતરના પ્રદેશમાં ડાકોર આવેલું છે. ડાકોરનું પ્લૅટફૉર્મ ત્રણેક ફર્લાંગ લાંબું હોઈ લાંબામાં લાંબા પ્લૅટફૉર્મમાં તેની ગણતરી થાય છે. મેળાઓ વેળા અહીં સ્પેશ્યલ ટ્રેઈનો ઘણી આવતી હોઈ અનેક પ્લૅટફૉર્મને બદલે એક જ લાંબું પ્લૅટફૉર્મ બનાવ્યું છે જે પર એકીવખતે અનેક ટ્રેઈનો ઊભી રહી શકે. દ્વારકા અને બીજાં તીર્થોમાં રસ્તા પર જે ગંદકી હોય છે તે ડાકોરમાં ન દેખાઈ. શહેરમાં વીજળી તથા નળ છે અને મેળા વખતે સ્વચ્છતા જાળવવાના ખર્ચ માટે મ્યુનિસિપાલિટી જાત્રાળુ દીઠ બે આનાનો જાત્રાવેરો ઉઘરાવે છે.


ડાકોરનું મંદિર

શહેરમાં મુખ્ય તો બે જ મહત્ત્વનાં સ્થળો છે: શ્રી રણછોડરાયજીનું મંદિર અને ગોમતી તળાવ. જાત્રાળુઓ માટે અનેક ધર્મશાળાઓ છે. દરરોજ સરેરાશ પાંચસો જેટલા જાત્રાળુઓ ડાકોર આવે છે. ગોધરા સુધીની સળંગ ટ્રેઈનો ઉપરાંત આણંદથી ડાકોર એક વધારાની ટ્રેઈન દરરોજ બપોરે દોડે છે. પૂનમને દહાડે પાંચેક હજાર માણસ એકઠું થાય છે. આસો સુદ પૂનમનો મેળો મોટામા મોટો હોય છે. અહીંના તીર્થગોર ત્રવાડી મેવાડા બ્રાહ્મણો છે. બીજાં તીર્થોની જેમ અહીં નાગોર જાત્રાળુને ત્રાસરૂપ થઈ પડતા નથી. તેઓ વ્યવહારદક્ષ છે. શ્રીગોડ ને તપોધન બ્રાહ્મણોની વસતિ પણ અહીં સારી છે. દ્વારકાના શંકરાચાર્યના શારદાપીઠની શાખા રૂપે અહીં પણ શંકરાચાર્યનો મઠ છે.

વહેલી સવારે સ્નાન થતી વખતે રણછોડજીની મૂર્તિનાં અમે નજીકથી દર્શન કરવા ભાગ્યશાળી થયા. મૂર્તિની ઊંચાઈ ચાર ફૂટ જેટલી જ હશે. કાળા કસોટી પથ્થરની ચતુર્ભુજ વિષ્ણુની એ મૂર્તિ અગિયારમા-બારમા સૈકા જેટલી જૂની જણાઈ.

હિંદુત્વના અભિમાનીને ડાકોરજીનું મંદિર જોઈ પહેલી નજરે નિરાશા ઊપજે તેમ છે. દૂરથી તેનો ઉપલો ભાગ જોતાં એમ જ લાગે છે કે આ મંદિર હિંદુ નથી પણ પથ્થરનો બાંધેલો મુસલમાની તાજિયો છે. એ ખરું જોતાં મહારાષ્ટ્રનાં હેમાદ્રિપતિ મંદિરોના શિખરનું વિકૃત રૂપ છે. મંદિરનો નીચેનો ભાગ કંઈક વિશેષ જૂનો છે. મંદિર બંધાયા વિષે એવી માહિતી છે કે સંવત ૧૭૮૧ (સને ૧૭૨૫)માં જોધપુર મારવાડથી ડાકોર આવેલા અભેસિંહ રાજાએ આ મંદિર પ્રથમ બંધાવેલું. આ પહેલાં રણછોડરાયજીની મૂર્તિ એક બીજા મંદિરમાં હતી. સંવત ૧૮૨૮ (ઈ. ૧૭૭૨)માં પેશ્વાના શરાફ સતારાના રહેવાસી ગોપાલ જગન્નાથ તાંબેકર નામે ગૃહસ્થે આ મંદિરને વધુ વિસ્તાર્યું.


રણછોડજીના મંદિરની સામે જ ગોમતી તળાવ છે. આ તળાવમાં પાણી બહારથી આવતું નથી; ચોમાસામાં ભરાઈ રહે છે તે જ પાણી આખું વર્ષ રહે છે ને તેમાં જ જાત્રાળુઓ બારે માસ નહાય છે. આખું ગામ તેમાં કપડાં ધૂએ છે. સૈકાઓ પહેલાં ડાકોર વસ્યું હશે ત્યારથી ગોમતી તળાવના આ પાવક(!)જળમાં યાત્રાળુઓ પોતાનાં મેલ અને પાપ ધોતા આવ્યા છે! પરિણામે દુનિયાનાં પાપોથી તે એટલું બધું ભરાયું છે કે હવે તેનું પાણી એ પાપમાંથી છૂટકારો માગે છે! તળાવ અર્ધા માઈલનો વિસ્તાર ધરાવતું હોઈ પાકું બાંધેલું છે.

બપોરે ભોજન લઈ અમે ગળતેશ્વર જવા ઊપડયા. અમે જાણ્યું કે ગળતેશ્વરમાં મંદિર નજીક ધર્મશાળા છે અને ત્યાંથી રાત્રે સૂવા માટે ગાદલાંગોદડાં મળી રહે છે. આથી અમે બિછાનાં સાથે ના લીધાં. બરાબર પોણાબારે ટ્રેઈન અંગાડી જઈ પહોંચી અને તુરત જ ત્યાંથી અમે બે માઈલ દૂર મહી તરફ ચાલવા માંડયું. રસ્તો પગદંડી હોઈ ભૂલા પડી જવાય એવો છે; માટે અંગાડીથી ગળતેશ્વર જવું હોય તો અંગાડીથી કોઈ ભોમિયો સાથે રાખવો. અંગાડીથી ગળતેશ્વરનો રસ્તો કોતરોવાળો હોવાથી અમે ચડઊતર કરતા કલાકેકમાં મહીની નજીક જઈ પહોંચ્યા અને ગળતેશ્વરનું મંદિર દેખાવા લાગ્યું.

પ્રભાસપાટણ (સૌરાષ્ટ્ર)માં હિરણ્યા નદીના કાંઠે (નગરમાં) જે સુપ્રસિદ્ધ સૂર્યમંદિર છે તેના જેવો આકાર આ મંદિરોનો દેખાયો. હવે અમે એક નાની નદી ઓળંગી. એનું નામ હતું ગળતી. એમાં પાણી ગળ્યા કરતું હોઈ લોકો એને ગળતી કહે છે, અને આ ગળતીનો સંગમ જ્યાં મહી સાથે થાય છે તે સ્થળે જ ગળતેશ્વરનું મંદિર આવેલું છે. એક નાનો ટેકરો ચડી અમે મંદિરે આવી પહોંચ્યા. મંદિરની બાજુમાં જ ધર્મશાળા હતી. તેમાં કફની પહેરનારા બેત્રણ સાધુઓ હતા. મોટા સાધુના પટ્ટશિષ્ય મદ્રાસી સાધુ હતા. ઊતરવા-કરવામાં એ લોકોએ અમારી સગવડ સાચવી. ગળતેશ્વર વિષે પૂછતાં મદ્રાસી સાધુએ અંગ્રેજી—તામીલ—ગુજરાતી ને હિંદુસ્તાનીની મિશ્ર ભાષામાં ઉત્તર આપ્યો: 'ઑલ ઇન્ડિયા મેં ગળતેશ્વર બડા મોટ્ટા તીરથમ્ છે. રાતકુ ડ્રીમમેં ભગવાનકા લિટ્ટર (letter) અમારા ગુરુજીને મળ્યો, અને મોટું દ્રવ્યમ્ ખરચ કરીને આ મંદિર રીપેર કરાવ્યું કે; સમજ ગયા તમે લોક?'

ગળતી નદીના નામ પરથી આ મંદિર ગળતેશ્વર કહેવાય છે. મહીના કાંઠે પ્રાચીન શિવમંદિર હોવાનો એકમાત્ર ઉલ્લેખ માળવાના પરમાર રાજા સીયક બીજાના વિક્રમ સંવત્ ૧૦૦૫ (ઈ. ૯૪૯)ના હરસોલના તામ્રપત્રમાં છે. શક્ય છે કે એ 'શિવનાથ'નું મંદિર તે આ ગળતેશ્વરનું જ મંદિર હોય. તેના ઇતિહાસ પર પ્રકાશ પાડનાર બીજી કોઈ નોંધ કે શિલાલેખ ગળતેશ્વરમાં મળી આવ્યાં નથી.

મંદિર એટલે દેવમૂર્તિનું સ્થાન. ઈસ્વી સનના આરંભકાળ સુધી ભારતમાં પથ્થરનાં દેવમંદિરો બંધાયાની પરંપરા જણાતી નથી. હિંદુ મૂર્તિપૂજાનો વિકાસ પણ ગુપ્તકાળ (ઈ ૩૫૦ ૬૫૦) થી જ નજરે પડે છે. મંદિરના ભાગોમાં અંદરનો મુખ્ય ભાગ ગર્ભગૃહ (ગભારો) કહેવાય છે એમાં દેવમૂર્તિ વિરાજતી હોય છે. એના પર શિખર (ઘુમ્મટ) હોય છે, ને શિખર પર આમલક (દડો). ભક્તો જ્યાં દર્શન કરવા ઊભા રહે છે તે મંડપ કહેવાય છે. એના પર પહોળું અને નાનું શિખર હોય છે. પગથિયાં ચડીને જ્યાંથી મંડપમાં



મહી અને ગળતી નદીના સંગમ પાસે ગળતેશ્વરનું મંદિર. એની વિશિષ્ટ સ્થાપત્ય શૈલીનું ગુજરાતભરમાં આ એક જ ઉદાહરણ છે. ▷

દાખલ થવાય છે તે અર્ધમંડપ કહેવાય છે.

કોઈ પણ મંદિરને ઓળખવાની નિશાની છે તેનું શિખર. એની ઉત્પત્તિ હજુ અજાણી છે. પ્રાચીનતમ મંદિરોને શિખરો ન હતાં. ગર્ભમંડપ પર ધીમે ધીમે શિખર આવીને ઊંચુ થતું ચાલ્યું છે. ગુપ્તકાળનાં મંદિરોનાં શિખરો ઘણાં નાનાં હોય છે. શિખરના વિકાસનો ઇતિહાસ સૌરાષ્ટ્રમાં સારી રીતે જોવા મળે છે. ગુપ્ત કાળમાં ગોપ, કદવાર વગેરેનાં મંદિરોનાં નાનાં શિખરો ૧૧-૧૨મા સૈકામાં ખૂબ ઊંચાં બની જાય છે. એ કાળ પછીના હિંદના મંદિરસ્થાપત્યમાં ત્રણ શૈલીઓ સ્પષ્ટ રીતે નજરે પડે છે: (૧) ઉત્તરની નાગર (ઇન્ડો-આર્યન); (૨) દક્ષિણની દ્રવિડ; અને (૩) એ બંનેના સમ્મિશ્રણરૂપે કર્ણાટકની ચાલુક્ય કે વેસર. આ વર્ગીકરણ શિખરોના પ્રકાર પર આધાર રાખે છે. વળી કોઈ પણ મંદિરની તપાસમાં શિખર ઉપરાંત તેના પાયાના આકારનો અભ્યાસ પણ કરવાનો હોય છે.

ઈ. ૯૬૧માં મૂળરાજ સોલંકી આ વંશને ઇતિહાસકારો સોલંકી નહિ પણ ચૌલુક્ય કહે છે, કારણ કે આ વંશના રાજાઓ પોતાના લેખોમાં પોતાના વંશનું નામ સોલંકી નહિ પણ ચૌલુક્ય લખે છે) અનહિલપુર પત્તન (ઉત્તર ગુજરાતના પાટણ)ની ગાદીએ બેઠો. એની પહેલાંનાં મંદિરો તળ ગુજરાતમાં હજુ સુધી ક્યાંય પણ મળી આવ્યાં નથી, પણ સૌરાષ્ટ્રમાં તે વખતનાં કેટલાં યે મંદિરો છે. સૌરાષ્ટ્રના આ ચૌલુક્ય-પૂર્વ કાળનાં મંદિરોમાં જૂનામાં જૂનાં ગુપ્ત કાળ જેટલાં જૂનાં ખરાં. આ મંદિરોના પાયાનો આકાર લગભગ ચોરસ છે, જ્યારે ચૌલુક્ય કાળનાં મંદિરોનો લગભગ ગોળાકૃતિ છે. બન્ને આકૃતિ વચ્ચે આ મુખ્ય તફાવત છે. સૌરાષ્ટ્રનાં પુરાતન મંદિરો નાગર શૈલીનાં છે અને પાયા તથા ઘુમ્મટના આકારની દૃષ્ટિએ ઓરિસ્સાના ભુવનેશ્વર વગેરેનાં મંદિરો સાથે તે ખૂબ મળતાં આવે છે. તેથી કેટલાક પુરાવિદો માને છે કે મંદિર સ્થાપત્ય આપણે ત્યાં ઓરિસ્સાથી આવ્યું છે. પણ મારી માન્યતા પ્રમાણે ગુજરાત-સૌરાષ્ટ્રનું મંદિર સ્થાપત્ય તળપદી ઉત્પત્તિનું છે, કારણ કે સૌરાષ્ટ્રનાં મંદિરો ઓરિસ્સાના ભુવનેશ્વરનાં મંદિરો કરતાં વિશેષ જૂનાં છે, ને આપણે ત્યાં આપણા આ તળપદી શૈલીના વિકાસના બધા અંકોડા મળી આવે છે.

પાટણના ચૌલુક્યોએ એક નવી જ મંદિર-સ્થાપત્ય શૈલી ગુજરાતમાં દાખલ કરી ને તે 'ચૌલુક્ય શૈલી'—જે ચાલુક્યથી જુદી કહેવાય છે. આ મૂળ તો આપણા પ્રાંતની નાગર વર્ગની તળપદી શૈલી જ, પણ તેમાં થોડાંક કર્ણાટકની વેસર શૈલીનાં દાક્ષિણાત્ય તત્ત્વો આવતાં આ નવી શૈલી ઉત્પન્ન થઈ હતી. ગુજરાતના ચૌલુક્યો મૂળ કર્ણાટકના હતા, તેથી તેમના સમયે ગુજરાતમાં કર્ણાટકનાં તત્ત્વો ખૂબ આવ્યાં છે ને તેના જ પરિણામ રૂપે આ શૈલી આપણે ત્યાં ઉદ્ભવી. આ દાક્ષિણાત્ય તત્ત્વો હોવા છતાં તેની ગણતરી ઉત્તરની નાગર શૈલીમાં જ થાય છે. રુદ્રમાળ, મોઢેરા, આબુ, ગિરનાર, પ્રભાસ વગેરેનાં બધાં ચૌલુક્યકાળનાં મંદિરો આ શૈલીનાં છે અને ગુજરાતની આ શૈલીની અસર તેની આજુબાજુના તેની સંસ્કૃતિથી પ્રભાવિત થએલા પ્રદેશો જેવા કે માળવા, ડાહલ (જબલપુર), મારવાડ, ઉત્તર મહારાષ્ટ્ર વગેરેની તત્કાલીન સ્થાપત્ય શૈલીઓ ઉપર પણ થએલી.

આપણે જોયું કે મંદિર સ્થાપત્યની બે પ્રાચીન શૈલીઓ ગુજરાતમાં મળી આવે છે: સૌરાષ્ટ્રના ચૌલુક્ય-પૂર્વ કાળનાં મંદિરોની નાગર વર્ગની એક વિશેષ શૈલી, અને ચૌલુક્ય કાળનાં ગુજરાત-સૌરાષ્ટ્રનાં મંદિરોની નાગર-વેસર મિશ્રિત વિશિષ્ટ શૈલી. એમાં આખા ગુજરાતમાં એકમાત્ર ગળતેશ્વરનું જ મંદિર એવું છે કે જે આ બંનેમાંથી બીજા એક પણ વર્ગમાં પૂરેપૂરું આવતું નથી. ગળતેશ્વરના મંદિરના પાયાનો આકાર લગભગ ચોરસ છે અને આ દૃષ્ટિએ તે ચૌલુક્ય શૈલીનાં મંદિરોથી જુદું પડતું હોઈ સૌરાષ્ટ્રનાં મંદિરોની સાથે મળતું આવે છે; પણ શિખર અને બીજા બાહ્ય ભાગોની કળાની દૃષ્ટિએ તે ચૌલુક્ય મંદિરોના જેવું જ છે. દિલ્હી સરકારના પુરાતત્ત્વ ખાતાના એક અમલદાર સુપ્રસિદ્ધ પુરાવિદ્ ડૉ. બર્જેસના કહેવા પ્રમાણે આ મંદિર ગુજરાતની ચૌલુક્ય શૈલીનું હોવાને બદલે કર્ણાટકની ચાલુક્ય શૈલીનું હોવાનું વધારે જણાય છે. ગર્ભગૃહનો આકાર ચોરસ છે ને આ દૃષ્ટિએ તે કલ્યાણ પાસેના અંબરનાથના પ્રાચીન મંદિર સાથે સામ્ય ધરાવે છે. ગર્ભગૃહનાં દ્વાર પરની કોતરણી ગુજરાતનાં ચૌલુક્ય મંદિરો કરતાં કર્ણાટકનાં ચાલુક્ય મંદિરોના જેવી છે. ગર્ભગૃહનો પાયો તારાના આકારનો હોઈ કર્ણાટકમાં ડમ્બલમાં આવેલ દોદ્દાબાસપ્પાના મંદિર સાથે સમાનતા ધરાવે છે. આ સિવાય બીજી રીતે ગળતેશ્વરનું મંદિર ગુજરાતની ચૌલુક્ય શૈલીનું છે. મોઢેરાના મંદિરની જેમ આ મંદિરની આસપાસની કોતરણીમાં ભોગાસનોનાં શિલ્પો ખૂબ છે.

ગળતેશ્વર-મંદિરનો પથ્થર તેની નજીકમાં જ થતો એક વેળુપાષાણ છે, જેનો રંગ ભૂખરો લાલ છે. ક્યાંક ક્યાંક મહી કાંઠાના કાળા પથ્થરનો પણ ઉપયોગ થયો છે. મંદિરનો કેટલોક ભાગ પડી જતાં પુરાતત્ત્વ ખાતાએ તેનું સમારકામ કરાવ્યું છે, પણ શિખર હજી અધૂરું જ છે અને તેના પથ્થરો આજુબાજુ પડ્યા છે.

ગળતેશ્વર આગળ મહીનો પટ ખડકવાળો છે. તેથી અહીં મહી અનેક ધારાઓમાં વહેંચાઈ ગઈ હોવાથી ઊંડી પણ નથી આથી ભરેલાં ગાડાં અહીં મહીને ઓળંગી શકે છે. વળી અહીં નદીનો ઢાળ વિશેષ હોવાથી પૂર વખતે પાણી થોડા જ વખતમાં જ ઊતરી જાય છે ને રેતીનો અભાવ છે. આથી પણ અહીં જ મહીને ઓળંગવી સુગમ હોઈને ખંભાતથી માળવાનો મહામાર્ગ અહીં મહીને ઓળંગતો હતો અને અવરજવરની આ પરિસ્થિતિને લઈ ગળતેશ્વર જેવું સુંદર મંદિર અહીં બંધાયું. જોકે હવે તો આ પ્રદેશ નિર્જન જેવો લાગે છે.

મહીનાં અમે સહુ નાહ્યા અને ત્યાંથી નજીક એક માઇલે આવેલા સરનાળ આગળ પ્રાચીન 'ચંદ્રહાસ' નગરીના અવશેષો જોવા ગયા. અહીં પૌરાણિક ચંદ્રહાસ રાજા રાજ્ય કરતો હોવાની દંતકથા છે. પણ દંતકથા કંઈક જુદું જ કહેતી હોય છે ને સંશોધન કરતાં ખરી વસ્તુ કંઈક જુદી જ નીકળે છે. અવશેષો વિસ્તૃત છે અને તે પ્રાચીન સરનાળ ગામના હોવા જોઇએ. સરનાળ (એનું મૂળ નામ કલ્પી શકાતું નથી) દસમા-અગિયારમા સૈકામાં મહી કાંઠે એક

શતરંજના વિશ્વવિજેતાઓ: આનાતોલી કાર્પોવ



વિશ્વવિજેતાપદ માટેના આહ્વાન મૅચ માટેના આંતરરાષ્ટ્રીય શતરંજ મંડળે ઠરાવેલા નિયમોનો છેલ્લા વિશ્વવિજેતા બૉબી ફિશરે બીજી એપ્રિલ સુધી સ્વીકાર ન કર્યો તેથી ચૅલેન્જર ૨૩ વર્ષના યુવાન રશિયન મહાઉસ્તાદ આનાતોલી કાર્પોવને વિશ્વવિજેતા જાહેર કરવામાં આવ્યા છે. તેઓ નાનામાં નાની વયે વિશ્વવિજેતાપદ મેળવનાર છે, અત્યાર સુધીમાં ૩૦ વર્ષથી ઓછી વયે ત્રણ ખેલાડીએ વિશ્વવિજેતાપદ મેળવ્યું હતું. તે છે ડૉ. લાસ્કર (૧૮૯૪માં ૨૫ વર્ષની વયે), મિખાઈલ ટાલ (૧૯૬૦માં ૨૪ વર્ષની વયે) અને બૉબી ફિશર (૧૯૭૨માં ૨૯ વર્ષની વયે). આ રીતે ડૉ. લાસ્કરનો વિક્રમ ૬૬ વર્ષે ટાલે તોડયો અને ટાલનો વિક્રમ ૧૫ વર્ષે કાર્પોવે તોડયો.

કાર્પોવે ઈ. ૧૯૭૩માં આંતરક્ષેત્રીય(inter-zonal) ટુર્નામેન્ટ જીતીને કૅન્ડિડેઈટ્સ ટુર્નામેન્ટમાં પ્રવેશ મેળવ્યો. પહેલા રાઉન્ડમાં તેમને રશિયન મહાઉસ્તાદ પોલુગાયેવ્સ્કી સામે રમવાનું આવ્યું. વાચકોને યાદ હશે કે ફિશરના સૂચન પ્રમાણે આ વખતથી આ ટુર્નામેન્ટના પહેલા રાઉન્ડમાં ૧૦ રમતને બદલે કોઈ ખેલાડી ત્રણ રમત જીતે ત્યાં સુધી મૅચ રમવી એમ નક્કી થયું હતું. ફક્ત આઠ રમતમાં જ એક પણ રમતમાં હાર્યા વિના ત્રણ રમત જીતીને કાર્પોવ બીજા રાઉન્ડમાં ગયા. (એ મૅચનો સ્કૉર આમ લખાય 3+0-5=) બીજા રાઉન્ડ એટલે કે સેમી ફાઈનલમાં તેમને ભૂતપૂર્વ વિશ્વવિજેતા બૉરિસ સ્પાસ્કી સામે રમવાનું આવ્યું. તેમની સામે ૧૧ રમતમાંથી ૪માં જીત, ૬માં ડ્રૉ અને એકમાં હારી છેલ્લા રાઉન્ડમાં પ્રવેશ કર્યો. (4+1-6=).

છેલ્લા રાઉન્ડમાં પણ તેમને એક રશિયન મહાઉસ્તાદ વિક્ટર કૉર્ચનોય સામે રમવાનું આવ્યું. કૉર્ચનોયે છેલ્લા ૧૫ વર્ષથી વિશ્વના જોરદાર મહાઉસ્તાદોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. તેમણે પણ બીજા રાઉન્ડમાં એક ભૂતપૂર્વ વિશ્વવિજેતા પેટ્રોશ્યનને હરાવેલા. આ મૅચમાં પાંચ રમત જીતવાની શરત હતી. વળી, મૅચ માટે ૨૪ રમતની મર્યાદા પણ હતી. બીજી, છઠ્ઠી અને સત્તરમી રમત જીતીને કાર્પોવે ત્રણ રમતની સરસાઈ મેળવી હતી. ત્યાર પછી કૉર્ચનોય ૧૯મી તથા ૨૧મી રમત જીત્યા હતા. અને ત્રણ રમત બાકી હતી. અનુભવી કૉર્ચનોય યુવાન કાર્પોવને પકડી પાડશે કે કેમ એ પ્રશ્ન બધાના મનમાં ઊભો થયો હતો. પણ પછીની રમત ડ્રૉ થતાં કાર્પોવ (3+2-19=) ના સ્કૉરથી મૅચ જીત્યા ને વિશ્વવિજેતા બૉબી ફિશરને આહ્વાન આપવાની તક મેળવી.

આહ્વાન મૅચની શરતો હતી: જે ખેલાડી ૧૦ રમત પહેલાં જીતે તે મૅચ જીતે; (૨) મૅચમાં ૩૬ રમતની મર્યાદા હતી, (૩) આ ૩૬ રમતને અંતે કોઈ ખેલાડી વધુ રમત જીત્યો હોય તો તેની જીત ગણાય અને (૪) જો ૩૬ રમતને અંતે બન્ને ખેલાડી સરખી રમત જીત્યા હોય તો વિશ્વવિજેતાપદ ફિશર પાસે જ રહે. (આને Status quo નિયમ કહે છે) ફિશરને ૩૬ રમતની મર્યાદા પસંદ ન હતી તેથી તેણે નિયમમાં ફેરફાર માટે બે સૂચન કર્યાં: (૧) મૅચમાં અમર્યાદિત રમત હોવી જોઈએ ને (૨) જો મૅચ દરમિયાન કોઈ વખતે ૯-૯ સ્કૉર થાય તો મૅચ બંધ કરીને ને Status quo નિયમના આધારે તે વિશ્વવિજેતાપદ જાળવી રાખે.

આંતરરાષ્ટ્રીય શતરંજ મંડળે આમાંથી પહેલું સૂચન સ્વીકાર્યું ને બીજું રદ કર્યું. આથી ઈ. ૧૮૮૬થી આજ સુધી વિશ્વવિજેતાઓને Status quo નિયમના લાભ મળતો હતો તે આ વખતથી ફિશરને મળતો બંધ થયો. સ્વાભાવિક રીતે જ ફિશરે આ શરતે રમવાનું કબૂલ ન કર્યું. તા. ૨૭ એપ્રિલ સુધીમાં બને ખેલાડીએ આ શરતે મૅચ રમવાની બાંહેધરી આપવાની હતી ફિશરે આ શરતે મૅચ રમવાની ઈચ્છા ન દાખવી તેથી ૩જી એપ્રિલના દિવસે કાર્પોવને વિશ્વવિજેતા જાહેર કરવામાં આવ્યા. આ કાર્પોવની થોડી રમતો આપણે હવે પછી જોઈશું

સુરેશ મોદી

સારું વ્યાપારિક મથક હશે. પ્રાચીન સાહિત્યમાં એની નોંધ નથી. એના આંગણે બનેલા મુઘલાઈ જમાનાના એક ઐતિહાસિક બનાવની નોંધ અકબરના તવારીખનવીસ અબુલ ફઝલે લીધી છે.

ગુજરાતની મુસ્લિમ સલ્તનતની પડતીના વારામાં અહીં રાજકીય અંધાધૂંધી ફેલાએલી ને તેમાં કેટલા યે મુસલમાન સરદારોએ બંડ ઉઠાવેલું, એટલે સમ્રાટ અકબર ગુજરાત પર ચડી આવ્યો. ઈબ્રાહીમહુસેન મિરઝા નામનો સરદાર સરનાળ જઈ સંતાઈ રહ્યો. અકબરને વડોદરામાં સમાચાર મળતાં તે સરનાળ પર સૈન્ય લઈ ચડી ગયો અને ઈ. ૧૫૭૨ના ડિસેમ્બર માસની ૨૩મી તારીખે યુદ્ધમાં સરનાળને આંગણે અકબર અને તેના એક મંત્રી રાજા ભગવાનદાસના જીવ જોખમમાં મુકાયા. એ યુદ્ધમાં રાજા ભગવાનદાસનો ભાઈ મરાયો. મિરઝા ઈબ્રાહીમહુસેન સરનાળના ગઢના બીજા દરવાજા વાટે મારવાડ નાસી ગયો. અબુલ ફઝલના વર્ણન પરથી લાગે છે કે ૧૬મી સદીમાં સરનાળ શહેર હતું અને તેને ગઢ પણ હતો. આ ગઢના અવશેષો ક્યાંક ક્યાંક નજરે પડે છે. આજે તો સરનાળમાં માત્ર સો-સવાસોની વસતિ છે.

દિવસ ઢળવા લાગ્યો અને અમે મંદિરે પહોંચ્યા. ત્યાં ખબર મળ્યા કે મોટા મહારાજ ઊંઘી ગયા છે અને માણસ પાસે ગોદલાં-ગોદડાંની ખોલીની ચાવી રહે છે તે પણ સરનાળ જતો રહ્યો છે! પરિણામે અમને બેએક ગાદલાં તો ચેલા મદ્રાસી સાધુની કૃપાથી મળ્યાં, પણ ઓઢવા માટે કશું મળ્યું નહિ. સખત ઠંડીમાં સહુ ઉઘાડા પડી રહ્યા. ઠંડીને લઈ મને તાવ ચડી આવ્યો. ચાર વાગ્યે ઊઠીને અમે ચાલતા થયા. લોકોએ અગાઉથી કહેલું કે સવારે અંગાડીને રસ્તે જતા નહિ, કારણ જોખમી રસ્તો છે, એટલે છ માઈલના લાંબે રેતાળ રસ્તે ડાસરા સુધી ચાલતા ગયા તેથી ટ્રેનમાં જગ્યા મળી નહિ!

શબ્દકથા : 'અંતિયું'–'અકરાંતિયું'

ધરાય નહિ એમ ખાધા કરનારું એ 'અકરાંતિયું'. આ અર્થ 'અંતિયું' પણ આપે છે, પણ એમાં (૧) અત્યંત લોભથી જ્યાંત્યાં વલખાં મારવાં, (૨) છેલ્લે પાટલે જઈ બેઠેલું—આ બે અર્થ પણ છે. 'અંતિયો' આગળ વધી સં. 'અન્તક'નો પર્યાય બની 'મૃત્યુ' 'યમ-દૂત' એવા અર્થ આપે છે. 'અંતિયું' આમ તો 'અંતને લગતું' 'અંત તરફ ગતિવાળું' અર્થ આપે અને સંસ્કૃત 'અન્તિક'ના વિકાસમાં આવે. 'અન્તિક'નો અવ્યય તરીકે સંસ્કૃતમાં 'નજીક' 'પાસે' અર્થ પણ છે; પેલો યૌગિક અર્થ. 'અંતિયું થઈ ને ખાવું' એ અર્થ 'અકરાંતિયું' આપે છે. આ 'અકરાંતિયું' મને સં. 'આ-ક્રાન્ત' (ભૂ. કૃ.)ને ગુજરાતી 'ઇયું' તદ્ધિત પ્રત્યયથી શક્ય લાગે છે. 'અંતિયું' પણ સં. 'ઇક'ના વિકાસમાં 'ઇયું' ત. પ્ર. થી સ્વાભાવિક છે. મઝા એ છે કે 'પેટ પર વધુ પડતું આક્રમણ' એવો ભાવ 'અકરાંતિયું' આપે છે, તો 'ખોરાકનો કે કોઈ ક્રિયાનો તાગ ન આવે ત્યાં સુધી ખેંચ્યે જવું' એ ભાવ 'અંતિયું' આપે છે.

કે. કા. શાસ્ત્રી

સાહિત્યસંપર્ક

નવી નવલકથાઓ

બહાદુરશાહ પંડિત

લોકપ્રિય પ્રકાશન
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

ભીતરે ભર્યો લાવા : ભારતીય સમાજની વિવિધ વ્યક્તિઓનો મેળો જ્યાં જામ્યો છે એવી એક કૉલોનીમાં રહેતા ત્રણ મિત્રો-પરોપકારી ડૉક્ટર, ભયાનક દાણચોર ચિનપ્પા અને બે પત્નીના પતિ મૂલે-ના જીવનમાં રહેલી રહસ્યાત્મક ઘટનાઓને આહ્લાદકરીતે આલેખતી શ્રી હસમુખ શેઠની, સંકલનાની દૃષ્ટિએ શિથિલ છતાં પ્રસંગાલેખન, પાત્રાલેખન અને નિરૂપણરીતિની દૃષ્ટિએ સંતત જકડી રાખે એવી આકર્ષક નવલકથા. (પૃ. ૩૧૨, પાકું પૂઠું, રૂ. ૧૭)

પીગળ્યો નહિ ધુમ્મસનો પહાડ : કૉલેજમાં ભણતાં વિનોદ-બકુલાનો પ્રેમ વિનોદની નિર્બળતાંના કારણે કેવી કરુણ નિષ્ફળતામાં પરિણમે છે એનું આલેખન કરતી હસમુખ શેઠની, મુગ્ધ પ્રેમનું માધુર્ય ને સૌન્દર્ય નિરૂપતી આકર્ષક નવલકથા. સરસ ને સચોટ સંવાદો, આકર્ષક રચનાકૌશલ, જીવંત પાત્રાલેખન ઈત્યાદિ તત્ત્વોથી વાચનક્ષમ બનેલી આ કૃતિ લેખકની પ્રથમ નવલકથા હોવાથી એમાં કેટલીક વિસંગતિઓ પણ દર્શાવે છે. તેમ છતાં પ્રયાસ પ્રશંસનીય છે. (પૃ. ૨૪૩, પાકું, રૂ. ૧૨)

મૃગજળ : સ્ત્રીપુરુષના સંબંધમાં પ્રેમનું મહત્ત્વ કેટલું બધું છે અને દેહને પ્રાધાન્ય આપવા જતાં કેવાકેવા ગંભીર પ્રશ્નો ઊભા થાય છે એ દિનકર, સુધા, સોનલ, લીલા, સમતા ઈત્યાદિ પાત્રો દ્વારા આલેખતી શ્રી પ્રીતમલાલ કવિની આકર્ષક ને આહ્લાદક નવલકથા. (પૃ. ૪૫૬, પાકું પૂઠું, રૂ. ૧૪–૫૦)

ઘરઘરનો : સ્વરાજ્યપ્રાપ્તિ પછી છેક ગામડાં સુધી પહોંચેલા ભ્રષ્ટાચાર સામે અડગ રીતે ઝઝૂમતા ગાંધીવાદી ગોરધનદાસ અને એમના પ્રપંચી ભાઈ નાથાલાલ વચ્ચેના સંઘર્ષની, જીવંત પાત્રો અને વાસ્તવલક્ષી પ્રસંગાલેખનથી આકર્ષક બનતી નાથાભાઈ જેબલિયાની વાચનક્ષમ નવલકથા. (પૃ. ૪૨૪, પાકું, રૂ. ૧૨–૭૫)

કળીએ દીધા ડંખ : મૂળરાજ રૂપારેલની મુખ્યત્વે જાતીય સંબંધો અંગેના પ્રસંગોની રજૂઆત કરતી આ નવલકથામાં પ્રેમમાં પડેલો એક યુવાન અરુણ અલકા નામની સુંદર યુવતી સાથે પરણે છે, પણ પ્રથમ રાત્રિએ જ પોતાના લગ્નપૂર્વેના પ્રેમની કબૂલાત કરતાં બંને વચ્ચે ખટરાગ ઊભો થાય છે. એ પછી મુંબાઈ ગએલો અરુણ બેકાર થતાં દાણચોરીના ધંધામાં પડે છે અને રૂપાળી સ્ત્રીઓ સાથે સંબંધો રાખે છે. આવા અનેક અપ્રતીતિકર પ્રસંગો આલેખતી આ કૃતિ મધ્યમ કક્ષાની કથા છે. (પૃ. ૩૩૦, પાકું, રૂ. ૧૦॥)

સંગ્રામ : દામ્પત્યજીવનમાં શંકાનું ભૂત પ્રવેશતાં પત્નીને પતિ સામે કેવો સંગ્રામ ખેલવો પડે છે એનું આલેખન કરતી, વસ્તુસંકલનાની દૃષ્ટિએ શિથિલ ને સૌથી મધ્યમ બરની શ્રી પ્રહ્લાદ બ્રહ્મભટ્ટની નવલકથા. (પૃ. ૩૭૬, પાકું પૂઠું, રૂ. ૧૨)

નૅશનલ બુક ટ્રસ્ટ · ઇન્ડિયા
વૉરા ઍન્ડ કં., ગાંધીરોડ, અમદાવાદ–૧

બનગરવાડી : ઈ. ૧૯૫૪માં મૂળ મરાઠીમાં પ્રકટ થએલી શ્રી વ્યંકટેશ માડગુળકરની આ નવલકથામાં ભરવાડોના ગામમાં ગ્રામીણ શાળાના શિક્ષક તરીકે નિમાએલા એક યુવાનના એ ગામને સુધારવાના પ્રયાસોની કથા અદ્ભુત સંયમ અને સહજતાથી આલેખાઈ છે. પરંપરા મુજબના નાયક અને ખલનાયકના બદલે રેખાચિત્રોના એક સંગ્રહ જેવી આ નવલકથાનાં જીવંત પાત્રો આકર્ષક અને આહ્લાદક છે. મરાઠી વાચકોમાં લોકપ્રિય નીવડેલી આ નવલકથા શ્રી ગોપાળરાવ વિદ્વાંસે કરેલા એના રોચક અનુવાદના લીધે ગુજરાતી વાચકોમાં લોકપ્રિય બનશે જ. (પૃ. ૧૨૯, કાચું, રૂ. ૪-૫૦)

મૃત્યુ પછી : માણસ એના મૃત્યુ પછી આસપાસના જગત પર કેવી અસર મૂકતો જાય છે એનો આધાર એ કેવી રીતે જીવે છે એના પર રહે છે. શ્રી શિવરામ કારંતે પોતાના એક ગૃહસ્થ મિત્ર યશવંતરાયના મૃત્યુ પછીની અસરો આ કૃતિમાં ઉપસાવી મનુષ્યના જીવનનું સાર્થક્ય શામાં રહેલું છે એ અહીં ધ્વનિત કર્યું છે. સામાન્ય વાચકોને ભાગ્યે જ આકર્ષી શકે એવી ચિંતનાત્મક કથા. (પૃ. ૧૮૬, કાચું, રૂ. ૬)

બુટાલા પ્રકાશન · વડોદરા
સૂર્યનારાયણ બાગ સામે, રાવપુરા રોડ

છિન્નપત્ર : પ્રો. સુરેશ જોશીની સળંગ, ઘટનાવિહીન નવલ—અથવા લેખક પોતે કહે છે એમ 'લખવા ધારેલી નવલકથાનો મુસદ્દો.' 'એકલતા, વિફલતા, શૂન્યતા અને વિરતિનાં સંવેદનોને ઊર્મિપ્રાણિત સંવાદોમાં' ગોઠવીને વ્યક્તિત્વની છિન્નભિન્નતા દર્શાવવા મથતી આકારવિહીન નિષ્ફળ નવલકથા. (બીજી આવૃત્તિ, પૃ. ૧૨૩, કાચું પૂઠું, રૂ. ૧૦)

ત્રિવિધ ગુણનાં માનવી : ગુંદરિયા ગામના શિવાકાકા અને એમના ઘરમાં ભાડે રહેતી રૂપાળી શિક્ષિકા વિમળાના જીવનની આસપાસ ગૂંથાએલી આ નવલકથાની ઘટનાઓ માથાભારે લૂટારા બીજલનાં પરાક્રમોથી સામાન્ય વાચકોને આકર્ષી શકે એમ છે, પણ એમાં પાત્રોની અસ્વાભાવિકતા ને પ્રસંગોની અપ્રતીતિકરતા ખૂંચે એવાં છે. સામાન્ય કક્ષાની નવલકથા. (લે. વિનુભાઈ પટેલ, પૃ. ૨૧૭, પાકું, રૂ. ૬-૭૫)

નવભારત સાહિત્ય મંદિર
મુંબાઈ–૨ · અમદાવાદ–૧

રાજપુરની લાધુ : માનવી પોતાની બુદ્ધિમત્તાથી જીવનનાં નૈતિક મૂલ્યો અને જીવનનું ગૌરવ સાચવી શકે છે એ હેતુ, રાજપુરને કેન્દ્રમાં રાખી દર્શાવતી હરિલાલ ઉપાધ્યાયની મધ્યમ કક્ષાની નવલકથા (પૃ. ૩૬૬, પાકું, રૂ. ૧૦)

ધબકતું ધન : મંગુ શેઠ અને એમની પુત્રી મીનાના વિલાસી સ્વભાવનું દર્શન કરાવતી આ કથામાં બે પેઢીઓ વચ્ચે વિચારસંઘર્ષનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વાર્તાના અંતમાં મીના અનુભવોમાંથી પદાર્થપાઠ લઈ સાચા માર્ગે ચડે છે. હરિલાલ ઉપાધ્યાયની મધ્યમ કક્ષાની ચીલાચાલુ નવલકથા. (પૃ. ૨૩૨, પાકું પૂઠું, રૂ. ૭–૨૫)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



પ્રાગજી ડોસા

જન્મ : મુંબઈમાં, તા. ૭ ઑક્ટો. ૧૯૦૭. અભ્યાસ ઇન્ટર સુધીનો. ૫૦ નાટકો, ૧૧ બાલનાટકો અને ૨૫ એકાંકીઓ તથા ૧૦૦ જેટલાં રેડિયો નાટકના તથા કેટલીક ફિલ્મોની વાર્તા, સંવાદ અને દશ્યોના લેખક, જેમાંની કેટલીક ફિલ્મોને સરકારી પારિતોષિકો પણ મળ્યાં છે. લેખો, વાર્તાઓ, કાવ્યો ને વિવેચનો પણ લખ્યાં છે. એમની કેટલીક કૃતિઓ મરાઠી અને હિંદીમાં પણ અનુવાદિત થઈ ભારત ઉપરાંત વિદેશોમાં પણ ભજવાઈ છે. હાલાઈ ભાટિયા જ્ઞાતિ તરફથી બહુમાન, નર્મદ સુવર્ણચંદ્રક અને 'ઇંડિયા-સોવિયેટ નેહરુ એવૉર્ડ'ના વિજેતા. બાલ-રંગભૂમિના અભ્યાસી. આકાશવાણી પરથી પણ વિવિધ નિમિત્તે અનેકવાર રજૂ થાય છે. ફિલ્મ ફાઈનાન્સ કૉર્પો.ના વાર્તા વિભાગના તથા ફિલ્મ રાઈટર્સ એસો. (મુંબઈ)ની કારોબારીના સભ્ય. બિલિયર્ડની રમતમાં જાપાન સાથે દેશમાંથી પણ અનેક ટ્રૉફી ને કપ મેળવ્યા છે. અનેક સ્પર્ધાત્મક સાંસ્કૃતિક કાર્યક્રમોમાં નિર્ણાયક. હાલ 'બાલ-રંગભૂમિ' અંગે માટુંગામાં સવિશેષ સક્રિય રસ લઈ રહ્યા છે.

૧. વ્યવસાયી રંગભૂમિના ગત અને હયાત નાટ્ય-અભિનેતાઓમાં આપ કોને ઉત્તમ ગણો છો?

ઉ. જૂનામાં મોહન લાલા ને અભિનેત્રીઓમાં મા. મધુકર રાંદેરિયાને; નાયિકાઓમાં મોતીબાઈ અને સરિતાને, ખલનાયક તરીકે માસ્ટર રમણને; હાસ્યનટમાં છગન રોમિયો અને ફિરોઝ આંટિયાને તથા ગાયક તરીકે મા. ભગવાનદાસને.

૨. અને નાટ્યલેખકોમાં કોણ શ્રેષ્ઠ લાગ્યા?

ઉ. બર્નાર્ડ શૉ, મણુલાલ દ્વિવેદી તથા વસંત કાનેટકર.

૩. ગત અને હયાત નાટક કંપનીઓમાં કઈ બે આપને વધુ સફળ જણાઈ?

ઉ. એક તો 'શ્રી દેશી નાટક સમાજ'. સફળ સંચાલન અને યોગ્ય નાટકોની પસંદગીની સૂઝ વડે છેલ્લાં ૯૪ વર્ષથી એ ધ્યેયલક્ષી નાટકો ભજવી રહી છે. મરાઠીમાં બાળ કોલ્હટકરની કંપની પણ મને એવી જ લાગી.

૪. નાટ્યકલાની સફળતા શામાં છે?

ઉ. જોયા પછી દિવસો સુધી મન પર જેનો પ્રભાવ રહે અને વારંવાર જોતાં દરેક વખતે તેમાંથી નવું સૌન્દર્ય છતું થાય એ ખરી નાટ્યકલા.

૫. નાટ્યલેખનમાં આપ ખાસ કયા મુદ્દાઓ નજર સમક્ષ રાખો છો?

ઉ. જોનારને પોતાના જ જીવનને સ્પર્શતી લાગે તેવી કથા, દરેક પાત્રની આગવી લાક્ષણિકતા, છેક અંત સુધી જકડી રાખે એવું ઘટનાતત્ત્વ અને કલાત્મક રજૂઆત.

૬. આજનાં નાટક-સિનેમામાં સંસ્કારમર્યાદા લોપાતી નથી?

ઉ. કેવળ વ્યાવસાયિક દૃષ્ટિથી કેટલીક અશ્લીલતા પોષાવા લાગી છે, અને કલાકારો ને નિર્માતા બંને માટે આ લપસણી ભૂમિ છે. અશ્લીલતા વિના યે પ્રેક્ષકોને આકર્ષી શકાય છે.

૭. જીવન પ્રત્યેનો આપનો દૃષ્ટિકોણ કેવો છે?

ઉ. પરમ શક્તિના ચૈતન્યસ્પર્શ દ્વારા સત્યમ્ શિવમ્ અને સુંદરમની સાધના એટલે જીવન. શ્રી બચુભાઈ રાવતે એક વાર કહ્યા પ્રમાણે Every man can not be a great man, but every man can be a gentleman, એ ખરું જ છે.

૮. આપનો ખાસ શોખ?

ઉ. નાટ્યનો—સવિશેષ બાલ-રંગભૂમિનો. શાસ્ત્રીય સંગીતમાં પણ રસ ખરો.

૯. આપના પ્રિય લેખક, કવિ, પુસ્તક અને પાત્ર?

ઉ. લેખકોમાં ભરતમુનિ અને ટૉલ્સ્ટૉય, કવિઓમાં તુલસીદાસ, પુસ્તકમાં ભરત નાટ્યશાસ્ત્ર અને રામાયણમાં લક્ષ્મણનું પાત્ર મને ગમે છે.

૧૦. આપ કોના વ્યક્તિત્વ તરફ વિશેષ આકર્ષાયા છો?

ઉ. પંડિત ઓમકારનાથ ઠાકુરના. સંગીતક્ષેત્રે મને એ સર્વોત્તમ લાગ્યા છે. ચારે વેદ અને ભરત નાટ્યશાસ્ત્ર એમને કંઠસ્થ હતાં. એમણે સમગ્ર જીવન સરસ્વતીની સેવા-ઉપાસનામાં જ ગાળ્યું હતું.

પ્રાગજી ડોસા

કેટલાક કાવ્યસંગ્રહો

ધીરુભાઈ પરીખ

સુગંધ : દોલત ભટ્ટનાં ગીતકાવ્યોનો સંગ્રહ (પ્રાપ્તિસ્થાન લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૨.)

ટશર : જયંત મોઢાના આ નાનકડા કાવ્યસંગ્રહમાં ભાવિ શક્યતાની ટશરો ફૂટતી જોઈ શકાશે. (પ્રકા૦ પોતે જ, જ્યુબિલી રોડ, પોરબંદર, કાચું પૂઠું, પૃ. ૬૮. રૂ. ૩)

અંતિમા : સ્વ. રમણ વકીલે ૧૯૩૦થી '૭૩ સુધીમાં લખેલી છંદોબદ્ધ અને ગેય રચનાઓની આ કાવ્યપુસ્તિકામાં તેમની પ્રશિષ્ટતાપ્રેમી બાની અને રૉમૅન્ટિક અભિગમ પણ જોવા મળે છે. ભાવની સચ્ચાઈ સૌથી વધારે આકર્ષશે. (પ્રકા૦ પોતે જ; મૉડર્ન સ્કૂલ સિક્કાનગર, મુંબઈ-૪; કાચું પૂઠું, પૃ. ૬૪, કિંમત જણાવી નથી.)

આયનો : નવા ગઝલકાર આહમદ મકરાણીની ૭૬ ગઝલોના આ આશાસ્પદ સંગ્રહમાં કવિની ભાવસચ્ચાઈ, અભિવ્યક્તિની તીવ્રતા અને ગઝલ સહજ મિજાજ આગળ તરી આવે છે. (પ્રકા૦ પ્રવીણ પુસ્તક ભંડાર, પાંજરાપોળ રોડ, ઉપલેટા, કાચું પૂઠું, પૃ. ૭૬, રૂ. ૪)

ચરણ : હસમુખ મઢીવાળાનાં સૉનેટ, ગઝલ, ગીતો, પ્રસંગકાવ્યો તેમજ અનુવાદોનો આ પ્રથમ કાવ્યસંગ્રહ મધુર કોમળ ભાવોથી આકર્ષે છે. (મુખ્ય વિક્રેતા : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૬૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૨, કાચું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૬-૨૫)

બંસરી : વિજય આશરની ૪૬ ગઝલનો આ સંગ્રહ ગઝલબંધની નબળાઈ દાખવે છે તો સાથેસાથે ભાવની ઉત્કટતા પણ. (પ્રકા. પોતે જ; આશર ભુવન, કંસારા શેરી, કાલાવડ, જિ. જામનગર; કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૨-૫૦)

ઈન્દુ અને બિન્દુ ; હિન્દીના ચિંતનશીલ કવિ ત્રિલોકીનાથ વ્રજલાલની કેટલીક લઘુ કાવ્યકૃતિઓનો કમલ પુંજાણીએ કરેલો ગુજરાતી અનુવાદ. (પ્રકા૦ સિન્સિયર પબ્લિકેશન, આશિષ, ગરબા ચોક, વાડજ, અમદાવાદ-૧૩, પાકું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧-૫૦)

ઇચ્છાનાં હરણ : મગન ગંધાનાં ગીતોગઝલોનો સંગ્રહ. (પ્રકા૦ ચંપાગૌરી ગંધા, ગીંગણી ગેટ, જામજોધપુર. કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૨-૫૦)

નવાં પ્રકાશનો

ધીરુભાઈ પરીખ

મહાવીર કહેતા હવા : સમર્થ ચિંતક વાડીલાલ મો. શાહના વર્ષો પહેલાં પ્રકટ થએલા લેખ અને તેના પુસ્તકાકારના આ પુનર્મુદ્રણમાં ગૌતમ અને મહાવીરના સંવાદ દ્વારા

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૬૩] — કરાવનાર · જગન માતરી



નરેન્દ્રકુમાર શુક્લ
'ગોરખ'

ઈ. ૧૯૪૬થી ગઝલ-સાહિત્યમાં પ્રવેશ કરીને આજ દિન સુધી ગઝલની સતત સેવા કરી રહેલા શ્રી નરેન્દ્રકુમાર બાલકૃષ્ણ શુકલ 'ગોરખ'ના તખલ્લુસથી જાણીતા છે.

જન્મ તા. ૫-૮-૧૯૧૯. વતન ખેડા જિલ્લાનું કઠલાલ ગામ. ચૌદ વર્ષની ઉમરે સંસ્કૃત ભાષાના અભ્યાસાર્થે સિદ્ધપુર સંસ્કૃત વૈદિક મહાવિદ્યાલયમાં જોડાઈને ત્યાંથી કાવ્ય તથા ન્યાયશાસ્ત્રની ઉચ્ચ પરીક્ષાઓ પાસ કરી, એટલું જ નહિ બલ્કે કર્મકાંડ અને જ્યોતિષશાસ્ત્રના પણ પદવીધર પંડિત બન્યા.

ગઝલો લખતાં પહેલાં છન્દોબદ્ધ કાવ્યો લખતા હતા. હરિણી એ એમનો ખૂબ જ પ્રિય છન્દ છે. વર્ષો પહેલાં સુપ્રસિદ્ધ દૈનિક 'સંદેશ'માં 'ગોરખવાણી' નામની કાવ્યબદ્ધ મર્મ-કટાર લાંબા વખત સુધી તેઓ લખતા રહેલા. આકાશવાણી ઉપરથી પણ તેમની રચનાઓ અવારનવાર રજૂ થતી હોય છે.

શ્રી 'ગોરખ'ની ગઝલો શિષ્ટ સામયિકોમાં સ્થાન પામી ચૂકેલી છે. ટૂંક સમયમાં એમનો કાવ્યસંગ્રહ પ્રકટ થવાનો છે. એમનાં મુક્તકો અને શે'રોનો આનંદ લઈએ :

ન માનવના દિલની ઉમ્મીદોને આરો,
નથી માત્ર મંઝિલ જીવનનો કિનારો.
શમે છે જે રંગોમાં સન્ધ્યા બનીને,
ઊગે એ જ રંગોમાં પાછી સવારો!

∞

હૃદય ખોલી શકાતું હોત તો દેખાડતા તમને,
જખમ રૂઝી ગયા પણ રહી ગઈ કેવી નિશાની છે!

∞

કેવી છે અમારા ય જીવનની અગમ કથા!
આવે ને ચેન થઈને, બની જાય છે વ્યથા!

∞

મારાં સ્વપ્નોના નિરાધાર ઉમંગોને લઈ
જીવનની બે ય કિનારોમાં નિરંતર હું ફર્યો!
મારી બેહાલ તમન્નાઓને અશ્રુમાં ભરી
જાણે બુદબુદની જેમ વ્યર્થ સમંદર હું તર્યો!

∞

લાગે અનંત રાત, શમી જાય સવારે,
દુઃખો ય ત્યમ ભુલાય સમય કેરે સહારે;
પ્રત્યેક હકીકતનો અહીં અંત હોય છે,
વણતાગ સમંદરની યે સીમા છે કિનારે.

∞

ઉમ્મીદનો કદી હિસાબ થઇ શકે નહિ,
બુદ્ધિ હૃદયતણો જવાબ લઇ શકે નહિ;
ફૂંકી ફૂંકીને જે કદમ કદમ ભરી રહ્યા,
પામર કદીય ઇન્કિલાબ લઈ શકે નહિ.

∞

પીવો ન ઠીક હતો પણ પીતાં પીધો છે અમે,
ગમે તે જુલ્મ કર ગુનો કરી દીધો છે અમે;
નવો છે રાહ ભલા દર્દની ખબર ન કશી,
ખબર છે એટલી કદમ મૂકી દીધો છે અમે.

પુકારતો દીઠો પાગલને મેં પાગલખાને,
એની જય હો જેણે અમને આ જિંદગી દીધી;
રહો આબાદ આ ધરતીના દીવાનાઓ સૌ.
તમે દુનિયામાં નવી દુનિયા બનાવી લીધી!

∞

ઘણી ફરિયાદ હતી એક પણ હું કહી ન શક્યો!
ઓ સિતમગર હું મારા દિલને દાદ દઈ ન શક્યો!
કરે છે જુલ્મ પણ અજીબ છે કામણ તારાં,
ગયો એવું ભૂલી કે ખુદને યાદ થઇ ન શક્યો!

∞

લઈ પાલવમાં હું જખ્મોને ફર્યો છું ઘર ઘર,
શિલાઓ થરથરી, માનવને હલાવી ન શક્યો!
ન હૂંફ કોઈ ક્લેવરમાં : ન મેં પ્રાણ દીઠા,
વ્યથાઓ મૌન હું ધરતીને બતાવી ન શક્યો!

∞

ઉઠાવો દિલ, જીવનનો રાહબર ખુદ દિલ બની જાયે
અને જાગે જો આતમ માનવી ભગવાન થઈ જાયે!
ભરી પ્રત્યેક કણકણમાં અગમ તાસીર કુદરતની,
લહર એક મોજ થઈ સાગરની જ્યમ તોફાન થઈ જાયે!

∞

ઉમળકો થઈ પ્રણયમાં, દર્દમાં અશ્રુ બની પોતે
મનોરમ જે કવન ગાયાં અમે ગવડાવતી રાતો;
હતી એ જિંદગાની કે ન હાલત વર્ણવી શકતા
કહી શકીએ ફક્ત પીતા અમે પીવડાવતી રાતો!

∞

આ સફેદી લાવવાને દર્દ શું સહેવું પડયું!
રાખ થાયે આગ પીને કેટલી? કોને ખબર?

∞

કાળના પથ પર યુગોનું મૂલ્ય બે ડગલાં ફક્ત,
કેટલી ક્ષણ જિંદગી તું ત્યાં ચમકતી હોય છે?
તો ય લાગે કેવડી આ, જન્મ-મૃત્યુની કથા!
લીટીઓ પ્રત્યેક નોખા રંગ ધરતી હોય છે!

જીવનોપયોગી તથા સંસારોપયોગી ઈષ્ટ ભાવનાને પ્રતીતિકર વાણીમાં રજૂ કરવામાં આવી છે. એનું સંપાદન કર્યું છે ત્રિભુવનભાઈ હેમાણીએ. પ્રવર્તમાન સામાજિક વાતાવરણમાં અહીં રજૂ થએલા વિચારો-ઉપદેશો પ્રક્ષુબ્ધ આત્માને શાતા ચાપી સન્માર્ગ ચીંધે તેવા છે. (પ્રકા. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર ટ્રસ્ટ, ઘાટકોપર; તિલકરોડ, રાજમાર્ગ, મુંબાઈ-૮૬; કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૧-૫૦.)

નરસૈં મહેતા–વ્યક્તિત્વ અને કર્તૃત્વ: નરસિંહ મહેતા વિષે ગુજરાતી સાહિત્યમાં અનેક વિદ્વાનોએ ચર્ચા-વિચારણા કરી છે. પ્રસ્તુત ગ્રંથ પણ આનું જ એક પરિણામ ગણાવી શકાય. ગ્રંથકર્તા જેઠાલાલ ત્રિવેદીએ પૂર્વલિખિત સઘળી સામગ્રી વાંચ્યા પછી નરસિંહના જન્મસ્થળ, પિતા, કુળ, કુટુંબ વગેરે વિષે અહીં ઠીકઠીક ચર્ચાના મુદ્દા જગાવ્યા છે. વળી, એક નહિ પણ ત્રણ નરસિંહ થઈ ગયા હોવાની સંભાવના પણ તેમણે રજૂ કરી છે. આમ, નરસિંહના વ્યક્તિત્વ અને કર્તૃત્વ વિષે નવેસરથી બૌદ્ધિક અભિગમ દ્વારા તેનું ઐતિહાસિક મૂલ્યાંકન કરવાનો આ સાહિત્યિક પ્રયાસ સાહિત્યરસિકો અને અભ્યાસીઓને વિચાર કરતા પ્રેરે તેવો છે. (પ્ર. પોતે જ; કવિકુટિર, રાંધેજા, ઉ. ગુજ.; પાકું પૂઠું, પૃ. ૨૧૬, રૂ. ૭.)

અક્ષરરેખા: આદિ કવિ નરસિંહથી ખબરદાર સુધીના ૨૧ સાહિત્યકારોનો, તે તે સમાજ અને ઇતિહાસના સંદર્ભમાં તેમજ તેમની કૃતિઓના સંદર્ભમાં રસળતી ભાષામાં અહીં સુરેશ દીક્ષિત દ્વારા ચરિત્રાલેખ આપવામાં આવ્યો છે તે સાહિત્યના વાચકોને ગમશે. (પ્ર. એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.; ૧૬૪, શામળદાસ ગાંધીમાર્ગ, મુંબઈ-૨; પાકું પૂઠું, પૃ ૨૩૨, રૂ. ૭–૫૦.)

કોાજલે કો બુઝાય: જીવન અને સમાજલક્ષી આ ત્રિઅંકી નાટકના કર્તા છે પ્રબોધ જોશી. નાટકની અભિનયક્ષમતા એની ઉપયોગિતામાં ઉમેરો કરે છે. (પ્ર. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૧૦૮, રૂ. ૭.)

અતીતને આરે: જાણીતા વિદ્વાન કેશવરામ કા. શાસ્ત્રી દ્વારા સૌરાષ્ટ્રના ઇતિહાસ અને પુરાતત્ત્વ પરના પ્રમાણભૂત પંદર લેખોનો સંચય. (પ્ર. ખુઠાલા પ્રકાશન, નરસિંહજીની પોળ સામે, મહાત્મા ગાંધી રોડ, વડોદરા-૧; કાચું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૧૦.)

અસાં–જો કચ્છ: અહીં રજૂ થએલા પાંચ અભ્યાસપૂર્ણ લેખોમાં કચ્છના પ્રાગૈતિહાસિક કાળથી શરૂ કરી ત્યાં સિંધના સમા વંશનું રાજ્ય સ્થપાયું ત્યાં સુધીના ઇતિહાસને રજૂ કરવાનો પ્રયત્ન થયો છે. લે૦–પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૫.)

શાસનસમ્રાટ: જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના એક પ્રખર આચાર્ય વિજયનેમિસૂરીશ્વરજીના નિર્મળ, પ્રભાવશાળી અને પ્રેરક જીવન અને કાર્યની ઝાંખી કરાવતા આ ચરિત્ર-ગ્રંથમાં તેના કર્તા મુનિ શીલચંદ્રવિજયે, ચરિત્ર-નાયકે જૈન તીર્થસ્થાનો તેમ જ દેરાસરોના જીર્ણોદ્ધાર માટે અને જૈન કૃતિઓના પ્રકાશન માટે જે જહેમત ઉઠાવેલી તેનો તથા જ્ઞાન-પ્રસાર માટે જે પુરુષાર્થ ખેડયો તેનો સુયોગ્ય પરિચય આપ્યો છે. (પ્ર. જિનદાસ ધર્મદાસ ધાર્મિક ટ્રસ્ટ, પાડા પોળ, અમદાવાદ-૧; પાકું પૂઠું. પૃ. ૩૯૬, કિંમત જણાવી નથી.)

શ્રી સીતારામ સેક્સરિયા અભિનંદન ગ્રંથ (હિંદી): આઝાદીની લડતમાં રચનાત્મક કાર્યોમાં મોખરે રહી સ્વદેશપ્રેમની ઉત્કટ ભાવના પ્રગટ કરનાર અને સ્ત્રીકેળવણીના ક્ષેત્રે અદમ્ય ઉત્સાહથી કામ કરનાર વિરલવ્યક્તિ સીતારામ સેકસરિયાને અભિનંદતા આ કલાત્મક અને દળદાર ગ્રંથમાં એમના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંની વિવિધ લેખકો દ્વારા રજૂઆત કરવામાં આવી છે, તે સાથે સીતારામ સેકસરિયાની કલમપ્રસાદી પણ પીરસવામાં આવી છે. (પ્રકા. શ્રી સીતારામ સેકસરિયા અભિનંદન સમિતિ, ૧૧, લૉર્ડ સિંહા રોડ, કલકત્તા–૭૦૦-૦૧૬, સંપાદક: ભઁવરલાલ સિંઘી, પાકું પૂઠું, પૃ. ૫૪૦, રૂ. ૩૦.)

શ્રી ભોગીભાઇ પી. પટેલ ષષ્ટિપૂર્તિ અભિનંદન ગ્રંથ: વડોદરા જિલ્લાના વતની અને જાણીતા આઈ. સી. એસ. અફસર બી. પી. પટેલ—ભોગીભાઈની જનહિતલક્ષી જીવનકારકિર્દીને લક્ષમાં લઈ એમની ષષ્ટિપૂર્તિ ટાણે આ અભિનંદનગ્રંથ વાકળ કેળવણી મંડળ વતી ગોરધનભાઈ મા. પટેલે તૈયાર કર્યો છે, જેમાં ભારત અને ગુજરાતની લબ્ધપ્રતિષ્ઠ વ્યક્તિઓનાં સ્મરણો ઉપરાંત ભોગીભાઈની પ્રેરક જીવનરેખા પણ આપવામાં આવી છે. (પ્રકા. વાકળ કેળવણી મંડળ, સયાજીગંજ, વડોદરા, પાકું પૂઠું, પૃ. ૨૬૦, કિંમત જણાવી નથી.)

રામજીભાઈ: જીવન અને કાર્ય: કમાણી ઉદ્યોગજૂથના આદ્ય સ્થાપક સ્વ. રામજીભાઈ કમાણીનાં જીવન અને કાર્યનો પરિચય કરાવતા આ ગ્રંથમાં એમની ઉદ્યોગના ક્ષેત્રની બાહોશી તો પ્રકટ થાય છે જ, પણ એથી યે મહત્ત્વની વાત તો એમના પુરુષાર્થી, સાદગીભર્યા, સ્વદેશાભિમાની અને જનહિતૈષી વ્યક્તિત્વની છે, જે અહીં સુપેરે રજૂઆત પામી છે. (પ્ર. કમાણી ચૅરિટી ટ્રસ્ટ, કમાણી ચેમ્બર્સ, નિકલ રોડ, બૅલાર્ડ એસ્ટેટ, મુંબઈ–૧; પાકું પૂઠું, પૃ. ૧૮૪, કિંમત જણાવી નથી.)

બે કર્મવીર ભાઇઓ: આઝાદીની લડત દરમિયાન ગાંધીચીંધ્યા માર્ગે દેશોન્નતિ અને સમાજોન્નતિનાં રચનાત્મક કાર્યોમાં જીવન ગાળનાર સુરત જિલ્લાના પ્રતિભાશાળી પાટીદાર બંધુ–બેલડી કુંવરજીભાઈ અને કલ્યાણજીભાઈ મહેતાની, ઈશ્વરભાઈ ઈ. દેસાઈ અને રામનારાયણ ના. પાઠકે લખેલી આ જીવનકથા ચરિત્રનાયકોની નિષ્કામ કર્મકથા હોઈ પ્રેરણાદાયી બની છે. (પ્ર. વલ્લભ સેવામંડળ, વલ્લભ વિદ્યાર્થી આશ્રમ, નાનપરું, સૂરત–૧; પાકું પૂઠું, પૃ. ૪૬૪, રૂ. ૧૦.)

કાકાકાલેલકર-જીવનઅનેસાહિત્ય: પીએચ. ડી.ની પદવી માટે ડૉ. જયન્ત પટેલે તૈયાર કરેલો આ મહાનિબંધ સાહિત્યરસિકો અને અભ્યાસીઓને ઉપયોગી થઈ પડે તેવો છે. (પ્ર. ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત, પાકું પૂઠું, પૃ. ૫૪૮, રૂ. ૧૪.)

ઝરથુષ્ટ્ર-દર્શન: 'સર્વધર્મ ગ્રંથમાળા'ના બીજા પુસ્તક તરીકે પ્રકટ થએલું પ્રા. ફીરોઝ કા. દાવરનું આ ઝરથુસ્તી ધર્મ ને તેના સ્થાપક ઝરથુષ્ટ્ર વિષેની શ્રદ્ધેય સામગ્રી સરળ શૈલીમાં પૂરી પાડે છે. (પ્ર. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, પાકું પૂઠું, પૃ. ૧૮૬, રૂ. ૫-૫૦)


પંચાયતનો પહેલો દસકો: ગ્રામક્ષેત્રે મહત્ત્વનો ફાળો આપવાની ક્ષમતા ધરાવનાર પંચાયત રાજ્યપદ્ધતિનાં દસ વર્ષની કાર્યસિદ્ધિ અને તેના સ્વરૂપનો અહીં પરિચય આપવામાં આવ્યો છે. (પ્ર. હેમાંગિની મહેતા, 'સ્મિતદીપ', પ્લૉટ નં. ૫૯, નૂતન લક્ષ્મી સોસાએટી, રસ્તો નં. ૨, વિલેપાર્લે (પશ્ચિમ), મુંબાઈ-૫૫; પાકું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૮.)

કોલકને કાંઠે: રૉમૅન્ટિક કાવ્યભાવના સાથે સ્વાતંત્ર્યપૂર્વે કાવ્યબાનીમાં ૧૯૪૪ થી '૭૩ દરમિયાન રચાએલી કોલકની કાવ્યરચનાઓના આ સંગ્રહમાં એમણે મૂકેલાં ખાયણાં નોંધપાત્ર છે. (પ્ર. મ. લા. દેસાઈ, વિજલપોર, નવસારી; પાકું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૭–૫૦.)

—અને છેલ્લે

અસહકારની લડત વખતે ગામેગામ નીકળતી પ્રભાતફેરીઓ અને સરઘસોમાં યુદ્ધગીતો ગવાતાં. કરાચીમાં એવાં ગીતો ગવડાવનાર મોહનલાલ મહેતા પોતાના સૂરીલા ને બુલંદ કંઠને લીધે 'યુદ્ધકવિ'ના નામથી જાણીતા થઈ ગયા હતા–જોકે એમણે કાવ્યો લખેલાં નહિ. એ અરસામાં કરાચી સાહિત્ય પરિષદ વેળા કાકાસાહેબ કાલેલકર ત્યાં ગયા ત્યારે એમણે એ યુદ્ધકવિનાં કાવ્યો વાંચવાની ઈચ્છા પ્રકટ કરતાં કરસનદાસ માણેકે કાકાસાહેબને કહ્યું: 'When he will write his next poem, the total number will be one.'

વૃક્ષ-વેલ-પરિચય (૩૪) સાગ



સુંદર રાચરચીલું ને મકાનનાં બારીબારણાં માટે સર્વોત્તમ લાકડા તરીકે 'સાગ' જાણીતો છે.

મૂળ તો એ જંગલનું વૃક્ષ. જ્યાં પાણી ભરાઈ ન રહે એવા વધુ વર્ષાવાળા ગરમ પ્રદેશમાં વિકાસ માટે પૂરતી જગ્યા મળે તો સાગ ધીરેધીરે પણ ખૂબ ઊંચો-પહોળો ઊગે છે. બર્માનો સાગ તો દુનિયાભરમાં વિખ્યાત છે અને વધુ મોંઘો પણ.

પતરાળાં જેવડાં મોટાં અને મજબૂત એનાં પાન ડાળ પર સામસામાં ઊગે છે. એની ઉપલી બાજુ ખરબચડી ને નીચલી પર રુંવાટી હોય છે. હાથમાં ચોળીએ તો ચામડી પર લાલ રંગ લાગે છે. પાનખરમાં આ બધાં પાન ખરી પડી જૂન સુધીમાં નવાં પાન આવે છે ને પછી ડાળને છેડે લાંબી દાંડી અને પાંચ-છ પાંખડીવાળાં તથા ભીનીભીની સુગંધવાળાં શ્વેત ટચૂકડાં ફૂલોનાં ઝૂમખાંથી વૃક્ષ શોભી ઊઠે છે. સાગનું ફળ પણ તદ્દન ટચૂકડું, ટોચે સહેજ અણિવાળું ગોળ અને સખત હોય છે, જેની અંદર એકથી ચાર બીજ હોય છે. પણ આ બીજને ફણગો ફૂટતાં ઘણો લાંબો સમય લાગતો હોઈ કાપ-કલમથી સાગનું સંવર્ધન ઝડપથી થાય છે.

ઉત્તમ કાષ્ઠ આપવા ઉપરાંત સાગ અનેક રીતે ઉપયોગી વૃક્ષ છે. વૃક્ષમાંથી ઝમતો એક પદાર્થ દક્ષિણ ભારતમાં પાનમાં ચૂનાની પેઠે ખવાય છે. સાગનાં ફૂલનો રસ શરીરમાં આરામ આપે છે. સાગના તેલથી વાળ લાંબા અને ઘટ્ટ બને છે. સાગના કાષ્ઠનું ચૂર્ણ શિરદર્દ મદાગ્નિ ને પિત્તની બીમારીમાં વપરાય છે. સાગની રાખ નેત્રાંજન તરીકે ગુણકારી ગણાય છે. ગિર ને વલસાડનાં જંગલોમાં સાગનું વાવેતર થાય છે, વલસાડી સાગની મોટી માગ રહે છે.



મધુકરી

કામધેનુ છે ધરતી તારી, કલ્પવૃક્ષ આકાશ,
કર્મયોગના આરસ-પારસ: ધર્મયોગ ઉલ્લાસ:
અરિહંતા જરથોસ્ત અને અલ્લા ઇશુ ને હરિઓમ...
અમારાં વંદન ગુર્જરભોમ:
અમારું નંદન ગુર્જરભોમ:
અમારાં પુલકિત રોમેરોમ!

—વેણીભાઈ પુરોહિત

તત્ત્વજ્ઞ રાજપુરુષ અને સર્વોચ્ચ શિક્ષક સર્વપલ્લી રાધાકૃષ્ણન્


ગ્રીક ફિલસૂફ પ્લેટો પોતાના પ્રસિદ્ધ ગ્રંથ 'રીપબ્લિક'માં કહી ગયો છે: 'Those states only flourish where kings are philosophers, philosopher king.' (તે જ રાજ્ય પાંગરી શકે છે કે જ્યાં રાજાઓ તત્ત્વવેત્તા હોય અને તત્ત્વવેત્તા રાજાઓ.) ગઈ ૧૬મી એપ્રિલે રાતના ૧૨-૪૫ કલાકે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌નો દેહવિલય થયો ત્યારે જાણે પ્લેટો-ઝંખ્યા પ્રસ્તુત તત્ત્વજ્ઞ રાજકર્તાનો ચરિતાર્થ આદર્શ જ વિલુપ્ત થયો!

પાંચમી સપ્ટેમ્બર ૧૮૮૮ના રોજ તે વખતના મદ્રાસ રાજ્યમાં આવેલા નાનકડા યાત્રાધામ તિરુતની ગામમાં કોઈ જમીનદારને ત્યાં તેહસીલદાર તરીકે નોકરી કરતા એક મધ્યમવર્ગીય બ્રાહ્મણ વીરા સામય્યા (Veera Samayya)ને ત્યાં બીજા પુત્ર તરીકે તેમનો જન્મ થએલો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ એમણે તિરુતની અને તિરુપતિમાં આવેલી ખ્રિસ્તી મિશનરી શાળાઓમાં પ્રાપ્ત કરેલું અને વેલોરની અમેરિકન મિશનરી શાળામાંથી ૧૯૦૩માં મૅટ્રિક થઈ મદ્રાસની ક્રિશ્ચિયન કૉલેજમાં પ્રવેશ લીધો. પોતાના એક પિત્રાઈ ભાઇએ આપેલાં ફિલસૂફીનાં ત્રણેક પુસ્તકોના વાચનથી તે વિષયમાં રસ જાગ્રત થતાં ફિલસૂફીને મુખ્ય વિષય તરીકે રાખી ૧૯૦૭માં બી. એ. થયા અને ૧૯૦૯માં એ જ વિષય લઈ એમ. એ.માં પ્રથમ વર્ગમાં પ્રથમ આવી યુનિવર્સિટી-ચંદ્રક પ્રાપ્ત કર્યો. સર્વ રીતે રૂઢિચુસ્ત હિંદુ બ્રાહ્મણ પરિવારમાં જન્મી મિશનરી શાળાકૉલેજમાં જ્ઞાનપ્રાપ્તિનો જે યોગ ઊભો થયો તે વિરોધાભાસે એમને મોટો ફાયદો કરી આપ્યો. શિસ્ત, સમયપાલન, ફરજ, વિનમ્રતા જેવી પાશ્ચાત્ય ગુણસંપત્તિ સાથે સાથે ધાર્મિકતા, શ્રદ્ધા, ધૈર્ય, પ્રશાન્તિ જેવી પૌર્વાત્ય હૃદયસંપત્તિનો સુભગ સમન્વય થયો. વેદો અને ઉપનિષદોના વાચને તેમજ વિવેકાનંદના પ્રભાવે તથા પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અને ધર્મશાસ્ત્રોના અભ્યાસે એમની દૃષ્ટિને વેધક, વિશાળ અને વિવેકપૂત બનાવી.

એમ. એ થતાં જ મદ્રાસની પ્રેસિડેન્સી કૉલેજે એમને ફિલસૂફીના મદદનીશ વ્યાખ્યાતા નીમ્યા. ૧૯૧૦માં એમણે શિક્ષણશાસ્ત્રની એલ. ટી.ની ઉપાધિ પણ મેળવી લીધી. પછી ૧૯૧૮-૨૧ સુધી મહૈસૂર યુનિવર્સિટીમાં ફિલસૂફીના પ્રાધ્યાપક નીમાયા. ઈ. ૧૯૨૧ થી '૨૩ સુધી કલકત્તા યુનિવર્સિટીમાં કિંગ જ્યૉર્જધ ફિફ્થ પ્રાધ્યાપકપદના માનભર્યા સ્થાને વરાયા. એ જ સ્થાન પર ૧૯૩૭થી '૪૪ સુધી ફરી વાર આવ્યા. દરમિયાનમાં ૧૯૩૧માં માત્ર ૪૩ વર્ષની વયે આન્ધ્ર યુનિવર્સિટીના ઉપ-કુલપતિ બન્યા ને પછી ૧૯૪૨માં બનારસ હિન્દુ યુનિવર્સિટીના અને ૧૯૫૩માં દિલ્હી યુનિવર્સિટીના ઉપકુલપતિ બન્યા. આ ઉપરાંત કેટલાયે મહત્ત્વના સાંસ્કૃતિક–રાજકીય હોદ્દાઓ એમણે સફળતાપૂર્વક સંભાળ્યા હતા. ઈ. ૧૯૪૬ થી '૫૦ દરમિયાન એઓ યુનેસ્કોના ભારતીય પ્રતિનિધિ-મંડળના વારંવાર નેતા વરાએલા. ઈ. ૧૯૪૮માં યુનિવર્સિટી શિક્ષણ-



પંચના પ્રમુખ, એ જ વર્ષે યુનેસ્કોની વહીવટી સમિતિના અધ્યક્ષ, ઈ.સ. ૧૯૫૨માં યુનેસ્કોના



ડૉ. રાધાકૃષ્ણન્

પ્રમુખ, ઈ. ૧૯૫૯માં પી. ઈ. એન.ના પ્રતિનિધિ અને પછી આંતરરાષ્ટ્રીય પી. ઈ. એન.ના ઉપ-પ્રમુખ, એમ એક પછી એક ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કરતા ગયા. ઈ. ૧૯૬૨માં તેઓ બ્રિટિશ અકાદમીના માનાર્હ ફેલો નિમાયા એ ભારત માટે ઘણા ગૌરવની બીના હતી, કારણ કે એ માન વિશ્વમાં બર્ટ્રાન્ડ રસેલ અને વિન્સ્ટન ચર્ચિલ સિવાય અન્ય કોઇને પ્રાપ્ત થયું નહોતું. ઈ. ૧૯૪૯ થી '૫૨ દરમિયાન રશિયા ખાતેના અસાધારણ એલચી અને સર્વસત્તાશાળી પ્રધાન નિમાયા. ઈ. ૧૯૫૨ થી '૬૨ સુધી ભારતના ઉપરાષ્ટ્રપતિ અને '૬૨ થી '૬૭ સુધી રાષ્ટ્રપતિપદે રહ્યા. એ જ એક એવા રાષ્ટ્રપતિ હતા કે જેમને ભારતના ત્રણે ય (જવાહરલાલ નેહરુ, લાલબહાદુર શાસ્ત્રી અને ઇન્દિરા ગાંધી) વડા પ્રધાનો સાથે કામ કરવાનો મોકો પ્રાપ્ત થયો હતો. આ સર્વોચ્ચ હોદ્દા પર આવ્યા ત્યારે એમણે એક અનુકરણીય દાખલો પૂરો પાડેલો અને તે પોતાના પગારના ૭૫ ટકા જતા કરી માત્ર રૂ. ૨૫૦૦ (ટૅક્સ વગેરે કપાતાં કેવળ રૂ. ૧૯૦૦ જ) સ્વીકારેલા અને રાષ્ટ્રપતિ ભવનના દરવાજા સૌને મળવા માટે ખુલ્લા મૂકેલા. માન-મરતબો કે મોભો એમની સાદગી અને સરળતાને કદી યે ચળાવી શક્યો નહોતો.

રાજકારણી પુરુષ તરીકે એમણે સદાય શાંતિ માટે પ્રયત્નો કર્યા હતા. સમાલોચનાના પરિપ્રેક્ષ્યમાં માનવકલ્યાણની અને વિશ્વશાંતિના પરિપ્રેક્ષ્યમાં રાષ્ટ્રશાંતિની હમેશાં ઝંખના કરી હતી. એક કુશળ વહીવટકર્તા તરીકે પણ એમણે ઉક્ત વિવિધ હોદ્દાઓ પરથી પોતાની શક્તિનો સહુને પરિચય કરાવી આપ્યો હતો. રાષ્ટ્રપતિનું પદ છોડતાં એમણે જે વચનો ઉચ્ચારેલાં તે એમની ઉન્નત રાષ્ટ્રભાવના અને મહાન માનવપ્રેમ તો સૂચવે જ છે, પણ પ્રત્યેક રાષ્ટ્રીય સેવકને માટે આચારસૂત્ર સમાન બની રહે તેમ છે: 'Our slogan should be not power at any price, but service at any cost.' (આપણું સૂત્ર તો હોવું જોઈએ કોઈ પણ ભોગે સેવા, નહિ કે કોઈ પણ કિંમતે સત્તા.) સત્તાની સાઠમારીમાં ગળાબૂડ આજના રાજકારણીઓને રાધાકૃષ્ણનના આ શબ્દો માર્ગદર્શક બની શકે તો!

આમ, રાજકીય પુરુષ તરીકે એમણે દેશની જે કીમતી સેવા કરી છે તેથી ય અધિકતર તો એક ફિલસૂફ અને શિક્ષક તરીકે વિશ્વભરમાં એમણે ભારતનું નામ રોશન કર્યું છે. પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સબળ સેતુ બની રહેનાર ડૉ. રાધાકૃષ્ણનમાં પ્રાચીન પ્રજ્ઞા અને અર્વાચીન વિજ્ઞાનનો અદ્ભુત સુયોગ થયો હતો. એમ. એ.ની પરીક્ષા માટે તૈયાર કરેલા એમના નિબંધે (ધી એથિક્સ ઑવ ધ વેદાન્ત ઍન્ડ ઈટ્સ મટીરિયલ પ્રીસપોઝિશન) સહુનું ધ્યાન ખેંચ્યું હતું. માત્ર વીસેક વર્ષની ઉંમરે હિંદુ ધર્મશાસ્ત્રના એ ગ્રંથની એમની સૂઝ અને એમનો મૌલિક અભિગમ એમની બુદ્ધિપ્રતિભાનો પ્રથમ આશાસ્પદ ઉન્મેષ હતો. આ પછી એમના 'ધ રેઈન ઑવ રિલીજીઅન ઈન કૉન્ટેમ્પરરી ફિલૉસૉફી' ગ્રંથે એમને ખૂબ કીર્તિ અપાવી આ ગ્રંથ પર પશ્ચિમના તત્ત્વજ્ઞાનીઓ એટલા બધા વારી ગએલા કે એઓએ રાધાકૃષ્ણનને ફિલસૂફીના મહાન મર્મી તરીકે ઓળખાવ્યા. પ્રસ્તુત ગ્રંથ પશ્ચિમની ઘણી યુનિવર્સિટીઓમાં પાઠ્ય પુસ્તક તરીકે પણ પસંદગી પામેલો. એમનો એવો જ કીર્તિદા ગ્રંથ તે 'હિસ્ટરી ઑવ ઇન્ડિયન ફિલૉસૉફી'. આ ગ્રંથની લખાવટ ને વક્તવ્યના પ્રતિપાદનથી પરદેશના અનેક વિદ્વાનો એમની મૈત્રી ઝંખી રહ્યા હતા. ભગવદ્ગીતા ને બૌદ્ધ ગ્રંથ 'ધમ્મપદ' ઉપરનાં એમનાં પુસ્તકો પણ એટલાં જ જાણીતાં છે. એમનાં અનેક પુસ્તકરત્નોમાંથી 'ધ ફિલૉસૉફી ઑવ રવીન્દ્રનાથ ટાગોર', 'આઇડિયાલિસ્ટિક વ્યૂ ઑવ લાઈફ', 'કલ્કી ઑર ધ ફ્યુચર ઑવ સિવિલિઝેશન' આદિનો નામોલ્લેખ અચૂક કરવો જોઇએ.

શિક્ષક તરીકે એમની કીર્તિ ચિરકાલ સુધી અનસ્ત રહે તેવી છે. ભારતની યુનિવર્સિટીઓમાં એમણે શિક્ષક તરીકેની જે નામના કાઢી હતી તેનાથી આકર્ષાઈ પરદેશમાં એમને માનભર્યા પદો પ્રાપ્ત થયાં હતાં. ઑક્સફર્ડમાં અપ્ટન વ્યાખ્યાતા તરીકે એમણે 'ધ હિન્દુ વ્યૂ ઑવ લાઈફ' (હિંદુનું જીવનદર્શન) વિષય ઉપર જે ચાર વ્યાખ્યાનો આપ્યાં તેણે શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધેલા. ત્યાંનું આવું માનભર્યું આમંત્રણ મેળવનાર એઓ પહેલા હિંદી હતા. શિકાગો યુનિવર્સિટી તરફથી હાસ્કેલ ટ્રસ્ટનાં વ્યાખ્યાનોએ અમેરિકન શ્રોતાઓને જીતી લીધેલા. વળી, ૧૯૨૮માં ઑક્સફર્ડની માન્ચેસ્ટર કૉલેજના આચાર્ય નિવૃત્ત થતાં 'કમ્પૅરટિવ રિલીજિઅન'ના પ્રોફેસરની જગ્યા ખાલી પડી. તરત રાધાકૃષ્ણનને આ પદ માટે આમંત્રણ મળ્યું. પણ કાયમી એવા આ પદનો એમણે કામચલાઉ સ્વીકાર કર્યો ને માત્ર ૧૯૩૦ સુધી ત્યાં રહ્યા. એ દરમિયાન ૧૯૨૯માં લંડન અને માન્ચેસ્ટરમાં હિબર્ટ ટ્રસ્ટ તરફથી બે વ્યાખ્યાનમાળા આપી. શિક્ષક તરીકે એમની વક્તૃત્વછટા, સ્મૃતિ, શૈલી અને સમન્વયની શક્તિ એવાં અદ્ભુત હતાં કે એ વ્યાખ્યાનમાળાનું સમાપન કરતાં વિદ્યાપીઠના કુલપતિ સર વિલિયમ કૉલિન્સે કહેલું : 'આપણે પ્રાજ્ઞ પુરુષોની શોધ માટે હમેશાં પૂર્વ તરફ મીટ માંડી છે, અને આજે એવા એક મહાન પૂજ્ય શિક્ષાગુરુને ચરણે બેસવાનો આપણને અધિકાર સાંપડ્યો છે. આવા વિદ્વાન અધ્યાપક ધરાવવા માટે કલકત્તા યુનિવર્સિટીને અભિનંદન ઘટે છે.' ત્યાર બાદ રાધાકૃષ્ણને ઉદ્દેશી બોલેલા: 'ચાળીસ વર્ષ પૂર્વે હું જ્યારે લંડન વિદ્યાપીઠમાં ભણવા બેઠો ત્યારે આપના જેવા અધ્યાપક હોત તો કેવું સારું !' પરદેશમાં સમર્થ શિક્ષક તરીકે એમણે ફેલાવેલી આ સુવાસ આજની અધ્યાપક પેઢીને જરૂર પ્રેરણારૂપ છે. એમની આ શિક્ષણસિદ્ધિ એમને મળેલી લગભગ સો જેટલી દેશપરદેશની વિદ્યાપીઠોની માનાર્હ ઉપાધિઓથી નિતાંત શોભી રહેશે, જેમાંથી તેહરાન યુનિવર્સિટીની ડી. પીએચ. (૧૯૬૩), એ જ વર્ષે નેપાલની ત્રિભુવન યુનિવર્સિટીની ડી. લિટ. અને પેન્સિલ્વાનિયા યુનિવર્સિટીની ડૉક્ટર ઑવ લૉ, મૉસ્કો યુનિવર્સિટીની પીએચ. ડી. અને આયર્લૅન્ડની નૅશનલ યુનિવર્સિટીની ડૉક્ટર ઑવ લૉ, તેમજ ઑક્સફર્ડ, કૅમ્બ્રિજ અને રોમ યુનિવર્સિટીની માનાર્હ

ઉપાધિઓ સવિશેષ ઉલ્લેખનીય છે. ઈ. ૧૯૩૧માં એમને અંગ્રેજ સરકાર તરફથી 'સર'નો ઈલ્કાબ અને ૧૯૫૪માં ભારતે 'ભારતરત્ન'નો સર્વોચ્ચ પુરસ્કાર મળેલો. આ ઉપરાંત એમના અવસાન પહેલાં થોડા દિવસો પૂર્વે જ એમને મળેલું ૪૦,૦૦૦ પાઉન્ડ (આશરે ૮,૦૦,૦૦૦ રૂ.)નું 'ટેમ્પલટન' પારિતોષિક પ્રથમ વાર જ એક બિનખ્રિસ્તીને મળતું હોઈ ભારત માટે સવિશેષ ગૌરવપ્રદ ઘટના બની રહે છે.

ભારતના પનોતા પુત્ર, પ્રાજ્ઞ પુરુષ, પૂર્વ-પશ્ચિમના સેતુ સમાન તત્ત્વજ્ઞ, અજબ વક્તા, માનવતાવાદી રાજપુરુષ, મહાન લેખક અને ઉદાત્ત તથા ઉત્તમ શિક્ષક સર્વપલ્લી રાધાકૃષ્ણનના અવસાન પછીથી પણ એમણે ગ્રંથસ્થ કરેલો એમનો જ્ઞાનવારસો અને સ્મૃતિશેષ કર્મવારસો પંડિત નેહરુએ કહેલું તેમ, ભારતની વર્તમાન અને ભાવિ પેઢીને કેળવવામાં સહાયભૂત બનો એ જ એમને સાચી અંજલિ હો! —ધીરુ પરીખ

[એમના નોંધપાત્ર ગ્રંથોમાં 'હિસ્ટરી ઑવ ફિલૉસૉફી', 'હિન્દુ વ્યૂ ઑવ લાઈફ', 'ધ ફિલૉસૉફી ઑવ રવીન્દ્રનાથ ટાગોર', 'ધ રેઈન ઑવ રિલીજિયન ઈન કૉન્ટેમ્પરરી સોસાએટી', 'રિલીજિયન વી નીડ', 'કલ્કી ઑર ધી ફ્યુચર ઑવ સિવિલિઝેશન', 'ઍન આઈડિયાલિસ્ટ વ્યૂ ઑવ લાઈફ', 'ગૌતમ ધ બુદ્ધ', 'ઈસ્ટ ઍન્ડ વેસ્ટ ઈન રિલીજિયન', 'ફ્રીડમ ઍન્ડ કલ્ચર', 'ઈસ્ટર્ન રિલીજિયન ઍન્ડ વેસ્ટર્ન થૉટ', 'રિલીજિયન ઍન્ડ સોસાએટી', 'ઇન્ડિયન ફિલૉસૉફી' ઉપરાંત એમના આત્મવૃત્તાન્ત 'માઈ સર્ચ ફૉર ટ્રુથ'ને ગણાવી શકાય.]

સ્વ. ખંડુભાઈ દેસાઈ

આંધ્ર પ્રદેશના માજી રાજ્યપાલ, અને મજૂર મહાજનના પ્રમુખ, પનોતા ગુજરાતી ખંડુભાઈ દેસાઈના અવસાનથી ભગીરથ અને નિષ્ઠાવાન મજૂર નેતા તથા સેવક, પ્રખર ગાંધીવાદી, મુત્સદ્દી વહીવટકાર અને કાબેલ કાર્યકરની ઊભી થએલી ખોટ એમણે મૂકેલી નિઃસ્વાર્થ કાર્યપ્રણાલી અને નિરાડંબરી જીવનપ્રણાલીના અનુસરણથી ભાવિ કાર્યકર પેઢી પૂરી પાડો એ જ એમને સાચી શ્રદ્ધાંજલિ હો! ઈ. ૧૮૯૮ના ઑક્ટોબરની ૨૩મીએ વલસાડના સરકારી અધિકારી કરસનજીભાઈને ત્યાં જન્મ, ત્યાં જ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ પૂરું કરી, તેજસ્વી વિદ્યાર્થી તરીકે મુંબાઈની વિલ્સન કૉલેજમાં જોડાઈ, ૧૯૨૦ની મહાત્મા ગાંધીની ચળવળનો રંગ લાગતાં રાષ્ટ્રભક્તિ માર્ગે તે સરકારી કૉલેજને તિલાંજલિ આપી ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થઈ, શરૂઆતમાં શિક્ષકકર્મ કરતાં કરતાં રાષ્ટ્રધર્મ બજાવનાર ખંડુભાઈ પછીથી ગાંધીમાર્ગે મજૂર પ્રવૃત્તિમાં સક્રિય બન્યા અને ૧૯૪૭માં ઈન્ટુકના પ્રથમ મંત્રી અને ત્યાર બાદ ત્રણ વર્ષ પ્રથમ પ્રમુખ બની જીવનભર તેના પ્રાણ સમા બની રહ્યા. આઝાદીની ચળવળમાં બબ્બે વાર જેલયાત્રા ભોગવી, સરકારી-બિનસરકારી હોદ્દાઓ સફળતાપૂર્વક સંભાળી એમણે પોતાની વ્યવહારકુશળતા, દીર્ઘદૃષ્ટિ, સેવાપરાયણતા અને વહીવટી દક્ષતાનું અદ્ભુત ઉદાહરણ પૂરું પાડ્યું હતું. એમના જેવા સન્માન્ય અને સાચકલા સેવકની ચિરવિદાય ચિરકાલ સુધી સ્વજનો અને સામાન્ય જનોને સાલ્યા કરશે.

ફાલસાં

ઉનાળાના ધોમધખતા તાપની શરૂઆત સાથે જ ફાલસાં બજારમાં આવવાં શરૂ થઈ જાય છે. નાનાં બાળકો ને મોટેરાંઓ પણ તેનો ખટમીઠો સ્વાદ આનંદથી માણે છે.

સમગ્ર ભારતમાં ફાલસાં ઉત્પન્ન થાય છે. તેનું વૃક્ષ લગભગ વીસથી ત્રીસ ફૂટ ઊંચું અને પાંદડાં ગોળ, ધારવાળાં તથા સૂક્ષ્મ રોમયુક્ત હોય છે. પુષ્પ પીળાશ પડતા વર્ણનાં તેમ જ નાનાં હોય છે. ફળ ફાલસાં બોરના જેવાં ગોળ હોય છે. તે કાચી અવસ્થામાં લીલાં તથા કષાય રસવાળાં, અર્ધપક્વાવસ્થામાં રક્તાભ તથા ખાટાં અને પાકવાથી રીંગણના વર્ણ જેવાં તથા ખટમીઠાં સ્વાદિષ્ટ હોય છે.

ચરક, સુશ્રુત, ભાવપ્રકાશ વગેરે બધા જ ગ્રંથોમાં ફાલસાંના ગુણ-દોષો તેમ જ જુદા જુદા રોગો પરની અકસીરતાનું વર્ણન છે. અને તેના ગુણો ઉપરથી વિવિધ સુંદર નામો આપેલાં છે, જેવાં કે ૧) પિત્ત, દાહ આદિથી જે રક્ષણ કરે છે અને પાકાં ફળમાં મીઠાશ પૂરે છે તે પરુષક ફાલસા. ૨) ફળ-પાન રોગયુક્ત ને રુક્ષ હોવાથી પરુષ. ૩) જેનો ઠળિયો નાનો હોય છે તેવાં ફળ અલ્પાસ્થિ ફાલસાં અને ૪) જે પૌષ્ટિક હોવાથી શરીરનું અતિશય રક્ષણ કરે છે તથા ભરાવદાર બનાવે છે તે પરાપર.

કાચાં ફાલસાં વાયુનો નાશ કરે છે, પરંતુ પિત્ત અને કફને કોપાવનારાં હોય છે. પક્વ થતાં એ જ ફાલસાં સ્નિગ્ધ, મધુરતાયુક્ત તથા સારક બનીને વાયુ તથા પિત્તનો નાશ કરે છે. ફાલસાં મધુરતાથી મુખને પ્રિય લાગે છે. અતિશય શીતળતા અને પૌષ્ટિકતા અર્પે છે. હલકાં છે તેથી તુરત જ પચી જાય છે. હૃદય માટે તો શ્રેષ્ઠ ટૉનિક છે. પિત્ત, દાહ, રક્તવિકાર, તાવ, ક્ષયને મટાડનાર છે.

ફાલસાંનાં પાન તથા કલિકાઓના લેપ દ્વારા સ્ફોટ શમન થાય છે. પૂયનો નાશ કરે છે. તેની છાલ વેદનાનું શમન કરે છે. આમવાતમાં આ છાલનો ક્વાથ અપાય છે તથા લેપ કરવામાં આવે છે. ફળના ક્વાથથી ગળાના રોગોમાં ગંડૂષ ધારણ કરવામાં આવે છે.

કાચાં ફાલસાં દીપન તથા ગ્રાહી છે તેથી અગ્નિમાંદ્ય અને અતિસાર, પ્રવાહિકા તથા યકૃતના વિકારોમાં છૂટથી ઉપયોગમાં લઈ શકાય છે. પાકાં ફાલસાં તૃષ્ણા, વમન તથા વિરેચન દ્રવ્યોની સાથે આપવાથી શીઘ્ર ફલપ્રદ બને છે. હૃદયરોગ તથા રક્તપિત્તમાં અત્યંત ઉપયોગી છે. વળી તે કફનિસ્સારક હોવાથી હિક્કા ને શ્વાસરોગમાં લાભદાયી બને છે.

એની છાલનો ફાંટ મૂત્રકૃચ્છ્ર, મૂત્રદાહ, રક્તમૂત્રતા તથા પ્રમેહરોગ પર સારું કાર્ય કરે છે. અને ફળ વૃષ્ય હોવાથી શુક્રદૌર્બલ્યમાં ઉપયોગી છે.

આ રીતે ફાલસાંનું નાનું એવું ફળ શરીરનાં વિવિધ સંસ્થાનો પર અસર કરીને શરીરને રોગમુક્ત બનાવે છે. ટૂંકમાં ગ્રીષ્મ ઋતુમાં ફાલસાંનું સેવન આબાલ-વૃદ્ધ સૌને માટે પરમ હિતકારી છે.

(નિરામય) —મુકુંદરાય ર. રાવલ

સ્ટર્લિંગ પાઉન્ડ

આમ તો 'પાઉન્ડ' નામ બ્રિટિશ ચલણના એકમ તરીકે વપરાય છે. ઉપરાંત બીજા કેટલાક દેશોએ પણ પોતાના ચલણ માટે 'પાઉન્ડ' નામ અપનાવ્યું હોઈ બ્રિટિશ પાઉન્ડને 'સ્ટર્લિંગ પાઉન્ડ' કહે છે.

આ સ્ટર્લિંગ પાઉન્ડના નામનો પણ એક ઇતિહાસ છે. ઇંગ્લૅન્ડમાં નૉર્મન શાસનના પ્રારંભમાં એક નાનકડા ચાંદીના સિક્કાનું ચલણ હતું, જે આગળ જતાં 'પેની' કહેવાયો. આ સિક્કા પર નાનકડા તારાની છાપ હતી. ઍંગ્લો સેક્સન ભાષામાં Steor એટલે તારો (Star). તે પરથી નાનો તારલો તે Sterling સ્ટર્લિંગ. અને એ પરથી નાના તારલાની છાપવાળો સિક્કો પણ સ્ટર્લિંગ કહેવાયો. આવા ૨૪૦ સ્ટર્લિંગનું વજન એક પાઉન્ડ (રતલ) થતું, એટલે એ પરથી ૨૪૦ સ્ટર્લિંગ કિંમત દર્શાવતો 'પાઉન્ડ' શબ્દ પણ વપરાવા લાગ્યો.

આગળ જતાં ૨૪૦ સ્ટર્લિંગનું વ્યવહારમાં પ્રચલિત એકમ 'પાઉન્ડ' એ બ્રિટિશ ચલણના રાષ્ટ્રીય એકમ તરીકે અપનાવાયું અને એના સિક્કા પણ પાઉન્ડ તરીકે ઓળખાયા. પણ બીજા દેશોએ પણ પોતાના મુખ્ય ચલણમાં 'પાઉન્ડ' નામ અપનાવતાં બ્રિટિશ ચલણના ચોક્કસ ઉલ્લેખમાં 'સ્ટર્લિંગ પાઉન્ડ' નામનો ઉપયોગ પ્રચલિત બન્યો છે. જે ક્યારેક ટૂંકમાં 'સ્ટર્લિંગ' તરીકે પણ વપરાય છે. (અવતરિત)

જ્વાળામુખીમાંથી વિદ્યુત પ્રાપ્ત કરવાની યોજના

જ્વાળામુખી પર્વતોના પેટાળમાં ખદબદી રહેલી પ્રચંડ ગરમીનો માનવ હજુ સુધી ઉપયોગ કરી શક્યો નથી. પણ સોવિયેત નિષ્ણાતોએ જ્વાળામુખીના ગર્ભમાં કાણું પાડીને પૃથ્વીના પેટાળમાં પુરાઈ રહેલી

ચાલુ વર્ષમાં

પારિતોષિકોમાં વધારો

શ્રી વિઠ્ઠલભાઈ પટેલ પારિતોષિક

રૂ. ૫૧ ઈ. ૧૯૭૫ના વર્ષની શ્રેષ્ઠ ચિત્રકૃતિ માટે
રૂ. ૫૧ ઉત્તમ અને ચિરસ્મરણીય કાવ્ય માટે
રૂ. ૫૧ વર્ષભરની શ્રેષ્ઠ ગદ્યકૃતિ માટે

આ ગરમીને મુક્ત કરવાના કાર્યક્રમો તૈયાર કર્યા છે. આ ગરમીની સહાયથી શક્તિશાળી વિદ્યુત-સ્ટેશનો ચલાવી શકાશે. જળવિદ્યુત કરતાં જ્વાળામુખીના પેટમાંથી મેળવેલી ગરમી દ્વારા સંચાલિત વિદ્યુતશક્તિ-મથકોની વીજળી વધુ સસ્તી પડશે.

સોવિયેત સંઘના અવાચીનસ્કાયા જ્વાળામુખીમાં છ કિલોમીટર ઊંડે સારકામ હાથ ધરવા ત્યાંના નિષ્ણાતો વિચારી રહ્યા છે જો કે, આ કાર્યક્રમ તેઃ જ્વાળામુખીઓને નાથવાના વિશાળ કાર્યક્રમના પ્રારંભરૂપ છે. પૃથ્વીના ઉપરના પોપડાઓનાં સ્વરૂપ અને રચનાનો અભ્યાસ કરવામાં રોકાએલા વિજ્ઞાનીઓ હવે, જ્વાળામુખીના આંતરિક બંધારણની વિશેષતાઓનો પણ અભ્યાસ કરશે. જ્વાળામુખીના પેટાળનાં સારકામની પદ્ધતિ નક્કી કરવાનો આધાર આ સંશોધન પર છે. આ જાતનું ઑપરેશન આ બળવાખોર રાક્ષસને ફાયદો કરશે. જ્વાળામુખીના બરાબર પેટાળમાં કાણું પાડવાથી આંતરિક ગરમીનું દબાણ હળવું થતાં જ્વાળામુખીને આગના ગોળા અને લાવારસ ઓકવાની જરૂર નહિ રહે. ઉપર્યુક્ત જ્વાળામુખી અવાચીનસ્કાયાના પેટાળમાં એટલી પ્રચંડ ગરમી છે કે એના વડે ૧૦ લાખ કિલોવૉટ જેટલી વિદ્યુતશક્તિ સો વર્ષથી વધુ સમય સુધી પેદા થતી રહી શકે.

જો કે, જ્વાળામુખીને નાથીને એમાંથી ગરમી પ્રાપ્ત કરી એનું રૂપાંતર વિદ્યુતશક્તિમાં કરવાનું કાર્ય કંઈ સરળ નથી. જ્વાળામુખીને નાથવાનું આ ભગીરથ કાર્ય વિજ્ઞાન અને ઈજનેરી વિદ્યાની ભિન્નભિન્ન શાખાઓના તજ્જ્ઞોએ સાથે મળીને પાર પાડવા કામ કરવું પડશે.

વિશ્વની સૌપ્રથમ અણુ-સંચાલિત દીવાદાંડી

બાલ્ટિક સમુદ્ર ખલાસીઓ માટે ભયંકર તોફાની સાગર છે. ત્યાં હવે વિશ્વની સૌપ્રથમ સ્વયંસંચાલિત અણુચાલક દીવાદાંડી રચાઈ છે. વીસ મીટર ઊંચી એ દીવાદાંડી ચોતરફ ૨૫.૭૨ કિ. મી. સુધી ફેંકે છે.

દીવાદાંડીઓ જાળવવી સહેલી નથી. બહુધા એ કામ સંભાળતા માણસોને માનવ વસ્તીથી વિખૂટા પડી જઈ એકલતામાં રહેવું પડે છે. અને દીવાદાંડીનાં યંત્રો વગેરેનાં સંચાલન દેખરેખનું કાર્ય પણ બહુ ચીવટ અને પરિશ્રમ માગી લે તેવું હોય છે. હવે વર્તમાનમાં દીવાદાંડી-સંચાલક માટે ઇલેક્ટ્રોનિક, રેડિયો-ઇજનેરી અને દૂરથી નિયમન કરવાની રીતિઓનાં જ્ઞાનની જરૂર છે. આજે સ્વયંસંચાલિત પદ્ધતિઓ સમગ્ર કાર્યવાહી કરે છે. માનવીએ તો કાંઠા પરની નિયમન-પેનલ પર લક્ષ્ય રાખવાનું હોય છે.

બે રેડિયો આઇસોટોપના થર્મોઇલેક્ટ્રિક જેનરેટરો આ દીવાદાંડીને વીજળી પૂરી પાડે છે. જે વર્ષો સુધી સતત ચાલવા સમર્થ છે. આ અણુ-સંચાલિત દીવાદાંડીઓની આધારભૂતતા એટલી સારી છે કે એકદમ આવશ્યકતા હોય તો જ માનવીને દીવાદાંડી સુધીની મુસાફરી કરવી પડે છે. અને આવી કટોકટીના સમયે પણ આ દીવાદાંડીના અણુ-વિભાગમાં કોઈ ખાસ પોશાક વિના પ્રવેશી શકાય છે, કારણ કે કોઈ નુકસાન ન થાય તેવી તેની યોજના છે. (સોવિયેત-સમાચાર)

બે નાના ગ્રહો

ચીની ખગોળશાસ્ત્રીઓએ સૂર્યની ગ્રહમાળામાં બે નવા નાના ગ્રહો શોધ્યાની જાહેરાત થઈ છે. જો કે જ્ઞાત ગ્રહોની ચાલમાં વરતાતી સૂક્ષ્મ અનિયમિતતા પરથી ગ્રહમાળામાં હજી સુધી અજ્ઞાત એવા કોઈ પિંડના અસ્તિત્વની શંકા તો હતી જ, પણ ચીનમાં આ શોધ થઈ શકી એ પરથી એમનાં દૂરબીનો તથા એને અનુષંગી શોધ-સાધનોની શક્તિનો અંદાજ આશ્ચર્ય પ્રેરે છે. આ ગ્રહોને એમણે 'જંબલી પર્વત-એક' અને 'જંબલી પર્વત-બે' એ મતલબનાં નામ આપ્યાં છે. ગ્રીક અને રોમન દેવદેવીઓ યા શોધકના નામ પરથી આકાશી પિંડોને ઓળખાવવાની પરંપરાને આ નવાં ચીની નામોએ એક આવકાર્ય વળાંક આપ્યો છે.

આજે ચીનમાં ખગોળશાસ્ત્રમાં કેટલો વિકાસ થએલો છે તેની ચોક્કસ જાણ નથી, પણ છેક ૧૧મી સદીમાં દેખાએલા એક તારા વિસ્ફોટની નોંધ ચીનમાં જ થએલી, જે ખગોળ-વિષયક પ્રાપ્ય પ્રાચીનતમ નોંધ છે.

ચીન જતા વિદેશીઓને ત્યાં રૉકેટ, અણુવિજ્ઞાન, એન્જિનીઅરિંગ, ઇલેક્ટ્રૉનિક્સ, ને વૈદક વિજ્ઞાનની કેટલીક તથા પાયાના વિજ્ઞાનમાં સધાએલી પ્રગતિથી આશ્ચર્ય થાય છે. આશ્ચર્ય એટલા માટે કે ચીનની બહાર ત્યાંની સિદ્ધિઓની ખરી જાણ કોઈને નથી, અને ચીનાઓ એવા મીંઢા છે કે પોતાની સિદ્ધિઓનો ખરો અંદાજ આવવા દેતા નથી.

(ટાઈમ્સ ઑવ ઇંડિયા)

ભીંડાના બીમાં પ્રોટીન

સામાન્યતઃ શાક માટે લીલાકુમ કુણા ભીંડા ઉતારી લેવાય છે પણ ભીંડાની શિંગને જો છોડ ઉપર જ પાકવા દઈએ તો તેનાં બીમાંથી દૂધ અને માંસમાંથી જેટલી ગુણવત્તાવાળું પ્રોટીન મળે છે તેટલું પ્રોટીન મળે. એવું અમેરિકાની રહોડ આયર્લૅન્ડ યુનિવર્સિટીના ખોરાક અને પૌષ્ટિક વિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. સ્પીરોઝ કૉન્સ્ટેન્ટીનિડીઝે શોધી કાઢ્યું છે. છોડ પર પકવેલા ભીંડાના બીનો ઉપયોગ કઈ રીતે કરવો એ અજમાવવા જેવું છે.

હત્યારી પ્રતિમા (પૃષ્ઠ ૬૭૬)નો ઉકેલ

મિસ માર્પલે કહ્યું: 'તમારું કપળ. સ્ત્રીઓને જોઈને બધા જ પુરુષો ભાન ભૂલી જાય. સર રિચાર્ડ ડાયેનાના રૂપથી મોહિત થઈ દોડયા અને ઝાડનાં મૂળિયાંમાં પગ ભરાવાથી પડયા ને બેહોશ બની ગયા. સૌથી પહેલાં એમની પાસે પહોંચ્યો હતો એમનો પિતરાઈ ભાઈ ઇલિયટ. એણે જંગલી સરદારનો પોશાક પહેર્યો હતો તેથી કમર પર છરી લટકાવી હોય તો નવાઈ નહિ. અને ખૂન ચડી જતાં સાહસથી ભાઈનું ખૂન પણ કરી નાખ્યું હોય; કેમ કે ધનનો લોભ, ખિતાબનો લોભ અને ડાયેનાનો લોભ એને હોઈ શકે. છાતીમાં છરી મારીને એણે પાછી પોતાના બેલ્ટમાં ખોસી દીધી હશે. અને પછી પોતાની નિર્દોષતા પુરવાર કરવા છરી શોધવાને બહાને ફરી એ સ્થળે એકલા જઈ પોતાના ખભા પર એ જ છરી મારી દીધી હશે, જેથી વધુ તપાસ થાય ત્યારે પોતાની પાસેની છરી લોહિયાળ કેમ થઈ તેનો ઉત્તર મળી રહે.'

ગણિતગમ્મત


તમારા મિત્રને એક સંખ્યા ધારવાનું કહો. તેને ૯ વડે ગુણી આવેલા જવાબને કોઈ પણ સંખ્યા વડે ગુણવા કહો. હવે આવેલી રકમમાં ૧, ૪ અથવા ૭ ઉમેરી ૩ વડે ગુણવાનું કહો. છેલ્લે આવેલા જવાબના અંકોનો સરવાળો કરી એક અંક લાવવાનું કહો. અને મિત્ર બતાવે તે પહેલાં જ તેને પૂછો કે ૩ જવાબ આવ્યો ને? ૧, ૪, ૭ના બદલે ૨, ૫, ૮ માંથી કોઈ પણ એક અંક ઉમેરવાનું કહેશો તો ૩ના બદલે ૬ અને ૩, ૬, ૯માંથી એક અંક ઉમેરતાં જવાબ ૯ આવશે. —દેવ ચાવડા

વેસ્ટ ઇન્ડીઝનાં પત્રમિત્રો

દરેક સરનામા પછી કૌંસમાં વય દર્શાવી છે અને તે પછી શૉખના વિષયો. દરેક સરનામા પછી West Indies ઉમેરવું.

(1) Miss Luna & Gandhi, Corinth Settlement, Ste. Madeleine P.O., Trinidad. (Age-16) Hobbies—general interests. (2) Miss Savitri, S. S. Harilal, Abdool Village, Penal, Trinidad-(15) Movies, reading, view cards, sports etc. (3) Minawatee Oudith, Old Mayor Road, Lib ertirlle, Rio claro, Trinidad-(17) Reading, Movies, music. (4) Miss Mala Sookmanan, Thulai Tarace, Penal Rock Road. Via Princes Town, Trinidad-(16) Movies, reading, post cards (5). Geeta Raman, Kelly Village, Caroni, Trinidad-(15) General interests. (6) Mana Singh Old Golden Grove Road, Anouca (18) Cinema, friendship, stamps. (7) Miss Angela Narine, Railway Road, Guaico, Trinidad. -(17) Postcards and viewcards, typing, movies. (8) Uadwatee Narine, Coal Mine, Sangre Grande, Trinidad-(18) Pen-friendship. (9) Suchita Fanet Theagali ≠ 60, King Street, Princes Town, Trinidad-(17) Dancing, Indian movies. (10) Miss Sherina Khan, Coryal Village, Coryal, Via Sangre Grande, Trinidad -(18) Pen-friendship, sports, gift exchange, postcards. (11) Sucilla Maharaj, 46 F, Habert Rance Street, San Fernando, Trinidad-(17) Corrosponding, sports, cooking, movies. (12) Miss Bernodetto Modray, Barotto Street, Pasea Village. Sunapuna, Trinidad-(18) Photographs collection, reading, travelling, corrospondence. (13) Miss Chandra Nevnar, c/o Mr. Mahadeo Jagmohan, Fyzabad P.O., Trinidad-(19) Indian-movies, corresponding, song writing. (14) Tara Bissessar, Amootgam Trace, Curupe, Trinidad-(17) General interests. (પ્રેષક: યોગેશ એસ. પંચાલ, ૨૩, કૃષ્ણ સોસાયટી, સ્ટેશન રોડ, આણંદ, ૩૮૮૦૦૧).

આસમાસ (મે–જૂન)ના આકાશમાં



કન્યા રાશિના તારામંડળમાં આપણે જોએલા તેજસ્વી 'ચિત્રા'-ની સામે ઉત્તરમાં ક્ષણે ક્ષણે રંગ બદલતા લેતો નારંગી રંગનો એક તેજસ્વી તારો આ સમયના આકાશમાં તુરત ધ્યાન ખેંચે છે. એ છે 'સ્વાતિ' (Arcturus). 'ભૂતેશ' (Bootes) તારામંડળનો એ મુખ્ય તારો છે. ભૂતેશને 'હલધર' એટલે કે હળધારી બળદેવજીનું નામ પણ અપાયું છે. આ મંડળના અન્ય ઝાંખા તારાઓને પડછે સ્વાતિ ઘણો આકર્ષક લાગે છે. બહુ પ્રાચીન કાળથી જાણીતા આ તારાનો બાઈબલમાં પણ ઉલ્લેખ છે. સૂર્ય કરતાં ૨૪ ગણા વ્યાસવાળો અને અહીંથી ૩૬ પ્રકાશ વર્ષ દૂરનો સ્વાતિ દક્ષિણે ચિત્રાની દિશામાં પ્રચંડ વેગે દોડી રહ્યો છે.

આકાશના આ વિસ્તારમાં ક્રાન્તિ વૃત્ત પર 'તુલા' (Libra) રાશિનું તારામંડળ આવે છે. એની આજુબાજુનાં 'કન્યા' અને 'વૃશ્ચિક' તારામંડળોની સરખામણીમાં આ મંડળ નાનું અને ઝાંખા તારાઓવાળું હોઈ એની પરખ જરા કસોટીરૂપ બને છે. એમાં ચોરસ રચતા ચાર તારા પર તુલા–ત્રાજવાંની આકૃતિની કલ્પના છે. જેની દાંડીના બે ચળકતા તારા વિશાખા નક્ષત્રના ગણાય છે.

તુલાની ઉપર ઉત્તરે 'સર્પ' (Serpens) અને એની ઉપર 'કિરીટ' (Corona Borealis) તારામંડળો છે. એમાં સર્પ એક આગવું મંડળ હોવાથી વિશેષ એનું કોઈ ખાસ આકર્ષણ નથી. અહીં તો 'સર્પમુખ' સાથેનો એનો અગ્રભાગ જ સમાએલો છે. પુચ્છ સાથેનો પાછળનો ભાગ દર્શાવતો વિસ્તાર તદ્દન અલગ છે જે હવે પછી જોઈશું. કિરીટનો અશ્વનાળ જેવો આકાર 'ચષક'ની ઓળખ પછી જલદી પરખી શકાય છે. એમાં ઝળકતો 'કોહીનૂર' (Alphecca) મુકુટ (કિરીટ)માં જડેલા હીરા જેવો લાગે છે.

અને આ તારામંડળોમાં યુગ્મ અને રૂપવિકારી તારાઓ જોયા? એમની સંખ્યા ઓછી તો નથી જ.

આ માસ (મે) ઇતિહાસમાં

તા. ૫ (૧૯૪૩) ભારતના ગાયનાચાર્ય વઝે બુવાનું અવસાન. શિષ્ટ સમાજમાં સંગીતની પ્રતિષ્ઠા કરનારાઓમાંના તેઓ એક પુરુષાર્થી



હતા. બહુ નાની વયથી ઘર છોડી મુંબાઈ, ઇંદોર, બનારસ ને ગ્વાલિયરમાં એમણે કપરી ગરીબી અને અપમાનો વેઠીને અનેક નામી ગાયકો પાસેથી ગાયનકળાની આકરી સાધના કરી હતી. આ પછી આગ્રા, જયપુર, દિલ્હી, રીવા, અમરાવતી. બરેલી થઈને આજીવિકા મળી જતાં એકાદ વર્ષ નેપાળમાં પણ રહ્યા. પછીનો એમનો જીવનકાળ એમના ગાયનની સિદ્ધિનો કાળ છે. એમાં એમને પ્રતિષ્ઠા અને પૈસા બંને મળ્યાં. રેડિયો પર પણ એમના સંગીતને એ કાળે વધુમાં વધુ પુરસ્કાર મળતો, કોલંબિયા કંપનીએ એમનાં ગાયનોની અનેક રેકૉર્ડ ઉતારેલી છે. કેસરબાઈ, મોઘુબાઈ, બાબુરાવ પેંઢારકર, વિનાયકરાવ કાગળકર, ગુરુરાવ દેશપાંડે વગેરે એમનાં જ શિષ્યો. સૌને એમણે પોતાને વેઠવી પડેલી મુશ્કેલીઓને યાદ રાખીને કંઈ પણ કૃપણતા દાખવ્યા વિના પોતાની કળા શીખવી. 'સંગીત કલા પ્રકાશ' નામે એમના બે ગ્રંથો પણ અભ્યસનીય છે. ગૌર સ્થૂળ શરીર અને મસ્ત આનંદી સ્વભાવ તથા નમ્ર તેઓ છેલ્લાં થોડાં વર્ષોમાં અનેક બીમારીઓથી પીડાયા હતા.

તા. ૮ (૧૭૯૪) રસાયણશાસ્ત્રના પિતા સમા મહાન ફ્રેંચ વિજ્ઞાની લવાઝીએની પ્રતિભા મૂલવવાને બદલે, રાજ્યની 'ઍકૅડેમી ઑફ સાયન્સનો એ સભ્ય હતો એટલા માટે જૂની રાજાશાહીનો ટેકેદાર ગણી એનો ફ્રાંસના ક્રાંતિમંચ પર વધ કરવામાં આવ્યો. લા ગ્રેંજે એને માટે કહ્યું છે-'એનું માથું ઉડાવી દેતાં તો ફ્રાંસને એક જ ક્ષણ લાગી, પણ એવું મસ્તક ફરી પેદા કરતાં એને એક સૈકડો જોઈશે.' અને જેના વડે લવાઝીએ અને એવા અન્ય સંખ્યાબંધ નિર્દોષ માણસો વધેરાઈ ગયા એ 'ગિલોટિન'નું જેના પરથી નામ પડયું એ ડૉ. જોસેફ ગિલોટિનનો જન્મ પણ આ માસની ૨૮મી એ ઈ. ૧૭૩૮માં થએલો. મોતની સજા અંગેનો સલાહકાર હતો.

તા. ૧૧ (૧૯૫૧) રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુના હસ્તે પ્રભાસપાટણમાં સોમનાથના નવા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા. સૌરાષ્ટ્રના દક્ષિણ સાગરતટે વિરાજતા ને ભારતનાં જ્યોતિર્લિંગોમાં પ્રથમ ગણાતા, એક કાળના ગુજરાતી મહારાજ્યના ઈષ્ટદેવ ભગવાન સોમનાથના મંદિરનું પુનઃ નવવિધાન એ ભલે ગૌરવની વાત હોય, પણ એ માટે ગુજરાતની સંસ્કૃતિના એક જ્યોતિર્ધર મહારાજ કુમારપાળે બંધાવેલા મંદિરના ખંડિયેરને જમીનદોસ્ત કરી નખાયું એ પુરાવશેષોને રક્ષણ આપવાની આપણી નીતિને



જેને ભૂમિસાત્ કરી તેના સ્થાને આજનું નવું મંદિર બંધાયું છે એ, કુમારપાળે બંધાવેલા સોમનાથ મંદિરના ભગ્નાવશેષ.

અનુરૂપ નથી થયું. અનેક વિધ્વંસો પછી ફરી ફરી સોમનાથના મંદિરનો જીર્ણોદ્ધાર થતો રહ્યો હતો. મહમૂદ ગઝનીએ ભ્રષ્ટ કર્યા બાદ કુમારપાળે બંધાવેલા ને અવશેષ રૂપે ટકી રહેલા છેલ્લા મંદિર અગાઉ સોલંકી-વાઘેલા સમયમાં આ મંદિર જાહોજલાલીની ટોચે હતું. ૧૩મી સદીમાં અલ્લાઉદ્દીન ખીલજીના લશ્કરે એ ભાંગેલું. છેલ્લે ઔરંગઝેબના હુકમથી આ મંદિર છેવટનું ભ્રષ્ટ થયું ત્યારે ૧૮મી સદીના પાછલા ભાગમાં માળવાનાં મહારાણી અહલ્યાબાઈ હોળકરે કુમારપાળના ખંડિયેર મંદિરથી થોડે દૂર નવું નાનું સાદું મંદિર બંધાવ્યું. આ રીતે હાલનું નવું મંદિર પુરાતન અવશેષને જાળવી રાખીને બનાવી શકાત. પણ અગાઉ વિધર્મીઓએ તોડી પાડેલા ગુજરાતના આ ભવ્ય ઐતિહાસિક મંદિરનો છેલ્લો અને જડમૂળથી 'આપણે' ધ્વંસ કર્યો.

તા. ૧૪ (૧૯૩૧) ઑસ્ટ્રેલિયાથી પ્રથમ વિમાની ટપાલ સાડા ઓગણીસ દિવસે ઇંગ્લૅન્ડ પહોંચી.

તા. ૧૭ (૧૭૪૯) શીતળાની સામે રક્ષણ આપતી રસીના એડવર્ડ શોધક જનરલનો જન્મ. પોતે શોધેલી એ રસીનો પ્રથમ પ્રયોગ પણ એણે ઈ. ૧૭૯૬માં ૧૪મી મેએ કર્યો હતો.

તા. ૨૦ (૧૪૫૧) અમેરિકા ખંડના શોધક તરીકે વિખ્યાત ક્રિસ્ટોફર કોલંબસનો જીનોઆમાં જન્મ. એનું અવસાન પણ આ જ માસની ૨૫મી તારીખે ઈ. ૧૫૦૬માં થએલું ('કુમાર'માં હવે પછી એનું વિસ્તૃત ચરિત્ર પ્રકટ થઈ રહ્યું છે.) કોલંબસની શોધ હિંદુસ્તાનની એની શોધની નિષ્ફળતામાંથી થઈ. પણ પોર્ટુગાલનો વાસ્કો ડા ગામા એ શોધમાં ફાવી ગયો. આ જ માસની ૨૦મી તારીખે ઈ. ૧૪૯૮માં એ હિંદુસ્તાનના કાલિકટ બંદરે ઊતર્યો હતો. અહીં પહોંચનારો એ પહેલો યુરોપવાસી હતો.

તા. ૨૧ (૧૫૦૨) જોઆઓ ડી નોવાએ સેન્ટ હેલના ટાપુ શોધ્યો. ઈ. ૧૬૫૯માં આ જ માસની પાંચમી તારીખે ઇસ્ટ ઇંડિયા કંપનીના કૅપ્ટન ડટ્ટને આ ટાપુ કબજે કર્યો અને ઈ. ૧૮૨૧ની આ જ માસની પાંચમી તારીખે ત્યાં અંગ્રેજોની કેદમાં નેપોલિયનનું અવસાન થયું.

તા. ૨૭ (૧૯૩૭) સાન ફ્રાંસિસ્કોનો જગવિખ્યાત 'ગોલ્ડન ગેટ બ્રિજ' ખુલ્લો મુકાયો. સાન ફ્રાંસિસ્કો ઉપસાગર પર સાન ફ્રાંસિસ્કો શહેરને મરીન કાઉન્ટી સાથે જોડતો ૪૨૦૦ ફૂટ લાંબો આ ઝૂલતો પુલ આ પ્રકારનો બીજા નંબરનો લાંબામાં લાંબો પુલ છે. આ પુલ પછી ઈ. ૧૯૬૪માં ન્યૂ યૉર્ક ઉપસાગર પર બંધાએલો વેરાઝેનો-નૅરોઝ પુલ આના કરતાં ૬૦ ફૂટ વધુ લાંબો છે.

તા. ૨૯ (૧૯૫૩) એડમંડ હિલારી અને તેનસંગે દુનિયાનું સર્વોચ્ચ શિખર એવરેસ્ટ સર કરી તેના પર પહેલી વાર માનવીના પગ પાડયાં. અને હમણાં આ વર્ષે આ જ માસની ૧૬મી તારીખે ઈકોહીસાનોના નેતૃત્વમાં પંદર જાપાનિઝ મહિલાઓની એક ટુકડીએ આ સર્વોચ્ચ શિખરની ટોચે પહેલી વાર સ્ત્રીનાં પગલાં પાડયાં. ત્રણ વર્ષની એક પુત્રીની માતા અને ચશ્માંધારી એક જાપાની ગૃહિણી નોરિકા એ એવરેસ્ટની ટોચે પહોંચનાર વિશ્વની પ્રથમ મહિલા છે.

છેલ્લાં એકવીસ વર્ષમાં ૩૫ માણસો એવરેસ્ટ પર પહોંચ્યા છે.

તા. ૩૧ (૧૯૬૨) બીજા વિશ્વયુદ્ધનાં વર્ષો દરમિયાન લાખો યહૂદીઓને નિર્દય અને ઠંડે કલેજે મારી નાખવાના નાઝી જર્મનીના અમાનુષી કૃત્યના એક અગ્રણી હિસ્સેદાર ઍડોલ્ફ આઈકમાનને યુદ્ધ બાદ લાંબી શોધ ચલાવીને અંતે પકડી લાવી તેના પર લાંબો મુકદ્દમો ચલાવી ઈઝરાએલમાં એને મોતની સજા કરવામાં આવી.

—દોહરો—

દ્રવ્યસાર પારસમણિ, વપુમાં વદન સુહાય,
તરુવર માંથે ફળ યથા, ઉર્વીસાર ગુજરાત.

—શંકર કવિ—

પાણીપતના છેલ્લા યુદ્ધમાં ઘણા પ્રયત્નો છતાં અહમદશાહ અબ્દલી મરાઠાઓનો મોરચો તોડી શકતો ન હતો તેનો તેને રંજ રહેતો હતો. એક દિવસ સાંજે ફરવા નીકળતાં તેણે મરાઠાઓની છાવણીમાં ઠેકઠેકાણે ધુમાડા નીકળતા જોઈ પોતાના સરદારને તેનું કારણ પૂછતા જણાયું કે મરાઠાઓ એકબીજાના હાથનું ખાતા ન હોવાથી અલગ ચૂલાઓ પર તે રસોઇ કરી રહ્યા હતા. એ સાંભળી ખુશ થતો અહમદશાહ બોલ્યો: 'આમ છે? તો તો હવે એ જિતાયા જ સમજો!' પરિણામ જાણીતું છે.

∞

કહેવતોના અર્થ: 'સારા બાંટ દઉં, પણ આધા કાટ લઉં.'—પોતાનું પેટ ભરીને કે પોતાનો ભાગ આગવો રાખીને સામા માણસનું હજમ કરી જવાની દાનતવાળા માણસો માટે વપરાતી કહેવત, જેને મળતી ગુજરાતી કહેવત તો બહુ જાણીતી છે: 'તારું મારું સહિયારું ને મારું મારા બાપનું.'

∞

અનેકાર્થી શબ્દ: **લવ**=થોડું; નિમેષનો છઠ્ઠો ભાગ; આઠ ક્ષણ જેટલો સમય; ચાંટ તથા થાપની વચ્ચેના તબલાનો ભાગ; રામનો પુત્ર; લવારો; ગણિતમાં અપૂર્ણાંકનો અંશ; વાળ; કણ; દાણો; બીજ; ખૂણો માપવાનું એક માપ—અંશ, ડિગ્રી; (ફૂલ) ચૂંટવું કે તોડવું તે; માનુષિક વય: ૬૬૬ વર્ષ અને ૮ માસ મળીને થતો **સમય**=બ્રહ્માનો ૧ લવ; વિનાશ; શિવ; લવારો; ટીપું; જાયફળ; સુગંધી વાળો.

∞

દક્ષિણ અમેરિકાના ચીલી દેશનું પુન્ટા આરેનાસ નામનું નગર દુનિયા આખીમાં સૌથી અંતિમ દક્ષિણ છેડે આવેલું શહેર છે.



પિલગ્રિમ ફાધર્સે અમેરિકા વસાવ્યા બાદ ત્યાં શરૂમાં જે સિક્કા પડયા તેમાં ઈ. ૧૬૫૨માં બૉસ્ટનમાં જૉન હલે પાડેલો 'પાઈન ટ્રી શિલિંગ' નામે આ સિક્કો પ્રાચીન અમેરિકન સિક્કાઓમાં સૌથી વધુ જાણીતો છે. તેની એક બાજુ વચ્ચે, અમેરિકામાં ખૂબ વ્યાપક એવા જંગી પાઈન નામના વૃક્ષનું આલેખન હોવાથી તેનું એ નામ પાડેલું.

ટિકિટ-કથા



ઈ. ૧૯૪૮ના મે માસની ૧૪મી તારીખે પૅલેસ્ટાઈનનું વિભાજન કરીનેનવાસ્વતંત્ર યહૂદી રાષ્ટ્રની રચના થઈ ત્યારે એનું નામ નક્કી થયું ન હોતું; એટલે એની આ પ્રથમ ટપાલટિકિટ પર દેશના નામને બદલે 'ડોઅર ઈવરી' (હિબ્રુ ટપાલ) એવું લખાણ છે. ઈ. ૭૦માં રોમનો સામે યહૂદીઓ સ્વાતંત્ર્ય માટે ઝઝૂમતા હતા એ કાળના એમના એક સિક્કાનું તેના પર આલેખન છે. આજે એ રાષ્ટ્ર ઈઝરાએલ નામે અન્ય ક્ષેત્રોની પેઠે ટપાલટિકિટના વૈવિધ્ય માટે પણ જાણીતું છે. એની આ પ્રથમ ટિકિટ ઈ. ૧૯૫૦ના એપ્રિલ સુધી વેચાણમાં રહી હતી.

ગણિતગમ્મત

(૧) પાસેપાસેની ચાર રકમોના ગુણાકારમાં એક ઉમેરવાથી જે રકમ આવે તેનું હમેશાં બીજમૂળ નીકળી શકે છે. જેમ કે—

$$૧ \times ૨ \times ૩ \times ૪ + ૧ = ૫^{૨}$$
$$૨ \times ૩ \times ૪ \times ૫ + ૧ = ૧૧^{૨}$$
$$૩ \times ૪ \times ૫ \times ૬ + ૧ = ૧૯^{૨}$$
$$૪ \times ૫ \times ૬ \times ૭ + ૧ = ૨૯^{૨}$$

અને આ પ્રમાણે ગમે ત્યાં સુધી. —નૌતમ

∞

ડૉ. ટૉમસ વાન ફ્લૅન્ડર્ન નામના અમેરિકન જીવવિજ્ઞાનશાસ્ત્રી માને છે કે પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ અત્યંત અલ્પ માત્રામાં ઉત્તરોત્તર ઘટતું જતું હોવાથી માણસના શરીરના વજનમાં પણ પ્રમાણમાં ઘટાડો થતો જાય છે—પણ તે દર વર્ષે એક ગ્રામના દસ લાખમા ભાગનો!

नरस्याभरणं रूपम्,
रूपस्याभरणं गुणः।
गुणस्याभरणं ज्ञानं,
ज्ञानस्याभरणं क्षमा ॥

મનુષ્યનું આભૂષણ સૌંદર્ય છે, સૌન્દર્યનું આભૂષણ ગુણવત્તા છે, ગુણોની શોભા જ્ઞાનમાં રહેલી છે, અને જ્ઞાનવત્તાનું આભૂષણ ઉદારતા(ક્ષમા) છે.



દેખાવે ભયંકર લાગતું ઑક્ટોપસ ભલે 'ઊંડાં પાણીમાંના મોત' સમું ગણાતું હોય, પણ હકીકતે એ નિરુપદ્રવી બીકણ જળચર છે. દરિયાઈ જીવસૃષ્ટિના પ્રાણીશાસ્ત્રીઓના કહેવા મુજબ હજી સુધી એકે માણસનો ઑક્ટોપસે જીવ લીધાનું નોંધાયું નથી.

∞

અમેરિકાના માજી પ્રમુખ અબ્રાહમ લિંકન ને તેમના સેનાપતિ જ્યૉર્જ મૅક ક્લૅલન વચ્ચે વારંવાર તણખા ઝરતા. સેનાપતિએ પોતાના કામનો અહેવાલ વખતે વખત મોકલતા રહેવું જોઇએ એવો લિંકનનો આગ્રહ હતો અને જનરલને આ જ વાત નાપસંદ હતી. એક દિવસ ચીડાઈ જઈ સેનાપતિએ નીચે મુજબ તાર લિંકનને કર્યો: 'અમે હમણાં જ છ ગાયો પકડી છે, તેનું શું કરવું?'

લિંકનનો જવાબ આવ્યો: 'દોહી લેવી!'



(જનસત્તા) —'શિવ'

અનુસંધાન] વાચકો લખે છે [પૃષ્ઠ ૧૬૪થી

આ પરિસ્થિતિમાં તેના જીવનની સલામતીનો વિચાર કરવો જોઈતો હતો, નહિ કે નૈસર્ગિક વાતાવરણમાં તેના મુક્ત વિહારનો. આ દષ્ટિએ કલકત્તાનું ઝૂ તેને માટે શ્રેષ્ઠ સ્થાન હતું. સામે પક્ષે જણાવાયું કે આ એક પ્રયોગ હતો. તેમાં વાઘ મૃત્યું પણ પામે, તે શકયતા નકારી શકાય નહિ. આખી યોજનાનો મુખ્ય ઉદ્દેશ હતો વાઘને કુદરત-બક્ષ્યા વાતાવરણમાં મુક્ત પ્રાણી તરીકે છોડી મૂકવાનો. તેને ચિડિયાઘરના પાંજરામાં પૂરી રાખવાનો શો અર્થ?

પણ દિલ્હીના Tiger-man શ્રી કે. એસ. સંખાલાએ (જેઓએ છેલ્લાં વીસેક વર્ષથી વાઘની રીતરસમ, આદતનો અભ્યાસ કર્યો છે) સુંદરને બીજા કોઈ વાઘે પોતાના વિસ્તારમાં ઘૂસી આવવા બદલ મારી નાખ્યો છે એ વાતનો રદિયો આપતાં જણાવ્યું હતું: 'Tigers are non-territorial. They do not resent intrusion or jeulously guard their territory from other tigers like lions do.'

શ્રી કે.સી. રાયચૌધરી (ચીફ કૉન્ઝર્વેટર ઑવ ફૉરેસ્ટ્સ)એ આ સિદ્ધાંતનો ઈન્કાર કરતાં જણાવ્યું હતું કે વાઘ પોતાપોતાના વિસ્તાર માટે ઝગડે છે એ વાતનું સમર્થન કરતા પુરાવા ઉત્તર બંગાળ, ઉત્તર પ્રદેશ ને મધ્ય પ્રદેશમાં મળ્યા છે. વળી ઑગસ્ટ, સપ્ટેમ્બર, ઑકટોબર એ વાઘ માટેનો સંવનન (mating) સમય છે. એટલે આ ગાળામાં તે અસહિષ્ણુ બને તે સ્વાભાવિક છે. (સુંદર' ખરેખર 'સુંદરી' હોત તો કદાચ અંજામ જુદો આવત! કોને ખબર!)

વાઘને બેહોશ બનાવી, પકડીને અભયારણ્યમાં ફરી મુક્ત પ્રાણી તરીકે છોડી મૂકવાનો વિશ્વનો (માત્ર ભારતમાં નહિ) આ પ્રથમ બનાવ હતો. સિંહોની બાબતમાં આવો પ્રયોગ થયો છે. ઍડમસને એલ્સાનાં બચ્ચાંને સુરક્ષિત જગ્યાએ છોડી મૂક્યાનો બનાવ જાણીતો છે.

(કલકત્તા) —શ્યામ આરાર

'સુંદરી' વાઘ

અંક ૬૧૪ (પૃ. ૭૭)માં વાઘ 'સુંદરી'ને બેભાન બનાવી, પકડીને ગયા ઑગસ્ટમાં અભયારણ્યમાં છોડી દેવાએલો તેની વિગતો પછી છેલ્લે એવું વિધાન કર્યું છે કે 'એથી એની રંજાડ ટળી ને વાઘ પણ બચી ગયો.' હકીકતે તે વાઘ ગણતરીના દિવસ જ જીવી શકયો હતો. જે વિસ્તારમાં આવ્યો તે વિસ્તારમાં સ્થાયી થએલા બીજા વાઘ સાથેની લડાઈમાં તે માર્યો ગયો. આમ તેને બચાવવાનો સ્તુત્ય પ્રયત્ન નિષ્ફળ નીવડયો હતો.

(રાજકોટ) —કિશોર ગોહિલ

ભારતીય પક્ષી

અંક ૬૧૩ (પૃ. ૨૫)માં 'ભારતીય પક્ષી'નું અવલોકન વાંચી, આ પ્રકારનું પ્રકાશન થયાનું જાણી ઘણો આનંદ થયો. પરંતુ આવા ગ્રંથમાં ૮૦૦ પંખીઓના વિવરણની સામે રંગીન ચિત્રપ્લેટો ફક્ત પાંચ જ છે, જેમાં બહુબહુ તો ૬૦-૭૦ પંખીઓનાં ચિત્રો હોઈ શકે—તે વાત ખટકે તેવી છે. પંખીનું સુંદર વિવરણ તેના રંગીન ચિત્ર વિના તો અધૂરું જ રહી જાય છે. વળી ખર્ચ ઓછું કરવાની દષ્ટિએ એક જ ચિત્રપ્લેટમાં ઘણાં પંખીઓનો સમાવેશ કરતી વખતે, એકબીજાની સરખામણીમાં પંખીઓનાં કદનું પ્રમાણ જાળવવા માટે જોઈતી ચીવટ રાખી નથી શકાઈ એવું જણાય છે. દા. ત. આપે છાપેલા ચિત્રપૃષ્ઠમાં ૪-સ્કાર્લેટ મિનિવેટ ખરેખર તો ૧૧-બુલબુલથી નાનું હોવા છતાં, બુલબુલથી મોટા ૫-કબૂતરથી પણ મોટું દેખાય છે. નં. ૨ના પંખી માટે 'નરઝી' નામ છે તેને શ્રી ધર્મકુમારસિંહજીએ તથા શ્રી વિજયગુપ્ત મૌર્યે ગુજરાતીમાં 'લરજી' તથા મિનિવેટને 'રાજાલાલ' કહ્યા છે.

(રાજકોટ) —કિશોર ગોહિલ

ક્રૂડ ઑઈલ

અંક ૬૧૪ના પૃ. ૮૦ ઉપર સગડી સળગાવવા માટે ઉપયોગી ચોસલાં બનાવવાની રીતમાં 'મશીનમાંથી નીકળેલું નકામું ક્રૂડ ઑઈલ' ઉમેરવાનું લખ્યું છે. આમાં મશીનને ઠેકાણે ડીઝલ પેટ્રોલ એન્જિન જોઈએ અને ક્રૂડ ઑઈલને ઠેકાણે લુબ્રીકેટિંગ ઑઈલ જોઈએ. ક્રૂડ ઑઈલનો ઉપયોગ એન્જિનમાં બળતણ તરીકે થાય છે અને તેનું રૂપાંતર ચાલક શક્તિ અને એક્ઝૉસ્ટ ગૅસમાં થઈ જાય છે. જ્યારે ડીઝલ અને પેટ્રોલ ઍન્જિનમાં વપરાતું લુબ્રીકેટિંગ ઑઈલ અમુક કલાકના વપરાશ પછી નકામું થઈ જતાં કાઢી નાખવું પડે છે.

(રાજકોટ) --કિશોર ગોહિલ

પક્ષીનિરીક્ષણ

ફેબ્રુઆરી '૭૫ના અંકમાં 'વાચકો લખે છે' વિભાગમાં શ્રી કિશોર કા. ગોહિલે પ્રકૃતિ પ્રત્યેની આપણી ઉપેક્ષા પ્રત્યે કરેલો અંગુલિનિર્દેશ સાચો છે. યંત્રમય જીવન જીવતાં શહેરીજનો પોતાને આંગણે આવતાં મહેમાન પક્ષીઓનો પણ પરિચય મેળવવા તત્પર નથી અને તેના પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ દાખવી, મળતો નૈસર્ગિક આનંદ ગુમાવે છે. દર શિયાળે અત્રે દિવાળી ઘોડા, પતરંગ અને સાઈબીરિયાથી આવતા Sterlings (ગુજરાતી નામ?) આર્ચ માસ બેસતાં જ, ચાર મહિનાની મહેમાનગતી માણી જાણે વિદાય લેતાં હોય એવું લાગે છે. પોરબંદરના 'રણ' નામે ઓળખાતા ખાડી વિસ્તારમાં દેખાતાં ફ્લેમિંગોનાં ટોળાં સૌરાષ્ટ્રના અન્ય

સ્થળે ભાગ્યે જ જોવા મળે છે.

રાજકોટમાં પક્ષીનિરીક્ષણ ચલાવવા માટે ધન્યવાદ. એમનું સરનામું મળી શકે તો આપશો તો આજુબાજુના વિસ્તારના શોખીનો એ પ્રવૃત્તિનો લાભ લઈ શકે.

(મોરબી) —પ્રવીણ ભણસાળી

[* માંગેલું સરનામું: શ્રી કિશોર કે. ગોહિલ, 'વિરલ', જાગનાથ ૪, રાજકોટ]

લતા મંગેશકર

'કુમાર' વર્ષોથી વાંચું છું, અને પ્રાધ્યાપક હોવાના નાતે વાંચવા ઈન્છતા અનેક વિદ્યાર્થીઓને વાંચવાનાં સૂચનો કરેલાં છે: વાંચ્યા પછી ચર્ચાઓ પણ કરીએ છીએ: 'કુમાર'ના કયા વિભાગો ઉત્તમ છે અને કયા નથી?—તે વિષે કંઈ જ પૃથક્કરણ થઈ શકતું નથી: દરેક વિભાગ ઉત્તમ લાગે છે અને અનિવાર્ય પણ ખરો જ.

આમ છતાં 'કુમાર'માં આવતાં જીવનચરિત્રો ખૂબ જ ભાથું પૂરું પાડે છે. અનેક ક્ષેત્રની પ્રખ્યાત વ્યક્તિઓ (જાણીઅજાણી) વિષેની માહિતી ઘણી જ ઉપયોગી થઈ પડશે.

ડિસેમ્બર '૭૪મા અંકમાં પ્રો. વસંત જોષી લિખિત જીવનચરિત્ર 'લતા મંગેશકર' ખૂબ જ ગમ્યું. 'લતા મંગેશકર કેટલાં મહાન કલાકાર છે તે એક વિધાન પરથી સાબિત થશે–પ્રતીત થશે. ફિલ્મી લેખક-ગીતકાર-દિગ્દર્શક શ્રી ગુલઝારે રેડિયો પરથી કાર્યક્રમ પ્રસારિત કરતાં લતા મંગેશકર વિષે કહેલું કે લતાજીના અવાજમાં મને બહુ શ્રદ્ધા છે. આવો અવાજ સદીઓમાં ક્યારેક જ મળતો હોય છે; અને આપણને મળ્યો? આપણે તો તેમના અવાજને સંગ્રહી લીધો આથી ભવિષ્યની પેઢીને પણ લાભ મળશે; પણ મને અફસોસ એ છે કે આપણી ગઈ પેઢી તેમનાં ગીતોનો લાભ લઈ શકી નહિ.'

(રાજકોટ) —પ્રા. રવજીભાઈ ડોબરિયા

મહમદ ગઝનીની સવારી

'કુમાર'ના ૬૦૦મા અંકમાંના 'આ માસ ઇતિહાસમાં'ના લેખના જવાબમાં 'વાચકો લખે છે'તે 'કુમાર'નો અંક (૬૯૪) મારા વાંચવામાં અત્યારે આવ્યો છે. તેમાં મહમદ ગઝની વિષે સાધકબાધક ચર્ચા છે. આ વાંચી મને મારી જૂની સ્મૃતિ યાદ આવે છે, તે આ વખતે લખી. ખરું શું છે તે કોઈ ભાઈ ઇતિહાસના જાણકાર જણાવશે તો આભારી થઈશ.

'વાત આઝાદી પહેલાંની છે. હશે ૧૯૪૩-૪૫ની આસપાસ, જે વખતે મુંબાઈમાં લીગનું જોર ઘણું હતું અને તેના તરફથી 'વતન' નામનું ગુજરાતી અઠવાડિક નીકળતું હતું: જો મારી યાદદાસ્ત દગો ન દેતી હોય તો મને ચોક્કસ યાદ છે કે આ જ મહમુદ ગઝની વિષે એક લખાણ બે પાનાં ભરીને હતું, આખું લખાણ તો યાદ નથી પણ એનો મુખ્ય આશય એ હતો કે અને મથાળું પણ એ જ હતું કે 'ગઝનીની સવારી ખરેખર થઈ હતી કે?' આના સમર્થનમાં લેખકે લખેલું કે 'મહમદની સવારી થઈ ગયા પછી લગભગ ૨૦૦ વર્ષના ગાળામાં કોઈ ઇતિહાસકારે એનો ઉલ્લેખ કીધો નથી તે પછી જ ઇતિહાસ તેની નોંધ લે છે. આખું લખાણ તો યાદ નથી, પણ આ મુખ્ય મુદ્દો જ યાદ રહી ગયો છે. હાલની ચર્ચાના સંદર્ભમાં આના ઉપર જાણકારો પ્રકાશ નાખશે તો મારા જેવાની જૂની યાદદાસ્તની શંકાને રાહત મળશે. પહેલાંના તે વખતના 'વતન'ના વાંચનારા નીકળે અને મારી વાતમાં સાથ પૂરશે તો ઓર ચર્ચા રંગાશે! આ લખવાનું કારણ એ જ કે તે પછીના મારા વાચનમાં આ મુદ્દો મારી નજરે પડ્યો નથી એટલે જ મને લાગે છે અને પૂરી ઉમ્મીદ છે કે ગુજરાતના જૂના તે શિક્ષકો 'વતન' જરૂર વાંચતા હશે જ.

(પૂના) —મહમદઅલી તંબૂવાલા

સરગવા વિષે વધુ

સરગવાના ઝાડની ઉપયોગિતાની જાણ ઘણી જ ઓછી પ્રચલિત છે. શ્રી ગિ. ત્રિ. પારેખે એટલો વધુ પ્રકાશ પાડ્યો. કૅન્સરના (ગળાના) ઉપાયમાં એની છાલ માટેનું હૅન્ડબિલ આ સાથે મોકલાવું છું. મારા પ્રત્યક્ષ નિરીક્ષણે જોયું છે કે સરગવાના ઝાડમાં કોઈ એવું તત્ત્વ છે કે જેને લીધે અમરવેલ જેવી પૅરાસાઇટિક (Parasitic) વેલ; જે જો કોઈ ઝાડ પર આશ્રય લઈ લે તો તેને બાળી નાખે તેવી વેલ, સરગવાના ઝાડ પર કેટલાં યે વરસોથી લટકતી રહી છે, છતાં તે ઝાડ પર જવાની કે બાજુમાં આવવાથી યે દૂર રહી છે. અર્થાત્ સરગવો દાદ આપતો નથી એવી સમજણથી એનાં પાંદડાંની બિલકુલ ઝીણી લુગદી બનાવી, પેટ પરની નાભિ ઉપર રોટલા જેવું જાડું થર પથરાવી અવારનવાર ૪ કલાક સુધી રખાવેલ છે. આ પ્રયોગ હું મારી પત્ની પર સ્તનમાંના કૅન્સરયુક્ત ગાંઠનાં ઑપરેશન બાદ કરતો રહ્યો છું. મનુષ્યનું મુખ એ નાભિ છે, અને એના થકી શરીરમાંના પહોંચી ન શકાય તેવા ભાગો પર ઔષધિની અસર પહોંચે છે કે કેમ, તે પણ જાણવા આમ કરેલું. આમ વિચાર કરવા પાછળ બીજું એ જ્ઞાન હતું કે ઝાડ અથવા વનસ્પતિની સુધારણાનો ઉપાય તે તે વનસ્પતિનાં મૂળિયાં મારફત જ વિજ્ઞાનીઓ કરે છે તો મનુષ્ય માટે કેમ ન કરવું. આ એક જિજ્ઞાસા હતી. અલબત્ત કોઈ clinical conclusions મેળવી શક્યો નથી પણ મારી પત્નીને છેલ્લાં ૪ વર્ષમાં કોઈ નવું development નથી થયું તેટલો સંતોષ માત્ર છે. વર્ષભરમાં ઘઉંના જવારાના રસનો

ઉપયોગ સતત કરતાં રહીએ છીએ એ પણ ઉલ્લેખવું ઘટે. સરગવાનાં ફૂલોના રસનો ઉપયોગ કે પ્રયોગ પણ કરવા જેવો ખરો. ઘઉંના જવારાના રસના ઉપયોગની પણ 'કુમાર'માં ૪ વર્ષ પહેલાં આવેલા લેખથી પ્રેરણા થએલી.
(જલગામ) —હરખચંદ મૂળજી

ગમે છે

કૉલેજના પ્રાંગણમાં પગ મૂક્યો તે જ દિવસથી 'કુમાર'નો પરિચય થયો, ને પ્રથમ દૃષ્ટિએ તેનાં આકર્ષક ચિત્રોથી ચાહક બની ગઈ. છેલ્લાં બે વર્ષથી નિયમિતપણે વાંચું છું. કાવ્યો ને ખાસ કરીને 'ઊર્મિની ઓળખ' વિભાગ સવિશેષ ગમે છે. ડિસેમ્બર અંકમાં લતા મંગેશકરનું ચરિત્ર વાંચ્યું. સૂરની સામ્રાજ્ઞી લતાનું જીવન ખરે જ પ્રેરણા લેવા જેવું છે. જો કે લતાજી કરતાં તેમના પિતા વિષે જે વધુ લંબાણપૂર્વક લખાએલું છે તે ખૂંચ્યું ખરું! ૬૧૩મા અંકની 'લે' ગઝલ તેની અભિવ્યક્તિની નવીન તરાહને લીધે અત્યંત ગમી. 'લે' જેવા અતિ સામાન્ય શબ્દ પાસેથી જે કવિત્વમય આસ્વાદ અમૃત ઘાયલે કરાવ્યો તે બદલ ધન્યવાદ.
(વીરમગામ) —હેમા રાવલ

'કુમાર'ના ડિસેમ્બર અંકમાં શ્રી કનક રાવળના 'ધ્યાન સાધના' લેખમાં મહર્ષિ મહેશ યોગીની કાર્યસાધના વિષે સુંદર માહિતી આપવા માટે તેમને ધન્યવાદ. વિચારશૂન્ય એવી આ મનોદશાને તેમણે પણછ ખેંચેલા ધનુષ્ય સાથે સરખાવી છે એ તીરને છોડતાં બધી શક્તિ પ્રગટ થાય એ વાંચીને ખરેખર આનંદ થયો. એ વિષે વધુ માહિતી મેળવવા ઇચ્છા થઈ છે. તો એ માટે કોને અને ક્યાં મળવું તે જાણવું છે. મુંબાઈમાં કોઈ શાખા છે ખરી?
(મુંબાઈ) —રાયચંદ પટેલ

ડૉ. સોમપુરા-નિમિત્તે

કોઈ પણ વ્યક્તિ પરત્વે દ્વેષ રાખીને બોલવું કે લખવું જેમ અમાનુષી છે, તેમ રાગ રાખીને બોલવું-લખવું પણ એટલું જ ગુન હીત છે. તટસ્થતા મૂકીને કોઈની નિંદા તેમ લખાણ પણ પ્રશંસનીય નથી. આપણે ત્યાં કવિ રાવજી પટેલ અને મણિલાલ દેસાઈ યુવાન વયમાં ચાલ્યા ગયા એટલે એના સર્જનની કિંમત વધી ગઈ! 'છે' એના કરતાં માત્રા વધીને ઊહાપોહ ચાલ્યો! હવે ડૉ. સોમપુરાનાં અતિ વખાણ શરૂ થયાં. ભારે વિચિત્ર છીએ આપણે! જેનું જેટલું કાર્ય અને જેટલી સૂઝ-શક્તિ છે એને એટલા જ બિરદાવવા ઘટે. ડૉ. સોમપુરાનું કાર્ય ઘણું કાચું છે, એમના મહાનિબંધમાં ઘણા અંશો ભિજવાબહાર છે. માનપૂર્વક ગંભીરતાથી આની નોંધ લીધા વિના 'અહોરૂપમ્ અહો ધ્વનિ' કરવું એમાં સાચી અંજલિ જ ક્યાં છે?
(પોરબંદર) —નરોત્તમ પલાણ

લોકોપયોગી સેવા

'લોકોપયોગી સેવા ક્યા ક્ષેત્રમાં થઈ શકે' એ વિષેના અંધેરી લાયન્સ કલબ તરફથી રૂ. ૧૫૧ના પારિતોષિકની જાહેરાત 'કુમાર'માં વાંચી. લાયન્સ ઈન્ટરનૅશનલ સેવા માટેની સંસ્થા છે. આ સંસ્થાને ક્યા દેશમાં, ક્યાં, કોની, કેમ સેવા કરવી તેના માટે 'ઈન્ટરનૅશનલી ફેમસ ઍડવાઈઝરો છે. છતાં ય તેમણે જે જાહેરાત કરી છે તે બદલ ધન્યવાદ.

લોકોપયોગી સેવા કરવા માટેનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે તે સેવા કરનાર વ્યક્તિના સ્વભાવ, ચરિત્ર, સ્થળ પસંદગી પર જ તેનો આધાર છે. કઈ સેવા શ્રેષ્ઠ ગણાય તેની વ્યાખ્યા આપવી એ પણ અઘરું છે. તે તો સંજોગો, સ્થળ વગેરે ઉપર આધારિત છે. પણ આજે આપણી પ્રજા અને દેશને જે ખ સ જરૂર છે તે દેશનાં ભાવિ નાગરિકોની કેળવણી, જ્યાં સુધી આપણે કે આપણી સરકાર ભાવિ નાગરિકની કેળવણી બાબત ગંભીર રીતે વિચારીને તે અમલમાં નહિ મૂકીએ ત્યાં સુધી આપણે પ્રગતિ જે કાંઈ કરી છે તેનો -ઍટમ બૉમ્બ બનાવીશું તો તે બધાનો પણ- કશો અર્થ નથી રહેવાનો.

પટ્ટણી કુટુંબનો આંબો

ડિસેમ્બર અંકમાં શ્રી મુકુન્દરાય પારાશર્યના 'બે ભાઈઓ' શિર્ષકવાળા વ્યક્તિવિશેષમાં પટ્ટણી કુટુંબનો (જે તેમના પોતાના જ કુટુંબનો છે) આંબો આપેલો છે તેમાં એક ધ્યાન ખેંચે તેવી ભૂલ જણાએલી છે.

પ્રભાશંકર પટ્ટણીના પરિવારમાં અનંતરાયના પુત્ર તરીકે 'કુમાર' લખાએલ છે જે ભૂલ છે. અનંતરાય પટ્ટણીના પુત્ર મહેશ પટ્ટણી અને તેમના પુત્ર તે કુમાર, એ મુજબ હોવું જોઈએ.

પોતાના જ કુટુંબના આંબામાં આવી ભૂલ જોવાથી ઘણું આશ્ચર્ય થયું છે. આશા છે કે આ વિષે આપ આગામી અંકમાં શ્રી પારાશર્યની અનુમતિ મેળવી સુધારો પ્રસિદ્ધ કરશો.
(મોરબી) —પંકજ વસંતરાય ભટ્ટ

[* વંશવૃક્ષ આલેખતી વખતે થએલી આ ભૂલ માટે અમે દિલગીર છીએ]

∞

'કુમાર' માર્ચ ૭૫માં મિયાણીનું જે ચિત્ર આપવામાં આવ્યું છે તે ડુંગર ઉપરનું શિખરબંધ મંદિર છે જ્યારે પરિચયમાં તળેટીના મંદિર પાસે 'જુઓ ચિત્ર' લખાયું છે. આ તો સહેજ તમારા ધ્યાન ખાતર. ચિત્રકારની અને મારી અનુભૂતિ સરખી છે! ખૂબ સુંદર.
(પોરબંદર) —નરોત્તમ પલાણ